વર્ષ : ૨ :

સોમચંદ ડી. શાહ.

ખંડ : ૧ :

# વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ મુનિપદસ્તવના ગીત | શ્રી અજ્ઞેય | ૧૧ |
| ૨ અમારૂં શરૂ થતું નવું વર્ષ | સંપાદકીય | ૧૨ |
| ૩ તત્વજ્ઞાનના પ્રચારની આવશ્યકતા | | ૧૭ |
| આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરિ મહારાજ | | |
| ૪ બ્રહ્મચર્યનો મહિમા | | ૨૦ |
| શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ. | | |
| ૫ આપણું ખોવાયેલું તીર્થ અષ્ટાપદજી | | ૨૩ |
| ૬ મુદ્રિત ગ્રન્થોનું સંશોધન | | ૨૮ |
| પૂ૦ પંન્યાસજી શ્રી મુક્તિવિજયજી ગણિવર | | |
| ૭ ચતુર્વિધ જૈન સંઘનું ભાવિ | | ૩૩ |
| પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચન્દ્રસૂરિ મહારાજ | | |
| ૮ મુસાફીર ! તું સાંભળતો જા ! | | ૪૪ |
| પૂ. ઉપાધ્યાયજી શ્રી ભુવનવિજયજી ગણિવર | | |
| ૯ આપણાં વર્તમાન સુખદુઃખો | | ૪૫ |
| પૂ. પંન્યાસશ્રી પ્રવીણવિજયજી ગણિવર | | |
| ૧૦ ધર્માનુષ્ઠાનોમાં વિધિનો આદર | | ૪૮ |
| પૂ. મુનિરાજશ્રી મનકવિજયજી મહારાજ | | |
| ૧૧ જીવન સંસ્મરણો | | ૫૩ |
| પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ | | |
| ૧૨ શ્રી સર્વજ્ઞદેવકથિત શાસ્ત્રો | | ૫૯ |
| પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ | | |
| ૧૩ મંત્રીશ્વર શ્રી અભયકુમાર | શ્રી જયંતિ શાહ | ૬૫ |
| ૧૪ યતો ધર્મસ્તતો જયઃની વિજયગાથા | | ૭૧ |
| પૂ. ઉપાધ્યાયજી શ્રી ભુવનવિજયજી ગણિવર | | |
| ૧૫ પરમગુરુદેવશ્રીની જીવનસાધના | ક૦ વિ૦ | ૭૭ |
| ૧૬ મૂર્ખના ૧૫૦ બોલ | | ૮૫ |
| પૂ. મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ | | |
| ૧૭ દ્રવ્યાનુયોગની આપેક્ષિક મહત્તા | | ૮૯ |
| પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ | | |

૧૮ આપણે શું કરવું જોઇએ ? ૯૪
શ્રી હરજીવનદાસ શાહ: જામનગર
૧૯ સત્ય શ્રી મફતલાલ સંઘવી ૯૯
૨૦ કર્મજનિત વિશ્વની વિચિત્રતા ૧૦૩
પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ
૨૧ અમીનાં વહેણ ૧૦૭
પૂ. મુનિશ્રી મહિમાવિજયજી મહારાજ
૨૨ ગૃહસ્થનો ધર્મ શ્રી પીયૂષ ૧૦૯
૨૩ प्रातःकालीना मङ्गलप्रार्थना ૧૧૫
पू. पाठकप्रवर श्री भुवनविजयजी महाराज
૨૪ ધાર્મિક ક્રિયાઓ અને શરીરનું આરોગ્ય ૧૧૭
વૈદ્યરાજ કાન્તિલાલ દેવચંદ શાહ
૨૫ જૈનદર્શનનો લોકોત્તર આસ્તિકવાદ ૧૨૦
પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ
૨૬ ૧૬૮૭ ના દુષ્કાળનું ઐતિહાસિક શબ્દચિત્ર ૧૨૬
શ્રી અભ્યાસી
૨૭ યુગાદિનાથ શ્રી ઋષભદેવ અને ગીતાકાર શ્રી કૃષ્ણ ૧૩૪
પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ
૨૮ મૂઢો, નથી પામતા ! શ્રી અતિથિ ૧૪૧
૨૯ ચીનગારી
પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ
૩૦ ભદ્રિક સુધન શ્રી સુવાસ ૧૪૩
૩૧ આજનું વિશ્વયુદ્ધ શ્રી સોમચંદ શાહ ૧૪૮
૩૨ " ઇતિહાસ ! ત્હારા વહેણો " ,, ૧૫૩
૩૩ જ્ઞાન ગોચરી ૧૫૮
શ્રી ગવેષક
૩૪ કલ્યાણને આવકાર ૧૭૦

# શ્રી કલ્યાણ ગ્રન્થમાળા:

## વ્યવસ્થા અને યોજના.

૧ કલ્યાણ ગ્રન્થમાળાનો મુખ્ય ઉદ્દેશ 'દેશ અને સમાજના વાતાવરણને અનુલક્ષીને જૈન સંસ્કૃતિનો સંદેશ સરળ, ભાવવાહી અને સંસ્કારી ભાષાના લેખો દ્વારા જૈન–જૈનેતર સમાજના સંસ્કારવાંચ્છુ વર્ગની સમક્ષ રજૂ કરવો.'

૨ જૈન તત્ત્વજ્ઞાન, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય, તીર્થપ્રવાસ, કથા કે ધર્મોપદેશ ઇત્યાદિ કોઇપણ વિષયને સ્પર્શીને, ટૂંકમાં મુદ્દાસરનું લખાણ કે, જે હળવી, શિષ્ટ અને સરળ ભાષામાં લખાયેલું હશે તેવું લખાણ પ્રગટ કરવું. ઉપદેશરૂપનું લખાણ વર્તમાનકાલની સાહિત્યશૈલીએ સુરૂચિપૂર્ણ ભાષામાં હોવું આવશ્યક છે. આવેલા લેખોમાં કોઇકિ અનિવાર્ય કારણે ફેરફાર કરવાનો અધિકાર સંપાદકને રહેશે.

૩ લેખોની પસંદગીનું કાર્ય સંપાદકની ઇચ્છા ઉપર રહેશે. પસંદગીનું ધોરણ બેશક નિષ્પક્ષ રીતે સચવાશે. કોઇને પણ અન્યાય નહિ થાય તેની પૂરતી કાળજી રહેશે. પણ પ્રાચીન સંશોધન, જૈન તત્ત્વજ્ઞાન કે અદ્યતન શૈલીએ રજૂ થતી ઐતિહાસિક કથા, અથવા તીર્થયાત્રા અને ધાર્મિક કે સામાજિક પ્રશ્નોની જૈન સંસ્કૃતિની દૃષ્ટિયે સમાલોચના; ઇત્યાદિ વિષયોના ટૂંકા, મર્મસ્પર્શી અને રોચક ભાષાવાળા લેખોને પહેલું સ્થાન મળશે.

૪ શ્રી જૈન શાસનના શાસ્ત્રીય સિદ્ધાન્તો પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવાન, સંસ્કારી લેખકોનાં લખાણને હંમેશા સ્થાન મળશે. પૂ. સુવિહિત વિદ્વાન મુનિવરોના લેખોને પહેલું સ્થાન મળશે.

૫ કોઇપણ કારણસર અપ્રગટ થયેલ લેખ પાછો મંગાવનારને મંગાવનારના ખર્ચે તે લેખ પાછો મોકલવામાં આવશે. પણ પ્રસિદ્ધ ન કરવાનાં કારણો જણાવવાને સંપાદક જવાબદાર નહિ રહે.

૬ **લેખ** વધારેમાં વધારે ફુલસ્કેપ ૨ પૃષ્ઠથી અધિક ન હોવો જોઇએ. લખાણ કાગળની એક બાજુ, સ્પષ્ટ અક્ષરોમાં શાહીથી લખેલું હોવું જોઇએ.

૭ **સમાલોચનાર્થે** ભેટ મોકલવામાં આવતા પુસ્તકો, કે પત્રોની સ્વીકારનોંધ તેમ જ યોગ્ય સમાલોચના પ્રસિદ્ધ કરવા શક્ય થશે.

૮ **કલ્યાણ** ગ્રન્થમાળા ૪ ખંડોમાં, ક્રાઉન ૧૬ પેજી કદના લગભગ ૩૬ થી ૪૦ ફારમોનું નક્કર વાંચન આપશે. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૪–૦–૦ [ પોસ્ટેજ સહિત ] રહેશે.

**ગ્રન્થમાળા** સંબંધી દરેક પ્રકારનો પત્રવ્યવહાર આ સીરનામે કરવો—

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર.**

**[ માનદ્‌મંત્રી : સોમચંદ ડી. શાહ ]**

ઠે. **બાબુ બિલ્ડીંગ** : **પાલીતાણા** : [ કાઠિયાવાડ ]

---

પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર : [ સાવરકુંડલા ] દ્વારા સંચાલિત–સ્વાધ્યાય ગ્રન્થમાળાનાં પ્રકાશનો એટલે સંસ્કારી અને લોક-ભોગ્ય ધાર્મિક ગ્રન્થો.

૧ માધુકરી, ૨ દિવ્યદર્શન, ૩ તત્ત્વાર્થાધિગમસૂત્ર, ૪ ધન્ય જીવન : તાજેતરમાં પ્રસિદ્ધ થનારાં પ્રકાશનો:—

૧ શ્રી જૈન રામાયણનાં વિવેચનો.

૨ પૂ૦ આ૦ શ્રી વિજયદાનસૂરિ જીવનયાત્રા.

પત્રવ્યવહાર : **સોમચંદ ડી. શાહ**ના સીરનામે

---

ભૂલ સુધારો:—

| પૃ. | પં. | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૭૦ | ૨૪ | જુજુ | જૂનું |
| ૮૧ | ૨૩ | यतस्मार | यतः स्मार |
| ૧૨૫ | ૧૩ | સંતોષ, | અસંતોષ, |
| ૧૨૫ | ૨૫ | નાખે | નાખે છે. |

## — : આપ્તમંડળની યોજના : —

કલ્યાણ–ગ્રંથમાળાની હિતકર પ્રવૃત્તિઓને પહોંચી વળવાની આર્થિક સ્થિતિ અમારી પાસે નહિ હોવાથી તેને સારૂ જૈન સમાજના શ્રદ્ધાળુ, સંસ્કારરસિકોની સમક્ષ અમે ટેલ પાડી હતી. અને શુભેચ્છકોની સલાહથી '**આપ્તમંડળની** યોજના' તેના નિભાવ માટે આ મુજબ નિશ્ચિત કરી છે.

### યોજના :

૧. રૂા. **૨૦૧** એકી વેળાયે આપનાર સદ્દગૃહસ્થો **સંરક્ષક** મંડળના **આજીવન** સભ્ય.
૨. રૂા. **૧૦૧** એકી વેળાયે આપનાર સદ્દગૃહસ્થો **સહાયક** મંડળના **આજીવન** સભ્ય.
૩. રૂા. **૫૧** એકી વેળાયે આપનાર સદ્દગૃહસ્થો **શુભેચ્છક** મંડળના **આજીવન** સભ્ય.
૪. રૂા. **૨૧** એકી વેળાયે આપનાર સદ્દગૃહસ્થો **શુભેચ્છક** મંડળના **પંચવર્ષીય** સભ્ય.
૫. રૂા. **૧૧** એકી વેળાયે આપનાર સદ્દગૃહસ્થો **શુભેચ્છક** મંડળના **દ્વિવર્ષીય** સભ્ય.

### આપ્તમંડળ :

**આપ્ત**મંડળની ઉપરોક્ત યોજનાને આવકારવા પૂર્વક, કલ્યાણની શુભપ્રવૃત્તિઓને પોતાનો સહકાર આપવાની ઉદારતા કરી, જેઓએ પોતાનાં શુભ નામો અમારા આપ્તમંડળમાં નોંધાવ્યા છે તે સદ્દગૃહસ્થો—

### સંરક્ષક મંડળના આજીવન સભ્યો :

| | |
|---|---|
| ૧ શેઠ **શાંતિલાલ મણીલાલ** શ્રોફ ખંભાત | ૩ શેઠ **કાન્તિલાલ** ઉજમશી શ્રોફ ખંભાત |
| ૨ શેઠ **રમણભાઇ** દલસુખભાઇ મુંબઇ | ૪ શેઠ **બાબુભાઇ** છગનભાઇ શ્રોફ મુંબઇ |

## સહાયક મંડળના આજીવન સભ્યો.

૧ શેઠ જયંતિલાલ બહેચરદાસ દોશી મુંબઇ
૨ શેઠ પોપટલાલ પરશોતમદાસ મુંબઈ
૩ શેઠ રમણલાલ વજેચંદ ખંભાત
૪ શેઠ ભોગીલાલ ગીરધરલાલ મુંબઇ
૫ સી. પી. દોશી એન્ડ કું. મુંબઇ
૬ શેઠ ઝવેરચંદ પ્રાગજી ઝવેરી જામનગર
૭ શેઠ રતનલાલ જીવાભાઇ ચોકસી અમદાવાદ
૮ શેઠ છોટાલાલ હેમચંદ રાજકોટ

## શુભેચ્છક મંડળના આજીવન સભ્યો.

૧ શ્રી શાંતિભવન જૈન સંઘ જામનગર
૨ શેઠ માણેકલાલ પુંજાભાઈ મુંબઇ
૩ શેઠ કેશવલાલ વજેચંદ કાપડીઆ ખંભાત
૪ શેઠ મુળચંદ ડાહ્યાભાઈ દલાલ ખંભાત
૫ વોરા ઉમેદચંદ કાલીદાસ હ. હેમકોરબેન જામનગર
૬ શેઠ હીરાલાલ ઉમેદચંદ ખંભાત
૭ શેઠ અમરચંદ મંગુભાઇ ખંભાત
૮ શેઠ કેશવલાલ છોટાલાલ ખંભાત
૯ શ્રી સીપોર જૈન સંઘ સીપોર
૧૦ શેઠ વાડીલાલ છોટાલાલ વીસનગર
૧૧ શેઠ મોહનલાલ સખારામ પુના સીટી.
૧૨ શેઠ કાન્તિલાલ હંસરાજ રાજકોટ
૧૩ શેઠ મફતલાલ મોહનલાલ
૧૪ સંગીતરત્ન હીરાલાલ દેવીદાસ અમદાવાદ

## શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્યો.

૧ શાહ નેમચંદ માણેકચંદ મુંબઇ
૨ શેઠ ગીરધરલાલ અમીચંદ કુંડલા
૩ શાહ બાલચંદ ઇશ્વરલાલ મુંબઇ
૪ શાહ વરજીવનદાસ અભેચંદ મુંબઇ
૫ ઝવેરી શાંતિલાલ ખેતસી જામનગર
૬ શાહ નાનચંદ તલકચંદ દાદર
૭ દોશી લાલચંદ મુલચંદ જામનગર
૮ શાહ છોટાલાલ માણેકચંદ ,,

૯ ઝવેરી કપુરચંદ અજરામર ,,
૧૦ **જૈ**ન લાઇબ્રેરી સીરસાલા
૧૧ શા. **શાં**તિલાલ ઉમેદચંદ ખંભાત
૧૨ શા. **સો**મચંદભાઇ પાનાચંદ ખંભાત
૧૩ સંઘવી **કી**રચંદ સુંદરજી મોરબી
૧૪ મકીમ **વે**લજી કચરાભાઇ જામનગર
૧૫ શ્રી **સ**રદારપુર જૈન સંઘ
૧૬ પારેખ **ના**રણજી હીરજીભાઇ જામનગર
૧૭ શાહ **ચં**પકલાલ છોટાલાલ સુતરીયા
૧૮ શાહ **ન**ટવરલાલ ભોગીલાલ વડનગર સુરત
૧૯ શાહ **ભા**ઇચંદ ફુલચંદ મોરબી
૨૦ મહેતા **મા**ધવજી હીરજીભાઇ ધોરાજી
૨૧ શાહ **ન**રભેરામ હંસરાજ જામનગર
૨૨ શાહ **વા**ડીલાલ ફકીરચંદ ખંભાત
૨૩ શેઠ **પ્રે**મચંદ કચરાણી ભાણવડ
૨૪ ગાંધી **મો**નજી ધનજી આરામડા
૨૫ શા. **ત્રિ**ભોવનદાસ હીરજી શીવા
૨૬ શાહ **બા**બુલાલ નેમચંદ મુંબઈ
૨૭ શ્રી **આ**ગલોડ જૈન સંઘ
૨૮ **નં**દરબાર જૈન પેઢી
૨૯ ઝવેરી **અ**મૃતલાલ કપૂરચંદ મુંબઇ
૩૦ **રા**ધનપુર જૈન સંઘ
૩૧ શાહ **કાં**તિલાલ મહાદેવ કચ્છ–માંડવી
૩૨ શેઠ **ચુ**નીલાલ કમળશી જોરાવરનગર
૩૩ શેઠ **સા**કરચંદ પાનાચંદ જામવણથલી
૩૪ શાહ **વી**રપાળ હીરાલાલ જામનગર
૩૫ શાહ **ર**મણલાલ ચુનીલાલ મુંબઈ
૩૬ શાહ **રા**યચંદ દેવરાજ જામનગર
૩૭ શાહ **બા**બુભાઈ પરશોતમ તંબોલી રાજકોટ
૩૮ શાહ **મ**ગનલાલ પાનાચંદ રાજકોટ
૩૯ શાહ **વી**રચંદ લખમીચંદ અમદાવાદ
૪૦ શાહ **રી**ખવાજી મનાલાલ મુંબઈ
૪૧ પટવા **ચી**મનલાલ છોટાલાલ અમદાવાદ

## શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્યો.

૧ વોરા લાલચંદ વેલચંદ વઢવાણ શહેર
૨ શાહ મણિલાલ ચુનીલાલ વઢવાણ શહેર
૩ દોશી સવચંદ જેઠાભાઇ વઢવાણ શહેર
૪ દોશી ફુલચંદ લાલચંદ વઢવાણ શહેર

૫ શાહ શાંતિલાલ ત્રીકમલાલ વઢવાણ શહેર
૬ શ્રી જિતરાજજી હિંદુમલજી કોલ્હાપુર
૭ શાહ બાલચંદભાઇ ભીખાભાઇ ખંભાત
૮ શાહ ફુલચંદ રણછોડદાસ ખંભાત
૯ શાહ અમરચંદ કસલચંદ ખંભાત
૧૦ શાહ ભોગીલાલ દલસુખભાઈ ખંભાત
૧૧ પા. મગનલાલ લલ્લુભાઇ ખંભાત
૧૨ શાહ વાડીલાલ ચુનીલાલ દંતારા ખંભાત
૧૩ શાહ નેમચંદ પાનાચંદ ખંભાત
૧૪ શાહ ઠાકરશીભાઇ ધરમચંદ ખંભાત
૧૫ શાહ ભીખાભાઇ ચુનીલાલ ખંભાત
૧૬ શાહ હીરાલાલ ફીલાભાઇ ખંભાત
૧૭ શાહ ન્યાલચંદ રતનચંદ ખંભાત
૧૮ શેઠ ભોગીલાલ બબલદાસ મુંબઇ
૧૯ ઝવેરી માણેકલાલ ચુનીલાલ સુરત
૨૦ ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ મોરબી
૨૧ શાહ વરવાલાલ અમૃતલાલ ખાવડ
૨૨ શ્રી લાડોલ જૈન સંઘ [ વિજાપુર ]
૨૩ શાહ સુંદરલાલ ચુનીલાલ વડોદરા
૨૪ શાહ ભીખાભાઇ ઝવેરચંદ ખંભાત
૨૫ શાહ પરશોતમદાસ છગનલાલ ખંભાત
૨૬ શાહ જીવાભાઇ મોતીલાલ ખંભાત
૨૭ શાહ નગીનદાસ આશાલાલ ખંભાત
૨૮ શાહ ભોગીલાલ ચુનીલાલ ખંભાત
૨૯ શાહ ગુલાબચંદ કપુરચંદ ખંભાત
૩૦ શાહ મનુભાઇ કચરાભાઇ ખંભાત
૩૧ શાહ રતનલાલ છગનલાલ ખંભાત
૩૨ પા. અમૃતલાલ મનસુખભાઇ ખંભાત
૩૩ શાહ કેશવલાલ મુળચંદ ખંભાત
૩૪ શાહ નાનાલાલ જેઠાભાઈ ખંભાત
૩૫ શાહ ભીખાભાઇ મોહનલાલ ખંભાત
૩૬ શાહ નાથાલાલ મોહનલાલ મહેસાણા
૩૭ મેઘજી ટોકરશીભાઇ હ. પ્રેમજીભાઇ મુંબઇ
૩૮ શ્રી જૈન શ્વેતામ્બર પાઠશાળા ઇડર
૩૯ ચીમનલાલ જી. શાહ મુંબઈ
૪૦ શાહ લાલજી કેશવજી ચીનાઈ મુંબઈ
૪૧ શાહ ચંદુલાલ ભોગીલાલ અમદાવાદ
૪૨ ઝવેરી મંગળદાસ નથ્થુભાઈ વિજાપુર

# આભાર દર્શન :

કલ્યાણ પ્રકાશન મંદિરની શુભ પ્રવૃત્તિઓને જેઓશ્રી પોતાની માયાળુ લાગણી અને શકિતદ્વારા ઉત્તેજી રહ્યા છે. તે પૂ. કવિકુલકિરીટ આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ,** પૂ. આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમદ્ **વિજય જમ્બૂસૂરીશ્વરજી** મહારાજ, પૂ. પાઠક પ્રવર શ્રીમદ્ **ભુવનવિજયજી** ગણિવર, પૂ. પંન્યાસજી મહારાજ શ્રી **નવીનવિજયજી** મહારાજ, પંન્યાસજી મહારાજ શ્રી **પ્રવીણવિજયજી** ગણી, પૂ. મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી**ભદ્રં**-કરવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી **પદ્મવિજયજી** મહારાજ, પૂ. મુનિરાજ શ્રી વિક્રમવિજયજી મહારાજ આદિ મુનિવરોની શુભ લાગણીની અમે આ અવસરે આભારપૂર્વક નોંધ લઇએ છીએ.

તદુપરાંત અમારી આ પ્રવૃત્તિઓને સહકાર આપવા પૂર્વક અવસરે અવસરે યોગ્ય સહાય કરવા માયાળુ લાગણી ધરાવનાર ધર્મપ્રેમી શેઠશ્રી રમણલાલ દલસુખભાઇ શ્રોફ, શેઠશ્રી **શાન્તિલાલ** મણિલાલ શ્રોફ, શેઠ રમણલાલ વજેચંદ, શેઠ જયન્તિલાલ બહેચરદાસ દોશી અને શેઠ **માણેકચંદ** પૂંજાલાલ આદિ શાસનરસિક સદ્દગૃહસ્થોનો અમે અવસરે આભાર માનીએ છીએ, અને આ રીતે અન્ય પણ શાસનપ્રેમી સદ્દગૃહસ્થો અમારી આ પ્રવૃત્તિને શકય સહકાર આપતા રહેશે. **માનદ સંપાદક.**

# પાઠશાળા અને લાયબ્રેરી ઉપયોગી પ્રકાશનો :

## : પાઠશાળા ઉપયોગી :

| | |
|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ ૧૦૦ના | ૨૫-૦-૦ |
| સામાયિક સૂત્ર મૂળ ૧૦૦ ના | ૧૨-૦-૦ |
| નિત્યનોંધ ... ૧૦૦ના | ૧૨-૦-૦ |
| પંચપ્રતિક્રમણ મૂળ ... | ૧-૮-૦ |
| સંવાદ-સંગ્રહ... ... | ૦-૧૦-૦ |
| જૈન અભ્યાસક્રમ ... | ૦-૮-૦ |
| નવસ્મરણ ... ... | ૦-૮-૦ |
| ગહુંલી સંગ્રહ... ... | ૦-૮-૦ |
| પ્રકરણમાલા ... ... | ૧-૮-૦ |
| સ્નાત્રપૂજા ... ... | ૦-૩-૦ |
| પ્રાચીન સ્તવનાવલિ ... | ૦-૬-૦ |
| મોટી સજ્ઝાયમાલા ... | ૧-૮-૦ |
| જીવવિચાર સાર્થ ... | ૦-૯-૬ |
| નવતત્ત્વ સાર્થ... ... | ૧-૦-૦ |
| દંડક સંગ્રહણી સાર્થ... | ૧-૨-૦ |
| કર્મગ્રંથ ભા. ૨ ... | ૨-૪-૦ |
| સુધારસ સ્તવનાવલિ... | ૦-૮-૦ |
| તત્ત્વાર્થાધિગમ સૂત્ર ... | ૦-૧૨-૦ |
| પંચપ્રતિક્રમણ સાર્થ... | ૩-૪-૦ |
| પંચપ્રતિક્રમણ મૂળ શાસ્ત્રી | ૧-૨-૦ |

## : લાયબ્રેરી ઉપયોગી :

| | |
|---|---|
| કીર્તિશાળી કોચ્ચર [વાર્તા] | ૦-૧૨-૦ |
| તરંગવતી તરંગલોલા... | ૦-૧૨-૦ |
| વર્ષપ્રબોધ ... ... | ૪-૦-૦ |
| શ્રીપાળરાજાનો રાસ ... | ૨-૮-૦ |
| ચંદરાજાનો રાસ ... | ૩-૮-૦ |
| મહાવીરસ્વામી ચરિત્ર... | ૩-૮-૦ |
| આદિનાથ ચરિત્ર ... | ૫-૪-૦ |
| ચંદ્રપ્રભુ ચરિત્ર... ... | ૨-૪-૦ |
| વિમળનાથ ચરિત્ર ... | ૨-૪-૦ |
| શ્રમણવંશ વૃક્ષ... ... | ૦-૧૨-૦ |
| સેન પ્રશ્ન ભાષાંતર ... | ૨-૪-૦ |
| કુબેરદત્તા ... ... | ૦-૨-૦ |
| વિશસ્થાનક કથા ... | ૦-૧૨-૦ |
| સિંદુર પ્રકર ... ... | ૦-૫-૦ |
| અભક્ષ્ય અનંતકાય ... | ૧-૦-૦ |
| ગુણવર્મા ચરિત્ર ... | ૦-૧૨-૦ |
| ધન્ય જીવન ... ... | ૧-૮-૦ |
| ગાંધીજીની અહિંસા ... | ૦-૬-૦ |
| હીરપ્રશ્નોત્તરાનુવાદ ... | ૧-૨-૦ |

**પ્રભાવના ઉપયોગી પ્રકાશનો મળશે.**

મળો યા પૂછાવો-

**સોમચંદ ડી. શાહ.**

**C/o જીવન નિવાસ સામે;**

**પાલીતાણા** [ કાઠીઆવાડ ]

જૈન સંસ્કૃતિનું કલ્યાણ સંદેશવાહક

વિ૦ સં૦ ૨૦૦૧ : जं सेयं तं समायरे : ફાલ્ગુન

# मुनिपदस्तवना

[ રાગ માઢ : તાલ કહેરવા ]

**श्री** વીર શાસન છે સાર સંસારમાં, અનુભવ રત્ન ખજાના,
**क**ર્મ નિબિડ, હરવા ધ્યાન, સુજ્ઞાનની જ્યોત અમાના; ૧
**ल्या**જે નહિ પાપી, માર્ગ ઉત્થાપી, નિંદા કરત અજાના,
**ण**થી બીજાં દર્શન, ચિત્ત સુપ્રસન્ન, જૈન ધર્મ છે મહાના. ૨
**स**ખા મુકિત–માર્ગના, ધર્મ પંથના, જીવ–જીવન–આધારી;
**दै**ન્યભાવ ન ધારી, જન–હિત–કારી, સદા આદર્શ–આચારી. ૩
**व**શ કરતા કામ, જગ પુનિત નામ, નિજ ધર્મ–દીપાવનહારી,
**ज**શ કીર્તિ સવાઈ, હર્ષ વધાઇ, ધર્મ–મૂર્તિ–મંગલકારી; ૪
**य**મ શમ દમ–ધારી, વિષય–વિરાગી, શાસનના શણગારા,
**वं**દન હો વંદન, શીતલ–ચંદન, મુનિવર જીવન અધારા. ૫
**तु**ર્ત તત્ત્વ પીછાણે, સમયને જાણે, આગમ–તત્ત્વ–પ્રકાશે,
**र**વિ સમ જે દીપે, મિથ્યા ન સમીપે, જિન–શાસન આકાશે; ૬
**हो**વત નહિ ખીન્ના, તત્ત્વમાં લીના, આતમ ધ્યાન નિવાસે,
**ज**ગ જયવંતાને, ભગવંતાને, વંદના અતીવ ઉલ્લાસે. ૭

**श्री अज्ञेय**

# અમારૂં શરૂ થતું નવું વર્ષ.

## —≈⊙ સંપાદકીય. ⊙≈—

નૂતનવર્ષના પ્રારંભકાલે, 'કલ્યાણ'ની આસપાસના વાતા-વરણને સ્પર્શતા પ્રશ્નોનો જવાબ આપવાપૂર્વક 'કલ્યાણ પ્રકાશન મન્દિર'ની વ્યવસ્થાને અંગે સંપાદક સ્થાનેથી શુભેચ્છકો, વાંચકો અને ગ્રાહકોની સેવામાં કેટલીક રજૂઆત આ કોલમોમાં થઈ રહી છે, જે વાંચી જવા સહુ કોઈ સહૃદય શુભેચ્છકોને અમારો આગ્રહ છે.

ફાલ્ગુન શુક્લા ત્રયોદશીની ખીલતી મંગલ ઉષાએ, કલ્યાણનો આ દ્વિતીય વર્ષપ્રવેશ ઉજવતાં અમારો આત્મા અપૂર્વ આનન્દ અનુભવે છે. અન્તર હર્ષની ઊર્મિઓથી ઉછળી રહ્યું છે. હૈયાનો આ થનથનાટ શબ્દો દ્વારા વ્યક્ત કરવાને અમારી પાસે શક્તિ નથી. આ અતિશયોક્તિ નથી, પણ વાસ્તવિક હકીકત છે. આવા કપરા કાળમાં, દરેક પ્રકારનાં તંગ વાતાવરણમાં આ રીતનું પ્રકાશન કાર્ય કરવાનું સાહસ એ સાચે અમારી શક્તિ બ્હારનું હતું; છતાં આજે આ રીતે એક વર્ષની યાત્રા પૂર્ણ કરી અમે નૂતનવર્ષમાં પ્રવેશીએ છીએ એ જ અમારે મન નિરવધિ આનન્દનો વિષય છે.

પરિવર્તનશીલ આ સંસારમાં અનેક પ્રકારનાં પરિવર્તનો રોજ-બરોજ નોંધાતાં જાય છે. ગઈ કાલ ગઇ, આજ આવી અને આવતી કાલ ઊગશે—આ બધું કાલચક્રનું જ નૃત્ય છે. આજ આવી છે એ નવા રૂપે, નવા લેબાસમાં અને ન કલ્પી શકાય તેવી સ્થિતિમાં; જ્યારે ગઇકાલ ગઈ તે પણ તે રીતે; અને આવતી કાલ ઊગશે પણ તે રીતે. આમાં કોઇપણ પ્રકારની શંકા રાખવા જેવું રહેતું નથી.

કલ્યાણનું આ પ્રકાશન આજે જે રૂપે, જે રીતે અને જે અવસરે; આપને આપના હાથમાં મળી રહ્યું છે, કે આપની આંખ સ્હામે આવીને પડયું છે યા વંચાઈ રહ્યું છે—તેમાં આપને અમારી પ્રકાશન પ્રવૃત્તિનાં

આ પરિવર્તનની સ્હામે ફરિયાદ કરવાનું રહેશે! કોઇક સહૃદય શુભેચ્છકને કે વાચકને ' ટાઇમસર નહિ રહેતાં અમારાં આ પ્રકાશનને અંગે તેની અનિયમિતતાની ફરિયાદ પણ કરવાનું મન થશે! '

ઉપરોક્ત બન્ને ફરિયાદોનો જવાબ અમારી પાસે અન્ય કોઇ છે જ નહિ, તદુપરાંત બચાવનામાંની લંબાણ દલીલો કરવાની અમારે રહેતી નથી; અમારો એક જ જવાબ આની સ્હામે છે અને તે એ કે, ' વિશ્વ-યુદ્ધને કારણે ' સરકારી પ્રેસ ધારો ' દેશી સ્ટેટોમાં પણ અમલી બનવાથી કલ્યાણનું પ્રકાશન આ કદની-ક્રાઉન ૧૬ પેજી ગ્રન્થમાળા ૪ પુસ્તકોદ્વારા પૂર્વની જેમ પ્રગટતું રહેશે. આ કદમાં પણ ૩૬ થી ૪૦ ફારમોમાં આ શૈલીના લખાણોનું અનેકવિધ સાહિત્ય પીરસવાપૂર્વક તેના સંચાલકો પોતાની જવાબદારી [ આ પરિસ્થિતિ પલટો નહિ લે તો ] અવશ્ય અદા કરશે. '

**જ્યાં** સુધી વિશ્વયુદ્ધની ભયંકર તાંડવલીલા જગત પર નાચી રહી છે, ત્યાં સુધી નિરુપાયે કલ્યાણના સંચાલકોને આ રીતે પરિસ્થિતિવશ બની કદ પરિવર્તન કરવું પડ્યું છે, અને અનિયમિત ગ્રન્થમાળા તરીકે કલ્યાણને પોતાની વાંચન સામગ્રી રજૂ કરવાની સ્થિતિ ઊભી થઈ છે.

**ધર્મ**ને વફાદાર રહી સાહિત્ય અને સંસ્કારની સેવા કરતી આ ગ્રન્થમાળા પોતાનાં કાર્યક્ષેત્રમાં દિન-પ્રતિદિન વધુ પ્રગતિ કરતી આજના કરતાં આવતી કાલે સવિશેષ, સંગીન અને સમૃદ્ધ બનશે; એક રીતે નહિ પણ અનેક રીતે; એટલે કે, સાહિત્યની દૃષ્ટિયે; શ્રદ્ધાળુ અને સંસ્કારી લેખકોની દૃષ્ટિયે; સહૃદય શુભેચ્છકો અને વાચકોની દૃષ્ટિયે; આ બધીયે દૃષ્ટિયે આગેકૂચ કરવાની અમારી અભિલાષા છે.

**અ**મારી એક ફરિયાદ હજુ ઊભી છે, શુભેચ્છકોનો સહકાર અમને જો કે, મળતો રહ્યો છે-જે અમારું નૈતિક બલ છે. સહાયક આપ્તમંડળ એ અમારું આર્થિક બલ છે, જે અમારી જૈન શાસનનાં શાસ્ત્રીય સત્યોના પ્રચારની લાગણીની મમતાથી અમને મળી રહ્યું છે. તેમ જ પૂ. વિદ્વાન સુવિહિત આચાર્યદેવો, ઉપાધ્યાયજી મહારાજ, પંન્યાસજી મહારાજ

તદુપરાંત પૂ. મુનિવરો, ઉદારચિત ધર્મશીલ ગૃહસ્થો આ બધાનો સારો સહકાર પણ દરેક રીતે અમને મળી રહ્યો છે--આ વિશે કાંઇ પણ કહેવાનું અમારે રહેતું નથી. પણ અમારે જે કાંઇ કહેવાનું છે તે કલ્યાણના ગ્રાહકોની દૃષ્ટિયે; હજુ જોઇએ તેટલી ગ્રાહક સંખ્યા અમને મળી નથી. હા, દિન-પ્રતિદિન વધતી જતી ગ્રાહક સંખ્યા અમારી આત્મશ્રદ્ધામાં જરૂર ઉમેરો કરે છે.

કલ્યાણના સાહિત્ય વિભાગને વધુ વિકસતું, તેમજ વર્તમાનની સરળ શૈલીયે જૈન સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોને અનેક લેખકોની કલમે રજૂ થતું, જોવાની અમારી અભિલાષા છે. અને વર્તમાનની યુદ્ધ પરિસ્થિતિથી આવી પડતી અનિવાર્ય મુશ્કેલીઓ સિવાય, વિના રોક-ટોકે અમે આમાં મક્કમતાપૂર્વક ડગ માંડી શકીશું એ અમારો મનોરથ છે.

અમારી ટપાલથેલીમાં દરરોજ નવા નવા લેખો, લખાણો, સંદેશાઓ, સંવાદો, ગીતો, સલાહ-સૂચનો આ બધું આવી પડે છે, જે અમારા પરની અંગત શુભેચ્છાની લાગણી કે પ્રકાશન મંદિરની મમતાનું પ્રતીક જ કહી શકાય. આ માટે અમો; સહુ કોઇ તે તે સહૃદય શુભેચ્છકોનો આ તકે આભાર માનીયે છીએ. અને આજના છાપકામ, કાગળ, કલમ અને શાહીની સખ્ત મોંઘવારીના કાળમાં અમારાથી બની શકે તે રીતે આને અંગે ઘટિત અને યોગ્ય કરવા શક્ય કરીશું.

સ્વચ્છતા, સુઘડતા, સુન્દરતા અને આકર્ષકતા ઇત્યાદિમાં કલ્યાણનાં પ્રકાશનને દિન-પ્રતિદિન વધુ સમૃદ્ધ, સુંદર અને સંગીન બનાવવા અમે દરેક રીતે ઇચ્છી રહ્યા છીએ. સુશોભનોથી આ પ્રકાશન સર્વાંગસુંદર બને તે જોવા અમે અતિશય આતુર છીએ, પણ આજની કાગળ-છાપકામ ઈત્યાદિમાં અસહ્ય મોંઘવારી, મેળવવા મથતાં પણ વસ્તુની અછત, તેમ જ અમારા આર્થિક ભંડોળની પરિમિતતા;-આ બધા સંયોગોમાં જેમ બને તેમ વધુ કરકસરતાપૂર્વક વ્યવસ્થિત રીતે અમારા કાર્યક્ષેત્રમાં આગેકૂચ કરવામાં હાલ અમે માનીયે છીએ. છતાં શ્રી મહોદય પ્રેસના

માલીક સહૃદયી શ્રી ગુલાબચંદભાઈ; શ્રી વિનુભાઈ વગેરેના આત્મીયભાવપૂર્વકના સહકારથી અમે અત્યારસુધી કલ્યાણના પ્રકાશનને આભ્યન્તર આકર્ષકતાની જેમ બાહ્ય આકર્ષકતાથી પણ અપૂર્વ ભાત પાડતું પ્રસિદ્ધ કરી શક્યા છીએ.

પ્રાન્તે શુભેચ્છકો, વાચકો અને ગ્રાહકો સહુ કોઈને; આજ શરૂ થતા નૂતનવર્ષના પ્રારંભે આગ્રહપૂર્વકની અમારી આરજૂ છે કે, કલ્યાણનું આ પ્રકાશન આપનું છે, કલ્યાણ પ્રકાશન મંદિરની પ્રવૃત્તિઓ આપની છે, આપે આપનાં આ પ્રકાશનને; એ દિન–પ્રતિદિન એનાં કાર્યક્ષેત્રમાં વધુ પ્રગતિ કરતું રહે એ રીતે એને તન, મન અને ધનથી શક્ય સહકાર આપવાનો રહે છે.

કલ્યાણ આપની પાસે આટલું માંગે છે, દીનતાપૂર્વક નહિ, હક્ક અને અધિકાર છે એને આ માંગવાનો; અને કર તરીકે કે કંટાળીને નહિ પણ પ્રસન્નતાથી સહૃદય હિતૈષી આપ્તજન તરીકે આપવાનો આપનો કર્તવ્યધર્મ છે. સહૃદય શુભેચ્છકોની સેવામાં પ્રાસઙ્ગિક આટલું કહી અમે વિરમશું.

**॥ वर्द्धताम् जिनशासनम् ॥**

# સંસ્કૃતના અભ્યાસી વિદ્વાનોને:

## પાદપૂર્તિની યોજના:

સંસ્કૃત ભાષાના અભ્યાસી શક્તિશાલી માટે પાદપૂર્તિની યોજના અહિં રજૂ થઈ છે. આ રજૂ થયેલાં છેલ્લા પદ પરથી ઉપરના ત્રણ પદો નવા જોડી આ પદની સાથે અર્થથી અને છંદથી સમન્વય સાધે તે રીતે એક શ્લોક તૈયાર કરી અમને મોકલાવી આપવો. જેથી કલ્યાણના આગામી ખંડમાં તેને પ્રસિદ્ધ કરી શકાય. જે કોઈ વિદ્વાન અભ્યાસીઓને આને અંગે જણાવવા જેવું લાગે તે જણાવવા કૃપા કરે ! જેઓ તરફથી આનો જવાબ મળશે તેઓનાં નામ સહિત તે તે શ્લોકો પ્રસિદ્ધ થશે. **સં.**

**विद्वान् प्राप्तेऽधिकारे नयति विफलतां योग्यकार्याधिकारात् ॥ १ ॥**

ન્યાયના અભ્યાસીઓ માટે સંગ્રાહ્ય અપૂર્વ ગ્રન્થરત્ન.
જૈનરત્ન વ્યા. વા. કવિ કુલકિરીટ સૂરિસાર્વભૌમ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજીમહારાજસંકલિત.

# શ્રી સમ્મતિ તત્ત્વસોપાન

'સમ્મતિતર્ક' અને તેની 'તત્ત્વબોધવિધાયિની' ટીકા અતિ ગહન અને પરિશ્રમથી ગમ્ય છે. આથી તે મહાન પ્રાસાદરૂપ છે. ઉપરોક્ત ગ્રન્થમાં ગ્રન્થકર્તા પૂ. શ્રી સૂરિદેવે યથાસંભવ સુગમતાપૂર્વક એ પ્રાસાદમાં સરળ રીતે પ્રવેશ કરવા માટે સોપાનરૂપે એ મૂલ અને ટીકાના આધારે સંકલના કરી છે. ન્યાયના અભ્યાસીઓ માટે અત્યંત ઉપયોગી આ ગ્રન્થરત્ન ટૂંક સમયમાં જિજ્ઞાસુઓના હસ્તકમળમાં પ્રાપ્ત થશે.

પ્રાપ્તિસ્થાનઃ-શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાલા.
C/o શા૦ ચંદુલાલ જમનાદાસ
મુ. છાણી (વડોદરા)

---

ધર્મ, શ્રદ્ધા અને સંસ્કારની લ્હાણ કરતી—

# શ્રી જૈન વિદ્યાર્થિ ગ્રન્થમાળા

અમારાં પ્રકાશનો

:: પ્રથમ શ્રેણી ::

૧. પુણ્યનો સિતારો. ૫. સુસીમા.
૨. હૃદયનાં તાર. ૬. પીયૂષ પ્રવાહ.
૩. વિનાશનાં વમળ. ૭. વીર રણસિંહ.
૪. પવિત્રતાને પંથે. ૮. પ્રાર્થના. (પ્રેસમાં)

આ શ્રેણીમાં દશ પુસ્તિકાઓદ્વારા વીશ ફરમાનું વાંચન વિદ્યાર્થીવર્ગને અત્યંત ઉપયોગી થાય તેવું સુંદર અને સરળ રીતે આપવામાં આવે છે.

શ્રેણીના પહેલેથી ગ્રાહક થનારે પોસ્ટેજ સાથે પોણા બે રૂપીઆ મોકલી પહેલાં નામ નોંધાવી લેવા ચૂકવું નહિ.

પ્રાપ્તિસ્થાન—શા. ઉમેદચંદ રાયચંદ
ગારીઆધાર

## તત્ત્વજ્ઞાનના પ્રચારની આવશ્યકતા

### પૂ. આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

જે તત્ત્વજ્ઞાનના બળે પરમતારક શ્રી અરિહંતદેવ, કેવળજ્ઞાન પામી સંખ્યાતીત આત્માઓના સાચા ઉદ્ધારક બન્યા છે, તે જૈન દર્શનનાં સર્વાંગ સુંદર લોકોત્તર તત્ત્વજ્ઞાનનો મોટા પ્રમાણમાં પ્રચાર થવો આજે આવશ્યક છે.

પૂજનીય સૂરિદેવશ્રી, આ લેખમાં જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારની આવશ્યકતા માટે સમાજના ધનાઢ્ય શ્રદ્ધાસંપન્નોને પ્રેરક ધર્મસંદેશ આપી સમાજના શાણા આગેવાનોને 'જાગતા રેજો'ની હાંક મારે છે, જે આજના સંયોગોમાં ખૂબ જ હિતકર અને અનિવાર્ય છે.

આ જગતમાં તત્ત્વજ્ઞાન સિવાયનું જીવન તે જીવન નથી, સુખ તે સુખ નથી, ધન તે ધન નથી, મન તે મન નથી અને તન તે તન નથી. આવા તત્ત્વજ્ઞાનની કયો સહૃદયી ઇચ્છા ન ધરાવે? જેનાથી રત્નત્રયી અને તત્ત્વત્રયી પ્રાપ્ત થાય તેની ઉપેક્ષા કેમ રાખી શકાય? જેનામાં ચેતના છે તે તો તેવા જ્ઞાનથી વંચિત રહી શકે જ નહિ. તત્ત્વજ્ઞાનમાં પણ કેટલીક વાર ભ્રમ થાય છે. અતત્ત્વને તત્ત્વ માની લેનારો બહોળો વર્ગ છે; જ્યારે તત્ત્વને જ તત્ત્વ સમજનારો બહુ જ અલ્પ વર્ગ છે. સર્વજ્ઞ પ્રભુ-કથિત પદાર્થોને પદાર્થરૂપે માનવા તેનું નામ સાચી તત્ત્વશ્રદ્ધા છે અને તેને જાણવા તેનું નામ સાચું તત્ત્વજ્ઞાન છે. હેયને છોડી, જ્ઞેયને જાણી, ઉપાદેયને આદરવાની પ્રવૃત્તિનું નામ તત્ત્વરૂપ ચારિત્ર છે. આ ત્રણ મુક્તિના માર્ગ છે. આ આત્મસ્વરૂપપ્રાપ્તિનું સાધન છે.

આત્માનું સાચું જવાહર તત્ત્વજ્ઞાન છે. ઉચ્ચ તત્ત્વજ્ઞાન યથાખ્યાત ચારિત્રનું મૂળ છે. કર્મને બેકાર બનાવવા માટે શસ્ત્ર છે. કર્મ સૈન્યનો વિનાશ કરવા આત્મ બલદેવનું મૂશલ છે. એ છે ત્યાં સકલ જગતનું કુશલ. સકલ કલ્યાણનું કારણ છે અને અકલ્યાણનું વારણ છે. કર્મ રોગનું મારણ છે. ભવોદધિમાં ડૂબી મરતાઓનું તારણ છે. આવા તત્ત્વજ્ઞાનના

પ્રરૂપક શ્રી જિનેશ્વર દેવોએ આપણા ઉપર અથાગ ઉપકાર કર્યો છે. માટે આપણે તે દેવાધિદેવની ત્રિકાલ પૂજા કરીએ છીએ અને કૃતજ્ઞતાના ચિહ્નરૂપે તે પ્રભુના ચરણે ભક્તિરૂપ પુષ્પાંજલી ધરીએ છીએ. આથી આપણી શ્રદ્ધા નિર્મલ બને છે અને તે નિર્મલ જ્ઞાન અને ચારિત્રને નિમંત્રે છે અને શ્રદ્ધાપૂર્વકનું આ નિમંત્રણ કદિય ખાલી જતું નથી. તે બન્ને યોદ્ધાઓ હૃદયાંગણમાં આવી અનાદિના ઘૂસેલા કર્મ લુંટારૂઓને પાયમાલ કરી આત્માને સ્વરાજ અપાવે છે અને તે આત્મા શિવરાજ નામની રાજધાની વસાવી સદૈવને માટે સુખી રહે છે. પુનઃ આત્માનું પતન થતું નથી અને અખંડ આત્મિક સુખનો ભોક્તા બને છે. તત્ત્વજ્ઞાનના પ્રભાવે માત્ર બે જ આના કમાનાર **પુણ્યક શ્રાવક** સંતોષી બની આનંદથી જિંદગી વ્યતીત કરતો સ્વર્ગીય જીવન જીવી રહ્યો હતો. **મ**મ્મણની પાસે ક્રોડોની મિલકત અને હજારોની આવક હોવા છતાંય તત્ત્વજ્ઞાનના અભાવે નારકીય જીવન જીવી રહ્યો હતો અને મર્યા પછી પણ એકનું ઉચ્ચ સ્થાન અને બીજાનું અધઃપતન થયું.

જે તત્ત્વજ્ઞાનના બળે પ્રભુ કેવલજ્ઞાન પામી સંખ્યાતા આત્માઓના સાચા ઉદ્ધારક બન્યા છે તેજ જ્ઞાનના અભાવે વેષવિંડબક પાખંડીઓ અને નેતાઓ જ્ઞાનહીન રહી અનેક આત્માઓને અવળા માર્ગે ઉતારનારા બન્યા છે. આવાં જૈન દર્શનનાં સર્વાંગ સુંદર તત્ત્વજ્ઞાનનો બહોળો ફેલાવો થાય તે માટે પોતાની લક્ષ્મીના સદ્વ્યયદ્વારા સમાજના ધનાઢ્ય વર્ગે ઠેકાણે ઠેકાણે પાઠશાળાઓ, ઉચ્ચ શિક્ષણ આપનારા શિક્ષકો, તેમજ તેવી જાતનું અદ્ભુત સાહિત્યસર્જન કરાવી જગતનું હિત સાધવું જોઈએ. આજે આ દિશા તરફ ચતુર્વિધ સંઘનું લક્ષ રહેવું જોઈએ. આમ માત્ર એક જ સદીની કારવાઈ સમાજનો શીઘ્ર ઉદ્ધાર કરી સમાઈને જન્મ મરણથી બચાવી શકશે અને ખરા તત્ત્વજ્ઞાનને પચાવી શકશે.

આવા પવિત્ર કાર્ય માટે સમાજના નેતાઓએ ભીષ્મ પ્રતિજ્ઞાઓ લેવી ઘટે છે. તેમાં જોધપુરની પ્રતિજ્ઞા જેવી શિથિલતા ન હોવી જોઈએ. એક વખત કોઈ મહારાજે, જોધપુરના વ્યાખ્યાનમાં શાસનના એક શુભ

કાર્ય કરવા માટે ખૂબ જોરશોરથી ઉપદેશ આપ્યો. તેમાં એક બહારના બહાદુરે પ્રતિજ્ઞા કરી કે, 'જ્યાં સુધી એ કાર્યની શરૂઆત ન કરું ત્યાં સુધી રોટી નહિ ખાઉં.' અન્તમાં શેઠ ઢીલા થયા, કાંઈ પણ કાર્ય થયું નહિ. કેટલાક દિવસો પછી મહારાજે પૂછ્યું કેમ ભાઈ! કાંઈ શરૂઆત કરી નથી એટલે રોટી તો ખાતા નથી ને? શેઠે જવાબ આપ્યો કે, 'નહિ સાહેબ રોટી કેવી રીતે ખવાય? ફુલકાં ખાઉં છું.' આવી પ્રતિજ્ઞાથી તો જરાય ફાયદો નથી માટે સમાજના ધર્મશીલ સાધનસંપન્નોએ એ ધ્યાનમાં રાખી લેવું ઘટે, જેથી આચાર્ય ભગવન્તો તત્ત્વજ્ઞાનના ફેલાવા માટે ઠેકાણે ઠેકાણે ઉપદેશ જારી રાખે, એટલે તેઓ કોથળીનાં મોઢાં ખુલ્લા કરી આ તરફ ધનવૃષ્ટિનાં પૂર વહાવે. તત્ત્વજ્ઞાની શ્રમણ નિર્ગ્રન્થો–નિઃસ્પૃહ ત્યાગી મહાપુરૂષો પોતાની પાસે આવનારાઓને આ વિષયનું જ્ઞાન આપે, સાધ્વી વર્ગ સ્વયં જ્ઞાની બની સ્ત્રીઓને સાચું તત્ત્વજ્ઞાન પીરસે તેથી તે સ્ત્રીઓ પોતાના બાલકોને ઉછેરતાં ઉછેરતાં પણ એવું સુંદર તત્ત્વજ્ઞાનનું અમૃત પાન કરાવશે કે જે વર્ષોની મહેનતે પણ શિક્ષકો નહિ કરાવી શકે. કલ્યાણ અને તત્ત્વજ્ઞાન ભિન્ન નથી. જ્યાં તત્ત્વજ્ઞાન છે ત્યાં કલ્યાણ છે અને કલ્યાણ છે ત્યાં તત્ત્વજ્ઞાન છે. આમ બન્ને સમવ્યાપ્તિક પદાર્થો છે. માત્ર શરત એટલી જ કે તે તત્ત્વજ્ઞાન ફલદ્રૂપ હોવું જોઇએ.

### ધર્મનો અસ્વીકાર એટલે સત્યની અવગણના!

ધર્મની જરૂર દુનિયામાં છે કે નહિ? એ પ્રશ્નનો ઉત્તર એકજ વાક્યથી મળે છે. દુઃખની હયાતિ દુનિયામાં છે કે નહિ? જો ના. તો ધર્મની જરૂર નથી. જો હા. તો ધર્મની જરૂર છે. જો દુનિયામાં દુઃખની હયાતિ આપણા દેહની હયાતિની માફક જ સત્ય હોય તો ધર્મની હયાતિ પણ આપણા દુઃખની હયાતિ જેટલી જ સત્ય છે. દુઃખ અને સુખ એ જ્ઞાન અને કૃતિની જેમ પ્રમાણસિદ્ધ વસ્તુઓ છે. એનાં કારણભૂત ધર્મ અને અધર્મ એ પણ કલ્પિત નહિ કિન્તુ તેમનાં જેટલાં જ સત્ય છે. તેથી ધર્મની જરૂર નથી એમ કહેવું એ એક પરમ સત્યની જ અવગણના છે.

# બ્રહ્મચર્યનો મહિમા

## શ્રી સુંદરલાલ એમ. એ.

**જો** શુદ્ધ અને વિસ્તૃત વિચારશક્તિ મેળવવા ઈચ્છા હોય ! સ્મરણશક્તિ, દૃઢ મનોબળ અને અનેક સુંદર સદાચારો પ્રાપ્ત કરવાની અભિલાષા હોય તો પ્રત્યેક વિચારકે પોતાનાં જીવનને હંમેશા મન, વચન અને કાયાદ્વારા પવિત્ર બ્રહ્મચર્યનું પાલન કરવા તત્પર રહેવું જોઈએ.

બ્રહ્મચર્યને અંગે કેટલીક ઉપયોગી વિગતો ટૂંકાણમાં રજૂ કરવાપૂર્વક લેખક; આ લેખમાં બ્રહ્મદેવનો મહિમા વર્ણવે છે.

"Give me that man that is not passion's slave,
And I will wear him in my heart's core."

**બ્ર**હ્મચર્ય શબ્દની વ્યુત્પત્તિ કરતાં **ब्रह्मणि चर्या** અર્થાત્ **आत्मनि चर्या** એટલે કે '**कोऽहम् ? कुतः आगतः ? क गमिष्यामि ?**' એ આધ્યાત્મિક પ્રશ્નોવડે આત્માવલોકનમાં રટન કરવું એવો ગૂહ્ય અને મૂળ ભાવાર્થ નીકળે છે; કિન્તુ આત્માવલોકન પ્રબળ વીર્યાવિરોધન વિના હોઈ શકે નહિ. અતઃ એવ **वीर्यनिरोधो हि ब्रह्मचर्यम्।** એ વાક્યાનુસાર "શરીરના પાયારૂપ સાત ધાતુઓ પૈકી છેવટના અને અગ્રપદ ભોગવતા શુક્ર( વીર્ય )નું રક્ષણ કરવું એ બ્રહ્મચર્ય કહેવાય છે" અથવા જરા આગળ ધપીએ તો 'વિષયાભિલાષનિવૃત્તિ' એ બ્રહ્મચર્યનું લક્ષણ. સારાંશ કે જેટલે અંશે વિષયનિવૃત્તિ તેટલા પ્રમાણમાં વીર્યરક્ષા અને તેથી જ કરીને વીર્યરક્ષા એ બ્રહ્મચર્ય.

માનવ જીવનમાં વિકાસ ત્રિધા સાંપડે છે. શારીરિક, માનસિક યાને આધ્યાત્મિક. શરીરમાં સ્ફૂર્તિ અને કાંતિના આંદોલનો જે તંદુરસ્તીના ચિહ્નો છે, મનની અપૂર્વ શાંતિ અને ઉત્કટ મનોબળ, હજારો વિચારોની હારોમાં શાંતનિવેશન, જે માનસિક ઉન્નતિના દર્શક છે, અને આત્મસ્વરૂપ

ચિંતવનમાં એકાગ્રતા, સ્થિરતા અને તન્મનયતા જે આધ્યાત્મિક પ્રાસાદના દૂર દર્શિત શિખરો છે; આ સર્વની સુલભતા—સંપૂર્ણ પ્રાપ્તિ તે જ જીવન–વિકાસ.

**तवेसु उत्तमं वा बंभचरेम् ।** સર્વવ્રતશિરોમણિ અને સર્વ ધ્યેય કારણ કે વિશેષ કરીને માનવ જીવન વિકાસના સાધનરૂપ બ્રહ્મચર્ય દેવનો પ્રભાવ અલૌકિક છે. તેનો સતેજ તાપ શાંત છે. જીવન પ્રાસાદના શારીરિક માનસિક યાને આધ્યાત્મિક ત્રણ મહાસ્તંભનો પાયો નાખનાર પ્રવીણ શિલ્પકાર તે છે, તેમાં અવનવા આલેખનો આલેખનાર કુશલ ચિત્રકાર બ્રહ્મચર્ય છે. તેથી **आत्मा सो हि परमात्मा ।** એ પરમ ભાવનાને જન્મ આપનાર એ બ્રહ્મ પરમ પિતા છે. કહ્યું છે કે, **शौचानां परमं शौचं तपसां च परमं तपः ॥**

માનવજીવનમાં મુખ્યત્વે બે સુંદર સંસ્થાઓ નિર્માયેલી છે. એક વિરાગીઓની—સાધુ મહાત્માઓની અને બીજી ગૃહસ્થોની. એકને સર્વથા બ્રહ્મચર્ય છે; બીજીમાં દેશતઃ આંશિક બ્રહ્મચર્ય પર ભાર મૂકવામાં આવ્યો છે. આને મુખ્ય અને ગૌણ બ્રહ્મચર્યની સંજ્ઞા પણ આપવામાં આવે છે. વિદ્યાર્થી આલમમાં દૃષ્ટિવિક્ષેપ કરીએ તો એ તો બ્રહ્મચર્ય—પાલક અને સર્વસંસ્થાના પાયારૂપ તે એક વિશાળ ક્ષેત્ર છે. છતાં સુપ્રસિદ્ધ ગ્રંથ ચરકની પંક્તિ—**जातो वा न चिरं जीवेत् जीवेद्वा दुर्बलेन्द्रियः ।** આજકાલ આ હકીકત વિદ્યાર્થિઓમાં વિસ્તૃત થતી જોવાનું દુર્ભાગ્ય સાંપડે છે. શાથી ? કાંતો જનેતા અને જનકોની નિર્બલતામાંથી. બ્રહ્મચર્ય બહિર્મુખતામાંથી. અગરતો વિદ્યાર્થીઓની વિકૃતિમાંથી. આધ્યાત્મિક કલાવિહીન આજની કેળવણીનો પણ આંશિક ફાળો આમાં રહેલો છે !

સાચે જ બ્રહ્મચર્ય વિશ્વંભર છે, કારણ કે જિંદગીનો પાયો છે. આત્મશક્તિ ખીલવવાનું સ્પષ્ટ પ્રમાણ વિષયત્યાગમાં જ છે. મનુસ્મૃતિ જેવા નીતિશાસ્ત્રમાં પણ સ્પષ્ટ સમજાવ્યું છે કેઃ—**प्रापणात् सर्वकामानां परित्यागो विशिष्यते ।** નિઃસંદેહ “ એ જ ખરો ધીર છે, વીર છે,

વિદ્વાન છે અને મુનિવર છે કે જેણે પોતાની મનોનિગ્રહરૂપી લગામવડે ઇંદ્રિયાશ્વો પર સત્તા ફેલાવી છે.”

સાડાત્રણ ક્રોડ શ્લોકનો અર્ઘ્ય વિશ્વને અર્પી, ગુર્જરેશ કુમારપાળ જેવા ક્ષત્રિયને પરમાર્હત્ બનાવનાર કોણ? પાંચ વર્ષની વયે દીક્ષા ગ્રહણ કરી કોલસાના સ્વરૂપમાં દેખાતા ઢગને હેમઢગ દર્શાવનાર તે જ કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્-હેમચંદ્રાચાર્યજી તે કોણ? એ કે તેજોમય ઉત્કૃષ્ટ બાળ બ્રહ્મચારી! અકબર જેવા મુસલ્માન બાદશાહને પ્રતિબોધ પમાડનાર જગદ્ગુરુ શ્રીમદ્ હીરવિજયસૂરીશ્વરજી તે કોણ? તેર વર્ષની વયે સંસારનો સર્વથા ત્યાગ કરનાર પ્રખર બ્રહ્મચારી. અરે, કલહપ્રિય નારદની મુક્તિ યા સ્વર્ગપ્રાપ્તિમાં પ્રભાવ તો આજન્મ બ્રહ્મચર્યનો જ ને? યાદ કરો આત્મશક્તિથી શૂળીને સિંહાસનના સ્વરૂપમાં ફેરવનાર સુદર્શનશેઠને અને કેવળજ્ઞાની-સર્વજ્ઞ મહારાજના મુખથી પ્રકર્ષ પ્રશંસા પામનાર, અસિધારા વ્રત પાળનાર વિજયશેઠ અને વિજયા શેઠાણીને! શા ચમત્કૃતિ ભરેલા, બ્રહ્મચર્યના બળથી નિપજેલ માનસિક બળથી થએલા ચારિત્ર્ય અને આધ્યાત્મિક વિકાસ!

હે આત્મન્! જો શુદ્ધ અને વિસ્તૃત વિચારક્ષેત્ર ખેડવા ઇચ્છતો હોય, સ્મરણશક્તિ વધારવી હોય, સદ્વર્તનની સીડીએ ચઢવા ઇચ્છતો હોય, વીરોની પંક્તિમાં પ્રયાણ કરવું હોય યાવત્ સચ્ચિદાનંદ મુક્તિપદની પ્રાપ્તિ કરવી હોય તો શરીર અને મનને દૃઢ કર અને તેમને દૃઢ કરવા બ્રહ્મચર્યનું પ્રાણથી પણ અધિક રક્ષણ કર.

કરો કલ્યાણ સર્વ કોઇનું તે કલ્યાણકારક બ્રહ્મદેવ; અર્પો મમભ્રાતા અને ભગિનીઓને વિકાસ ત્રિધા તે બ્રહ્મદેવ; પામો અપૂર્વ આલ્હાદ તમ બાળકો! મમ બંધુઓ! કરતાં કેલિ સુવર્ણવાડીએ બ્રહ્મચર્યદેવની.

# આપણું ખોવાયેલું તીર્થ શ્રી અષ્ટાપદજી

**શ્રી પન્નાલાલ મસાલીઆ** રાધનપુર.

**આ**જથી લગભગ ૨૫ શતકો પહેલા જેનાં પવિત્ર દર્શન કરી આત્માને કૃતાર્થ કરતા હતા તે તીર્થ આજે 'દૃશ્ય કેમ નથી? અને ભારતવર્ષીય માનવો શ્રી અષ્ટાપદતીર્થનાં દર્શન કરી શકતા નથી, તો તે અદૃશ્ય છે તે શું સત્ય છે?'

આ લેખમાં તેના લેખક પોતાના અભ્યાસને પરિણામે પોતાને જે કાંઈ જણાય છે તે રીતે પ્રશ્નોના જવાબ અહિં આપે છે.

**અં**તે લેખક જણાવે છે કે, આ બધાં અનુમાનો છે, એક હળવું સંશોધન છે, આથી જે કોઈ તે વિષયના જાણકારને આમાં જણાવવા જેવું લાગે તે અવશ્ય જણાવે!

**એ** પંચતીર્થી માંહેલો અષ્ટાપદ આજે ક્યાં છે? જ્યાં ચક્રવર્તી શ્રી **ભ**રત મહારાજાએ સુવર્ણમંદિર રચી ચતુર્વિંશ જિનેંદ્રવરોની રત્નમય પ્રતિમાઓ ભરાવી, જ્યાં પ્રતિવાસુદેવ શ્રી દશાનને વીણાનું અદ્ભૂત નૃત્ય કરી શ્રી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું, જ્યાં લબ્ધિના સાગર શ્રી ગૌતમ મહારાજાએ પોતાના સ્વબળથી આરોહણ કરી જેના ઉપર વિજય પ્રાપ્ત કર્યો. ભાવિ આપત્તિથી તીર્થના રક્ષણ કાજે જ્યાં સગરપુત્રોએ ફરતી વિરાટ ખાઇ ખોદી દેહના અણમોલ બલિ આપ્યાં, જ્યાં યુગાદિદેવ પરમાત્મા શ્રી ઋષભદેવસ્વામી દશ હજાર મહાશ્રમણો સહિત અક્ષયપદને પામ્યાં, વળી જ્યાં શૈલેશી ધ્યાનમાં રહેલી અને પોતપોતાની દેહમાનવાળી એવી ચોવીશે જિનબિંબોની નાસિકા એક જ લીંટીથી સાધ્ય બને, એવું આપણું એ પરમપવિત્ર તીર્થસ્થળ આજે ક્યાં છે?

લગભગ ૨૫૦૦ વર્ષથી જેનાં દર્શનમાત્રથી સૌ કોઇ વંચિત છે એવું આ મનોરમ્ય તીર્થસ્થળ આપણે મન તો આજે કેવળ પુસ્તકોનાં પવિત્ર ધર્મ પાનામાં જ રહેલું છે. એ અપૂર્વ મનોહર તીર્થભૂમિ આપણાં ભાગ્યમાંથી ખસી ગઇ, જૈનત્ત્વનો એ જીવંત વારસો આપણાં પ્રારબ્ધ-

માંથી ભૂંસાઇ ગયો, આપણે ગાંઠ વાળી કે, “અષ્ટાપદજી આજે દૃશ્ય છે નહીં” અથવા ‘મહાસાગરનાં ઊંડા વારિમાં તે ગર્ક થઇ ગયો છે.’

પણ ગિરિરાજ શ્રી **સિદ્ધાચલજી** અને શ્રી **રૈવતાચલજી**ને અદૃશ્ય થવાનું કારણ નથી, તેમ શ્રી અષ્ટાપદજીને પણ અદ્રશ્ય થવાનું કયું કારણ હોઇ શકે? એનું કારણ “સુવર્ણમંદિર અને એ રત્નમય પ્રતિમાઓ” હોય, તો પણ એ પ્રતિમાઓ અને એ મંદિર જ નહિ અને માઇલો લાંબો એ આખો ગિરિરાજ જ અદૃશ્ય શાથી?

આ પ્રશ્નના જવાબમાં મારી સાદી સમજપૂર્વક અંગત અનુમાનો આ છે કે, ફક્ત આ દુઃસહ ચઢાણવાળો પર્વત લોકોથી અજેય રહ્યો હોવાથી અને એથી જ કાળક્રમે જનસમૂહને તે વિસારે પડવાથી—પછીથી આપણે તેને અદ્રશ્ય, અથવા તો મહાસાગરમાં જળ પીતો માની બેઠા. વસ્તુતઃ એ અદ્રશ્ય અથવા તો સમુદ્રમાં ગર્ક થયો હોવાને આથી બીજું કાંઈ જ કારણ હોવું દુઃશક્ય છે.

આ મહાતીર્થ **વિ**નીતાની ઉત્તરે આવેલું છે, કોઇના મતે તે એની પૂર્વે પણ હોય. **સેન**પ્રશ્નમાં એને વિનીતાથી બાર યોજન દૂર હોવાનું લખે છે. પર્વત શિરોમણિ હિમાલયને પણ સૌ કોઇ અયોધ્યાની ઉત્તરે જોઇ શકે છે. એનાં કેટલાંક શિખરો એની પૂર્વે પણ આવેલાં છે. હિમાલયનાં ઊંચા શિખર **એવરેસ્ટ** વગેરેને આજે પણ કોઈ સર કરી શકતું નથી. એને પદાક્રાંત કરવા પશ્ચિમની દુનિયામાંથી ઉજળા પુરુષોની લાંબી હારમાળા ચાલી આવે છે, પણ આ ગૌરવોન્નત શૈલેંદ્ર કોઇથી પણ પોતાની હાર કબૂલતો નથી. એને **ત્યુરટલેંજ**, **નૉર્ટન**, **શિપ્પન**, **બ્રુસ**, **હૅરીસ** કે **સ્માઇથ** વગેરે કોઇ જ પરાક્રમબાજોનો હિસાબ નથી. એણે સૌને જરાય ભેદ વિના સરખી જ રીતે પરાસ્ત કરી પાછા ધકેલી દીધા છે. જ્યારે ડૉ. **મર્કલે**, **મમ્મેરી**, ઇરવિન, ડૉ. **કેલાસ** અને **મૅલરી** જેવા કેટલાય મરજીવાની કબર સુદ્ધાં એણે ત્યાં જ કરી નાંખી છે, એની અધિષ્ઠાત્રી દેવી **ચોમોલુંગ્મા** (ચક્રેશ્વરી!) કોઇને ય પાસે ઢુંકવા દેતી નથી.

પવનના સપાટા અને હિમશિલાઓની રમમસ્તી ત્યાં એટલી તો પ્રબળ અને વેગવંતી હોય છે કે, મૃત્યુ હથેલીમાં આવી વસે છે. એટલી ઊંચાઇએ માણસ પૂરતી રીતે શ્વાસ પણ લઇ શકતો નથી. જ્યાં સગ્ગી આંખો પણ છેતરપીંડી રમે છે. લાલ પીળા કે એવા બીજા ભેદ પણ જ્યાં પરખાતા નથી, ભૂખ લાગતી નથી. અને ગમે તેવા પ્રચંડકાય દૈત્યને પણ થોડાં પગલાં ભરતાં વિસામાની અનિવાર્ય જરૂર રહે છે; એવો તો એ દુઃસહ છે.

એનું એક શિખર "એવરેસ્ટ" ૨૯૧૪૨ ફીટ ઊંચું છે. એનાં કેટલાંક શિખરો સિકયાંગ પ્રાંતમાં આવેલા છે, જેની તો હજુ શોધખોળ પણ થઈ નથી, એ બાજુ વાતાવરણ એવું તો પ્રગાઢ ધુમ્મસમય રહે છે કે, વર્ષમાં ઘણી વેળા એ શિખરો કે બાજુમાં જ રહેલાં માણસો સુદ્ધાં દેખી શકાતાં નથી. હિમગિરિનાં આ શિખરો તો ત્રીસ ત્રીસ હજાર ફીટથીએ વધુ ઊંચાં છે. સંભવ છે કે એવાં જ એકાદ શિખર ઉપર આપણાં એ પૂનિત સુવર્ણમંદિરો આવી રહેલાં હોય, કદાચ ત્યાં જ એ રત્નમય પ્રતિમાઓ શાંતિના વારિ વરસાવી રહી હોય, અને કદાચ આપણાં સાધર્મિક દેવો ત્યાં નાટારંભ ચલાવી ભક્તિનાં ભરણાં ભરી રહ્યાં હોય.

આપણા પવિત્ર ધર્મગ્રંથો પ્રમાણે;—જહ્નુકુમારે અષ્ટાપદજીની ચોપાસ એક હજાર યોજન ઊંડી ખાઇ ખોદી તેને ગંગામૈયાના સ્વચ્છ નીરથી ભરી દીધી હતી, આજે તો એ સ્થળે પાણી નથી, છતાંય આજના વૈજ્ઞાનિકો અને પુરાતત્વવિદો નિશ્ચયપૂર્વક માને છે કે, 'એક વખત અહીં પૂર્વસમુદ્ર કિલ્લોલતો હતો, એનાં પાણી નગાધિરાજ હિમાલયનાં પાદપૂજન કરતાં. હતાં તે સમયે આજનું આખું રજપુતાના હતું નહીં, એને સ્થળે તો અગાધ ઊંડા જલ ફરી રહ્યાં હતાં. તે એક તરફથી સિંધ ઉપરથી થઇને અરબી સમુદ્રમાં પડતાં અને બીજી તરફથી બંગાળના સાગરમાં મળી જતાં. તેમજ હિમાલયની પાછળની બાજુએ પણ એવાં જ અગાધ ઊંડા વારિ પરિભ્રમણ કરી રહ્યાં હતા. જહ્નુકુમારે દંડરત્નથી ખોદેલી ફરતી એ વિરાટ ખાઇનું જ શું આ સ્મરણ કરાવતાં નથી ?

શ્રી **ગૌતમસ્વામીજી મહારાજા** જ્યારે અષ્ટાપદજી ગયા ત્યારે તાપસો પણ ત્યાં શું "એ પ્રયાસ" કરતા ન હતા ? જો ગિરિરાજ અદ્રશ્ય હોત કે પછી સાગરના ખારા જલમાં ગર્ક હોત તો શું આ **"પ્રયાસ" સંભવી શકત ખરો ?** આજે પણ હજારો તાપસો ( લામાઓ ) ત્યાં વસે છે. ઉપર જવાનો પ્રયાસ સુદ્ધાં કરે છે, પણ કોઇ જ ઉપર સુધી જઇ શકતું નથી. એનાં અધિષ્ઠાયકોને શ્યામ અને ઉજ્જવલ મનુષ્યોનો કે સંસારવાસી કે ત્યાગી તપસ્વીઓનો જરાય હિસાબ જ નથી. એ તો સૌને સરખી જ રીતે હાર માત્ર આપવામાં જ બસ સમજ્યા લાગે છે.

તેમ અષ્ટાપદગિરિને **"શ્વેત"** ગણવામાં આવ્યો છે. એથી પણ તે હિમાલયનું કોઇ ઉત્તુંગ શિખર હોય તેમ સમજાય છે. એનાં ઘણાં શિખરો હંમેશાં લગભગ હિમાચ્છાદિત જ રહે છે. અષ્ટાપદગિરિનું એક નામ **"કૈલાસ"** કહેવાય છે. હિમાલયના એક ભાગને આજે પણ "કૈલાસ" નામથી જ ઓળખાવાય છે.

ઇલોરાની ગુફામંદિરોમાં **"કૈલાસ ઉપાડતા રાવણનું"** મનહર દ્રશ્ય કોતરેલું છે. એ કૈલાસનો આકાર આબેહુબ આપણાં હિમાલયના કૈલાસને જ મળતો છે. આપણાં પવિત્ર ધર્મશાસ્ત્રોમાં પણ **શ્રી રાવણને અષ્ટાપદ**- ગિરિને ઉપાડવા મથતો જણાવ્યો છે. એથી પણ હિમાલય એ જ શ્રી **અષ્ટાપદ** ગિરિ હોવાનું સંભવી શકે છે.

એક સ્થળે **અષ્ટાપદગિરિનું** વર્ણન કરતાં કર્તા કહે છે, "ભરતકુમારે દંડરત્નથી તેનાં દાંતા તોડી નાંખ્યા, જેથી ભવિષ્યમાં મ્લેચ્છાદિ કોઇ આવી શકે નહિં. એથી તે શિખર ઊંચા સ્તંભની જેમ ન ચઢી શકાય તેવું થઇ પડયું." આ વર્ણન **એવરેસ્ટને** પણ આબાદ લાગુ પડે છે; એનો આકાર પણ ઊંચા સ્તંભ જેવો જ છે અને આજે પણ ત્યાં કોઇ ફરકી શકતું નથી. **જહ્નુકુમારે** દંડરત્નવડે જે સ્થળેથી ગંગા નદીને આગળ ચાલુ કરી ત્યાં તે "જાન્હવી" અને તેમના પુત્ર ભગીરથે જ્યાંથી તેને પાછી વાળી ત્યાં તે "ભાગીરથી" ને નામે ઓળખાણી, આજે પણ તે જ નામથી ઓળખાય છે.

બીજું જગન્નાથપુરીના રહીશો માને છે કે ' જ્યારે દિશાઓ ચોકખી હોય છે ત્યારે ત્યાં હિમાલય ઉપર ગઢ કે કિલ્લા જેવું કાંઇક દેખી શકાય છે.

આ બધાં અનુમાનો ઉપરથી એવા નિશ્ચય ઉપર આવી શકાય છે કે પર્વતાધિરાજ શ્રી હિમાલય એ જ આપણું પરમપૂનિત તીર્થ શ્રી અષ્ટાપદજી હશે ! એ અષ્ટાપદજી તીર્થ અને તેના અલંકારરૂપ મંદિર તેમજ તેમાં બિરાજમાન રત્નમય શ્રી અરિહંત દેવોને ઉદ્દેશીને ભકતહૃદયી એક મહાપુરુષે ગાયું છે કે,

અષ્ટાપદે અરિહંતજી, મારા વાહલાજી રે,
આદીશ્વર અવધાર, નમીએ નેહશું.
મારા વાહલાજી

---

મુનિઓને વિષે ઇન્દ્ર—ગણધર ભગવંતો તેઓને વિષે ચન્દ્ર—તીર્થંકર ભગવંતો, તેમને સંબોધીને લોકતત્ત્વનિર્ણય ગ્રન્થરત્નને વિષે, આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિ સ્તવે છે કે હે મુનીન્દ્રચન્દ્ર ! જેઓ તને પૂર્ણ ભાવ વિના પણ નમે છે, તેઓ પણ દિવ્ય સંપદાને પામનારા થાય છે, જેઓ તને વિચાર વિના કે પિછાન્યા વિના નમે છે તેઓ પણ દેવતાઈ સંપત્તિના ભોક્તા થાય છે, જેઓ તને બીજાના અનુકરણથી નમે છે તેઓ પણ શ્રેષ્ઠ સંપદાઓને પામે છે, અથવા જેઓને ફલમાં સંદેહ છે, તેઓ પણ જો તને નમે છે તો અપૂર્વ સંપદાઓને મેળવે છે. ભાવ વિના, ઈચ્છા વિના સ્વયં પ્રેરણાવિના કે ફળના નિશ્ચય વિના પણ શ્રી જિનેશ્વરદેવોને કરેલો નમસ્કાર દેવતાઈ સંપદાઓને આપનારો થાય છે. એવું નિરૂપણ સમર્થ શાસ્ત્રકાર સૂરિપુરંદર ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કરે છે. તો પછી તેની પાછળ શો આશય રહેલો છે ? તેને શોધવા માટે બુદ્ધિમાન પુરૂષોએ અવશ્ય પ્રયાસ કરવો જોઈએ. અને પ્રયાસના અંતે વીતરાગના નમસ્કારનો ચમત્કાર ખ્યાલમાં આવે તો તે માર્ગે પોતે જોડાવા અને બીજાઓને જોડવા માટે સદા કટિબદ્ધ રહેવું જોઈએ.

# મુદ્રિત શાસ્ત્રગ્રન્થોનું સંશોધન

[ આગમોદય સમિતિ દ્વારા પ્રકાશિત : શ્રી અભયદેવસૂરીય ટીકાયુક્તાઃ ]

## શ્રી જ્ઞાતાસૂત્ર-સટીકનું શુદ્ધિ પત્રક

પૂ. પંન્યાસજી શ્રી મુક્તિવિજયજી ગણિ [ વાગડવાળા ]

**મુદ્રણ**કલાના આ યુગે આપણને અનેક રીતે પછાત રાખ્યા છે, અનેક પ્રકારના ગેરલાભો આપ્યા છે, તે બધા ગેરલાભો કરતાં આપણે વધુ મોટું નુકશાન મેળવ્યું હોય તો તે આ જ કે, આપણા પવિત્ર આગમશાસ્ત્રો મુદ્રિત થતાં, જૂનાં હસ્તલિખિત પુસ્તકો વાંચવા, તેની પ્રાચીન શાસ્ત્રીય લીપિનો અભ્યાસ કરવો, ઇત્યાદિ મહાન લાભો આપણે ગુમાવ્યા.

**તદુ**પરાંત લેખનકલા, ચિત્રકલા જે આપણા પૂ. જૈન મુનિવરોની પોતાની એક મહત્ત્વની કલા તે કાલે ગણાતી હતી, તે ઉપેક્ષણીય બની. અને જેવા તેવા મુદ્રિત આગમ-ગ્રન્થો આપણે હાથમાં લઇ વાંચતા થઈ ગયા. તે તે મુદ્રિત ગ્રન્થોનાં મુદ્રણમાં, પ્રેસદોષ, દૃષ્ટિદોષ કે મતિદોષ અથવા આદર્શ પ્રતિના દોષથી જે અશુદ્ધિઓ રહી જાય છે, તે **યાવચ્ચન્દ્રદિવાકરૌ**-બની જાય છે, કેમકે, નવા સંસ્કારણકરો લિખિત પ્રતોને સ્હામે રાખી પુનર્મુદ્રણ કરાવવાનો કે તે રીતે સંપાદન કરવાનો શ્રમ પ્રાયઃ લેતા નથી.

**આ** કારણે આ ખંડથી **કલ્યાણ**માં આ સંશોધન વિભાગ શરૂ કર્યો છે. અત્યાર અગાઉ મુદ્રિત શાસ્ત્રગ્રન્થોમાં જે જે અશુદ્ધિઓ, ઊણપો વગેરે રહ્યું છે, તે તેના અભ્યાસી અમને મોકલી આપશે તો તે લખાણ મોકલનારની

જવાબદારીપૂર્વક અમે આ રીતે અહિં સહર્ષ પ્રગટ કરીશું. પ્રગટ કરવામાં આગમગ્રન્થોને પ્રથમ સ્થાન મળશે; તે ગ્રન્થની પ્રકાશક સંસ્થાનું નામ અમોને સાથે લખી મોકલવું જોઇશે.

અમે આશા રાખીયે છીએ કે અભ્યાસી, વિદ્વાન મુનિવરોનો અમને આ કાર્યમાં પૂર્ણ સહકાર મળશે ! અમે પણ વર્તમાનકાલના સંયોગો મુજબ શક્ય પ્રકાશન કલ્યાણમાં કરતાં રહીશું. —સં૦

| पत्र–पुंठि–पंक्ति | अशुद्धि | शुद्धि |
|---|---|---|
| ३–२–१० | निर्नायक | निर्णायक |
| ४–२–१४ | वामाभिः | व्यामाभिः =बांभ |
| ८–१–१० | न्तित्यर्थ | भित्यर्थः |
| ८–२–१२ | जाणण्णं | जावण्णं |
| १६–२– ४ | मर्धिकं | मधिकं |
| २१–२– ६ | ल्पल | प्पल |
| २८-१-५-११ | रइवेणं । गिरेयैः | रवेणं । ग्गिरेयैः |
| २८–२– ३ | ओलग्गा | ओलुग्गा |
| ३१-२-२- ७ | गमणग । १४ | मणुगुण । १६ |
| ३७–२– ८ | तए णं तत्ते णं | तए णं |
| ३७–२–१४ | परिमिज्ज | परिगिज्ज |
| ३९–१–१३ | चरमाणे | चरमाणे |
| ४३-१-६- ७ | त्प्रेक्षण । अट्टद्द | त्प्रेषण । अट्टट्ट |
| ४८–१–१० | महेचे | महिमेचे |

| | | |
|---|---|---|
| ४९-१-१०-१४ | भुयाहिं। पायए वा | भुयाहिं। पायए वा णालं, |
| ५५-१-१४ | लवणाद्यु | लोहाद्यु |
| ५६-१- ४ | विच्छेंदं | विच्छर्द्दे |
| ५७-२-१२ | हेममय | हेमवय |
| ५८-२-१३ | वत्र | वेत्र |
| ५९-२- ७ | दुस्तर | दुत्तर |
| ६२-१- २ | संयंत | संयत |
| ६७-१- ६ | ऽतृषितः | तृषितः |
| ७०-२-१३ | पाणे | पाए |
| ७६-२- ७ | शरीर | न शरीर |
| ८३-२- ४ | माणा | माण |
| ८६-२-५८ | पिंडए। पिंडए, | पिडए। पिडए. |
| ८८-१- १ | पडिय | पिडय |
| १०६-१- ७ | जीवाजीवे जाव | जीवाजीवे जाव पडि-लाभेमाणे विहरइ, तएणं तस्स सुयस्स परिव्वायगस्स इमीसे कहाए लद्धट्ठस्स अयमेयारूवे जाव |
| १०९-२- ७ | लोभेन | [ लाभेन ] |
| ११५-२- ५ | क्खेह | क्खेइ |
| ११७-२- ९ | पचं | पंच |
| ११८-२-११ | हुग्ने | हुग्णे |

| | | |
|---|---|---|
| ११९–१– ९ | साधर्म्ययोत् | साधर्म्येयात् |
| १२४–१– ३ | चत्तुर्भक्तादि | चत्तुर्थभक्तादि |
| १२५–२-१-४ | कुळाणा । तिथि १६ | कुणाळा । तिथि १५ |
| १२५–२–१४ | णेत्यर्थः | नेत्यर्थः |
| १२८–१–१२ | मृक्तिका | मृत्तिकां |
| १२९–१–१३ | पउमाभ | पउम्मपह |
| १३०–१– ९ | अकान्तरकः | अकान्ततरकः |
| १३२–१–१४ | पमा | पभा |
| १३३–१–१३ | दिवं गयाहिं | दिवंगयाहिं |
| १३३–२–१४ | भिन्न | ऽभिन्न |
| १३६–१–१४ | बोधिस्य | [ बोहित्थ ] |
| १४२–१– १ | घूयाए | धूयाए |
| १४४–२–१४ | सो | सा |
| १४६–२–१२ | राया णो | रायाणो |
| १४९–१– २ | हरूयालि | हेरुयालि |
| १४९–१-५-६ | विवडिय । विपत्तिता | निवडिय । निपतिता |
| १४९–२– १ | त्रत | तत्र |
| १५०–१–१३ | विइव्वंत्ति | विउव्वंति |
| १५१–२ –६ | आव | [ जाव ] |
| १६०–२–१४ | लोगाहार | लोहागर |
| १६४–१– ९ | अवये | अवय |
| १७९-२-१-१३ | सोहे । सेय जल | साहे । सेयजल |

| | | |
|---|---|---|
| १८१–२– ८ | पुढवाएहि | पुटवाएहिं पत्र-पुंठी-पंक्ति १८१–१–६ जुवो। |
| १८८–२– ५ | पुत्तस्स | पुरस्स |
| १९२–१– ५ | कनध्वजेन | कनकध्वजेन |
| १९६–२– ४ | अपुताए | अपुत्ताए |
| २०६–२–१२ | पडि | पाडि |
| २१०–१– ९ | पंडुए | [ दुचए ] |
| २१०–२–१० | अर्थत् | अर्थात् |
| २१२–१– ३ | दाणेण | दामेण |
| २१४–२– १ | उव० | उवा० |
| २१७–१–१४ | सडाओ | संडाओ |
| २१८–२–१२ | वण्णं | जण्णं |
| २१९–२– ८ | घर्षो– | घर्षो |
| २२४–१– ५ | णूमेंति | णूमंति |
| २२४–२– ८ | पंच | पंड |
| २२६–२– २ | वंदति णमंसति | वंदंति णमंसंति |
| २२९–२– ३ | वि चित्त | विचित्त |
| २३१–२– ९ | श्मामान् | श्मामान् |
| २३४–२– २ | मणं | मरणं |
| २३५-२-२-१४ | खलए । जय | खुल्लए जूय |
| २३८–२–१० | प्रवृत्तस्स | प्रवृत्तस्य |

### શ્રમણ ભગવાન શ્રીમહાવીરદેવે પ્રરૂપેલું

# શ્રી ચતુર્વિધ જૈનસંઘનું ભાવિ

### પૂ. આચાર્યદેવ શ્રીવિજય રામચન્દ્રસૂરીશ્વરજી

**વ**ર્તમાનમાં આપણે જે સ્થિતિ અનુભવી રહ્યા છીએ તે સ્થિતિ પણ ભગવાને કહેલી છે, અત્યારે આપણે જે કાંઈ અનિચ્છનીય જોઈ રહ્યા છીએ, તેમાં વસ્તુતઃ નવાઈ પામવા જેવું કાંઈ છેજ નહિ. ખરાબ કાળમાં જ્યારે શાસન ચાલતું હોય ત્યારે જેટલું સારૂં ચાલે તેટલું અહોભાગ્ય.

**મં**ડલેશ પુણ્યપાલે જોયેલ આઠ સ્વપ્નમાં હાથી અને વાનર સ્વપ્નના ફલાદેશમાં શ્રાવક સંઘ અને આચાર્યાદિ સાધુ સંઘનું ભાવિ, ભગવાન શ્રી **મ**હાવીર પરમાત્માએ પોતાની અન્તિમ [redacted] પ્રહરની ધર્મ દેશનામાં પ્રરૂપ્યું છે. અને શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ એ હકીકતનું વર્ણન ત્રિષષ્ટિ-શલાકાપુરૂષ મહાકાવ્યમાં ફરમાવ્યું છે.

**આ** સ્વપ્નોના ફલાદેશો જે વાસ્તવિક રીતે સમજે, તે આજની સ્થિતિને જોઈને મૂંઝાય નહિ. બીજાની ખરાબી જોઈ—સાંભળી મૂંઝાવું એમાં ડહાપણ નથી, પણ તે ખરાબી પોતાને ન અડી જાય તે માટે ચેતતા રહેવું એમાં ડહાપણ છે.

---

**શ્ર**મણભગવાન શ્રી **મ**હાવીર પરમાત્માએ પોતાના આયુષ્યના અન્તને જાણીને [redacted] પ્રહર સુધી ધર્મદેશના આપી હતી. તે વેળા મંડલેશ પુણ્યપાલ પણ ત્યાં હાજર છે, તેઓને આગલી રાતના જ આઠ વસ્તુઓ સંબન્ધી આઠ સ્વપ્નો આવ્યાં છે. જ્યારે **ભ**ગવાન અન્તિમ ધર્મદેશના આપીને વિરામ પામ્યા, એટલે મંડલેશ પુણ્યપાલે પોતાને આવેલાં આઠ સ્વપ્નોનું ફલ કહેવાની **ભ**ગવાનને વિનન્તિ કરી, શાસન જેને રોમ–રોમમાં પરિણામ પામી ગયેલું હોય છે, તેનાં સ્વપ્નો શાસનને

અસર કરનારાં પણ હોઇ શકે છે. એમ ભગવાને કહેલા ફલાદેશ ઉપરથી કલ્પી શકાય છે.

પુણ્યપાલ મણ્ડલેશ શાસનને સમર્પિત બનેલા એક પુણ્યાત્મા છે. એ પુણ્યાત્માએ રાતના સ્વપ્નમાં આઠ વસ્તુઓ જોઇ છેઃ અને તે આઠ વસ્તુઓ પણ એવી સ્થિતિમાં જોઈ છે કે, તે વસ્તુઓને જોવાથી પુણ્યપાલ મણ્ડલેશ ભય પામ્યા છે, પુણ્યપાલ મણ્ડલેશને સ્વપ્નાં આવે છે, અને ભગવાન અપાપાપુરીમાં પધારે છેઃ ભગવાનનો નિર્વાણકાળ નજદિક છે, અને પુણ્યપાલ મણ્ડલેશને આવેલાં આઠ સ્વપ્નો શાસનના ભાવિનાં સૂચક છેઃ આ કેવો સુંદર યોગ !

આ કારણે ભગવાનના નિર્વાણ પૂર્વે શાસનની ભાવિ સ્થિતિ તે તારકના મુખથી સ્પષ્ટ થઈ ગઈ છે. વર્તમાનમાં આપણે જે સ્થિતિ અનુભવી રહ્યા છીએ, તે સ્થિતિ પણ ભગવાને કહેલી જ છે. અત્યારે આપણે જે કાંઇ અનિચ્છનીય જોતા હોઇએ, તેમાં વસ્તુતઃ નવાઇ પામવા જેવું કાંઇ છે જ નહિ. ખરાબ કાળમાં શાસન ચાલતું હોય, ત્યારે જેટલું સારૂં ચાલે તેટલું અહોભાગ્ય.

'આ કાળમાં સામાન્ય રીતે એ ખરાબ ઘણા અને સારા થોડા' એ સ્થિતિ જ રહેવાની. એવી સ્થિતિ પણ આવવાની કે, જ્યારે ડાહ્યાઓને ડાહ્યા છતાં દેખાવમાં ગાંડાં બની જવું પડશે. શાસનના નામે ચરી ખાનારા વેષવિડમ્બકોનું જોર એટલું વધવાનું કે, શાસનના સિદ્ધાન્ત રૂપી દેહને એવાઓ, શબને જેમ કીડા કોતરી ખાય તેમ કોતરી ખાવાના. ઉદાર પણ શ્રાવકોને તેવા લિંગિઓ પોતાની જાળમાં ફસાવી દેશે. પોતાના રાગી બનાવેલા શ્રાવકોની પાસે સારા સારા સાધુઓની નિન્દા કરી, તેઓ તેમને સુસાધુઓથી ઉભગાવી દેશે. જ્ઞાન–ક્રિયાના આચારમાં શિથિલ બનેલા અને હૃદયમાં મલિન વાસનાવાળા થયેલા ઘણા લિંગિઓ પાકશે, કે જે સાચા સાધુઓને મત્સરથી હેરાન કર્યા કરશે. હિતશિક્ષા આપનારા મહાપુરૂષોની તેઓ મશ્કરી કરશે. આવું આવું ભગવાને સ્વયં કહ્યું છે.

આ આઠ સ્વપ્નોના ફલાદેશને જે વાસ્તવિક રીતે સમજે, તે

આજની સ્થિતિને જોઈને ય મૂંઝાય નહિ. બીજાની ખરાબી જોઈને મૂંઝાવું એમાં ડહાપણ નથી, પણ તે ખરાબી પોતાને ન અડી જાય એ માટે ચેતતા રહેવું એમાં ડહાપણ છે. આપણે કેમ આરાધક બની રહીએ–તેની કાળજી રાખવી, એ જ હિતાવહ છે. માત્ર મૂંઝવણ કર્યા કર્યે આરો નહિ આવેઃ મૂંઝવણથી મુક્ત બનીને આરાધનાશીલ બન્યે જ આરો આવશે.

'પ્રથમ સ્વપ્નમાં હસ્તિ, બીજા સ્વપ્નમાં કપિ, ત્રીજા સ્વપ્નમાં ક્ષીરવૃક્ષ, ચોથા સ્વપ્નમાં કાગડો, પાંચમા સ્વપ્નમાં સિંહ, છઠ્ઠા સ્વપ્નમાં કમળ, સાતમા સ્વપ્નમાં બીજ અને આઠમા સ્વપ્નમાં કુંભ.'–આ આઠ વસ્તુઓનાં આઠ સ્વપ્નો પુણ્યપાલે જોયાં છે. આ બધી વસ્તુઓને તેમણે ભિન્ન ભિન્ન હાલતમાં જોઈ છે અને જે હાલતમાં તે વસ્તુઓને જોઇ છે, તેની અપેક્ષાએ ભગવાને ફલ કહ્યું છે.

**૧ હાથીના સ્વપ્નનો ફલાદેશઃ**

હસ્તિ સ્વપ્નનું ફલ ફરમાવતાં ભગવાને જે કહ્યું, તેનું વર્ણન કરતાં કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર નામના પોતે રચેલા મહાકાવ્યમાં ફરમાવે છે કે,

विवेकवन्तो भूत्वापि, हस्तितुल्या अतः परम् ।
वत्स्यन्ति श्रावका लुब्धाः, क्षणिकर्द्धिसुखे गृहे ॥
न दौस्थ्ये परचक्रे वा, प्रव्रजिस्यन्त्युपस्थिते ।
आत्तामपि परिव्रज्यां, त्यक्ष्यन्ति च कुसंगतः ॥
विरलाः पालयिष्यन्ति, कुसंगेऽपि व्रतं खलु ।

શ્રાવકો વિવેકી હોવા છતાં પણ કઈ રીતે વર્તશે? તેનું અહીં વર્ણન છે. અહીં શ્રાવકોને હાથીની ઉપમા આપવામાં આવી છે. જનાવરોમાં હાથી ઉચ્ચ કોટિનું જનાવર ગણાય છે. એ પ્રાણિમાં કેટલાક સામાન્ય ગુણો સ્વાભાવિક રીતે હોય છે. હાથીને માટે એમ કહેવાય છે કે, એ જાનવર પ્રાયઃ દીનતાને ધારણ કરતું નથી. માણસ જ્યારે તેની પાસે ખાવાનું લઇને આવે છે, ત્યારે તે આંખ બંધ કરીને ઉભું

રહે છે. કેટકેટલાં મનામણાં કરે, પંપાળે, ત્યારપછી ખાવા માંડે. તે પ્રાયઃ એવી રીતે કે આજુબાજુનાં નાનાં પ્રાણિઓ ધરાય તેટલું વેરાય; સરોવર, તળાવ, નદી વગેરે સ્થળે એ પાણી પીવા જાય તો પણ પીતાં પહેલાં સૂંઢથી આજુબાજુ પાણી ઉડાડે, હાથીમાં સ્વાભાવિક ગંભીરતા હોય છે. એની ચાલ પણ વખણાય છે.

આમ અનેક રીતે એ હાથી બીજાં જનાવરો કરતાં ઉત્તમ જનાવર તરીકે ઓળખાય છે. હાથી બહુ સુખશીલીયો હોય છે. શરીર સ્થૂલ એટલે ઉઠવું-ચાલવું મુશ્કેલ. એને આરામથી રહેવાનું બહુ ગમે, એને જે સ્થાન ઘણો વખત ભોગવ્યું હોય, તેને તજીને નવા સ્થાને જવું પ્રાયઃ ગમતું નથી. નવા સારા સ્થાને પણ કોઈ મૂકી આવે, તોય પ્રાયઃ જુના સ્થાનનો મોહ એને ખેંચ્યા કરે છે.

**આ** રીતે વિવેકવાળા હોવા છતાં પણ શ્રાવકો, ક્ષણિક ઋદ્ધિસુખવાળા ઘરમાં લુબ્ધ બનીને વસશે. ઘર ક્ષણિક ઋદ્ધિસુખવાળું હશે અને તેમ છતાં પણ શ્રાવકો તેમાં લુબ્ધ થયા થકા વસશે. આમાં વિવેકની હયાતિ છતાં પણ લુબ્ધતા હોવાનું જે જણાવ્યું છે, તે કાલાદિના મહિમાનું પણ સૂચક છે.

આ વસ્તુ આજે અનુભવ ગોચર છે. ઋદ્ધિ-સુખોની ક્ષણિકતા આજે બજારોમાં પણ દેખા દઈ રહી છે. ઘડીમાં બજાર ઉંચો ને ઘડીમાં બજાર નીચો. બજારના ફેરફાર સાથે હૈયામાં પણ નવા નવા ઉત્પાત જન્મ્યા કરે. બપોરે મોટરમાં લ્હેર કરતો બજારમાં આવ્યો હોય, ત્યાં સાંજે બંગલા, બગીચા ને બૈરીનાં ઘરેણાં પણ ગીરો મૂકાયાં હોય; અથવા કપાળમાં બુધવારીયા કૉર્ટની કાળી ટીલી લાગવાની તૈયારી હોય. રાત્રે નિરાંતે સુતો હોય ને સવારે છાપામાં ભાવ જોઇને રોવા માંડે. આજના વ્યાપાર ધંધામાં પૂર્વકાળના જેવીય શાન્તિ કયાં છે ? આજે સંતોષ જેવી તો જાણે પ્રાયઃ વસ્તુજ રહી નથી. સૌને મોટર, બંગલો વગેરે જોઇએ અને એથી ઉંધું ઘાલીને સટ્ટા કરે એમાં દુર્ભાગ્યનો ઉદય હોય તો ઝુંપડી યે જાય અને લોકોની દાઢીઓમાં હાથ ઘાલીને પેટ ભરવાનો વખત પણ આવે.

પૂર્વકાલમાં તો સાહ્યબી ય એવી કે, એ જતાં જતાં ય આદમી ધારે તો ચેતી જઈ શકે. કોઇ આસમાની–સુલતાની જેવો બનાવ બની જાય તો વાત જૂદી છે, બાકી એકદમ બધું જ ન જાય. આજના શ્રીમન્તોના કે ગરીબોના, સંતોષ વિનાના સૌના લાયલેપાની વાત મહા ભયંકર. આવાઓ ક્ષણિક ઋદ્ધિસુખમાં લુબ્ધ બન્યા રહે અને દુઃખમાં પણ દીક્ષા ન લે તે સ્વભાવિક છેઃ પરન્તુ અહીં તો કહ્યું કે, 'શ્રાવકો વિવેકવાળા હોવા છતાં પણ ક્ષણિક ઋદ્ધિસુખવાળા ઘરમાં લુબ્ધ થયા થકા વસશે. એટલું જ નહિ, પણ ગમે તેવી દુઃસ્થિતિમાં મૂકાઈ જશે તોય દીક્ષા લેવાને માટે તો કાયર જ બન્યા રહેશે.' ગમે તેટલી દરિદ્રતા આવી જશે તો પણ વૈરાગ્ય નહિ આવે. રોશે એ બનશે, પણ ત્યાગી બનવાની વૃત્તિ નહિ આવે. પૌદ્‌ગલિક ઋદ્ધિ આદિ જાય, બગડે, લાત મારે, તોય દીક્ષા લેવાની ઉત્સુકતા નહિ થાય. ચાહે પરચક્ર આવે તોય સંયમ લેવા માટે જોઇતી આતુરતા નહિ આવે. વિવેકી હોવા છતાં પણ સુખશીલીયાપણું, પ્રમાદવશતા અને શિથિલતાનો પાર નહિ !

પહેલી વાત તો એ કે, 'દીક્ષા લેશે નહિ.' અને 'લેશે તો પણ કુસંગના યોગથી મૂકી દેશે. ઠેઠ સુધી પાળશે નહિ.' વિવેકી છે એટલે વૈરાગ્યભાવના આવ્યા વિના રહે નહિ અને કોઇક વાર દીક્ષાના પરિણામ પણ આવી જાય. એમાં દીક્ષા લઇ તો લે, પણ કુસંગ મળે એટલે મૂકી દે, એવા પણ શ્રાવકો થશે. એવા શ્રાવકો તો વિરલ થશે, કે જેઓ વૈરાગ્ય પામીને દીક્ષા લેશે અને જીવનના અન્ત સુધી તેનું પાલન કરશે. આ કાળની અસર તેવા વિરલ આત્માઓ ઉપર જ નહિ પડે. થોડા આત્માઓ આવા કાળમાં પણ પ્રવ્રજ્યા લેશે અને યાવજ્જીવ તેનું સુન્દર રીતે એ પાલન કરશે, એ વિભાગમાં આપણે રહેવાનો જ ઉદ્યમ કરવા જેવો છે.

આ ઉપરથી એ વાત પણ સમજી લેવી જોઇએ કે, શ્રાવકો ક્ષણિક ઋદ્ધિસુખવાળા ઘરમાં લુબ્ધ થઇને વસે તો ય મૂંઝાવું નહિ, દીક્ષા લેવાને તૈયાર ન થાય તો ય મૂંઝાવું નહિ અને દીક્ષા લીધા બાદ કુસંગથી સાધુપણાને છોડી પણ દે, તોય મૂંઝાવું નહિ. વિચારવું કે, 'હોય, એમ પણ

બને. એવું બનશે એમ ભગવાને કહ્યું છે.' આમ વિચારીને કોઇના ખોટા તિરસ્કારમાં ન પડવું, પણ સૌની દયા ચિન્તવવી. આ તો બીજાને અંગે, પણ પોતાને માટે વિવેકી શ્રાવકોએ સ્વયં તો દીક્ષા લેવાને માટે પ્રયત્નશીલ બનવું જોઇએ. બીજાઓ દીક્ષિત થાય તે માટે ધર્મની–વૈરાગ્યને પમાડનારી સામગ્રી ન હોય તો ઉત્પન્ન કરવી જોઇએ તથા જો તે હોય તો તેને વધારવી જોઇએ. દીક્ષિત થયેલા કુસંગથી બચે અને સાધુપણામાં ટકયા રહે તેમ કરવું જોઇએ તેમજ જે દીક્ષિત થયા હોય તેમણે પોતેય સાવધાનીથી વર્તવું જોઇએ. આવા કાળમાં તો જે વૈરાગ્ય પામીને દીક્ષિત બને અને તેની આરાધનામાં સુન્દર પ્રકારે ટકયા રહે, તે ધન્યવાદને પાત્ર છે. બીચારા ન લે અગર તો લઇને તજી દે, એમાં તો આશ્ચર્ય પામવા જેવું અગર મૂંઝાવા જેવું કાંઈ નથી. આપણે એવા વિરલની કોટિમાં આવીએ, તે માટે પ્રયત્ન કરવાનો. હાથી જેમ જીર્ણશાલાનો મોહી થયો થકો નવી શાળામાં જવાને તત્પર બનતો નથી અને આફતો આવે તોય ભાગી નીકળતો નથી, તેમ શ્રાવકો વિવેકી થઇને પણ સંસારશાલામાં પડયા રહેશે પણ વ્રતશાલામાં જશે નહિ અને જશે તોય કુસંગથી પાછા ફરશે, પણ વિરલ આત્માઓ જ વ્રતશાલામાં ટકી રહેશે.

**૨. વાનર સ્વપ્નનો ફલાદેશઃ**

શ્રી પુણ્યપાલ મણ્ડલેશે બીજા સ્વપ્નમાં **વાનર** જોયો છે. વર્તમાન શાસનના નાયક ભ. શ્રી મહાવીર પ્રભુ; એ સ્વપ્નનું ફલ જણાવતાં ફરમાવે છે,

प्रायः कपिसमा लोलपरिणामाल्पसत्त्वकाः ।
आचार्यमुख्या मच्छस्थाः, प्रमादं गामिनो व्रते ॥
ते विपर्यासयिष्यन्ति, धर्मस्थानितरानपि ।
भाविनो विरला एव, धर्मोद्योगपराः पुनः ॥
धर्मश्लथेषु ये शिक्षां, प्रदास्यन्त्यप्रमादिनः ।
ते तैरुपहासिष्यन्ते, ग्राम्यैर्ग्रामस्थपौरवत् ॥
इत्थं प्रवचनावज्ञाऽतः परं हि भविष्यति ।
प्लवंगमस्वप्नफलमिदं जानीहि पार्थिव ! ॥

હાથીના પહેલા સ્વપ્નને આશ્રયીને શ્રાવકોની ભાવિ દશાને વર્ણવ્યા બાદ, વાનરનાં આ બીજા સ્વપ્નને આશ્રયીને સાધુઓની ભાવિ દશાને ભગવાને ફરમાવી છે.

આચાર્ય આદિ સાધુઓનું સ્થાન, શ્રી જૈનશાસનમાં સામાન્ય કોટિનું નથી. આચાર્ય આદિ સાધુઓ શ્રી પંચ પરમેષ્ઠિઓ ગણાય છે. શ્રી પંચ પરમેષ્ઠિઓમાં આચાર્ય ત્રીજા પદે, ઉપાધ્યાય ચોથા પદે અને સાધુ પાંચમા પદે આરાધ્ય છે. આચાર્ય આદિ આરાધક પણ છે અને આરાધ્ય પણ છે. તે તે પદની તેમનામાં જેટલી જેટલી લાયકાત હોય, તેટલા તેટલા અંશે તે આરાધ્ય છે. આચાર્ય આદિની આરાધનાનો આધાર પણ તેઓ પોતે જે પદ ઉપર સ્થિત છે, તે પદને કેટલા વફાદાર છે? તેના ઉપર નિર્ભર છે. શ્રી પંચપરમેષ્ઠી પદો, એ વેષ કે બાહ્યાડંબરને જ આશ્રયીને નથી, પણ મુખ્યત્વે ગુણને જ આશ્રયીને છે.

દરેક દરેક આચાર્યે, ઉપાધ્યાયે અને સાધુએ બરાબર ખ્યાલમાં રાખવું જોઇએ કે, 'આપણે તે તે પદને વધુ ઉજાળી શકતા ન હોઇએ, તો પણ આપણાથી તે પદને લાંછન તો નહિ જ લાગવું જોઇએ.' 'તે તે પદે ગણાવું, તે તે પદને અંગે પૂજાવું અને તે તે પદની જવાબદારીથી પરાઙ્મુખ રહેવું.' એનો અર્થ તો એ જ થાય કે, 'સ્વયં ડૂબવું અને પોતાના વિશ્વાસમાં જે કોઈ આવે તેને ડૂબાવવા.' શક્તિ-સામગ્રી આદિની જોઇએ તેવી અનુકૂળતા ન હોય, તો આપણે આરાધના થોડી કરી શકીએ એ બને, અવસરજોગી સઘળી ક્રિયા ન કરી શકીએ એ બને, શાસન માટે જે કાંઈ કરવા યોગ્ય હોય તેમાં થોડું કરી શકીએ અગર તો તે ન કરી શકીએ એમેય બને, પણ હૈયામાંથી આરાધકભાવ ખસવો જોઇએ નહિ અને વિરાધકભાવ આવી જવો જોઇએ નહિ.

જે આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ, આ રીતે વિરાધકભાવથી પર બનીને પોતાના આરાધકભાવને તેજ બનાવવાને મથે છે, તે આચાર્ય આદિ શક્તિ-સામગ્રીના અભાવે કદાચ પોતાના પદને વધુ ઉજાળી શકે નહિ, તો પણ તેઓ પોતાના પદને લાંછન લગાડનારા તો નિવડતા જ

નથી. અનન્ત જ્ઞાનિઓની આજ્ઞા મુજબ આપણે તે તે પદને વફાદાર રહેવાને માટે પ્રયત્નશીલ હોઇએ અને તે તે પદને છાજતી આરાધનાની ક્રિયા કરવામાં પણ યથાશકિત તત્પર હોઇએ, તે છતાં પણ અજ્ઞાન અગર દ્વેષી કે દુર્જન, આપણાં નામે પદને પણ કદાચ કલંકિત કરવા મથે, તો પણ તેથી આપણને દોષ લાગતો નથી જ. એવા પણ આત્માઓને તેવી તક ન મળે, એને માટે આપણે જરૂરી કાળજી અવશ્ય રાખવી જોઇએ: પણ તે કાળજી એવી ન જ બની જવી જોઇએ, કે જે કહેવાતી કાળજીના પ્રતાપે આપણે આજ્ઞાની આરાધનામાંથી જ બાતલ થઈ જઇએ, આજ્ઞાની આરાધના, એ જ દરેકે દરેક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું ધ્યેય હોવું જોઇએ અને તે ધ્યેય હોય તો જ તેઓ સ્વ-પરના ઉપકારને સાધી શકે અને શાસનનો પ્રભાવ વિસ્તારી શકે.

પુણ્યપાલ મણ્ડલેશને આવેલા વાનરનાં સ્વપ્નનું ફલ દર્શાવતાં, ભગવાન્ શ્રી મહાવીર પરમાત્મા ફરમાવે છે કે, ' હવેથી આચાર્ય વગેરે ગચ્છમાં રહેલા સાધુઓ પ્રાયઃ વાંદરાની માફક ચંચળ પરિણામવાળા થશે. ' વાંદરાની જાત બહુ ચંચળ હોય છે. ઝાડ ઉપર પણ એ જાત સીધી બેસી રહે નહિ. કાંઈક આડું-અવળું અડપલું પણ એને કરવા જોઇએ. એવી રીતે એ આચાર્ય વગેરે ગચ્છમાં રહેલા સાધુઓ મોટે ભાગે ચંચળ પરિણામવાળા થશે. એટલું જ નહિ, પણ વાંદરામાં જેમ પરાક્રમ નથી હોતું, તેમ આ પણ મોટે ભાગે અલ્પ સત્ત્વવાળા થશે. સામાન્ય રીતે સારા પણ કામમાં પરિણામની સ્થિરતા જેવી જોઈએ તેવી નહિ અને સત્ત્વ થોડું. શાસનનું કોઈ કામ આવે તો મોટે ભાગે ઝટ એમ કહી દે કે–' આપણી શક્તિ નહિ. ' પરિણામમાં ચંચળતા અને સત્ત્વમાં અલ્પતા હોય, એટલે તેવા આત્માઓ પ્રાયઃ વ્રતમાં પ્રમાદી બન્યા વિના પણ રહે નહિ. અને જે આવા બન્યા, તે કયો અનર્થ ન કરે, તે કહેવાય નહિ.

વાંદરાની જાતમાં સત્ત્વ ઓછું, પણ જે ગામમાં એ પેસે તે ગામનાં છાપરાંનાં નળીયાંનો પ્રાયઃ ભાંગીને ભૂક્કો કરી નાખે. આ છાપરેથી પેલા છાપરે અને બીજા છાપરેથી ત્રીજા છાપરે એમ કુદ્યા કરે

અને કોઈનું કાંઈ તો કોઈનું કાંઈ બગાડ્યા વિના જંપે નહિ. એજ રીતે એ ચંચળ પરિણામવાળા, અલ્પ સત્ત્વવાળા અને વ્રતમાં પ્રમાદી બનેલા આચાર્યાદિ માત્ર પોતાનું જ બગાડીને અટકશે એમ નહિ, પણ બીજા પણ ધર્મિઓને ધર્મમાં નહિ રહેવા દે. પોતે વિરૂદ્ધ કરે તે છતાં પણ ગપ્પાં મારીનેય એને સાચું ઠરાવવાનો પ્રયત્ન કરી, બીજા ધર્મિઓને પણ તેવા આચાર્ય વગેરે ગચ્છમાં રહેલા સાધુઓ ધર્મથી ખસેડી નાખશે. તેમનો વિપર્યાસ કરશે. પોતે ચંચલ પરિણામ-વાળા છે, અલ્પ સત્ત્વવળા છે અને વ્રતમાં પ્રમાદી છે, એ છૂપા-વવાને માટે તેમજ પોતે જે ખોટું કરે છે તે પણ બરાબર છે એવું બતાવવાને માટે, તેઓ એવી એવી રીતે પ્રરૂપણા વગેરે કરે કે જેથી બીજા ધર્મસ્થ આત્માઓનો વિપર્યાસ થઈ જાય.

ધર્માચાર્ય કહેવડાવવું, ધર્માચાર્ય તરીકે પૂજાવું અને સાચા ધર્મા-ચાર્યને છાજતી કાર્યવાહી નહિ, ઉંધી કાર્યવાહી; એટલે બીજા ધર્મસ્થ આત્માઓને ધર્મથી પાડવાનો તેવાઓ પ્રયત્ન કરે તે તદ્દન સ્વાભાવિક છે. નિહ્નવો, કુમતીઓ અને શિથિલાચારી બનીને ઉન્માર્ગે ચઢેલા આચાર્યો વગેરેનાં જીવનોનું નિરીક્ષણ કરીએ, તો દેખાય કે, તેમણે કયી કયી રીતે એ ધર્મમાં રહેલા બીજા આત્માઓને ઉન્માર્ગે ચઢાવી દેવાનો પ્રયત્ન કર્યો છે? નિશ્ચિત વિચારમાં મીંડુ, સત્ત્વ એટલું કે, નળીયું ખખડે ને હૈયું ફટકે, તથા દશા એવી કે, વ્રત સીદાય તે હા, પણ જાત નહિ સીદાવી જોઇએ. ચંચળ પરિણામ છતાં હું સ્થિર વિચારવાળો છું એવું દેખાડવું હોય, સત્ત્વ અલ્પ છતાં હું મહાપરાક્રમી છું એવું દેખાડવું હોય અને જાતને સીદાવા નહિ દેવામાં વ્રત સીદાય તેની ચિન્તા ન હોય, એટલે તેવાઓ ધર્મિઓને ધર્મથી વિમુખ કરે તેમાં આશ્ચર્ય શું?

આચાર્ય વગેરે ગચ્છમાં રહેલા સાધુઓ પ્રાયઃ આવા થશે, છતાં કેટલાક એવા પણ પુણ્યાત્માઓ રહેશે કે, જે સ્વપરહિતમાં આજ્ઞાને આધીન રહીને શક્તિ મુજબ રક્ત રહેશે. ધર્મોદ્યોગમાં તત્પર તો વિરલ આત્માઓ જ હશે, પણ હશે એ વાત નક્કી છેઃ તો આપણે એ વિરલ કોટિમાં જ રહેવાનો સદા પ્રયત્ન કરવો જોઇએ.

ચંચળ પરિણામ, અલ્પ સત્ત્વ, વ્રતમાં પ્રમાદ અને બીજાને બગાડવાની પ્રવૃત્તિ—આ ચારેય વસ્તુઓ પૂર્વે પણ હતી અને આજે પણ સમ્યગ્ રીતે એ જોનારને સ્પષ્ટ દેખાય છે. આ ચાર વસ્તુઓ વિરલ આત્માઓમાં જ નહિ હોય, એનો પણ આજે સાક્ષાત્કાર થાય છે. આ ચાર વસ્તુવાળા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સંખ્યાબંધ થવાના. પોતે ડૂબે અને સાથે બીજાઓને ડૂબાવે, એવી જાતના આચાર્યો વગેરે ઘણા થવાના. અણસમજુ પાસે તો બચાવની બારી થોડી, પણ સમજુ પાસે ઘણી. એને અપવાદને ઉત્સર્ગ બનાવી દેતાં વાર ન લાગે અને પાપનો ખોટો પણ બચાવ કરવા ખડે પગે તે તૈયાર રહે.

વાંદરામાં એક બીજો દુર્ગુણ પણ હોય છે. એને કંઈ બગાડતો અટકાવવા કોઈ જાય, તો તે સામે દાંતીયાં કરે. ઉપદેશને માટે પણ કેટલાક આત્માઓ નાલાયક હોય છે અને તેવા આત્માઓને ઉપદેશ દેવાથી તેમને કાંઈ ફાયદો થતો નથી, પણ ઉલટું દેખીતી રીતે તો ઉપદેશ દેનારને જ કાંઈક ને કાંઈક નુકશાન થાય છે. જો કે; શુદ્ધ બુદ્ધિથી આજ્ઞાનુસાર ઉપદેશાદિ દેનારાઓને પરમાર્થથી તો એકાન્તે લાભ જ થાય છે. આમ છતાં પણ, એકાન્તે ઉપકારની ભાવનાથી તરબોળ હૃદયવાળા શાસ્ત્રકારોએ પણ તેવા અયોગ્ય આત્માઓને ઉપદેશ દેવાની પણ મના કરી છે.

વાંદરાનો આ દુર્ગુણ પણ ધર્મમાં શિથિલ એવા આચાર્ય વગેરેમાં આવશે. જે એમને હિતશિક્ષા આપશે, તેનું નિકંદન કાઢવાની પેરવીમાં પેલા પડશે ! પહેલી વાત જ એ કે, 'મને ઉપદેશ દેનારો એ કોણ ? હું ક્યાં ને તે ક્યાં ?' એવાને સારી, સાચી અને હિતકર પણ વાત કડવી જ લાગે. હૈયામાં ગર્વનો પાર નહિ, પાપની બીક નહિ અને મોટા તરીકે પૂજાવાની ભૂખ ગળા સુધી, એટલે એવાઓ સારાને અનેક રીતે કલંકિત કરવાના પ્રયત્નો કર્યા વિના રહે નહિ. અવસર પામીને, પાંચ પચીસ જુઠ્ઠાં કલંકો જ્યારે સુસાધુને માથે ઓઢાડે, ત્યારે તો એવાઓને કાં'ક ઠંડક વળે.

આપણે કોઇ વ્યક્તિને વ્યક્તિદ્વેષથી આંખ સામે રાખીને નથી

બોલતા: અમુક વ્યક્તિને માટે જ નથી બોલતા: પણ તેવા ચપલ પરિણામી, અલ્પ સત્ત્વવાળા, વ્રતમાં પ્રમાદી અને પોતાનું એ રીતે બગાડવા સાથે બીજા પણ ધર્મસ્થ પુણ્યાત્માઓમાં ધર્મ વિષે વિપર્યાસબુદ્ધિ પેદા કરનારા આચાર્ય આદિ ગચ્છમાં રહેલા જે કોઈ સાધુઓ તેવા હોય, તે સર્વને અંગે આ વાત કહેવાય છે. જેઓ તેવા નથી અગર તો તેવા બનવાને ઇચ્છતા નથી, તેઓને આવું બોલાય તેથી ખીજાવાનું કારણ નથી. 'બધા આચાર્ય વગેરે સાધુઓ આવા છે.'–એમ પણ આપણે કહેતા જ નથી. આપણે તો ઉલટું એમ કહીએ છીએ કે, 'સુસાધુઓ આજે પણ હયાત છે અને પાંચમા આરાના છેડા સુધી તેનો સર્વથા અભાવ થવાનો નથી.' પણ આ વેષમાં આજેય એવા કુસાધુઓ પણ હયાત છે કે, જેઓ પોતાના દોષે શાસનની અવહીલના કરાવી રહ્યા છે અને તેમ છતાં પણ થોડા એવા સુસાધુઓને માથે તદ્દન કલ્પિત રીતેજ શાસનની હીલનાનો ટોપલો ઓઢાડવાનું ભયંકર પાપ કરી રહ્યા છે!

•ભગવાને વાનર સ્વપ્નનું ફલ વર્ણવતાં એ વાત પણ ફરમાવી છે કે, તેવા આચાર્ય વગેરે ગચ્છમાં રહેલા સાધુઓને, ધર્મમાં શિથિલ જાણીને, જે અપ્રમાદી સાધુઓ શિક્ષા દેવા જશે, તે અપ્રમાદી સાધુઓનો પેલા શિથિલાચારી સાધુઓ ઉપહાસ કરશે.' એવાઓને વ્રતમાં પ્રમાદી તથા બીજાઓને ધર્મથી ભ્રષ્ટ કરતા જોઇને, જો વિરલા સુસાધુઓ તેમને શિક્ષા દેવા જશે, તો પેલાઓ ગામડીયાઓ ગામડામાં આવેલા શહેરીની જેમ મશ્કરી કરે, તેમ સુસાધુઓની મશ્કરી કરશે. ગામડીયાઓને શહેરીની સારી પણ રીતભાત નવાઈ ઉપજાવે અને કેટલીક વાર તો શહેરીની રહેણી–કહેણી જોઈ–સાંભળીને ગામડીયાઓ શહેરીની મશ્કરી કરે. આ રીતે ધર્મમાં શિથિલ એવા તે આચાર્યાદિને જે અપ્રમાદી સાધુઓ શિક્ષા આપશે, તે અપ્રમાદી સાધુઓનો ધર્મમાં શિથિલ એવા આચાર્યાદિ, ગામડીયાઓ ગ્રામસ્થ શહેરીનો જેમ ઉપહાસ કરે તેમ, ઉપહાસ કરશે.

# મુસાફીર તું, સાંભળતો જા !

## આત્માને ઉદ્દેશીને બોધક ગઝલ

### પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી ભુવનવિજયજી ગણિ

અરે ! પ્રવાસી, આત્મન્ ! તું કોણ છે?, તેનો ખ્યાલ તને નથી રહ્યો ! સનાતન અજર–અમર મોક્ષમાર્ગનો તું મુસાફીર છો ! પણ તું ભૂલો પડ્યો છે, તારી જીવનનાવ ભરદરિયે અથડાઈ રહી છે, કારણ કે, તારો સુકાની તેં સ્વીકાર્યો છે, તે મોહરાજા આંધળો છે અને તારા જેવા ભાનભૂલાને ઉન્માર્ગે દોરી જાય છે.

ત્હારા આ સંસાર સંબન્ધો અનિત્ય છે, જગતમાં સઘળે અંધારૂં છવાઈ રહ્યું છે. હજુ કહું છું કે, 'ઓ પ્રવાસી તું મૂંઝાતો મા; જો શ્રી વીતરાગદેવના માર્ગ–જૈનશાસનની સફરને–મુસાફરીને તું સ્વીકારી લે, તો ત્હારો માર્ગ નિર્ભય છે.

---

સનાતન સત્ય પંથોના, મુસાફીર તું, સાંભળતો જા !
મીઠી મધુરી સુભાષામાં, સંદેશો એક લેતો જા ! ૧
જીવનદોરી તૂટેલી છે, જીવનને એ દગો દેશે;
વીખૂટા સ્નેહિથી કરશે, સર્વસ્વ લૂંટીને લેશે. ૨
મહેલો મીલ્કત અને મોજો, બધી અહિંની અહિં રહેશે;
જતાં પરલોકના પંથે, હા, કે ના, કોઈ નહી કહેશે. ૩
જીવનની નાવ એ તેરી, અરે મઝધાર ચાલે છે;
સુકાની મોહ અંધો છે, ડગમગતી નાવ ચાલે છે. ૪
જીવન કલહોની આગોમાં, બળીને ખાખ કેઇ થાતાં;
લક્ષ્મી લલનાના પાશોમાં, રોજબરોજ ઝકડાતાં. ૫
મિથ્યા અંધેરી છાઇ છે, આત્મગુણ રત્ન નથી જડતાં;
ખોળીને થાકયો છે તું પણ, હીરા નથી હાથમાં ચડતા. ૬
પહેલું બચપણ પછી જોબન, પછી બુઢ્ઢાપો આવે છે;
દશાઓ તો રહે ફરતી, તોફાનો એમ ચાલે છે. ૭
પ્રાતઃકાલે દીઠા પંખી, સાયંકાલે ઉડી જાતાં;
રાત્રિના તે કંહી જાતાં, બીજે દિવસે ન દેખાતાં. ૮
અનિત્ય ભાવ સહુમાં છે, મુસાફીર મા ! મૂંઝાતો તું;
પ્રભુ શ્રી વીરશાસનની, સફર કરનારો થઈ જા તું. ૯

# આપણાં વર્તમાન સુખ દુઃખો માટે

## આપણે જ જવાબદાર છીએ !

### પૂ. પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિ

**કર્મવશ બની પોતે પૂર્વમાં–ભૂતકાલે કરેલી ભૂલ માટે પોતાને જવાબદાર નહિ ગણતા નિમિત્તને જવાબદાર ગણનારાઓની બુદ્ધિ શ્વાન કરતાં અધિક તો નથી !**

**જ્યારે તમારા પર કોઈ કમનશીબી આવી પડે ત્યારે કોઈ પણ અન્ય નિમિત્તનો દોષ કાઢશો નહિ ! તમારે સહમજવું કે આ માટે હું પોતે જોખમદાર છું.**

सव्वे पुव्वकयाणं कम्माणं, पावए फलविवागं ।
अवराहेसु गुणेसु य, निमित्तमित्तं परो होइ ॥

વિશ્વવર્તિ સમગ્ર આત્માઓ પૂર્વમાં કરેલા પોતાના શુભાશુભ કર્મોનાં અનુસારેજ ફળના વિપાકને પ્રાપ્ત કરે છે. અપરાધમાં અગર ગુણમાં બીજો તો નિમિત્ત માત્ર થાય છે.

ઉપરોક્ત શ્લોકનું કેટલું સુંદર રહસ્ય છે ! કેવો સરસ સિદ્ધાન્ત છે ! એ શ્લોકનાં રહસ્યને બહુજ મનનપૂર્વક વિચારવામાં આવે તો એમાંથી આપણને ઘણું ઘણું જાણવાનું મળે છે. અનાદિ અનન્ત જગતમાં તમામ પ્રાણીઓ જે જે સમયે સુખ દુઃખોના વિપાકોનો અનુભવ કરે છે. તે તે શુભાશુભ કર્મોનાંજ પરિણામો છે.

સર્વજ્ઞકથિત આ સુંદર સિદ્ધાન્તને નહિ સમજનારા આત્માઓ જ્યારે જ્યારે પોતે દુઃખી થાય છે ત્યારે ત્યારે દુઃખ આપવામાં નિમિત્ત થનારાઓને ગુન્હેગાર ગણે છે. પોતાની પૂર્વકૃત–કરેલી ભૂલનું આ પરિણામ છે આટલી સામાન્ય વાત ઉપર પણ વિચાર કરવાની તસ્દી લેતા નથી. અને તેથીજ પોતાના ઉપર આવી પડેલાં દુઃખના ટોપલાનો

સઘળો આરોપ નિમિત્તના ઉપર ઢોળી દેતા વિલંબ કરતા નથી. એટલુંજ નહિ પરન્તુ પોતાને ગુન્હેગાર ગણવાને બદલે નિમિત્તનેજ ગુન્હેગાર ગણી તેને શી રીતે નુકશાનમાં ઉતારવો તેનીજ રાત અને દિવસ ચિંતા કરી સજ્જનોને તો શું પણ એક સામાન્ય મનુષ્યને પણ નહિ છાજે એવી અનેકવિધ અધમ પ્રવૃત્તિઓ આદરવા માટે તનતોડ પ્રયાસો કરે છે. આવી અજ્ઞાનમૂલક પ્રવૃત્તિઓથી એક બીજાની સાથે ઈર્ષ્યા અને વૈર વિરોધનો વધારો થયા વિના રહેતો નથી. અને તેથીજ મનદ્વારા આત્મા ચીકણા કર્મનો બન્ધ કરી ભવોભવને માટે અનંતા દુઃખોને વ્હોરી લે છે.

કર્મવશ બની પોતે પૂર્વમાં કરેલી ભૂલ માટે પોતાને જવાબદાર નહિં ગણતા નિમિત્તને જવાબદાર ગણનારાઓની બુદ્ધિ શ્વાન કરતાં અધિક તો નથી કહ્યું છે કે,

उपेक्ष्य लोष्टक्षेप्तारं लोष्टं दशति मंडलः ।
सिंहस्तु शरमप्रेक्ष्य, शरक्षेप्तारमीक्षते ॥

શ્વાન પત્થરના મારનારની ઉપેક્ષા કરી પત્થરને બચકું ભરે છે. જ્યારે સિંહ બાણની ઉપેક્ષા કરી બાણ મારનારને જ જૂએ છે. એવીજ રીતે અજ્ઞ મનુષ્યો કુતરાની પેઠે નિમિત્તને જ બચકું ભરવાનો પ્રયત્ન કરે છે. અને જ્ઞાની મનુષ્યો સિંહની માફક પોતાના શુભાશુભ કર્મનો વિચાર કરી નિમિત્તની ઉપેક્ષા કરે છે.

જેમ કોઈક રાજા પોતાના દુશ્મન રાજા ઉપર પોતાની સાથે યુદ્ધમાં સજ્જ થવા માટેનો સંદેશ લઈ દૂતને મોકલે છે. દૂત તે રાજાની સભામાં જઈ પોતાના રાજાના અનેકવિધ ગુણગાન કરવા સાથે દુશ્મન રાજાના અવર્ણવાદ પણ બોલે છે. તેમ છતાં તે દૂતને રાજા અવધ્ય ગણી તેનું સન્માન કરી યોગ્ય જવાબ વાળી વિદાય કરે છે. કારણકે તે સમજે છે કે, આ દૂત પોતાના તરફથી નહિ પરન્તુ તેના રાજા તરફથી બોલે છે, એટલે મારો વાસ્તવિક અપરાધી દૂત નહિ પરન્તુ રાજાજ ગણાય.

તેજ મુજબ ઉપરોક્ત સિદ્ધાન્તનાં રહસ્યને સમજનાર સુજ્ઞ જનો પોતાના ઉપર ઉપસર્ગોની ઝડી વરસાવનારાને દૂતના સ્થાનમાં ગણી જરા

પણ રોષ કરતા નથી. પરન્તુ રાજાના સ્થાનમાં રહેલા પોતાના અશુભ કર્મનોજ દોષ માને છે. આ વાતની પુષ્ટિમાં એક અંગ્રેજ સાક્ષર પણ જણાવે છે કે " When a misfortune befalls you, do not find fault with the person who is the apparent agent. Scrutinize your conduct and perhaps you will find your self responsible for the same. અર્થાત્: ' જ્યારે તમારા ઉપર કોઈ કમનશીબી આવી પડે ત્યારે નિમિત્તનો દોષ કાઢશો નહિ. પરન્તુ તમારૂં વર્તન તપાસશો તો માલુમ પડશે કે આ માટે હું પોતે જોખમદાર છું.'

વીતરાગ પ્રભુના શાસનને નહિ પામેલાઓની પણ આ વિષયમાં કેવી સરસ માન્યતા છે. તો પછી જેઓ વીતરાગ શાસનને પામેલા છે. તેમણે આ વસ્તુ ઉપર ખૂબ જ વિચાર કરી પોતાની ભૂલ માટે બીજાને જવાબદાર ગણવાની ખોટી માન્યતાને તિલાંજલી આપવાની જરૂર છે.

આ માટે સંગમદેવ, રાજગૃહીનો સોની, સોમીલબ્રાહ્મણ અને ધવલશેઠ આદિ મરણાન્ત કષ્ટોને આપનારના ઉપર પણ ભાવ દયાના ઝરાને વહેતો મૂકનારા ભગવાન શ્રી મહાવીરદેવ, શ્રી મેતારજ મુનિવર, શ્રી ગજસુકુમાલ અને શ્રીપાલકુમાર આદિ મહાન્ મહાત્માઓનાં જીવનચરિત્રોને વારંવાર વાંચવા વિચારવાની જરૂર છે. આવા મહાન પુરુષોની જીવની નીરખવાથી ઉપરોક્ત સિદ્ધાન્તના રહસ્યને સમજતા વિલંબ ન થાય અને તેમ થતાં 'હું જ બધાને સુખી કરૂં છું, હું નહિ હોઉં તો દુનિયાનું શું થાય આવા ઘમંડી વિચારો, તેમજ મારૂં અમુક જ બગાડનાર છે આવી ગાંડી માન્યતાનો અંત આવતા:વાર નહિ લાગશે. અને પુરૂષાર્થની સાચી દિશા હાથ લાગશે.

તદુપરાંત આ ખોટી માન્યતાનો અંત આવવાથી એક બીજા પ્રત્યેની ઇર્ષ્યા, કોઇને સુખી જોઇને હૃદયમાં બળાપો કરવાની કુટેવ, પરસ્પરનો વૈર વિરોધ, કાલ્પનિક દુશ્મનતા આદિ અવગુણોનો નાશ થશે અને આત્મા સમતા સુખનો અનુભવ કરી શાશ્વત સુખનો ભાગી થશે.

# ધર્માનુષ્ઠાનોમાં વિધિમાર્ગ પ્રત્યેનો
## આદરભાવ હોવો જોઇએ !
### પૂ. મુનિરાજ શ્રી મનકવિજયજી મહારાજ.

ધર્માનુષ્ઠાનની આરાધના જેટલી જીવનમાં આવશ્યક છે, તેનાથી વિશેષ વિધિપ્રત્યેના આદરભાવની આવશ્યકતા છે.

જો કે શરૂઆતમાં પ્રારબ્ધ ક્રિયામાં અવિધિ સંભવિત છે, તેટલા માત્રથી ક્રિયાના આચરણથી જ વંચિત રહેવું એ શોચનીય છે. પણ અવિધિ પ્રત્યે અરૂચિ તેમજ વિધિમાર્ગ પ્રત્યે રૂચિ અવશ્ય હોવા જોઈએ.

પરન્તુ જાણવા કે સમજવા છતાં વિધિ નહિ જાળવતાં જેઓ આડંબર, ધામધૂમ કે જાહોજલાલી પૂરતાંજ અનુષ્ઠાનો સેવતાં હોય, તેઓનાં તુચ્છ ધન, ધાન્યાદિ ફલની લિપ્સામાત્રથી આચરાતાં તે અનુષ્ઠાનો લાભ આપનારાં નથી બનતા.

શ્રી વીતરાગકથિત શુભ અનુષ્ઠાનોનું સેવન કરતાં કરતાં સમતા, કષાયત્યાગ, વિષયવિરાગ, આત્મલક્ષિતા ઈત્યાદિ તત્ત્વો અવશ્ય પ્રાપ્ત થવાં જોઇએ.

એ એક સનાતન સ્વતઃસિદ્ધ તત્ત્વ છે કે; કોઇ પણ કાર્યની સિદ્ધિ તે કાર્ય સાધક સાધનો વિના થઇ શકતી નથી. જ્યાં સુધી કાર્ય સાધક સાધનોનો સંચય કરી સામગ્રી પૂર્ણ ન કરવામાં આવે, ત્યાં સુધી કોઇ પણ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. એવો અબાધિત અનુભવ છે. સાધનોનો સંચય ત્યારેજ થઇ શકે છે કે; જ્યારે એના જ્ઞાતા દ્વારા એ સાધનોનું વાસ્તવજ્ઞાન થાય અને શ્રદ્ધાપૂર્વક એને સંચિત કરવા ઉચિત પ્રયાસો આદરાય. જ્યાં સુધી જ્ઞાતાના સૂચન કે ઉપદેશ દ્વારા તેને સાધનોનું વાસ્તવ જ્ઞાન ન થાય, ત્યાં સુધી વસ્તુતઃ તાત્ત્વિક રુચિ કે ફલપ્રદ પ્રયત્ન આદરી શકાતો નથી.

મુક્તિરૂપ ફલના વાંછુઓ માટે પણ એ જ કલ્યાણકર પંથ છે કે,

મોક્ષાકાંક્ષિઓએ પ્રથમ મોક્ષનાં સાધનોનું વિજ્ઞાન મેળવવું; એ વિજ્ઞાન સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માઓએ અર્થરૂપતયા અને ગણધર ભગવન્તોએ સૂત્રરૂપતયા ગુંફિત આગમશાસ્ત્ર દ્વારા થઈ શકે છે. સર્વજ્ઞ ભગવંતોએ ઘોર તપ, ઉત્કટ સંયમ અને અચલ–ધ્યાન આદિના પ્રતાપે રાગ–દ્વેષાદિ રૂપ આવરણોનો સર્વથા વિલય કરી અનન્તજ્ઞાનાદિનો પ્રાદુર્ભાવ કર્યો છે અને ત્રિકાલીન અર્થોનો કરામલકવત્ સાક્ષાત્કાર કર્યો છે. બાદ યથાવસ્થિત તત્ત્વનો પ્રકાશ કર્યો છે. જેને ઝીલી ગણધર ભગવંતોએ સૂત્રરૂપે પ્રકાશિત કર્યો છે.

એ આગમનું આલંબન જ અજ્ઞાન મોક્ષેચ્છુકો માટે હિતાવહ છે. એ આગમ પ્રત્યે આદરભાવ કે બહુમાન, એટલેજ ભગવાન પ્રત્યે આદરભાવ કે બહુમાન. એની આરાધના એટલેજ પરમાત્માની તત્વતઃ આરાધના. કારણકે, ભગવન્તની આરાધના, એટલે એમની આજ્ઞાની ઉપાસના એ આજ્ઞાનું આગમમાં પ્રણયન થયેલું છે. એથીજ આગમની સાદર આરાધના, એજ ભગવન્તની સબહુમાન આરાધના. મુક્તિ આદિ અતીન્દ્રિય અર્થોનું જ્ઞાન પ્રત્યક્ષાદિ દ્વારા સરાગ જીવોને શક્ય નથી. એથીજ એ જીવોને અતીન્દ્રિય અર્થદૃષ્ટા સર્વજ્ઞોએ પ્રતિપાદિત આગમોનું આલંબન પરમ હિતાવહ છે.

કારણ કે, આગમ વિના કોઈ પણ પ્રમાણમાં સ્વતઃ તથાવિધતત્ત્વ પ્રદર્શિત કરવાનું સામર્થ્ય નથી. એ આગમમાં મુક્તિસાધક સાધનોનો ઉભયથા પ્રકાશ પાડવામાં આવ્યો છે. અંતરંગ અને બહિરંગ. રાગ–દ્વેષાદિ રૂપ દોષો દ્વારા ઉત્પન્ન થતા વિકારો કે મલિનતાદિને કિંવા કષાયાદિ દ્વારા ઉદ્‌ભવતા કિલષ્ટ અધ્યવસાયોથી જન્મતી અવિશુદ્ધિ આદિને દૂર કરી શુદ્ધ–નિર્મલ ભાવને પેદા કરનાર જે સમભાવ, આત્મધ્યાન, અને આત્મ સ્વભાવમાં રમણતા આદિ, તે અંતરંગ અનુષ્ઠાન અને એવી ઉત્કટ–દશાને પ્રાપ્ત કરાવનાર જે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ઉપાસના આદિ બાહ્ય–દૃષ્ટિથી દશ્યમાન અનુષ્ઠાન–તે બહિરંગ અનુષ્ઠાન.

પ્રથમ અનુષ્ઠાન ધ્યેયરૂપ છે અને ઉત્તર અનુષ્ઠાન સાધનરૂપ છે. પ્રાથમિક દશામાં અભ્યાસરૂપે ઉત્તર અનુષ્ઠાન સવિશેષ હિતાવહ છે. કારણ કે

પૂર્ણ સમાહિત દશા કે નિર્વિકલ્પ દશા વિના સ્વસ્વભાવ રમણતા આદિની સંભાવના શકય હોઈ શકતી નથી. આમ છતાં ય વસ્તુતઃ ધ્યેયરૂપે તો એ જ હોવું જોઈએ. પ્રથમ અનુષ્ઠાન શુદ્ધ દશારૂપ છે. જ્યારે ઉત્તર શુભ દશારૂપ છે. પરન્તુ શુભના યોગે અશુભ દશા વિનષ્ટ થાય છે. અને શુદ્ધ દશાનો પ્રાદુર્ભાવ થાય છે આ રીતે શુદ્ધ દશાની પ્રાપ્તિ પછી તે શુભ અનુષ્ઠાનોની આવશ્યકતા રહેતી નથી.

વર્ત્તમાનમાં શુદ્ધ દશાની પ્રાપ્તિ ઇષ્ટ હોવા છતાં અશકય છે. એથીજ શુભદશા પ્રાપક શુભ અનુષ્ઠાનોમાં સતત અને અવિરત પ્રયત્નશીલ રહેવું જોઈએ. પરન્તુ એ પ્રયત્ન ફલપ્રદ બને એવો થવો જોઈએ. એ ફલપ્રદ ત્યારે જ બની શકે કે જ્યારે એ અનુષ્ઠાનોના હેતુ, સ્વરૂપ અને પરિણામનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, આ અનુષ્ઠાનો પ્રત્યે અવિચલ શ્રદ્ધા પ્રગટ કરી હોય તથા આદર અને બહુમાનપૂર્વક એકાગ્ર ચિત્તે ઉપયોગ અને વિધિપૂર્વક એ અનુષ્ઠાનોનું સેવન કર્યું હોય !

એ જ્ઞાન શાસ્ત્રજ્ઞ અને સંયમનિષ્ઠ સદ્‌ગુરુના સવિનય ઉપાસનથી શ્રુત અથવા પઠિત આગમ દ્વારા થઈ શકે. વર્ત્તમાનમાં સદ્‌ગુરુના સમાગમની જ ચિન્તા ન હોય તો ભક્તિ અને આદરભાવપૂર્વક ઉપાસનની તો કલ્પના જ કયાંથી હોય ? તથા શુદ્ધ ચિત્તવૃત્તિવિનાશક દૃશ્ય અને દ્રવ્ય તથા વાચ્ય તત્ત્વોમાં જ નિષ્ઠા હોય, ત્યાં આગળ શ્રવણની પિપાસા કયાંથી હોય ? એ ન હોય, એથી કેવલ તારક પણ અનુષ્ઠાનની અભિરુચિ કયાંથી જ થાય ? અને એથી જ અશ્રદ્ધાળુ હૃદયી કઈ રીતે એ અનુષ્ઠાનોનાં પાલનમાં પ્રવૃત્ત થઈ શકે ? પરન્તુ આથી પણ વિશેષ ખેદમય ઘટના તો એ છે કે, જેઓ તે તે અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ કરે છે, તેઓને પણ એ અનુષ્ઠાનો પરત્વે કેટલો સદ્‌ભાવ છે, તે એક વિચારણીય પ્રશ્ન છે.

આજે એક તો આનન્દની ઘટના છે જ કે, અનેક સ્થળોમાં તરહતરહના અનુષ્ઠાનો સેવાઈ રહ્યા છે. મહોત્સવો કે તપ ત્યાગની સત્ક્રિયા વગેરે આચરાઈ રહ્યા છે, પરન્તુ સાથે જ ખેદજનક બીના એ પણ છે કે, બહુલતાએ આજે એ અનુષ્ઠાનોમાંથી વિધિ અદૃશ્ય થઈ ગઈ છે. એનું

નિદાન એ છે કે, જે સમજીને કેવળ મુક્તિના ધ્યેયથી શ્રદ્ધાપૂર્વક એ અનુષ્ઠાનોનું સેવન કરવું જોઇએ, તે પ્રાયઃ વિનષ્ટ થઈ ગયું છે. એથીજ અનુષ્ઠાનોનું સેવન કયાં તો નીરસભાવે કે વ્યગ્રચિત્તે પ્રાયઃ થઈ રહ્યું છે. અથવા તો એક બીજાની હરિફાઇમાં ઉભા રહી ચડસા–ચડસી કે હુંસા તુંસીથી થઇ રહ્યું છે. કિંવા તે તે પ્રકારના ઋદ્ધિ, સમૃદ્ધિ કે વૈભવાદિરૂપ આ લોકના તુચ્છ ફળની કામનાથી થઈ રહ્યું છે, જે અનર્થકર હોઈ ખૂબ જ અનિચ્છનીય છે.

એ વાત પ્રત્યે ખૂબ જ લક્ષ્ય દોરવાની જરૂર છે કે, ભગવાનની આજ્ઞાનું આરાધન જેમ શ્રેયસ્કર છે, તેમ એમની આજ્ઞાની વિરાધના ભયંકર સંસારવર્દ્ધક અને દુઃખાવહ છે. કારણ કે, જે રીતે ભગવંતે અનુષ્ઠાનોના સેવનની વ્યવસ્થા નિર્ણીત કરી હોય અને જે કેવળ મુક્તિના ધ્યેયથી કિંવા નિષ્કામભાવથીજ અનુષ્ઠાનના સેવનનો નિર્દેશ કર્યો હોય, તે અનુષ્ઠાનની યથેચ્છ સેવના કે તુચ્છ ફલની આકાંક્ષાથી થતી સેવના આત્માને વિરાધનારૂપ ભયાનક દોષથી દૂષિત કરી બહુકાલ પર્યન્ત દુર્ગતિના ભયંકર દુઃખોનું ભાજન બનાવે છે અને સંસારમાં પર્યટન કરાવે છે.

કારણ કે, મનસ્વી કલ્પનાનુસાર અનુષ્ઠાનોનું સેવન કરવાથી ધર્મની લઘુતા–નિન્દા થાય છે. જેની તુલ્ય અવર કોઈ પણ નિન્દ્ય–પાપ નથી. એથી જ વિધિથી સેવન કરનાર જેમ મહાકલ્યાણનો ભોક્તા બને છે, તેમ અવિધિથી સેવન કરનાર મહા અશિવનો ભોક્તા બને છે અને ચિર-કાલ પર્યન્ત ઘોર સંસારમાં પરિભ્રમણ કરનારો બને છે. એ વાત હરેકના લક્ષ્યમાં ખાસ તરવરતી રહેવી જોઇએ કે, ધર્માનુષ્ઠાનની આરાધના જેટલી જીવનમાં આવશ્યક છે, તેનાથી વિશેષ વિધિની તત્પરતા કે વિધિના રાગની આવશ્યક્તા છે.

જ્યાં સુધી અવિધિ પ્રત્યે દ્વેષ અને વિધિ પ્રત્યે રાગ પ્રગટ થાય નહિ તથા શકય પ્રયત્ને વિધિરક્ષણ થાય નહિ, ત્યાં સુધી કોઇપણ અનુષ્ઠાન લાભદાયક બની શકતું નથી. અલબત્ત! અવિધિ થવા છતાં જો વિધિનો

રાગ અવિહડ ઝળહળતો હોય તો, અવિધિનો દોષ તથાવિધ હાનિકર બની શકતો નથી, બલ્કે વિધિનો રાગ શ્રેયોવહ બની જાય છે, એથી જ 'અવિધિથી ક્રિયાકરણતઃ અનાચરણ જ ઉચિત છે.' એવી જેઓની માન્યતા હોય, તેઓ ભ્રમિત જ છે. કારણ કે શરૂઆતમાં પ્રારબ્ધ ક્રિયામાં અવિધિ તો સંભવિત જ છે. તેટલા માત્રથી ક્રિયાના આચરણથી જ વંચિત રહેવું તે તો છેક શોચનીય છે.

પરન્તુ જાણવા કે સમજવા છતાં વિધિ નહિ જાળવતા, જે આડંબર, ધામધૂમ, કારકીર્દી કે જાહોજલાલી પૂરતાં જ અનુષ્ઠાનો સેવાતાં હોય, તુચ્છ ધન–ધાન્યાદિરૂપ ફલની લિપ્સા માત્રથી જ આચરાતાં હોય, તે અનુષ્ઠાનો તો લાભપ્રદ બની શકતા નથી જ. બલ્કે અવિધિનું દુઃખ અને વિધિનો રાગ નહિ હોવાથી કદાચિત્ હાનિકર પણ બની જાય. એથી જ વિધિ પ્રત્યે લક્ષ્ય દોરવાની ખૂબ જ આવશ્યક્તા છે. સાથે જ જેમ બાહ્ય અનુષ્ઠાનો સેવ્યા છે. તેમ સવિશેષ અન્તરઙ્ગ દૃષ્ટિસ્થાપન પણ આવશ્યક છે. વીતરાગ–કથિત શુભ અનુષ્ઠાનોનું સેવન કરતાં કરતાં સમતા, કષાય–પરિણતિનો ત્યાગ, વિષય વિરાગ અને આત્માનુલક્ષિતા, ઇત્યાદિ અવશ્ય પ્રાપ્ત થવાં જોઇએ.

આ તત્ત્વો તો પ્રાયઃ નાબૂદ જ થતાં નિહાળાય છે પણ વાસ્તવ મુક્તિ માર્ગ આ તત્ત્વો ઉપર નિર્ણીત થયેલ છે. બાહ્ય અનુષ્ઠાનો તો આ તાત્ત્વિક માર્ગના પ્રાપક છે પણ એ તત્ત્વોની પ્રાપ્તિ બહિર્મુખ દૃષ્ટિ જ્યાં સુધી હોય ત્યાં સુધી શક્ય નથી. એથી જ શુદ્ધ ભાવની પ્રાપ્તિ થઈ શકતી નથી. એથી જ કર્મજનિત સામગ્રી પરથી દૃષ્ટિનું ઉત્થાપન કરી સ્વાભાવિક આત્મિકગુણ સાધક સામગ્રી પરત્વે દૃષ્ટિ કેન્દ્રિત કરવી જરૂરી છે. જેથી વ્યવહાર અને નિશ્ચય દ્વારા વાસ્તવ સાધ્યની સિદ્ધિ થઇ શકે. જો કે, આ વિષય ખૂબ જ લંબાણ વિવેચન માંગે છે, પણ આ પ્રસંગે માત્ર દિશાસૂચન કરી હાલ તો વિરમું છું.

# સ્વ૦ આચાર્યદેવશ્રી વિજયક્ષમાભદ્રસૂરિજીની જીવનયાત્રાનાં સંસ્મરણો.

### પૂ૦ મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ.

પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ ૯૩ના સુરતના ચાતુર્માસમાં સારી અસર પાડી ગયો કે, જેના યોગે વાતાવરણમાં કૃત્રિમ ઉગ્રતા આણવાના પ્રયત્નો કરનારાં આન્દોલનો તે વેળા આપમેળે શમી ગયાં, અને શાસનનો–સત્યપક્ષનો જય જયકાર થયો.

સત્યને જેમ જેમ ગૂંગળાવી નાંખવાના પ્રયત્નો થાય છે, તેમ તેમ સત્ય વધુને વધુ વિકસતું જાય છે. ‘ સત્યવાદ કે સિદ્ધાન્ત’ એ, વ્યક્તિઓની કે ટોળાઓની બહુમતિ પર ઊભો નથી, ટક્યો નથી કે સ્થિર થયો નથી,’–એમ જૈનશાસન કહે છે.

ગુરૂદેવસ્થાનીય વડિલ ઉપકારીઓની સેવામાં સદ્ભાવ પૂર્વકનો અર્પિતભાવ પૂ. ઉપાધ્યાયજી મહારાજમાં સારી રીતે ખીલ્યો હતો. ગમે ત્યારે ગમે તે અવસરે વડિલોની આજ્ઞા કે સેવા–ભક્તિનો લાભ નિઃસંકોચપણે તેઓ લેતા.

**લેખાંક ૩જો : પ્રકરણઃ ૫ મું :**

ગોડીજીના ઉપાશ્રયખાતે ૯૨નું આ ચાતુર્માસ નિર્વિઘ્નપણે આમ પૂર્ણ થયું. આ ચાતુર્માસના ચારે મહિના મારે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રીની નિશ્રામાં રહેવાનું બન્યું હતું. પંડિતજી શ્રી **બંશીધરજીની** પાસે ન્યાયના ગ્રન્થોનું અધ્યયન ચાલુ હોવાને કારણે પૂ૦ પરમ કારૂણિક ગુરૂદેવોની આજ્ઞાથી ગોડીજીના આ ચાતુર્માસમાં તેઓશ્રીના પુણ્યપરિચયનો લાભ મને આ રીતે પ્રાપ્ત થયો. પૂ૦ શાન્તપ્રકૃતિ **સુમતિવિજયજી** મહારાજ, મુનિરાજ શ્રી **ગુણવિજયજી**, મુનિરાજ શ્રી **ભક્તિવિજયજી** ઇત્યાદિ મુનિવરો પણ તે ચાતુર્માસમાં સાથે જ હતા. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીએ મુંબઇથી સુરત બાજુ વિહાર લંબાવ્યો જે વેળા અમે તેઓશ્રીને વળાવવા વાલકેશ્વર સુધી સાથે ગયા હતા.

વાલકેશ્વરથી પાછા આવ્યા બાદ, તે સમયે જેની સામાન્ય કલ્પના પણ નહતી તે હકીકત આજે મને યાદ આવે છે. કોને ખબર હતી કે, વાલકેશ્વર પરની એ વિદાય મારે માટે અન્તિમ હશે? સાચે ભવિતવ્યતા એ અલંઘનીય છે. સર્વજ્ઞ ભગવન્તો કે વિશિષ્ટજ્ઞાની મહાપુરૂષો સિવાય એને જાણવાને સારૂ ~~પણ~~ કોઈ સમર્થ નથી. આપણા જેવા છદ્મસ્થોએ આ કારણે શુભમાર્ગના પુરૂષાર્થમાં કદિ વિલંબ કરવો જોઈએ નહિ. ધાર્યું પરિણામ ન પણ આવ્યું, છતાં પ્રયત્નો અવશ્ય સફળ છે. હા, તે શુભમાર્ગના—કલ્યાણકર આત્મહિતના હોવા જોઈએ! સ્વ કે પરના આત્મકલ્યાણની પ્રવૃત્તિઓ આચરનારાઓને પરિણામે લાભ જ રહેલો છે.

શ્રી સિદ્ધગિરિજી તીર્થની યાત્રા કરવાની ભાવના તેઓશ્રીના હૃદયમાં રમતી હતી. પણ સુરતની ક્ષેત્રસ્પર્શના બલવાન હતી. અંધેરી, અગાશી, દહેણું, દમણ ઈત્યાદિ ગામોની સ્પર્શના કરતા પૂજ્યશ્રી સુરત મુકામે પધાર્યા. ગોપીપુરા—નેમુભાઈની વાડીના વહિવટદારોએ પૂજ્યશ્રીની ભક્તિ સારા બહુમાનપૂર્વક કરી, અને ખાસ આગ્રહથી ચાતુર્માસ માટે વિનન્તિ કરી. લાભની હિતદષ્ટિને સ્હામે રાખી પૂ૦ ઉપાધ્યાયજી મહારાજે ૯૩નું ચાતુર્માસ સુરત ખાતે કર્યું. આ ચાતુર્માસમાં પણ ગત વર્ષની જેમ તપાગચ્છીય પ્રાચીન સુવિહિત પરંપરા માન્ય ચંડાંશુચંડૂ પંચાંગ મુજબ ઔદયિકી ભાદરવા સુદિ ચોથ—બુધવારના દિવસે પૂજ્યશ્રીએ શ્રી સંવત્સરીપર્વની આરાધના કરી.

ઉપાધ્યાયજી મહારાજશ્રીજીની ધર્મનિશ્રામાં નેમુભાઈની વાડીના ઉપાશ્રયે શાસનરસિક જૈનસંઘે શાન્તિપૂર્વક પર્યુષણા મહાપર્વની આરાધના પૂર્ણ ઉત્સાહથી કરી. પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ આ રીતે સુરતના તે ચાતુર્માસમાં સારી અસર પાડી ગયો કે જેના યોગે વાતાવરણમાં કૃત્રિમ ઉગ્રતા આણવાના પ્રયત્નો કરનારાં આન્દોલનો તે વેળા આપમેળે શમી ગયાં અને શાસનનો—સત્યનો જય જયકાર થયો.

સત્યને જેમ જેમ ગૂંગળાવી નાંખવાના પ્રયત્નો થાય છે, તેમ તેમ સત્ય વધુને વધુ વિકસતું જાય છે. ઈતિહાસની તવારીખ આ હકીકત

આપણી સ્હામે સ્પષ્ટ રીતે કહી દે છે કે, 'સત્યવાદ કે સિદ્ધાન્ત એ વ્યક્તિઓની કે ટોળાઓની બહુમતિ પર ઉભો નથી; ટકયો નથી કે અખંડપણે જીવ્યો નથી.' બહુમતિ કે અલ્પમતિથી સત્ય કે અસત્યનાં માપ માપનારાઓ બહુમતિવાદનાં ઝાંઝવાનીરમાં અટવાઈને પોતાનાં હાથે જૈનશાસનનાં સત્ય સિદ્ધાન્તોને જાણે-અજાણે છેહ દઈ રહ્યા છે.

ચાતુર્માસ બાદ સુરતથી વિહાર કરી, ઉપાધ્યાયજી મહારાજ ખંભાત પધાર્યા. સ્થંભનતીર્થની પવિત્રભૂમિ પરનું પૂજ્યશ્રીનું આ આગમન અનેક રીતે યશસ્વી બન્યું. આમ પણ સ્થંભનતીર્થની ધરતી ગૂજરાતની ઇતિહાસ કિતાબમાં અમર થઇ ચૂકી છે. ભારતવર્ષની લોકોત્તર જૈનસંસ્કૃતિનો વિકાસ સૈકાઓના સૈકાઓ સુધી જે ધરતીએ જોયો, અનુભવ્યો અને પરિણમાવ્યો, એ બધી તીર્થસ્થાનીય પ્રાચીન ભૂમિઓમાં ખંભાતની ઐતિહાસિક ધર્મભૂમિએ ખૂબ મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે. એમ અવશ્ય કહી શકાય.

સુશ્રાવક શ્રી કસ્તૂરભાઈ આદિ ધર્મરસિક આત્માઓના આગ્રહથી ૯૪નું ચાતુર્માસ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે ખંભાતમાં કર્યું. સ્થંભનતીર્થની ઉગતી પ્રજાને પૂજ્યશ્રીના આ ચાતુર્માસમાં સારો લાભ મલ્યો. સાત વર્ષના ન્હાના બાળકોથી માંડી વીસ-પચીસ વર્ષના યુવાનો સુધી સહુ કોઈ સામાયિક, પૌષધ અને સ્નાત્રાદિક ધર્માનુષ્ઠાનોમાં સેંકડોની સંખ્યામાં રસપૂર્વક ભાગ લેતા રહ્યા. આજે પણ પર્યુષણાપર્વના દિવસોમાં ૬૪ પ્રહરનો પૌષધ કરનારા ન્હાના ન્હાના ૮ થી ૧૨ વર્ષની વયવાળા બાળકોની જે મોટી સંખ્યા ખંભાતમાં જણાઈ આવે છે તેટલી ગૂજરાત કે કાઠિયાવાડના કોઈ પણ શહેરમાં નજરે નથી પડતી એમ પ્રાયઃ કહી શકાય.

૯૪ના ચાતુર્માસ બાદ સુશ્રાવક શ્રી મુળચંદ દલાલ દ્વારા ગુરુમૂર્તિઓનો પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો. પૂજ્યશ્રીની ધર્મ સાન્નિધ્યમાં ગુરૂભક્તિનો આ મહાન સમારંભ ભવ્ય રીતે અને ખૂબ ધામધૂમથી ઉજવાયો. યુગપ્રધાનકલ્પ ન્યાયાંભોનિધિ પરમશાસનપ્રભાવક તપાગચ્છાધિ-

પતિ ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયાનન્દસૂરીશ્વરજી** મહારાજ; જંગમ-કલ્પતરૂ નિઃસ્પૃહ શિરોમણિ સુરિપુરંદર ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-**કમલસૂરીશ્વરજી** મહારાજ: અને સકલાગમરહસ્યવેદિ સાધુચરિત ૧૦૦૮ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજ:—આ ત્રણે પૂજ્ય સ્વર્ગીય સૂરિદેવોની ભવ્ય મૂર્તિઓનો એ પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રીના શુભ હસ્તે નિર્વિઘ્ને આ રીતે ઉજવાઈ ગયો.

તે વેળાયે મુંબઈ ખાતે બિરાજમાન પૂજ્ય પરમકારુણિક આચાર્ય-દેવ શ્રી વિજય**પ્રેમ**સૂરિ મહારાજે, શ્રી ઉપાધ્યાયજી મહારાજને સૂરિપદારૂઢ કરવાની પોતાની ભાવનાને અનુલક્ષી, મુંબઇ બાજૂ વિહાર કરવાની આજ્ઞા ફરમાવી. આથી તેઓશ્રીએ મુંબઇ બાજૂ વિહાર કર્યો.

**ગુરૂ**દેવસ્થાનીય વડિલ ઉપકારીઓની સેવામાં સદ્‌ભાવ પૂર્વકનો અર્પિતભાવ પૂજ્યશ્રી **ક્ષમા**વિજયજી મહારાજનાં જીવનમાં સુંદર રીતે ખીલ્યો હતો, ગમે ત્યારે, ગમે તે અવસરે તેઓશ્રી વડિલોની–ઉપકારી ગુરુજનોની આજ્ઞા સેવા કે ભક્તિનો મહામૂલ્ય લાભ નિઃસંકોચપણે લેવાને તૈયાર રહેતા. તેઓશ્રીના આ મહાન સદ્‌ગુણનો પ્રભાવ, શ્રદ્ધેય પરમ ગુરૂદેવોનાં નિસ્પૃહ હૃદયોને પણ એઓના પ્રત્યે મમતાભાવ પેદા કરતો હતો. જેમાં પૂજ્યશ્રીની સાચી અર્પિતતા અને પરમ ગુરૂદેવોની નિરપેક્ષ વાત્સલ્યવૃત્તિ. સેવ્ય સેવક વચ્ચે આ બન્ને સદ્‌ગુણોનો સાચો સુવર્ણસંગમ હતો.

**મું**બઈ લાલબાગ ખાતે નૂતન જિનમંદિરમાં દેવાધિદેવ શ્ર૦ ભ૦ શ્રી **મહા**વીર પરમાત્માનાં ભવ્ય, પ્રાચીન પ્રતિમાજીને સિંહાસનાધિરૂઢ કરવાનો મહોત્સવ માહ મહિનામાં શરૂ થયો. પૂજ્ય પરમકારુણિક ગુરુદેવ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય**પ્રેમ**સૂરિ મહારાજના ધર્મનેતૃત્વમાં તેઓશ્રીના પુણ્ય-હસ્તે પ્રતિષ્ઠા મહોત્સવ અને અંજનશલાકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયો.

**આ** દરમ્યાન મુંબઈના ધર્મશ્રદ્ધાળુ ભવિકોની આગ્રહપૂર્વકની વિનંતિ, અને પૂ. પરમ ગુરૂદેવ આચાર્ય મહારાજશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની, ઉપાધ્યાયજી મહારાજજી પ્રત્યેની વાત્સલ્યદષ્ટિ; આ બન્નેના સુવર્ણમેળે મહા સુદિ૦ સપ્તમીના શુભ મુહૂર્ત્તે મુંબઈ શહેરમાં વિશાલ

માનવમેદિનીની વચ્ચે પૂ. ક્ષમાવિજયજી મહારાજશ્રીને પૂ. આચાર્યદેવે સૂરિપદથી અલંકૃત કર્યા. ત્યારે તેઓશ્રીનું શુભ નામ 'પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયક્ષમાભદ્રસૂરિ' આ રીતે પ્રસિદ્ધિને પામ્યું. માહ મહિનામાં ઉજવાઈ ગયેલા આ બધા ધર્મ મહોત્સવોનાં પુણ્ય દિવસો જોનાર સહુ કોઇ ભક્તિભાવિત હૃદયોના આનન્દ, ઉલ્લાસ અને ઉત્સાહના સાગરને નિરવિધિ બનાવી વિદાય થઇ ગયા. અને પૂજ્યશ્રીએ મુંબઇથી વિહાર કર્યો.

૯૫ નું ચાતુર્માસ વાપીના સંઘના આગ્રહથી પૂજ્યશ્રીએ વાપી કર્યું, આ વેળાયે શ્રી ગૌતમીય મહાકાવ્યનું સંપાદન પૂજ્યશ્રીએ હાથ ધર્યું હતું. નિર્ણયસાગર પ્રેસમાં આ કાર્ય ચાલતું હતું, આ કાર્ય શીઘ્ર પૂર્ણ કરવાની તેઓશ્રીની ભાવના હતી, જ્યારે પ્રેસમાંથી બન્ને વખત પ્રુફ-શીટસો—ગેલીઓ વાપી મુકામે પોષ્ટ દ્વારા જાય, આવે, સુધારા વગેરે થાય આમાં સમય ઘણો થાય. આથી પૂજ્યશ્રીએ આ કાર્ય મને સોંપ્યું. કારણ કે મારૂં એ ચાતુર્માસ પૂ. પરમ ગુરૂદેવશ્રીની આજ્ઞાથી અન્ય મુનિવરોની સાથે મુંબઇ—લાલબાગ ખાતે તે વેળાયે હતું.

સંપાદન કાર્યનો અનુભવ મારે માટે નવો હતો. 'ગૌતમીયકાવ્ય—સટીક' અત્યાર સુધી અમુદ્રિત અવસ્થામાં હતું, મૂલ ગ્રન્થનું મુદ્રણ થયું હતું, સટીક ગ્રન્થની એક પ્રેસ કોપી પરથી પ્રુફો જોવાં, તેની ટીકામાં આવતા વ્યાકરણના સૂત્રો કે શબ્દકોષના શ્લોકોની શોધ કરી, સાથે કાટખૂણ કાઉંસમાં તેનાં સ્થાનોની નોંધ મૂકવી; ટીપ્પણો કરી મૂલની હકીકતને વધુ સ્પષ્ટ કરવી—ઇત્યાદિ, હું મારી શક્તિ—સામગ્રી મુજબ કરતો, અને પૂજ્યશ્રીની સલાહ, સૂચના તેમ જ માર્ગદર્શનો આમાં મને વારંવાર મળતા રહ્યા, જેના યોગે મારા અનુભવમાં વધારો થવા લાગ્યો. કહેવું જોઇએ કે, પૂજ્ય આચાર્યશ્રી વિજયક્ષમાભદ્રસૂરિજીની વાત્સલ્યદૃષ્ટિ અને પોતાનાં જ્ઞાન, અનુભવ કે અભ્યાસનો લાભ અન્યોને આપવાની ઉત્સુકતા મને આ સંપાદન કાર્યમાં ખૂબ જ પ્રેરણા પાનારી બની.

વાપીના ચાતુર્માસ બાદ, તેઓશ્રીની સંપાદન વ્યવસ્થાનું કાર્ય ચોમેર વિસ્તૃત બનતું ગયું. ત્યારબાદ મારવાડ, માળવા વગેરે પ્રદેશોમાં તેઓ-

શ્રીએ વિહાર લંબાવ્યો. મારવાડમાં બેડા મુકામે તેઓશ્રીએ વિશાલ જ્ઞાન-ભંડાર સ્થાપ્યો. જેમાં દરેકે દરેક ભાષાના સાહિત્ય ગ્રન્થોનો સુંદર સંગ્રહ વ્યવસ્થિત રીતે તેઓશ્રીએ કર્યો. જૈનાગમોથી માંડી જ્યોતિષ, શિલ્પ, ઇત્યાદિ વિષયના સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ઉર્દૂ, ઇંગ્લીશ આદિ અનેક ભાષાના સેંકડો બહુમૂલ્ય ગ્રન્થો એ જ્ઞાનભંડારમાં તેઓશ્રીએ સંગ્રહીત કર્યા.

૯૬ ના વૈશાખ મહિનામાં એ જ્ઞાનમંદિરમાં શ્રી વિમલનાથ ભગવાનની પ્રતિષ્ઠા અને ગુરૂમૂર્તિની સ્થાપના પૂજ્યશ્રીની છત્રછાયામાં મહોત્સવપૂર્વક થઈ, જેમાં સુશ્રાવક શ્રી પુનમચંદ ગોમાજીએ પોતાની લક્ષ્મીનો સારો લાભ લીધો.

૯૭, ૯૮ આમ બન્ને વર્ષો માલવા, મારવાડમાં વિચરી; તેઓશ્રી ૯૯ ના ફાગણ મહિનામાં રાજનગર મુકામે પધાર્યા.

## 'ઐતિહાસિક' કથા-લેખકની વફાદારી

ઐતિહાસિક નવલકથાકાર સ્થળકાળના વાતાવરણથી બંધાયેલો જ છે. એ વાતાવરણને વફાદાર ન રહેવું હોય તો ભલે એ ન રહે, હું પોતે પણ કદાચ ન રહું. પણ હું તેને ઐતિહાસિક ન કહું. ઇતિહાસનું વાતાવરણ પોતાને ગમે તે રીતે ફેરવી નાખવાનો હક્ક કોઈનો ન હોઈ શકે.

વાતાવરણને વફાદાર એવી સાચી 'ઐતિહાસિક' નવલકથા તો કસોટીરૂપે હોય છે. ઇતિહાસને એ મદદ પણ કરે છે, પરંતુ એ રીતે વફાદાર રહેવામાં ન આવે તો એ સાચી ઐતિહાસિક નવલકથા ન હોઈ શકે.

શ્રી મુન્શીની ઐતિહાસિક નવલકથાની ચર્ચામાં } —શ્રી રામનારાયણ પાઠક

# 'શ્રી સર્વજ્ઞદેવ કથિત શાસ્ત્રો'–એ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું સાધન છે.

**પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ**

**સમ્યગ્જ્ઞાન વિના જેમ ભક્ષ્યાભક્ષ્ય, પેય કે અપેય, ગમ્ય કે અગમ્ય, કૃત્ય કે અકૃત્યનો ભેદ પડી શકતો નથી, તેમ જીવ, અજીવ, પાપ, પુણ્ય, ધર્મ, અધર્મ, હિત કે અહિતનો પણ વિવેક થઇ શકતો નથી.**

**સમ્યગ્જ્ઞાનની સ્હેલી અને સરળ વ્યાખ્યા એક જ કે 'જેનાથી પરિણામે હિત સાધી શકાય તેવી વસ્તુઓ જણાય એનું નામ સમ્યગ્જ્ઞાન'.**

**ત્રિકાળજ્ઞાનીઓનાં શાસ્ત્રો સિવાય આ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી. ત્રિકાલજ્ઞાનિઓ આજે હયાત નથી, પણ ત્રિકાલજ્ઞાનિઓએ કહેલાં શાસ્ત્રો આજે પણ હયાત છે.**

**જે શાસ્ત્રોનો વિષય 'સ્યાદ્વાદ' અને જે શાસ્ત્રોનું વિધાન 'અહિંસા' છે તે શાસ્ત્રો ત્રિકાલજ્ઞાની શ્રી સર્વજ્ઞદેવોએ રચેલા છે એમ આજે પણ સૌ કોઈ ( ઇચ્છે તો ) જાણી અને સમજી શકે છે.**

## ( Right Knowledge )

**चक्षुष्मन्तस्त एव हि, ये श्रुतज्ञानचक्षुषा ।**
**सम्यक् सदैव पश्यन्ति, भावान् हेयेतरान्नराः ॥**

શ્રુત જ્ઞાનરૂપી ચક્ષુવડે જેઓ ત્યાગ કરવા લાયક અને આદર કરવા લાયક પદાર્થોને નિરંતર સમ્યક્ પ્રકારે જૂએ છે, તેઓ જ આ વિશ્વમાં ચક્ષુવાળા છે.

જ્ઞાન એ પ્રકાશ છે અને અજ્ઞાન એ અંધકાર છે. અંધકાર સમાન આ જગતમાં બીજો એક પણ શ્રાપ નથી. સોનાની ડુંગરીઓ અને હિરાના ઢગલાઓ વચ્ચે પણ આંખ વિનાના માણસને કાંઈ સુખ નથી.

આંખવાળા માણસને પણ પ્રકાશના અભાવમાં સોનું અને પિત્તળ, હિરો અને પત્થર, મોતી અને માટી સમાન છે. સોનાને સોના તરીકે અને પિત્તળને પિત્તળ તરીકે, મોતીને મોતી તરીકે, હિરાને હિરા તરીકે અને પત્થરને પત્થર તરીકે ઓળખાવનાર આંખ, એ પ્રકાશ છે. એના વિના બધું જ અંધારૂં છે. અંધકારમાં વસનારને ધોળું અને કાળું, સારૂં અને નરસું, કિંમતી અને અકિંમતીપણાનો વિચાર પ્રકાશની હયાતીમાં જ થઇ શકે છે, તે કારણે પ્રકાશની કિંમત દુનિઆમાં સૌથી શ્રેષ્ટ ગણાય છે, અને અંધકારનું કષ્ટ સૌથી વધારે મનાય છે.

અજ્ઞાન પણ એક પ્રકારનો અંધકાર જ છે. બાહ્ય અંધકાર કરતાં પણ વધારે કષ્ટદાયક છે અને પીડાકારક છે. અજ્ઞાન, અંધકારની હયાતિમાં જીવને બાહ્ય ચક્ષુ મળી હોય, બાહ્ય પ્રકાશ મળ્યો હોય, બાહ્ય સુખની સામગ્રી મળી હોય, તોપણ તેનાથી હિત સાધી શકતો નથી; સુખ પામી શકતો નથી, શાંતિ અનુભવી શકતો નથી. સુખ શાંતિ કે હિતની સાધના માટે બાહ્ય સામગ્રીઓની સાથે, બાહ્ય પ્રકાશની સાથે, બાહ્ય ચક્ષુની સાથે, તેને જ્ઞાન ચક્ષુની જરૂર પડે છે. જ્ઞાન ચક્ષુ વિના કરવા લાયક કે નહિ કરવા લાયક, કૃત્યોનો વિભાગ થઈ શકતો નથી તેથી નહિં કરવા લાયક કૃત્યોને કરીને અને કરવા લાયક કૃત્યોને નહિં કરીને જીવ પોતાનું અહિત સાધે છે, અને હિત સાધી શકતો નથી. હિત સાધવા માટે બાહ્ય ચક્ષુ કે બાહ્ય પ્રકાશ સહાય્યક બની શકતો નથી, એ માટે તો એક જ્ઞાન ચક્ષુ જ ઉપકારી બની શકે છે.

એ જ્ઞાન ચક્ષુ જેઓને મલી નથી, તેઓ એક જ જીંદગીમાં કેટલાં અકથ્ય પાપોને આચરે છે અને પરિણામે કેટલા અસહ્ય કષ્ટોને સહે છે તેને વર્તમાન જગત સમક્ષ ખુલ્લી ચક્ષુ રાખીને જોનારો સહેજે સમજી શકે છે. આજે માણસો નહિં ખાવા લાયક( માંસાદિ )ને ખાતા હોય, નહિં પીવા લાયક (મદિરાદિ) ને પીતા હોય, નહિં ભોગવવા લાયક (પરદારાદિ) ને ભોગવતા હોય, નહિં માનવા લાયક (કુમતાદિ) ને માનતા હોય, કે નહિં આચરવા લાયક (હિંસાદિ) ને આચરતા હોય અને પરિ-

ણામે પોતાનું ભયંકર અહિત સાધતા હોય, તો તે એક સમ્યગ્જ્ઞાનરૂપી અંતરચક્ષુના અભાવનું જ ફળ છે, એનો ઇનકાર કોનાથી થઈ શકશે?

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, કૃત્યાકૃત્ય કે સત્યાસત્ય વિચાર જે ચક્ષુથી થઈ શકે છે, અને જે ચક્ષુ વિના નથી જ થઇ શકતો તે ચક્ષુની આજે જ જરૂર છે એમ નહિ, પણ સર્વ કાળે જરૂર છે. એની જરૂર નથી એમ જે કોઈ કહે છે તે જીવો અત્યંત દુઃખદાયી અંધકારની જ હીમાયત કરે છે અને તે જીવો અત્યંત સુખદાયી પ્રકાશનો જ વિરોધ કરે છે, એમ કહેવામાં લેશ માત્ર પણ ખોટું નથી.

સમ્યગ્જ્ઞાન વિના જેમ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, કૃત્યાકૃત્ય, કે સત્યાસત્યનો ભેદ પડી શકતો નથી, તેમ જીવ, અજીવ, પુણ્ય, પાપ, ધર્મ, અધર્મ, તત્ત્વ, અતત્ત્વ, હિત, અહિત, ઇત્યાદિનો પણ વિવેક થઇ શકતો નથી, અને એ વિવેકના અભાવે જીવનમાં સદાચાર નાશ પામતો જાય છે અને દુરાચાર પ્રવેશ પામતો જાય છે. પરિણામે દુર્ગતિ અને અનર્થોની પરંપરા સિવાય કંઈ બચત રહેતું નથી. એ બધાથી બચવાનો અને બચાવવાનો એકનો એક અને સરળમાં સરળ ઉપાય સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ અને પ્રચાર છે.

પણ સમ્યગ્જ્ઞાન કહેવું કોને?—આ સંબંધી આજે ઘણો વાદવિવાદ છે. સૌ પોતાને મનગમતી અને પસંદ પડતી વ્યાખ્યાઓ બાંધે છે. જેનું જેમાં હિત અને જેનો જેમાં સ્વાર્થ હોય, તે જ એક વ્યાખ્યાને તે સત્ય તરીકે સાબીત કરવા મથે છે અને તેનો જ એક પ્રચાર કરવાને માટે તે પોતાની સઘળી શક્તિઓનો ઉપયોગ કરે છે. આપણે તે બધી વ્યાખ્યાઓનું અહિં પ્રયોજન નથી. સમ્યગ્જ્ઞાનની સહેલી અને સરળ વ્યાખ્યા એક જ છે કે, 'જેનાથી પરિણામે હિત સધાય તેવી વસ્તુઓ જણાય એનું નામ સમ્યગ્જ્ઞાન'.

પરિણામે હિત સધાય તેવી વસ્તુઓને જાણવા માટેનું આજે સાધન શું? એ સાધન ત્રિકાળ જ્ઞાનીઓના શાસ્ત્રો સિવાય આજે બીજું એક પણ નથી. આજે કોઈ ત્રિકાળ જ્ઞાની આ ક્ષેત્રમાં હયાત નથી પણ;

ત્રિકાળ જ્ઞાનીઓએ કહેલાં શાસ્ત્રો હયાત છે. ત્રિકાળ જ્ઞાનીઓએ કહેલાં શાસ્ત્રો પણ આજે હયાત નથી એમ જો કોઈ કહેતું હોય, તો તે માનવા લાયક નથી. એમ કહેવાની પાછળ એનું અજ્ઞાન અથવા સ્વાર્થ રહેલો હોવો જોઇએ.

અનેક શાસ્ત્રોમાં ત્રિકાળ જ્ઞાનિઓએ કહેલાં શાસ્ત્રો કયાં ? અને એને ઓળખવાં શી રીતે ? આ એક ઘણો જ ગૂંચવણમાં નાખનારો પ્રશ્ન છે. પણ જેઓને સમ્યગ્જ્ઞાનનો ખપ છે તેઓને માટે તેનું સમાધાન દુષ્કર નથી. જે શાસ્ત્રો, જગત જેવું છે તેને તે સ્વરૂપમાં જ જણાવે છે, અને જે શાસ્ત્રોનું એક પણ વચન પ્રત્યક્ષ જગતથી વિરૂદ્ધ જતી એક પણ વાતનું સમર્થન કરતું નથી, તે જ શાસ્ત્ર ત્રિકાળ જ્ઞાનીઓનું કહેલું છે.

પ્રત્યક્ષ જગત કેવળ નિત્ય (**Permanent**) નથી કે કેવળ અનિત્ય (**Changing**) નથી. દ્રવ્યરૂપે કાયમ રહીને, પ્રતીક્ષણ પર્યાયરૂપે પલટાયા કરે છે તેથી નિત્યાનિત્ય ઉભય સ્વરૂપ છે. (**Changing and Permanent are both real**) જગતનો કોઇ પણ પદાર્થ એ ઉભય સ્વરૂપને છોડીને રહી શકતો નથી. કોઈ પણ પદાર્થને કેવળ નિત્ય માનવો કે કેવળ અનિત્ય માનવો એ પ્રત્યક્ષ 'મૃષાવાદ' છે. એવા મૃષાવાદને આશ્રય જે શાસ્ત્રકારોએ લીધો નથી, કિંતુ જગતનું સત્ય સ્વરૂપ બતાવવા માટે સ્યાદ્વાદનો આશ્રય લીધો છે, તે શાસ્ત્રકારોના શાસ્ત્રો પરમ શ્રધ્ધેય છે.

શાસ્ત્રોની સત્યતાની બીજી કસોટી અહિંસા છે. જે શાસ્ત્રો હિંસાને પણ ધર્મ તરીકે સમજાવતા હોય તે શાસ્ત્રો ત્રિકાળ જ્ઞાની, અને વીતરાગ પુરૂષોનાં બનાવેલાં સિદ્ધ થતાં નથી. હિંસા એ સર્વ દેશ અને સર્વ કાળમાં સર્વ જીવોને અનિષ્ટ છે, અને તેને આચરનારો કાર્ય-કારણ ( **Action-reaction** ) ના નિયમ **We should do to others, as we would be done by ( Principle of reciprocity )** મુજબ કદી પણ બદલામાં સુખને મેળવી શકે નહિં. ' જે જેવું વાવે તેવું લણે ' '**As you sow, so shall you reap**' એ નિયમને એક નાનું બાળક; કે એક અજ્ઞાન ખેડુત પણ જાણી શકે છે.

છતાં હિંસા એટલે બીજાને દુઃખ દેવાની ક્રિયાથી 'ધર્મ' અને 'અહિંસા' એટલે બીજાને સુખ દેવાની ક્રિયાથી 'અધર્મ' થાય છે એમ કોઇ શાસ્ત્ર, કે કોઈ શાસ્ત્રકાર (કોઇ એક સ્થળે ભૂલથી પણ) નિરૂપણ કરે છે તો તે અજ્ઞાની, અસત્યવાદી, અને અશ્રધ્ધેય ઠરે છે. તો જે શાસ્ત્રોમાં એવા એક નહિં પણ અનેક નિરૂપણો આલેખાએલાં હોય તે શાસ્ત્રોમાં કહેલી તે અને બીજી વાતો 'સમ્યગ્જ્ઞાન' ના અર્થને માન્ય થઇ શકતી નથી. ત્રિકાળજ્ઞાની, અને સર્વ જગહિતૈષી (સર્વજ્ઞ અને વીતરાગ) પુરૂષોનાં કહેલા શાસ્ત્રોમાં 'હિંસા' એ અધર્મ અને 'અહિંસા' એ જ ધર્મ હોય. એ સત્શાસ્ત્રોની બીજી કસોટી છે.

પરંતુ વિશ્વનું સ્વરૂપ સમજવા માટે 'સ્યાદ્વાદ' ન્યાયનો આશ્રય લીધા સિવાય જેમ ચાલતું નથી. તેમ અહિંસાનું શુદ્ધ સ્વરૂપ સમજવા માટે પણ 'સ્યાદ્વાદ' ન્યાયનો આશ્રય લીધા સિવાય ચાલતું નથી. કારણ 'અહિંસા' પણ બે વિભાગમાં વહેંચાએલી છે. એક જીવવધની ક્રિયા રૂપે (Injury.) બીજી જીવ વધના પરિણામરૂપે, (Intention) જીવ વધની ક્રિયા અનેક પ્રકારની હોય છે. અને જીવ વધનો અધ્યવસાય પણ અનેક પ્રકારનો હોય છે. તેથી જેવા જેવા પ્રકારના જીવોનો વધ અને તેની પાછળ રહેલો જેવો જેવો વધ કરનારનો અધ્યવસાય, તે મુજબ તેને 'હિંસા' અને 'અહિંસા'નું ફળ મળી શકે છે. એ રીતે હિંસા અને અહિંસાનો સર્વાંગીણ ('Perfect') અને સૂક્ષ્મતમ (Minutest) વિચાર જે શાસ્ત્રોમાં રહેલો છે, તે શાસ્ત્રો ત્રિકાળ જ્ઞાની અને સર્વ જગ-હિતૈષી પુરૂષોનાં રચેલાં આપોઆપ સાબીત થઇ જાય છે.

એવાં શાસ્ત્રોમાં ભક્ષ્ય, અભક્ષ્ય, પેય, અપેય, ગમ્ય, અગમ્ય, કૃત્ય, અકૃત્ય, કે સત્ય, અસત્યનું જે નિરૂપણ કરેલું છે, તે સત્ય જ હોય છે અને તેને અનુસરીને જીવન જીવવું એ ત્રૈકાલિક હિતનો માર્ગ છે.

આથી એ સિદ્ધ થયું છે કે, જે શાસ્ત્રોનો વિષય 'સ્યાદ્વાદ' અને જે શાસ્ત્રોનું વિધાન 'અહિંસા' તે શાસ્ત્રો ત્રિકાળ જ્ઞાનીનાં રચેલાં છે, એમ આજે પણ સૌ કોઈ (ઇચ્છે તો) જાણી અને સમજી શકે છે. આ

જન્મ કે ભવિષ્યનાં જન્મોનું હિત સાધવાનાં માર્ગમાં તે શાસ્ત્રોનો આશ્રય લેવો એ જ એક પરમ કર્તવ્યરૂપ છે. જેઓ એ શાસ્ત્રોના પ્રકાશથી દૂર છે, તેઓ ભાવ અંધકારમાં રહેલા છે, અને જેઓ એ શાસ્ત્રોના પ્રકાશમાં પોતાનું જીવન જીવી રહ્યા છે. તેઓ પોતાનું અને સાથે શક્તિ મુજબ બીજાનું પણ કલ્યાણ સાધી રહ્યા છે.

સમ્યગ્જ્ઞાનના અમૂલ્ય ખજાના ( Treasures ) સમા એ શાસ્ત્રોને અનુસરવું એ જેમ હિતાર્થીઓનું કર્તવ્ય છે તેમ એ શાસ્ત્રોને ઉત્પન્ન કરનાર અને આજ સુધી તેને આપણા સુધી પહોંચાડનાર અનેક ઉપકારી શ્રી વીતરાગ પરમાત્માઓ, આચાર્ય ભગવંતો, અને તેમના શાસ્ત્રોને ભણનાર અને તેમના કથન કરેલા માર્ગે ચાલનારા મહામુનિવરોને નિરંતર વાંદવા, પૂજવા, સત્કારવા અને સન્માનવા એ સૌ કૃતજ્ઞ સજ્જનગણનું પરમ કર્તવ્ય છે. એમાં સત્યની સેવા, ધર્મની ( સેવા ) રક્ષા અને સુખની વૃદ્ધિ છે.

## આપણે આજે કેમ જીવવું ?

જગત આજે જે ભયંકર યાતનાઓ વચ્ચેથી પસાર થઈ રહ્યું છે, તેમાંથી મુક્ત ક્યારે થઈ શકાય ? પ્રત્યેક આત્મા, સમાજ કે દેશે પોતાનાં જીવનને કે વ્યક્તિત્ત્વને સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક મહત્ત્વ આપી આનો જવાબ આ રીતે જીવનમાં જીવી લેવો જોઈએ અને તે એ કે, 'પ્રાપ્તસ્થિતિમાં સંતોષ અને જે નથી પ્રાપ્ત થઈ તેવી બાહ્ય ધન, સ્વજન આદિ આધિભૌતિક સામગ્રીઓ પ્રત્યેની તૃષ્ણાને જીતી લેવાનું આત્મબળ'

આટલું જો આપણે સમજીને સ્વીકારી લઈએ તો આપણાં વર્તમાન દુઃખોનો વિનાશ આપણે જ કરી શકીશું.

# મંત્રીશ્વર શ્રી અભયકુમાર

## શ્રી જયંતિ શાહ.

**જૈન ઇતિહાસમાં જેની યશોગાથાઓ અમર બની ચૂકી છે, તે મંત્રીશ્વર શ્રી અભયકુમારને અંગેની કેટલીક ઐતિહાસિક વિચારણા અહિં રજૂ થઇ છે.**

**શ્રી ભગવાન શ્રી મહાવીરદેવના કાલનો આ ઈતિહાસ છે. જૈનદૃષ્ટિયે મંત્રીશ્વરની જીવનકથા આપણને જે કંઈ પ્રમાણિકપણે કહી જાય છે, તે શ્રદ્ધેય તરીકે સ્વીકારીને તે, અને તદુપરાંત બૌદ્ધસાહિત્ય આને અંગે જે હકીકત પોતાના પૃષ્ઠો પર નોંધે છે તે–આ બન્ને નોંધો શ્રી જયંતિ શાહની કલમદ્વારા અમે અહિં મૂકીએ છીએ.**

વિક્રમનું વર્ષ વિદાય થાય છે અને નૂતન વર્ષના સાથીઆ પૂરાય છે. વર્ષારંભના માંગલિક મુહૂર્તમાં જૈનો ચોપડા લખે છે. આ ચોપડામાં 'શ્રી **અભયકુમારની** બુદ્ધિ હજો !'ના ગુણગાન ગવાઇ જાય છે. સારૂં યે ભારતવર્ષ આ પ્રસંગે શ્રી **અભયકુમારને** અભિવંદે છે.

ઇતિહાસના સુશોભનકારોએ **અભયકુમારનું** જીવન ચિત્રણ ખૂબ જ સરસ રીતે ભારતીય ઇતિહાસ ગ્રંથોમાં ઉપલબ્ધ કર્યું છે. એ પ્રકાશનોએ સિદ્ધ કર્યું છે કે, અભયકુમારનું વ્યક્તિત્વ જ્વલંત હતુ. જીવનની ભાવના અને સંસ્કાર ઉચ્ચ હતા. એક રીતે નહિ પણ અનેક રીતે જીવનના અદ્દ્ભુત અને રમ્ય પ્રસંગોમાં અભયકુમારે બુદ્ધિનો પ્રત્યક્ષ પરિચય આપ્યો હતો.

પ્રાચીન ભારતવર્ષના ઇતિહાસમાં **મગધે** અગત્યનો અને મહા મૂલ્યવાન ફાળો આપ્યો છે. પુરાતન સંસ્કૃતિનાં સંશોધકોએ એટલું તો સિદ્ધ કર્યું છે કે, ઉત્તર હિન્દુસ્થાનનું પહેલવહેલું સામ્રાજ્ય મૂળ **મગધમાંથી** ઘડાયું

હતું. મગધમાંથી ખૂબ જ વિસ્તાર પામ્યું હતું અને દૂર દૂર અફઘાની-સ્તાન, બંગાળ અને સંયુક્ત પ્રાંત લગી પહોંચ્યું હતું. મગધનો પુરાણો ઇતિહાસ શિશુનાગવંશથી આરંભાય છે.

શિશુનાગવંશનો આદિ અને મહાસમર્થ પુરૂષ બિંબિસાર હતો. જૈન કથાકારોએ બિંબિસારને પરમાર્હત શ્રેણિકના નામે ઓળખાવ્યો છે. જૈનતર સાહિત્યમાં બિંબિસાર નામથી માન પામ્યો છે. બૌદ્ધ પિટ્ટકોમાં બિંબિસારનું જીવન ચિત્રણ 'શ્રેણિક' નામે આલેખાઇ ગયું છે. શિશુ-નાગવંશનો બિંબિસાર જીવન જ્યોતિ હતો.

મગધનું પાટનગર રાજગૃહ હતું. સંશોધન દ્વારા પ્રાપ્ત થયું છે કે, રાજાએ પાયો નાંખ્યો એટલે આ નગરનું નામ રાજગૃહ યોજવામાં આવ્યું. રાજગૃહમાં બધા ઘરો રાજાના મહેલ જેવા હતા. એટલે રાજગૃહ નામ મગધના ઇતિહાસમાં પ્રચાર પામ્યું છે.

મગધના પ્રવાસે ફાહીયાન નામક પ્રવાસી આવ્યો હતો ત્યારે તેની નોંધપોથીમાં તેણે લખ્યું હતું કે, 'મારા પ્રવાસ સમયે રાજગૃહ તદ્દન ઉજજડ અને વેરાન બની ગયું હતું રાજગૃહનો પાયો. બિંબિસારે નહી પણ અજાતશત્રુએ નાંખ્યો હતો' ફાહીયાને (ઇ. સ. ૪૦૦) મગધના પાટનગર રાજગૃહને ખૂબ જ વિશાળ અને ભવ્ય નગરની ઉપમા આપી છે.

જૈનો અને બૌદ્ધોની પ્રાચીન કીર્તિકથાનું મધ્યબિન્દુ એટલે રાજ-ગૃહ, જૈન અને બૌદ્ધ સંસ્કૃતિને સંરક્ષવામાં આ નગરે મહદ્ ભાગ ભજવ્યો છે. રાજગૃહમાંથી શ્રી તીર્થંકર દેવો, ધર્મપ્રચારકો અને તપ-સ્વીઓએ પ્રેરણા મેળવી છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ અને શ્રી ગૌતમબુધ્ધે મોટે ભાગે અહીંથી જ સુતેલી દુનિયાને જાગૃત કરી હતી. દયા અને માનવતાનો પાઠ જનતાને શીખવ્યો હતો.

જૈન સાહિત્યમાં શ્રેણિકની રાણીઓ અને પુત્રોની સંખ્યા તથા નામ આ રીતે ઉપલબ્ધ થાય છે.

રાણીઓ:–(૧) ચેલણા (૨) નંદા (૩) નંદમતી (૪) નન્દો•

તારા (૫) નંદસેના (૬) મરૂતા (૭) સુમરૂતા (૮) મહામરૂતા (૯) મરૂદેવા (૧૦) ભદ્રા (૧૧) સુભદ્રા (૧૨) સુજાતા (૧૩) સુમાનસા (૧૪) ભૂતાદિન્ના (૧૫) કાલી (૧૬) સુકાલી (૧૭) મહાકાલી (૧૮) કૃષ્ણા (૧૯) સુકૃષ્ણા (૨૦) મહાકૃષ્ણા (૨૫) ધારિણી (૨૬) દુર્ગંધા.

પુત્રોઃ–(૧) અભયકુમાર (૨) કુણિક (૩) હલ્લ (૪) વિહલ્લ (૫) મેઘકુમાર (૬) નંદિષેણુ (૭) કાલીકુમાર (૮) સુકાલીકુમાર (૯) મહાકાલીકુમાર (૧૦) કૃષ્ણકુમાર (૧૧) સુકૃષ્ણકુમાર (૧૨) મહાકૃષ્ણકુમાર (૧૩) વીરકૃષ્ણકુમાર (૧૪) રામકૃષ્ણકુમાર (૧૫) પદ્મસેણકુમાર (૧૬) મહાસેણકુમાર (૧૭) જાલી (૧૮) મયાલી (૧૯) ઉવયાલી (૨૦) પુરૂષસેન (૨૧) વીરસેન (૨૨) લઠદન્ત (૨૩) દીર્ઘદંત (૨૪) દીર્ઘસેન (૨૫) મહાસેન (૨૬) ગૂઢદન્ત (૨૭) શુદ્ધદંત (૨૮) દ્રુમ (૨૯) દ્રુમસેન (૩૦) મહાદ્રુમસેન (૩૧) સિંહ (૩૨) સિંહસેન (૩૩) મહાસિંહસેન (૩૪) પુણ્યસેન.

શ્રેણિકની રાણીઓ અને સંતાનો ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા. આ સંતાનો અને રાણીઓએ ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી હતી એવો જૈન સાહિત્યમાં ઉલ્લેખ છે.

જૈન ઇતિહાસમાં અભયકુમારે શ્રેણિકના મુખ્ય સંતાન તરીકે સ્થાન મેળવ્યું છે. અભયકુમાર રાણી નંદાનો પુત્ર તરીકે વિશિષ્ટ સ્થાન પામ્યો છે. નંદાનુ ચરિત્ર ચિત્રણ ઇતિહાસકારોએ રૂપેરી રંગથી આલેખ્યું છે. અભયકુમાર મોસાળમાં મોટો થાય છે. મોસાળમાં ભણે છે. ઉમ્મર વધતી જાય છે. પિતાનું નામ ઠામ જાણવા માટે પ્રયત્ન કરે છે. ‘પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરનાર કયાંનો છે?’ તે જાણવાની પિતાને જરાય જેટલી ઇચ્છા નથી. રાણી નંદાને ગર્ભ રહે છે, શ્રેણિક વિદાય માગે છે. તો પણ પિતા અથવા કોઇ સ્વજન પુછગાછ કરતું હોતું નથી. શ્રેણિક વખત જતાં નંદાને યાદ પણ કરતો નથી. શ્રેણિક વિદાય વેળાએ વીંટી આપીને ચાલી જાય છે. નંદાના પિતાને પણ પુત્રીનું પાણિગ્રહણ કર-

નારની તપાસ આદરવાની ઈચ્છા થતી નથી, આવી કથા જૈન ઇતિહાસમાં અમર છે.

૨

બૌદ્ધસાહિત્યની દૃષ્ટિયે શ્રેણિકના જીવનમાં રાણી ચેલ્લણા–આમ્રપાલી અને દુર્ગંધાએ અગત્યનો ભાગ ભજવ્યો છે. આમ્રપાલી વૈશાલિની મહાસુંદર કૌમાર્યવ્રતધારિણી લિચ્છવી કન્યા હતી. વૈશાલીવાસીઓ એના સૌન્દર્ય પાછળ મુગ્ધ હતા. નાચ, ગાન અને વીણાવાદ્યમાં એના જેવી સર્વોત્તમ વૈશાલીમાં કોઈ વ્યક્તિ નહતી. વૈશાલી પોતાના ગણતંત્ર માટે અભિમાન ધરાવતું હતું.

મગધ, કોશલ, કોશંબી અને અવંતી જેવા સમર્થ રાજતંત્રો વચ્ચે વૈશાલિના લિચ્છવીઓ ગણતંત્રનું ગૌરવ જાળવી રહ્યા હતા. વૈશાલિના ગણતંત્રે એક કડક શરત મૂકી હતી કે, વૈશાલીની જે કન્યા અત્યંત સુંદર હોય તે કોઈ એક પુરૂષની સંગિની થઈ શકે નહી. લિચ્છવી કુમારો આમ્રપાલી માટે સ્પર્ધામાં ઉતરતા.'

એક સમયની વાત છે, મગધના રાજકુમાર શ્રેણિક વૈશાલીમાં આવી ચઢ્યો. આમ્રપાલીએ મગધના આ રાજકુમારને સંથાગરમાં જોયો હતો. આમ્રપાલીએ બિંબિસારના જીવનમાં પ્રેરણા મૂકી. બિંબિસારે આમ્રપાલીના જીવનમાં પ્રેરણા મૂકી. અરસપરસ એકમત થયા. આમ્રપાલી અને શ્રેણિક-બિંબસારના સુહાગી મીલનને કેટલી ય રાત્રીઓ વહી ગઇ. વખત જતાં આમ્રપાલીએ એક મહા બુદ્ધિવાન પુત્રને જન્મ આપ્યો. આ પુત્રનું નામ અભયકુમાર.

આમ્રપાલી કૌમારવ્રતધારી વૈશાલી કન્યા હતી અને પાછળથી શ્રેણિકને પરણી હતી. લિચ્છવીના ગણતંત્ર સામે આમ્રપાલીએ વિરોધ ઉઠાવ્યો હતો. અભયકુમારને વખતોવખત લિચ્છવીકુમાર કહેવામાં આવ્યો છે. બૌદ્ધ સાહિત્યમાં અજાતશત્રુને વૈદેહિ પુત્ર હતો એમ જણાવવામાં આવ્યું છે. આ ઉપરથી અભયકુમાર તરફ હંમેશા અજાતશત્રુ કોણિક શંકાની દૃષ્ટિ રાખતો હતો.

બૌદ્ધસાહિત્યમાં એક આખ્યાયિકા છે કે, ગંગા ઉપર એક બંદર હતું તેમાં મગધરાજ અને લિચ્છવીઓનો અડધો અડધ ભાગ હતો. બંદર ઉપર ઘણો કિંમતી માલ આવતો. અજાતશત્રુ વિચારમાં રહેતો. આજે જઇશ–કાલે જઇશ. એવા વિચારો સેવતો. લિચ્છવીઓ સૌ એક સાથે મળી બધું લઈ આવતા. છેવટે અજાતશત્રુના ભાગે કશું ન આવતું. આથી અજાતશત્રુ ખૂબ જ બળ્યા કરતો. અભયકુમાર હંમેશા લિચ્છવીઓનો પક્ષ લેતો હતો. અભયકુમારની નસોમાં લિચ્છવીઓનું લોહી વહેતું હતું

તદુપરાંત બૌદ્ધ સાહિત્યમાં એક ઉલ્લેખ એવો છે કે, ઉજ્જૈનની એક પદ્માવતી પણ અભયકુમારની માતા હતી. એટલે પદ્માવતી અભયકુમારની માતા હોવાની હકીકત મળે છે.

**આમ્રપાલી ગૌ**તમબુદ્ધની પરમ ભકત હતી. ગૌતમબુદ્ધને ચરણે રાજ-મહેલ જેવો મહેલ અને ઉદ્યાન એણે સમર્પણ કર્યા હતા અને પોતે પણ વૈરાગ્ય પામી સંસાર ત્યાગીઓના સમૂહમાં ભળી ગઈ હતી.

ઐતિહાસિક દૃષ્ટિનું સંશોધન કરતા શ્રેણિક અને શ્રી બુદ્ધ સમકાલીન હતા. સંશોધકોનો શુદ્ધ નિર્ણય છે કે ભગવાન શ્રી મહાવીર-દેવ અને શ્રી ગૌતમબુદ્ધ વચ્ચે માત્ર બાવીસ વર્ષનું અંતર હતું. ગૌતમ-બુદ્ધ જ્યારે ૩૦ વર્ષની ઉમ્મરે ગૃહ ત્યાગે છે ત્યારે ભગવાન મહાવીર આઠ વર્ષના હતા. **શ્રે**ણિકે ભગવાન **મ**હાવીર અને **ગૌ**તમબુદ્ધ જેવા સમર્થ ધર્મપ્રચારકો પાસેથી પરિચય અને પ્રેરણાશક્તિ મેળવી હતી.

શ્રેણિક અને અભયકુમાર જૈન અને જૈનેતર સાહિત્યમાં ખૂબ જ પ્રચાર પામ્યા છે. મગધનું રાજયતંત્ર આ બે દીપકોએ દીપાવ્યું છે. અભયકુમારની બુદ્ધિશક્તિએ મગધનું રાજ્યતંત્ર વિસ્તાર પામ્યું હતું. જૈન સાહિત્યમાં અભયકુમારના કેટલાક પ્રસંગો અદ્‌ભૂત છે. શ્રેણિક ચરિત્રમાં એ ખૂબ દીપાયમાન બન્યાં છે.

અભયની માતા તરીકે જૈન સાહિત્ય નંદાનો સ્વીકાર કરે છે. નંદા એ શ્રેષ્ઠીપુત્રી હતી અને અભયકુમાર લીચ્છવીકુમાર તરીકે લીચ્છવીઓમાં

વધુ પંકાયો છે. બૌદ્ધ ગ્રંથો આ હકીકતોને સમર્થન આપે છે. આમ્ર-પાલીને વારવનિતા તરીકે જૈનેતર સાહિત્યમાં સ્વીકારાઈ છે. એટલે બિંબિ-સારની રાણી તરીકે સ્થાન લઈ શકી ન હતી એમ સ્પષ્ટ પુરવાર થાય છે. આમ્રપાલી કૌમારવ્રતધારી લીચ્છવી કુમારી હતી. પ્રસંગ મળતા બિંબિ-સારને પરણી ચૂકી હતી. આમ્રપાલી એ સામાન્ય નારી ન હતી.

બૌદ્ધ સાહિત્યમાં આમ્રપાલીને અંગે એક બીજી હકીકત પ્રાપ્ત થાય છે, ગૌતમબુદ્ધ એક વાર વૈશાલીમાં પધાર્યા હતા. ગૌતમબુદ્ધને સૌ આમંત્રણ આપવા આવ્યા. પણ આમ્રપાલીની અનુમતી મળી ન શકી, ગૌતમબુદ્ધને ભોજન માટે નાગરિકોએ વિનંતી કરી પણ આમ્રપાલીએ સંમતિ આપી ન હતી. ગૌતમબુદ્ધને ભોજન લેવા માટે સંમતિ અપાય તો આમ્રપાલીનાં ચરણે એક હજાર સોનામહોર ઠાલવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. આમ્રપાલીએ જવાબ આપ્યો હતો કે, "એક હજાર સોનામહોર તો શું પણ રાજ્યનો આખો ભંડાર ખાલી કરો તો યે ગૌતમબુદ્ધને બીજે ભોજન લેવા જવાનું હું હા ન પાડું."

વૈશાલીમાં ગૌતમબુદ્ધ રહ્યા ત્યાં સુધી આમ્રપાલીના પ્રાસાદમાં આશ્રય લીધો હતો. ગૌતમબુદ્ધનો ઉપદેશ સાંભળી આમ્રપાલી વિરક્તિના પંથે પરવરી હતી. આમ્રપાલી પાસેથી પ્રેરણા અભયકુમાર અને બિંબિસારે મેળવી હતી. આ રીતે બૌદ્ધ ઇતિહાસમાં અભયકુમારની કથા સંકલના આપી છે.

### જીવનની પાટી પર

**તો યે આંકા પ્રથમ પડિયા તે હજીયે જતા ના.**
પાટી લાધી, લખલખ કર્યું, કૈંક વર્ષો સુધી, ને;
કો'દિ વેગે, કદિક હળવે, જે સૂઝયું તે લખ્યું ત્યાં:
ભૂસ્યું પાછું નવિન લખવા માંડિયું ભૂલી જુનું;
**તો યે આંકા પ્રથમ પડિયા તે હજીયે જતા ના,**

—કવિતામાંથી

# यतो धर्मस्ततो जयः-ના સિદ્ધાન્તનો વિજય ઉચ્ચારતી એક ઐતિહાસિક ઘટના.

**પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રી ભુવનવિજયજી ગણિ.**

**ધર્મશીલ** લલિતાંગ રાજકુમારને મલીન વૃત્તિના સજ્જન નામના મંત્રી પુત્રે દરેક રીતે કષ્ટ આપ્યું, જંગલમાં નિરાધાર અને આંખોથી અપંગ એવા રાજકુમારને ત્યજી સજ્જન નાસી છૂટયો, પણ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાથી ભાવિત લલિતાંગ પુનઃ નેત્રોને પામ્યો, તેમજ પુત્રીના દુઃખથી દુઃખિત ચંપાપુરીના રાજવીના સંતાપને ટાળી ધર્મના પ્રભાવે સુખને મેળવ્યું.

**જ્યારે** સજ્જન, જંગલમાં લૂંટાયો, દરિદ્ર બની ટુકડા રોટલા માટે ભીખ માંગતો ચંપાપુરીના રાજરસ્તેથી પસાર થઇ રહ્યો છે,– ત્યારે દયાર્દ્ર રાજકુમાર લલિતાંગ, સજ્જનની આપત્તિઓ ટાળી એને સુખી બનાવે છે, છતાં દુર્જન પ્રકૃતિનો સજ્જન ઇર્ષ્યા અને અસૂયાથી રાજકુમારનો નાશ કરવા કૌભાંડ રચે છે. અન્તે સ્વયં તેનો ભોગ બની મૃત્યુને શરણ બને છે. એકંદરે ' धर्माज्जयः पापात् क्षयः ' ના સત્ય સિદ્ધાન્તને આ ઐતિહાસિક ઘટના આપણી આસપાસ-ફરી એકવાર ગૂંજતો કરી જાય છે.

## પ્રકરણ : ૨ : ખાડો ખોદે તે પડે

**ચં**પાપુરીની પરિસ્થિતિ ગંભીર બની હતી. પ્રત્યેક માનવોના મુખ પર શોકની શેરો તરી આવતી હતી. એક ઉદ્‌ઘોષણા કરનારદ્વારા **લ**લિતાંગ કુમારે રાજાને કહેવડાવ્યું ' એક સિદ્ધ પુરુષ આવ્યો છે અને તમારી પુત્રીને દિવ્યનેત્રી બનાવશે' આજે રાજવીની જીવનલીલાનો છેલ્લો દિવસ જ ગણાતો હતો અને આ સંદેશાએ કંઇક નવી આશા આપી. રાજાએ કુમારને સાડંબર રાજ્યદરબારમાં બોલાવ્યો. તેમજ સુખાસન પર બેસાડી ઉપાય કરવા કામના દર્શાવી. **લ**લિતાંગકુમારે પણ વેલડીના

રસમાં મેળાવેલી ભારંડ પક્ષીઓની વીટથી રાજપુત્રીનાં નેત્રમાં અંજન કર્યું અને ક્ષણમાં પુત્રી દિવ્યનેત્રી બની.

સમગ્ર ચંપાનગરીમાં હર્ષની ઉર્મીઓ ઉછળી. રાજવી અને અન્ય કર્મચારી વર્ગ ઘણો જ આનંદિત થયો; રાજાએ કુમારને તેના જાતિ, કુલ વગેરે પૂછયાં પણ તેણે એ વાતને અવગણી, પરાક્રમી અને ઉજ્વલ ગુણી પુરૂષો સ્વગુરૂતા ગાતાં શરમાય એ સ્વાભાવિક છે.

રાજપુત્રી પણ ' આજ મારો પતિ હો ' એમ મનમાં ધારણાઓ કરતી, અને ઇંગિત સંકેત આકારોથી રાજા પણ સમજી જ ગયા કે, આ ઉભયની જુગતે જોડીજ છે. આવો વિચાર કરીને શુભ મુહૂર્તમાં ભારે સમારોહની સાથે ધર્મશીલ પુષ્પાવતીનાં કુમારની સાથે રાજાએ લગ્ન કર્યાં. અર્ધરાજ્ય સુપ્રત કરી રાજા પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો અને સત્ત્વમૂર્તિ શ્રી લલિતાંગકુમાર પણ ધર્મપક્ષમાં દૃઢ મતિ કરી કૃતકૃત્ય બન્યો.

લલિતાંગ રાજકુમાર અને પુષ્પાવતી રાજપુત્રી ઉભયનું દાંપત્ય પણ અનોખી રીતની વિશ્વપર ભાત પાડતું. સતીવ્રત પરાયણ પુષ્પાવતી પોતાના પતિદેવની ઉપાસના અને હૃદયને ઠારવામાં તન્મય જ રહેતી. દાસદાસીઓનો પરિવાર તાબેદારીની તહેનાતમાં જ ઉભો ને ઊભો રહેતો આ વૈભવ અને સાહ્યબીઓ જોતાં લલિતાંગકુમાર ધર્મશ્રદ્ધાળુ બનવા સાથે શાસ્ત્રવાકયોને આપ્તવાકય માની તેનો અકમ્પ ઉપાસક બન્યો. ' કયાં ભયંકર અટવીમાં નેત્રવિહુણા બની ચિંતામગ્ન અવસ્થાનો અનુભવ, કયાં દુર્જન મિત્રના વચન તીરોની તાડના ! અહા ધર્મ સામ્રાજ્યની નિશ્રા કેવી અદ્ભુત અને સૌભાગ્ય પ્રાપક હોય છે જેના પ્રતાપે હું રાજ્યવૈભવ પામ્યો. અવસરે અવસરે પુણ્યવાન લલિતાંગ આ પ્રકારની વિચારણાથી આત્માને જાગૃત રાખતો.

એક વેળા રાજકુમાર લલિતાંગ રાજમાર્ગ તરફ દૃષ્ટિ રાખી મહેલના ઝરૂખે ઊભો હતો એટલામાં રાજમાર્ગ પર દરિદ્રતાની પ્રતિમૂર્તિ, જેવો એક ભીખારી દેખાયો. જેના મુખ પર દુઃખની નીશાનીઓ હતી.

જેનું પેટ ભૂખથી બેસી ગયેલું હતું. ચિંતાની વેલડીઓએ જેનાં શરીર પર ભારે કૃશતા પેદા કરી હતી. એવા ગરીબ ભીખારીને જોતાં કુમારનું હૃદય દયાથી ઉભરાઈ આવ્યું. બારીકાઇથી જોતાં લલિતાંગકુમારને ઓળખાણ થઇ, એ હતો એનો જૂનો મિત્ર સજ્જન. કર્મની સત્તા–વિષમતા સહુ કોઇને સતાવે છે, ગમે તેમ હોય પણ એક સમયનો ભયંકર અટવીમાં મારો સહચારી અને મિત્રભાવનું ભાજન એ દુઃખી કેમ રહે ? પરમાર્થ રસિક લલિતાંગકુમાર ધીમેથી તેના અપરાધોને ગળીને થોડા પણઉપકારનો બદલો આપવા સજ્જ થયો.

ઉપકર એ અમી છે. અપકાર એ ઝેર છે, અપકારી પર ઉપકાર કરવાથી અપકારનું ઝેર ઉતરી જાય છે અને શત્રુભાવની શતરંજ સંકેલાય છે. ફાટેલા કપડાં શરીરે, મુખ ચિંતાની ચિતાથી શ્યામવર્ણ, ઉદર ભૂખથી ક્ષામ થઈ ગયેલું એવી દશામાં સજ્જનને જોઇને પરમાર્થમંદિર લલિતાંગકુમારે તે દરિદ્રની પાસે દાસી મોકલી પોતાની પાસે બોલાવ્યો. સજ્જન કુમારે પૂછ્યું. 'કેમ મને તું ઓળખે છે ?' સૂર્યને કોણ ન ઓળખે એમ જવાબ આપી ભૂમિ પર દૃષ્ટિથી મીટ માંડી શરમીંદો થયેલો સજ્જન ઊભો જ રહ્યો. કુમારે પુનઃ તેણે ધર્મશ્રદ્ધામાં સ્થિર કરવાના ઇરાદાથી જ જણાવ્યું. 'રાજા તરીકે નહિ બીજી રીતે, તારા મિત્ર લલિતાંગને તું ઓળખી શકે છે ?' લલિતાંગનું નામ સાંભળતાં એણે ધારીને જોયું. સજ્જનને પૂરી પીછાણ થઇ, અરે હું તો દુઃખ દીવાનલમાં સળગી ગયો આ તો નિરાધાર અને અંધ હોવા છતાં દેવલોકનાં સુખને પામ્યો એમ વિચાર કરતો સજ્જન લજ્જા અને ભયથી કાંપ્યો. લલિતાંગે સર્જ્જનને દરેક રીતે સમૃદ્ધ કર્યો.

એક સમય મિત્રની ગોષ્ઠી વિનોદ ચાલતાં, લલિતાંગે સજ્જનને પૂછ્યું કે, હે મિત્ર ! તારી આવી કરૂણાજનક દશા કેમ પ્રાપ્ત થઇ ? સજ્જને લજ્જાથી કહ્યું કે; હે મિત્ર ! તમને વટવૃક્ષની છાયામાં મૂકીને આગળ જતાં ચોરોએ મને લૂંટ્યો, ઘણી જ આજીજીથી જીવતો મૂકયો. આપે ઉપકારનો મેઘ વર્ષાવ્યો; સજ્જનની આ વાત કરવાની ઢબમાં કેવળ

મુત્સદ્દિતા હતી, દંભથી એનું હૃદય તરબોળ હતું. સજ્જન કેવળ કુમારને ઠગવાની જ મેલી રમતો ખેલવાને સજ્જ હતો.

એક સમયે અવસરને જોઈ દક્ષ એવી રાજકુમારીએ પોતાના પતિ લલિતાંગને નમ્રભાવે અને મમતાવશે જણાવ્યું, હે સ્વામિન્! સ્ત્રીઓ તો અબળા છે. હું મતિમન્દ દાસી છું પણ મને દેખાય છે કે; આ સજ્જનને તમોએ વિશ્વાસુ તરીકે રાખ્યો છે. પણ સ્વભાવથી આ દુર્જન અને વિશ્વાસઘાતી જણાઇ આવે છે. આની સંગતિ અનિષ્ટ છે. સર્પને પયઃપાન વિષવર્ધક જ બને છે. એ ભૂલવા જેવું તો નથી. પુષ્પાવતીના કહેવાથી કુમારે તેની સંગતિ ઓછી કરી. પણ દાક્ષિણ્યથી તે સમૂલત્યાગ ન કરી શકયો.

રાજા જિતશત્રુએ એક સમયે સજ્જનને પૂછ્યું, 'સજ્જન તમ્હારે અને લલિતાંગકુમારને પરસ્પર પ્રીતિનું શું કારણ? કુમારનો દેશ, જાતિ, કુલ, પિતા, માતા, વગેરે તમે જાણતા હો તો જણાવો! તમો કયાંથી અહીં આવ્યા છો?'

ગંગાનાં નિર્મલનીરમાં સ્નાન કરવા છતાં ય કાગડાઓ ધોળા ન જ થાય, શર્કરા ભેગી વાટેલી નીમ્બકલિ કડવાશને ન જ મૂકે, તેમ સજ્જનના ઉપર લલિતાંગકુમારે અસાધારણ ઉપકારનો મેઘ વર્ષાવ્યો પણ તે પોતાની દુરાત્મવૃત્તિને નજ છોડી શકયો. રાજાને શંકિત કરવા કુમારનું કાસલ કાઢવાની કુમતિથી રાજા જિતશત્રુને મીઠાશ અને નરમાશથી અણે ધૂર્તકલાદ્વારા જણાવ્યું કે; 'એ વાત પૂછશો જ નહી. પુનઃ પુનઃ રાજાએ શપથસહિત પૂછતાં તે દુર્મતિએ એવું ચોગઠું ચીવટથી ગોઠવ્યું કે, 'મહારાજ હું શ્રીવાસનગરના રાજા નરવાહનનો પુત્ર છું. આ મારો અધમ સેવક હતો. પિતાજીના અનાદરથી હું રાજ્ય છોડી બહાર નીકળી પડયો છું. તેમજ લલિતાંગ કોઈ સિદ્ધપુરૂષની સેવાથી વિદ્યાવાન્ બની પોતાની જાતિને છુપાવવા અન્ય દેશોમાં ફરે છે. હું એને ઓળખું છું. આથી મને એ આ રીતે સાચવે છે.'

આ વિચિત્ર અને અસંભાવ્ય વાત સાંભળતાં રાજા સ્તબ્ધ જ થઇ

ગયો અને શોકના દાહથી સળગી ઊઠયો. પૂર્વાપર વિચારની તક ન લેતાં પોતાના મંત્રિરાજ સુમતિને બોલાવ્યો અને અખિલ સમાચારથી વિદિત કર્યો. પણ મંત્રીએ આ સંબંધી તપાસ કરવી અને પછી અન્ય વિચાર કરવો એમ જણાવ્યું. પણ રાજા મૌન રહ્યો અને મંત્રીના ગયા પછી માત્ર પોતાની મતિકલ્પનાથી ઘણો જ ગુસ્સે થયો. વિચારવા લાગ્યો કે; ' આ પાપીએ મારા કુલને કલંકિત કર્યું. મારી પુત્રીને પણ તે પરણ્યો, જેમ શરીરની વ્યાધિ ઉત્પન્ન થતાવેંત જ નિર્મૂલ કરવી તેમ ગમે તેમ હોય પણ આ કુમારને યોગ્ય દંડ આપવો જ જોઇએ.' એવો નિર્ધાર કરી રાજાએ મારાઓને બોલાવ્યા.

રાજા જિતશત્રુએ વિના વિચારે પગલું ભર્યું. અને મારાઓને આજ્ઞા ફરમાવી કે; ' આજે રાત્રીના મધ્ય ભાગમાં મારા મ્હેલ પાસે ખડગ અને સુંદર વેશ પ્હેરીને આવતા પુરૂષને તમારે વિના પૂછ્યે પ્રાણમુક્ત કરવો ' જેવો હુકમ જેવી રાજઆજ્ઞા એમ બોલતા મારાઓ નમસ્કાર કરીને ત્યાંથી ચાલી નીકળ્યા.

દિવસનો નાથ અસ્ત થયો. રાત્રિનો રાજા અધંકાર વ્યાપવા લાગ્યો. જેમ જેમ રાત્રી જતી ગઇ તેમ તેમ રાજા ક્રોધથી ધમધમ્યો, મધ્યરાત્રી આવતાં પોતાના નિત્યસેવકને આજ્ઞા ફરમાવી ' જાઓ ! લલિતાંગકુમારને કહો કે, સર્વ કામ છોડીને રાજા તમોને અગત્યનું કામ આવવાથી હમણાંને હમણાં યાદ કરે છે.' આજ્ઞા થવાની સાથે સેવક ઘોડાવેગે કુમારના મ્હેલમાં આવ્યો અને રાજ હુકમ કહી સંભળાવ્યો. અકમ્પસાહસિક કુમાર ખડગને હાથમાં લઇ, જવા તૈયાર થયો. તરત જ પુણ્યમતિ પુષ્પાવતીએ કપડાનો છેડો પકડયો. તે ગાભરાહૃદયે કહેવા લાગી, ' સ્વામિન્ ! રાત્રીના મધ્યે એકાકી કયાં જવા તૈયાર થયા ? રાજ્યનીતિ કોઇ ભયંકર ભેદી હોય છે. કાવતરાં અને મર્મવેધિતાઓ એતો રાજતંત્રના પગથીઆઓ છે. રાજા કોઇનો મિત્ર થયો હોય એમ સાંભળ્યું છે ? આમ મધ્ય રાત્રીએ એકાકી રાજમંદિરે જવા મ્હારૂં હૃદય ના પાડે છે. તો આપશ્રીના સર્વ કાર્યોમાં કુશલ અને અનુભવી સજ્જન સચિવને મોકલો.

વિશિષ્ટ કાર્યનો આદેશ આપશ્રી માટે હશે તો તેના પાછા આવ્યા પછી આપને જવું ઉચિત રહેશે.' રાજદરબારમાં રવાના કરવા માટે સજ્જનને બોલાવી રાજાની આજ્ઞા જણાવી. સજ્જન ઘણો જ ખુશી થતો, મલકાતો, રાજરસ્તે જઇ રહ્યો હતો. ચાલતા ચાલતા હૃદયમાં કુમારનું કાસળ કાઢવાનું આ સુંદર ટાણું છે. એવા તરંગના મોજાઓથી પ્રેરાતો અને દુર્ભાવના દાવાનલે અન્તરથી સળગતો લગભગ રાજમહેલની નજીક આવી પહોંચ્યો. એટલામાં સાક્ષાત્ યમદૂત જેવા ભયંકર મારાઓથી તીક્ષ્ણ અસિધારાઓનો તે એકાએક શિકાર બન્યો. મારાઓ તો આદેશાધીન હતા.

આહ! પાપીઓ અને દુર્ભાવનાથી કલંકિત આત્માઓ અન્યોનો નાશ કરવા મથે છે. પરંતુ સાથે જ તેઓના સર્જેલા સઘળાય ઉપાયો પોતાના જ નાશને નજીક નોંતરે છે. એ તદ્દન સત્ય છે.

## -: સંસ્કારની ઓળખાણ :-

સંસ્કારનાં બીજ એવી રીતે રોપાએલાં હોય છે કે એનો રંગ ચોક્કસ ક્ષણે ઝળકયા વિના રહી જ શકતો નથી. કોઇ એક માનવીને તમે સહાયરૂપ થયા હો; તમારામાં સારા સંસ્કાર હોય તો તમે એ વાતનો વારેવારે ઉલ્લેખ ન જ કરી શકો!

અમુક માણસમાં સંસ્કાર નથી એનો પોકાર કરવાની બીજાને જરૂર જ રહેતી નથી. એ તો માણસના નાના વ્યવહાર દ્વારા જ સમજાઈ જાય છે. સંસ્કાર માત્ર મોટર દોડાવાથી હાથ કરી શકાતા નથી. સંસ્કાર એ ઠઠેરામાંથી કયારે ય જાગતા નથી. ઘણીવાર એમ બને છે કે એક પેઢીનો શેઠ ધનવાન હોય પણ એનો અર્થ એ નથી કે એનામાં સંસ્કાર છે. કેટલીકવાર એના "નોકર"માં વધુ સંસ્કાર હોય છે એટલે સંસ્કાર એ ખરીદી શકાય તેવી ચીજ નથી. પદવીને કારણે પણ સંસ્કારો પ્રાપ્ત થતા નથી. સંસ્કાર તો સુંદર કોટિના વાતાવરણમાંથી માનવીને મળે છે.

# સાધુચરિત સ્વર્ગીય પરમગુરુદેવશ્રીની

## યશસ્વી જીવનસાધના

**ક૦ વિ૦**

---

**મહાન પુરૂષોના જીવન પ્રસંગોમાં જણાઈ આવતી વિશિષ્ટતાઓ ધર્મવિમુખ અશ્રદ્ધાળુ આત્માઓને દંતકથા કે ચમત્કારો જેવી કૃત્રિમ લાગે, પણ પૂર્વકાલીન ઉત્કટકોટિની આરાધનાના યોગે પુણ્યાનુબંધી પુણ્યનો ભોગવટો કરનાર શાસનપ્રભાવક આત્માઓનાં જીવનની આ બધી લોકોત્તર મહત્તાઓ એઓના પોતાના આત્મવિકાસની અપૂર્વ સિદ્ધિઓ છે. જે સ્વાભાવિક અને શ્રદ્ધેય હોય છે.**

**પૂજનીય સૂરિદેવ શ્રીમદ્ વિજયદાનસૂરિ મહારાજની જન્મભૂમિનું ગામ ઝીંઝુવાડા; વઢીયારદેશની ધરતીનો ઈતિહાસ પ્રસિદ્ધ પ્રદેશ છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ભવ્ય મંદિરના બનાવનારા દુર્જનશલ્યરાજાની સૂર્યઉપાસનાની ઘટના આ ગામમાં બની હતી. વિ૦ ના અગીઆરમા શતકની આસપાસ આ પ્રદેશ ઝૂંઝાભરવાડના નામથી પ્રસિદ્ધિને પામ્યો, સિદ્ધરાજ જયસિંહે [redacted] સ્મૃતિને જાળવી રાખવા અહિં ભવ્યકિલ્લો વાવ, તળાવ વગેરે બંધાવ્યા છે.**

**આ ભૂમિ પર વિ૦ સં૦ ૧૯૨૪ ના કાર્તિક સુદિ ૧૪ની મંગળ રજનીએ જુઠાભાઈના કુળમાં રત્નકુક્ષી શ્રીમતી નવલબાઇની કુખે પુણ્યવાન શ્રી દીપચંદભાઇએ જન્મ લીધો હતો.**

---

## ૧. તે કાળે તે સમયે

સંવત્સર પ્રવર્ત્તક પરમાર્હત્ શ્રી **વિક્રમ** મહારાજાની ઓગણીસમા શતકની પહેલી વીશીએ [ વિ૦ સં૦ ૧૯૨૦ ] હજુ હમણાં જ વિદાય લીધી હતી: ભારતીય સંસ્કૃતિનો મધ્યાહ્ને તપતો સૂર્ય મંદ ગતિયે ડગ ભરતો પોતાના યશસ્વી પ્રકાશને રેલાવતો હતો અને યૂરોપની કહેવાતી સભ્યતાએ ભારતવર્ષમાં પોતાનો પગદંડો શરૂ કર્યો ને થોડા જ

વર્ષો વહી ગયા હતા. ૧૮૫૭નો ઇતિહાસ–પ્રસિદ્ધ બળવો શમ્યાને હજુ એક દશકો માંડ પૂરો થયો હતો.

**હિં**દુસ્તાનની ચોમેર દરેકે દરેક ક્ષેત્રોમાં ક્રાન્તિનાં આન્દોલનો ઘૂઘવાતા સાગરતરંગોની જેમ તોફાને ચઢયા હતા. શમ્યાં, અધૂરા શમ્યાં, એ બળો નફા કરતાં વધુ નુકશાની આપી આસપાસમાંથી વિદાય થઈ વિલીન થઈ જતા હતા. ચારે કોર આમ ગાજવીજના નાદે ગાજતી વર્ષાઋતુ ધીરે ધીરે વિદાય થતી ગઇ અને શરદઋતુની શાન્તિનાં આંદોલનો ફરી પાછાં હિન્દની આર્યભૂમિ પર ફરી વળ્યાં.

**તે** કાળ તે સમયની વાત છે. ગૂજરાતની પુણ્યભૂમિના મુખદ્વારો આમ દરેક રીતે સુરક્ષિત હતા. સૌરાષ્ટ્ર, મારવાડ, મહારાષ્ટ્ર અને પૂર્વમાં વિંધ્યાદ્રિની દુર્ભેદ્ય કિલ્લેબંધીથી વીંટળાયેલી ગૂજરાતની ધરતી સ્વાભાવિક રીતે સુસજ્જ હતી. આર્યાવર્તની પવિત્રતાનું વાતાવરણ ત્યાં નિરંતર ગૂંજતું રહેતું. ધર્મસંસ્કારો, ભક્તિ, શ્રદ્ધાભાવ, ઇત્યાદિ સદ્‌ગુણો આ ભૂમિ પરના માનવ આત્માઓનો પેઢી–દર પેઢીથી ચાલ્યો આવતો સંસ્કારવારસો હતો.

ગૂજરાતની કાંઇક ઉત્તર બાજુ સૌરાષ્ટ્ર, કચ્છ અને ગૂજરાતના પ્રદેશોને જોડતી સંગમભૂમિ ગણાતો ઝાલાવાડનો ઇતિહાસ પ્રસિદ્ધ એ વિભાગ, રૂડી રઢીયાળી વઢીયાર દેશની ભૂમિનો એક મહત્ત્વનો પ્રાચીન પ્રદેશ હતો. જે ઝાલાઓની વીરત્વસૂચક ગાથાઓ ગૂંજતી હજુ પણ ઇતિહાસના પૃષ્ઠો પર સંભળાઈ રહી છે, તે ઝાલાની ભૂમિ પર મધ્યબિન્દુની જેમ ઊભેલું **ઝીં**ઝૂવાડા એ, પૂ. **પ**રમગુરુદેવશ્રીની જન્મભૂમિનું ગામ હતું.

ઝીંઝૂવાડાની ગ્રામ્ય જનતા, ત્યાંનો ગ્રામ્ય પ્રદેશ, ત્યાંની શીતળ આબોહવા, આ બધું; સહુ કોઇને તે ભૂમિ પ્રત્યે આકર્ષણ કરનારૂં હતું. ગામની મધ્યમાં પ્રવેશતા પ્રવેશ દ્વારનો મુખ્ય દરવાજો, ગામને ચોમેર વીંટી વળેલો કિલ્લો, ઝીંઝૂવાડાની પ્રાચીન ભવ્યતાની પ્રતીકસમો આજે પણ ભૂતકાળના અવશેષરૂપ બની ગંભીર ચહેરે અને ઝર્ઝરિત દેહે ગૂજરાતના મહારાજા **સિદ્ધ**રાજ જયસિંહની શિલ્પ કલાના સજીવ સ્વરૂપે જોનારની સ્હામે ઊભો છે. આ ગામના સૂર્યમન્દિરની પ્રખ્યાતિ જૈન

ઇતિહાસમાંથી મળી રહે છે. જેના અવશેષો પણ શોધવા છતાં આજે આપણને પ્રાપ્ત થઈ શકતા નથી.

દેવાધિદેવ પુરુષાદાનીય ભ. શ્રી **શંખેશ્વરજી** પાર્શ્વનાથના અચિન્ત્ય પ્રભાવની કથાને સૂચવતો ઝીંઝૂવાડાનાં સૂર્યદેવતાની ઉપાસનાનો ઇતિહાસ આ મુજબ આજે આપણી આસપાસ ગૂંજી રહ્યો છે:

'**ઝીંઝૂ**વાડાની સમૃદ્ધિ તે વેળાયે રેલમછેલ હતી. ગામની મધ્યમાં સૂર્યનારાયણનું મન્દિર તે વેળાએ તીર્થની જેમ તેના પ્રત્યેની શ્રદ્ધાળુ જનતાને ચમત્કારોની દુનિયામાં ખેંચી જતું હતું, દેશ–દેશાવરથી સૂર્યની ઉપાસના કરવાને સારુ ભક્તિઘેલી ભદ્રિક પ્રજા કીડીઆળાની જેમ ઉભરાતી રહેતી. દિન–પ્રતિદિન માનવસંખ્યા વધતી જતી હતી. અનેક પ્રકારની માનતાઓ, આસ્થાઓ, વ્હેમો ઇત્યાદિના જોરે સૂર્યમન્દિરની આસપાસનું વાતાવરણ દૈવી જેવું જણાતું. સૂર્યનાં દર્શને આવતો આ ભાવિક લોક-સમૂહ; 'સૂર્યદેવતામાં કાંઇ ને કાંઈ ચમત્કાર કે પરચો છે.' આમ માનીને અંધશ્રદ્ધા, ગતાનુગતિકતા વગેરેથી તે વેળાએ પોતાની જાતને સંતોષી જતો. આજે પણ માનતાની દુનિયા વીતરાગ પરમાત્મા જેવા દેવાધિ-દેવના અનુયાયી ગણાતી પ્રજાઓના રૂપમાં આપણી આસપાસ કયાં નથી દેખાતી ?

આ કેવી આત્મવંચના ! મિથ્યાત્વ, મોહ, કે અજ્ઞાન જૂજવારૂપે જગતને રગદોળી રહ્યું છે તે આનું નામ ! દેવ જેવા પવિત્ર અને સાચાં તારકતત્ત્વની આના જેવી ભયંકર અવજ્ઞા અન્ય કઈ હોઈ શકે ? દેવને કે દેવનાં સ્વરૂપને ઓળખનારા આત્માઓ જેમ સરાગી–સંસારી દેવને સુદેવ તરીકે ન જાણે, ન આદરે કે ન સેવે; તેમ વીતરાગ પરમાત્માની પણ ઉપાસના આત્મકલ્યાણની–વીતરાગભાવની પ્રાપ્તિ સિવાયની અન્ય કોઇ અભિલાષાથી ન જ કરે.

**વઢીયાર**ના પ્રદેશની ભૂમિનો રાજવી રાજા **દુર્જ**નશલ્ય કોઢની વ્યાધિથી તે વેળાયે પીડાતો હતો. શરીરની એ વ્યાધિ દિન–પરદિન એને માટે દુઃસહ બનતી ગઇ. ઔષધો અને ઉપચારોની અવધિ હવે રહી નહિ.

એને આ બધા ઔષધો પર કંટાળો આવ્યો, એ ત્રાસી ઉઠ્યો. એક વેળાયે એક સૂર્યભક્તે રાજકુટુંબમાં વાત વહેતી મૂકી, 'ઝીંઝુવાડાના સૂર્યદેવતાની ઉપાસના ચમત્કારવાળી છે.'

દુર્જનશલ્ય રાજાને આમાં આસ્થા ઉદ્ભવી, શરીરના વ્યાધિથી અને ઓષધોપચારોના ત્રાસથી કંટાળેલા તેને સૂર્યદેવતાના ચમત્કારોની આ વાતમાં સ્હેજે રસવૃત્તિ જન્મતી ગઈ. મહોત્સવપૂર્વક તે ઝીંઝુવાડાના સૂર્યમંદિરમાં દર્શને આવ્યો. રાજરાણીઓએ અનેક પ્રકારની માનતાઓ કરી, અને આ રીતે ઝીંઝુવાડામાં સૂર્યનારાયણની પૂજા-સેવાનાં આ દિવસો માનવોના મહાસાગરની જામીલી ઠઠથી ઉત્સાહનાં વાતાવરણમાં પસાર થતા ગયા.

દિવસોના દિવસો વહેવા લાગ્યા. પૂજાઓ, બાધાઓ અને માનતાઓ હજુ અણપૂરાયેલી રહી. દુર્જનશલ્ય રાજવીની શરીર વ્યાધિમાં કાંઈ જ પરિવર્તન ન આવ્યું. રાજા ઉત્સાહભગ્ન બન્યો. સૂર્યદેવતાની ઉપાસનાથી એનું ચિત્ત ઉઠી ગયું, આમ શરીરના દુઃસહ વ્યાધિથી રાતોની રાતો એને વગર નિદ્રાએ ગાળી.

એક રાતની આ વાત છે. અનિદ્રાથી પીડાતો અને શરીરના કોઢથી દુઃખી રાજા બેચેન બની સ્હવાર પડવાની રાહ જોતો પથારીમાં આમ તેમ આળોટી રહ્યો હતો. આકાશમાં તારાઓનો પ્રકાશ મન્દ મન્દ રીતે અવની પર ફેલાતો હતો, તે વેળા અચાનક દુર્જનશલ્ય રાજવીનાં નેણોમાં નિદ્રા ફરી વળી. થોડીવાર થઈ રાજાના આવાસખંડમાં પ્રકાશનાં કિરણો આકસ્મિક રીતે રેલાતા ગયા. એ પ્રકાશમાંથી વાચા પ્રગટી અને રાજવીના કર્ણપટ પર એ શબ્દો અથડાયા;–

'રાજન્ જો સાંભળ! શરીરનો આ વ્યાધિ તારા દુષ્કર્મના ઉદયથી તને પીડી રહ્યો છે, સમભાવપૂર્વક વેદનાને સહન કર! અત્યાર સુધી તું ભૂલ્યો છે! સ્વાર્થથી નિપજેલું દુઃખ સ્વાર્થથી ન ટળે! પરમાર્થભાવે દેવસેવા કરવાથી થોડા જ કાળમાં આ તારો વ્યાધિ અવશ્ય શમી જશે! અને તારો આ દેહ કાંચનવર્ણો થશે, પણ તે માટે હું કહું તે તારે

કરવાનું રહે છે' દુર્જનશલ્ય આ સાંભળતો જ રહ્યો, આશ્ચર્યચકિત બની તેણે આ બધું ખૂબ જ ઉત્સુકતાપૂર્વક સાંભળ્યા કર્યું. ફરી એ દેવતાઈ જબાને કહ્યું;–

'દેવાધિદેવ શ્રી **શં**ખેશ્વર પાર્શ્વનાથના ભવ્ય પ્રતિમાજી, જે અસંખ્ય વર્ષોથી દેવ–દેવેન્દ્રો, અસુર–નાગકુમારના ઇન્દ્રો અને માનવેન્દ્રોથી પૂજાતા આવ્યા છે, તેની નિષ્કામભાવે કેવળ પાપકર્મોની નિર્જરાના ધ્યેયથી પૂજા–સેવા અને ઉપાસના કરવાથી તારો આ વ્યાધિ અવશ્ય ટળી જશે ! શ્રદ્ધાપૂર્વક તે પરમાત્માની ઉપાસનાનું જીવનવ્રત તું સ્વીકારી લે !'

વિજળીના ચમકારાની જેમ આકાશમાંથી ઉઠતી તે વાણી ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગઈ, શેષરાત્રી એની વિચારણામાં રાજાએ પૂરી કરી. બીજે દિવસે સ્હવારે એ 'શ્રી શંખેશ્વરજી મહાતીર્થ'ની આરાધના માટે નીકળ્યો. ભગવાનશ્રી પાર્શ્વનાથની શ્રદ્ધાપૂર્વકની ભકિત એને ફળી, અશાતાના કર્મદળો પ્રભુભક્તિ અને ભાવનાનાં પવિત્ર જળથી ધોવાઈ ગયાં, શરીરનો વ્યાધિ શમી ગયો. આત્માની મલિનતા ટળતાં એણે નવું જીવન પ્રાપ્ત કર્યું. અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની આજ્ઞાની આરાધનાનું જીવનવ્રત ત્યારપછીથી દુર્જનશલ્ય ભૂપતિએ સ્વીકારી લીધું.

શંખેશ્વર ગામના મધ્યચોકમાં ઉભેલાં પ્રાચીન જિનમન્દિરના અવશેષો આજે પણ તે ભકત રાજવીની પ્રભુભકિતની યશોગાથાઓ ઉચ્ચારી રહ્યા છે. ઇતિહાસકારો કદાચ જેને નોંધવી પણ ભૂલી ગયા હોય એવી આ ઘટના એક ભક્તહૃદયી પ્રાચીન મહર્ષિએ શ્રી **શં**ખેશ્વર પાર્શ્વનાથની સ્તવના દ્વારા આ પ્રકારે ગૂંથી છે;–

**निःस्वाद्विवैश्वर्यमनाप्य झंझूपुरार्कतो दुर्जनशल्यभूमान् ।**
**रूपंयतस्मारमिवाप्य देवसद्मेव यच्चैत्यमचीकरच्च ॥**

**—हीरसौभाग्यम् : सर्ग. १ : श्लो. ४०:**

**ભાવાર્થ:**—દરિદ્ર પાસેથી જેમ ઐશ્વર્યની પ્રાપ્તિ ન થાય તે રીતે, ઝીંઝુવાડામાં સૂર્યની ઉપાસનાથી શરીરની વ્યાધિ ન ટળતાં શ્રી શંખેશ્વર

પાર્શ્વનાથની ઉપાસનાથી—પૂજાથી કામદેવ જેવા રૂપને પામીને દુર્જન શલ્યરાજાએ શંખેશ્વરગામની મધ્યમાં દેવવિમાન જેવું જે ચૈત્ય કર્યું.

ટીકામાં આ હકીકતનો આ મુજબ ઉલ્લેખ છે:—

**झंझूपुरे सूर्यपुरोऽनवाप्तं त्वत्तोधिगम्याङ्गमनङ्गरूपम् ।**
**अर्चीकरद्दुर्जनशल्यभूपो विमानतुल्यं तव देव ! चैत्यम् ॥**

હે ભગવન્! આપના અચિન્ત્ય પ્રભાવની શી વાત કહું ? ઝીંઝૂપુર-માં સૂર્યદેવતાની પાસે ફલની પ્રાપ્તિ નહી થવાથી, અશરણશરણ એવા આપની ઉપાસના કરવાથી રાજા દુર્જનશલ્યના કોઢનો ઉગ્ર વ્યાધિ શમી ગયો અને કામદેવ જેવાં સુંદર રૂપને તે પામ્યો. આથી એણે અપૂર્વ શ્રદ્ધા-ભાવથી વિમાન જેવું આપનું મનોહર અને ભવ્ય જિનાલય અહિં કર્યું.

ઝીંઝૂવાડાની ભૂમિ, પરમ ગુરુદેવ આચાર્ય શ્રી વિજયદાનસૂરિવરની જન્મભૂમિ તરીકે ત્યારપછીના જૈન ઇતિહાસમાં આજે પણ ઐતિહાસિક દૃષ્ટિયે મહત્ત્વની બની ગઈ તેમ તે પ્રદેશની પ્રાચીનતા મહાગૂજરાત અને સૌરાષ્ટ્રની તવારીખમાં પણ ખૂબ જ મહત્ત્વની આલેખાઇ ચૂકી છે.

પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજા જેના ઉત્તરાધિકારી તરીકે પાટણની ગાદીનાં રાજ્યસિંહાસને અભિષિકત થયા તે મહારાજા **સિદ્ધ**રાજ જયસિંહની જન્મભૂમિ તરીકે પણ આ ઝીંઝૂવાડાની ધરતી ઇતિહાસમાં નોંધાઈ છે. વિક્રમના અગિયારમા શતકની આસપાસનો આ બનાવ છે. મીનલદેવીએ **ઝીં**ઝ—**ઝું**ઝા ભરવાડના નેહ—નેસમાં સિદ્ધરાજ જયસિંહને જન્મ આપ્યો હતો, તેથી મહાગૂજરાતની રાજગાદી પર આવ્યા બાદ, સિદ્ધરાજ જયસિંહે, પરમ શ્રાવક મહામાત્ય શ્રી ઉદાયન મંત્રી દ્વારા આ પ્રદેશની યાદગીરી રાખવાને સારુ આજૂબાજૂ ઘણો મજબૂત કિલ્લો બંધાવ્યો. પાદરમાં વિશાલ વાવ અને તલાવ બંધાવ્યું. ત્યારથી આ પ્રદેશ ઝીંઝુ-ઝુંઝાવાડા તરીકે પ્રસિદ્ધિને પામ્યો.

કચ્છના રણને અડીને ઉભેલા આ પ્રદેશની ભવ્યતા નૈસર્ગિક રીતે ચિત્તને પ્રસન્ન કરે છે. સિંધ—કરાંચી જવાનો માર્ગ પગ રસ્તે અહિંથી તદ્દન નજદિક છે. ગામથી લગભગ એક ગાઉ ધરતી આગળ વધતાં કચ્છનું

રેતાળ રણ શરૂ થાય છે. આ રણની શરૂઆતની ભૂમિ પર ગરમ પાણીનો એક ઝરો મન્દ મન્દ લહેરાતા પવનની લહેરોની સાથે રણના રેતાળ પ્રદેશ બાજૂ વહી રહ્યો છે. તે વિભાગના લોકો પ્રદેશને 'ભોટવો' ના નામથી ઓળખે છે. આમ તળાવો, વાવ, દામોકુંડ, ઝિલાનંદના સરોવરો ઈત્યાદિથી ઇતિહાસપ્રસિદ્ધ બની ચૂકેલી ઝીંઝુવાડાની ભૂમિ પૂ. પરમગુરુદેવશ્રીનું માદરેવતન છે. આજે પણ એની મહત્તા અને પ્રતિષ્ઠા પ્રસિદ્ધ છે. આશરે સો ઘરની જૈન વસ્તીવાળા આ ગામની મધ્યમાં શ્રાવકોની વસતિની વચ્ચે દેવાધિદેવ શ્રી શાન્તિનાથ ભગવાનનું નાજુક અને રમણીય જિનમન્દિર ગામની શોભામાં ઓર વૃદ્ધિ કરી રહ્યું છે.

વિક્રમના ઓગણીસમા શતકના બે દશકા અને એના પર ત્રણ વર્ષના વહાણાઓ વહી ગયા હતા, જ્યારે ૧૯૨૪ ના કાર્તિક સુદિ ચતુર્દશીની મંગળ રાત્રી લગભગ બે પ્રહર વટાવી ચૂકી હતી, અને આકાશમાં ચન્દ્ર નિજના પ્રકાશને ચોમેર વિસ્તારતો મધ્ય ભાગમાં અડોલ બની કો ધ્યાનસ્થ ઋષિનો જેન ગંભીર અને સુસ્થિર થઈ શોભી રહ્યો હતો.

તે કાળે દીપચંદભાઇએ રત્નકુક્ષી, શ્રીમતી નવલબાઇની કુખે જન્મ લીધો. ત્યારે ઝીંઝૂવાડાની મહત્તા, પ્રતિષ્ઠા અને યશસ્વી ગૌરવ ગાથાઓથી ગૂંજતા ઇતિહાસના પૃષ્ઠો પર આ બનાવ એક મહાન યાદગાર હકીકત તરીકે નોંધાઈ ગયો.

દશાશ્રીમાળી જ્ઞાતિમાં અગ્રસ્થાન ધરાવતું શ્રેષ્ઠી જૂઠાભાઇનું કુટુંબ આમ દરેક રીતે સુસંસ્કારી હતું. સાત–સાત પેઢીને અજવાળનારાં પુત્ર-રત્નના આગમનથી તે વેળાયે મા–બાપ ભાઇ–ભાંડુ; સહુકોઇના આનન્દ અને ઉત્સાહને અવધિ ન રહી. જૂઠાભાઈના કુળમાં મહાપ્રભાવશાળી આ પુત્રનો જન્મ એ અપૂર્વ મહોત્સવરૂપ બની ગયો.

આ અવસરે પૃથ્વી મન્દ મન્દ લહેરાતા વાયુની સુરભિ લહેરોથી ઉલ્લાસ અનુભવતી હતી. પ્રકાશનાં સ્વચ્છ કિરણો ભૂમંડળને ચારેકોરથી અજવાળી રહ્યાં હતાં. રત્નકુક્ષી માતા નવલબાઇનો આનન્દ, ઉલ્લાસ અને ઉત્સાહ માતો નહોતો. પ્રસૂતિની પીડા કે શરીરની કોઈપણ વ્યાધિ

ભાગ્યશાલી નવલબાઈને તે કાળે રહેવા પામી ન હતી. નવલાં રૂપને ધારણ કરતાં માતા નવલકોરના આજના ઘડિ–પળો સાચે ધન્ય બન્યા–સુધન્ય બન્યા કે, જૈન શાસનમાં કોઈ અપૂર્વ પ્રભાવક તરીકે પ્રગટનાર મહાન ધીર, વીર, ઓજસ્વી સાધુચરિત મહાત્માએ પોતાની કુખે જન્મ લીધો.

જૈન શાસનના ગગનમંડળમાં અપૂર્વ પ્રકાશ પાથરનારાં આવા સાધુ-રત્નોના જન્મપ્રસંગો કે અન્ય તેવા પ્રકારના જીવનપ્રસંગોની આ વિશિષ્ટ-તાઓ સ્વાભાવિક રીતે અશ્રદ્ધાળુ હૃદયોને કે પૂર્વગ્રહગ્રસ્ત ધર્મવિમુખ માનસનાં માનવોને ચમત્કારો કે દંતકથાઓની દુનિયા જેવું જણાય.

કારણ કે, આત્માની પવિત્રતા, ઉત્તમતા કે આત્માનાં ઓજસનું જેઓને ભાન નથી, આત્માની અનન્ત શક્તિના વિકાસની જેઓને સમ-જણ નથી, અને પુણ્યપ્રકૃતિના શુભ દ્રવ્યો તથા અચિન્ત્ય પ્રભાવનો જે ક્ષુલ્લક આત્માઓને પરિચય નથી; તેઓને આ બધા મહાન પુણ્યશાળી પુરુષોના અપૂર્વ જીવનવૃત્તાન્તો, આત્મવિકાસની સ્વાભાવિક સિદ્ધિઓ, કેવળ તેઓની બાલીશતાને કારણે અવશ્ય વસવસો ઉપજાવે !, એ લોકોને જ્યાં પોતાની જાતનો જ સભાન ખ્યાલ નથી ત્યાં એ ક્ષુદ્રહૃદયી જીવો કરે શું ? પાપોદયના પરિણામે એમની આંખે આવી સુખદ, સુભગ કે સુન્દર ઘટનાઓ જોવાનો, અનુભવવાનો કે સાંભળવાનો શુભ સંયોગ ક્યાંથી સાંપડે ?

પૂર્વકાલીન ઉત્કટ કોટિની આરાધનાના પ્રભાવે મહાન પુરુષો, દરેક રીતે પોતાનાં જીવનમાં મહત્તાને પ્રાપ્ત કરનારા હોય છે. અમુક પ્રકારની વિશિષ્ટતા–જેને શાસ્ત્રીય શબ્દોમાં ‘ તથાભવ્યતા ’ શબ્દથી ઓળખાવી શકાય, તેના યોગે મહાન્ આત્માઓના દરેક વ્યવહારમાં લોકોત્તર વિશિષ્ટતાઓ સરજાતી કે સરજાઈ રહી હોય છે. પુણ્યાનુબન્ધિ પુણ્યના ભોગવટાનો આ એક પ્રકાર છે. સામાન્યમતિના આત્માઓ આમાં બેશક મૂંઝાય, એઓની મૂંઝવણને ટાળવાનો આપણી પાસે અન્ય કોઈ ઉપાય નથી. સિવાય જૈન દર્શનનાં તત્ત્વજ્ઞાનનાં મર્મને–બોધને તેઓ સદ્ગુરુઓની નિશ્રાએ પામે, શ્રદ્ધાભાવે પરિણમાવે અને અર્પિત બની પચાવે. [ચાલુ]

# મૂર્ખના ૧૫૦ બોલ:

## [ એક હસ્તલિખિત પાનાપરથી ]

### પૂ. મુનિ શ્રી સુબુદ્ધિવિજયજી મ૦

સંગ્રાહક પૂ. મુનિશ્રી અમને લખી જણાવે છે કે, 'જામનગર શાન્તિભવનના જ્ઞાનભંડારમાંથી કેટલાંક હસ્તલિખિત પાનાઓ હાથમાં આવ્યા હતા, જેમાં 'મૂર્ખના ૧૫૦ બોલ' વાળા પાનાઓ પરથી ઉતારો કરી આ લખાણ મોકલ્યું છે. ભાષા, વાક્યરચના કે શબ્દોની જોડણી ઇત્યાદિમાં કાંઈપણ પરિવર્તન કર્યા વગર એ લખાણ ઈરાદાપૂર્વક અક્ષરશઃ મોકલી આપ્યું છે. આંકમાં એક સ્થાને ભૂલ થઈ છે. જેથી ૧૪૯ બોલ છે.'

**આ** રીતે અમે પણ આ અપ્રસિદ્ધ કૃતિ જેવું લાગતાં અક્ષરશઃ પ્રસિદ્ધ કર્યું છે. જેથી ભાષાની દૃષ્ટિએ એની પ્રાચીનતા જળવાઈ રહે અને વાચકોને નવું જાણવાનું મળી રહે.

૧ બાલકને છેડે તે મુર્ખ, ૨ વગરકામે પરઘેર જાએ તે મુ૦, ૩ જે બાપને નીચની ઉપમા દીયે તે મુ૦, ૪ જે વણકામે પાપ કરે તે મુરખ, ૫ જે વણકામે વેઠ કરે તે મુ૦, ૬ જે દાન દેતા આડો પડે તે મુ૦. ૭ જે વણકામે બંધાયે તે મુ૦, ૮ વડા માણસને વારંવાર ફેરવે તે મુ૦, ૯ જે ગીતમાં ગાનમાં આડીવાત કરે તે મુ૦, ૧૦ જે નીચનો સંગ કરે તે મુ૦, ૧૧, વડા માણસસું ધાડે બોલે તે મુ૦, ૧૨ સ્ત્રીસું ગોઠીપણું કરે તે મુ૦, ૧૩ રાજાએ માન્યો તે સાથે વીષવાદ કરે તે મુ૦, ૧૪ ઝાડને પુઠી દઇને બેસે તે મુ૦, ૧૫ રાજા આગલે કુડી સાખ ભરે તે મુ૦, ૧૬ પરસ્ત્રી દેખીને મશ્કરી કરે તે મુ૦, ૧૭ ગુરૂને આસને બરાબરિ બેસે તઇ મુ૦, ૧૮ મેંદાન વચ જાતાં વાત કરે તે મુ૦, ૧૯ ગુરૂને સામો બોલે સિખ્ખ ન માને તે મુ૦, ૨૦ સોનીસું પ્રીતકરિ વીસવાસે રહે તે મુ૦, ૨૧ કુલહિણી ઇસ્ત્રીને ઘરે જાએ તે મુ૦, ૨૨ જાંણિને કુકર્મ કરે તે મુ૦, ૨૩ પંડિતસું વાદ કરે તે મુ૦, ૨૪ વૈદ્ય

સાથે આગલ આપણી વાત કરે તે મુ૦, ૨૫ સમર્થ થકો ઉદ્યમ ન કરે તે મુ૦, ૨૬ પંડીતમાં પોતાનો જસ બોલે તે મુ૦, ૨૭ વેસાના વચનનો વિશ્વાસ કરે તે મુ૦, ૨૮ કપટીનો વિશ્વાસ કરે તે મુ૦, ૨૯ જુગટાના ધનની આસ્યા કરે તે મુ૦, ૩૦ ખેડ કરે તેમાં લાભનો વિશ્વાસ ન કરે તે મુ૦, ૩૧ નીરબુદ્ધી થકો મોટો કજેર જે કરે તે મુ૦,

૩૨ પરદેશ ગયો થકો રસીકપણું કરે તે મુ૦, ૩૩ દેવું કરિને કુવસન સેવે તે મુ૦,૩૪ વૃદ્ધ થકે કન્યા પર્ણે તે મુ૦, ૩૫ અણસાંભળ્યું શાસ્ત્ર વખાણે તે મુ૦, ૩૬ ઉઘાડિ જણસ જમે તે મુ૦, ૩૭ સમૃથ થકો વૈરી સાથે શંકા ન રાખે તે મુ૦, ૩૯ ધન દૈ પસ્તાવો કરે તે મુ૦, ૪૦ કસિ વાતે વાત ન કરે તે મુ૦, ૪૧ બોલ્યાને અવસરે મુંનપણું કરે તે મુ૦, ૪૨ લાભને અવસરે કજીઆ કરે તે મુ૦, ૪૩ જમવા ટાંણે ભોજન વેલાઈ કલેસ કરે, ૪૪ થોડે લાભે ધન વેખરી નાખે તે મુ૦, ૪૫ પારકો કજીયો માથે લીયે તે મુ૦, ૪૬ બેટાને ધન સોંપિ પરાધિન થાય તે મુ૦, ૪૭ સાસરાને ઘેર જમાઈ રહે તે મુ૦, ૪૮ અસ્ત્રીને હાંસી કરે તે મુ૦, ૪૯ ક્રોધે કરિને પોતાની પરની નિદ્યા કરે તે મુ૦, ૫૦ કુલ અહંકારે ચાકરી ન કરે તે મુ૦, ૫૧ પોતાનાએ કરિ કોઇનું વચન ન માને તે મુ૦, ૫૨ કામવ્યાપે ઘરમાંથી રૂડી વસ્તુ આપે તે મુ૦, ૫૩ અંગ ઉધારે આપી પાછો ન લીયે તે મુ૦, ૫૪ લોભીયા પાસેથી લાભ વાંછનાં કરે તે મુ૦, ૫૫ લોભીયા પાસેથી લાભ વાંછનાં કરે તે મુ૦, ૫૫ અન્યાઈ રાજા પાસે ન્યાય કરાવે તે મુ૦, ૫૬ કિધો ગુણ ન જાણે તે મુ૦, ૫૭ નિઃસનેહિસૂં પોતાનો ગુણની વાત કરે, ૫૮ સુખ સમાધીસુ વૈદ્યુ કરાવે તે મુ૦, ૫૯ રોગ આવે ઔષધ ન કરે તે મુ૦, ૬૦ લોભી થકો પોતાનાં કુટુંબને પીડે તે મુ૦, ૬૧ મિત્ર તથા સજનને દુખે તે મુ૦, ૬૨ લાભ વેલાયે આલસ કરે તે મુ૦, ૬૩ ધનનો ધણી લોકસુ વઢવેડ કરે કે તે મુ૦, ૬૪ મુર્ખ સાથે મીત્રાઈ કરે તે મુ૦, ૬૫ સમર્થવંત પરને પીડાં તે મુ૦, ૬૬ પોતાની અસ્ત્રીનો અવગુણ દેખીને દ્વેષ ધરે તે મુ૦,

૬૭ પારકાં હાથમાં પોતાનું ધન સોંપે તે મુ૦, ૬૮ સુખ આવિ દુખ

વીસારે મુકે તે મુ૦, ૬૯ ધાતુરવાદિઅર્થક ધનવાંછે તે મુ૦, ૭૦ ખેલ થીયો હોય અને સરવ વસ્તુ ખાએ તે મુર્ખ, ૭૧ પોતાની મોટાઇ કરે તે મુ૦, ૭૨ આપઘાત કરે તે મુ૦, ૭૩ કારજ વીના ફરે તે મુ૦, ૭૪ બલવંતસું વેર કરીને નચીંત સુયે તે મુ૦, ૭૫ થોડે ધને ઘણો આડંબર કરે તે મુ૦, ૭૬ પોતાને મોઢે કહે જે હું પંડિત છે એમ કહેતે મુ૦, ૭૭ ઘણો વખાણીને ઉચાટ કરે તે મુ૦, ૭૮ કંઠ વીહુણો ગાય તે મુ૦, ૭૯ અસ્ત્રિની બીકે પરોણો ન કરે તે મુ૦, ૮૦ પ્રત્યક્ષ દોષ દેખિને વખાણે તે મુ૦, ૮૧ સભામાંથી અધવિચારેં ઉઠી જાયે તે મુ૦, ૮૨ કાસિં દુવારકાં સંધેસોં ભૂલે તે મુ૦, ૮૩ ખાંસિનો ધણી ચોરી કરે તે મુ૦, ૮૪ ભોજન વેલાં ટાલો કરે તે મુ૦, ૮૫ પારકા છીદ્ર પ્રકાસે તે મુ૦, ૮૬ વેસાનાં ઘરનો ભાડાનું કલેસ કરે તે મુ૦, ૮૭ બેઉ જણાં વાત કરે ને કાંન દીયે તે મુર્ખ૦, ૮૮ વગર બોલાવ્યે કાંન દીએ ને બોલે તે મુ૦, ૮૯ જસ લેવા સારૂં અજાંણાનો જામીન થાયે તે મુ૦, ૯૦ જણ જણ પાસે પોતાનો ગુજ પ્રકાસે તે મુ૦, ૯૧ હેતુ ઉપરે અહંકાર વડાઇ કરે તે મુ૦, ૯૨ લોક વીવહાર ન જાણે તે મુ૦, ૯૩ ભૂડે કાંમે લજાઈ નહિ તે મુ૦, ૯૪ અજાણું ફલ જમે તે મુર્ખ, ૯૫ ચોરીને ઠેકાણે અસ્ત્રિ સાથે વાદ કરે તે૦, ૯૬ અજાંણ મારગે એકલો ચાલે તે મુ૦, ૯૭ જોમલઈ મારગે ચાલે તે મુ૦, ૯૮ કુલહીણાંની સંગત કરે તે મુ૦, ૯૯ માતાપિતાની આજ્ઞા લોપે તે મુ૦,

૧૦૦ ધર્મ મારગ રૂડો હોય તેને લોપે તે મુ૦, ૧૦૧ પારકી નીંદ્યા કરે તે મુ૦, ૧૦૨ ચડતે પાણી નદિ ઉતરે તે મુ૦, ૧૦૩ પોતાના કુલની મરજાદા લોપે તે મુ૦, ૧૦૪ પાણી પીને ઘર પુછે તે મુર્ખ, ૧૦૫ પોતે વાત કરે ને હસે તે મુ૦, ૧૦૬ સામે ટાલે બેસીને હસે તે મુ૦, ૧૦૭ જમવા બેસે થાલી ઉપરથી ઉઠો ઉઠે તે મુ૦, ૧૦૮ ચાપી ચાપીનેં જમે તે મુ૦, ૧૦૯ ધરમના કામમાં ઢીલ કરે તે મુ૦, ૧૧૦ વીણ અપરાધે ગાલ કાઢે તે મુ૦, ૧૧૧ વીણ તારૂ પાણી ઘણામા પડે તે મુ૦, ૧૧૨ જમણ વેલા રીસાવી બેસે તે

મુ૦, ૧૧૩ મારકણા જનાવરને સામો જાએ તે મુ૦, ૧૧૪ નબલો સબલાસું વાદ કરે તે મુ૦, ૧૧૫ સબલ થકો ધરમનું ઉદ્યમ ન કરે તે મુ૦, ૧૧૬ ધરમનાં કામમાં અંતરાઈ પાડે તે મુ૦, ૧૧૭ ચાલતોં જાય ને ખાતોં જાય તે મુ૦ ૧૧૮ ગુરૂનો વિનય ન કરે તે મુ૦, ૧૧૯ ભણુતા રીસાએ તે મુ૦, ૧૨૦ અણુસુઝતિ સીખામણુ દેયે તે મુ૦, ૧૨૧ શ્રી અરિહંતજીની વાણી અસુચીયે ભણે તે મુ૦, ૧૨૨ અસૂચીએ ભણાવે સાંભલે સંભલાવે તે મુર્ખ, ૧૨૩ ચેલા તથા બેટાને મોઢે ચડાવે તે મુ૦, ૧૨૪ ખોટો રાડ ઝગડો કરાવે તે મુ૦, ૧૨૫ પાંચમાં બેસી કુડિ સાખ ભરે તે મુ૦, ૧૨૬ દાલીદ્રી થઇને ધનની આશા કરે તે મુ૦, ૧૨૭ કુકર્મ કરિ હરખેં જણુ જણુ પાસે વાત કરે તે મુ૦, ૧૨૮ વાટે જાતાં જંગલમાં સૂયે તે મુ૦, ૧૨૯ અણુબોલે બોલાવે તે મુ૦, ૧૩૦ ભીખારી હોયે તેને તેડ્યાની વાટ જોયે તે મુ૦, ૧૩૧ ઉઘાડો થઈ સુયે તે મુ૦, ૧૩૨ સાચા દેવ ગુરૂધર્મ્મની નીંદ્યા કરે તે, ૧૩૩ દુઃખ આવે ને દીનપણું કરે તે મુ૦, ૧૩૪ સુખ આવે દુઃખ વીસારે તે મુ૦, ૧૩૫ અપ્રીતિકારિ નીચને ઘરે જાએ તે મુ૦, ૧૩૬ ઠાકોરસું અબોલ કરે તે મુ૦, ૧૩૭ નીરધનને છાયે ધન નાખિ દીયે તે મુ૦, ૧૩૮ રાજાનો તથા તેનાં કામગરાનો વીસવાસ કરે તે મુ૦, ૧૩૯ અછતા આલ દે તે મુ૦, ૧૪૦ રાજાસું ઘણી ગોઠી કરે તે મુ૦, ૧૪૧ રાજાની અણુદીધી વસ્તુ લીએ તે મુ૦, ૧૪૨ ધનવંત સાથે લડાઈ કરે તે મુ૦, ૧૪૩ ધનને વાંસે આપઘાત કરે તે મુ૦, ૧૪૪ ગયા ધનનો સોચ કરે તે મુ૦, ૧૪૫ દાન, દયા તથા તપ કરિ પસ્તાવો કરે તે મુ૦, ૧૪૬ છતે જોગે દાન ન આપે તે માટો મુ૦, ૧૪૭ જૂગારિ તથા ચોરને ઉધારે આપે તે મુ૦, ૧૪૮ કુગુરૂ કુદેવનો સંગ કરે તે મુ૦, ૧૪૯ પોતાને ચાલે તીઆ સુંધી ઉપગાર ન કરે તે મુ૦, ૧૫૦ દાન, સિયલ, તપ ભાવનાં છતિ સક્તિએ કરે નહિ તે મુર્ખ.

"પશ્ચિમ અને પૂર્વના પહેરવેશમાં મુખ્ય ફરક એ છે, કે પશ્ચિમનો પહેરવેશ શરીરનાં અંગપ્રત્યંગ દેખાડવાનો પ્રયત્ન કરે છે, જ્યારે પૂર્વનો વેશ શરીર ઢાંકે છે."

**લીન યુતાંગ**

("ઈમ્પોર્ટન્સ ઑફ લિવિંગ")

# જૈન શાસનમાં દ્રવ્યાનુયોગની
## આપેક્ષિક મહત્તા

### પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજીમહારાજ

ચાલુ લેખમાળા : લેખાંક : ૨

### ન્યાયાચાર્ય શ્રીયશોવિજયજી મહારાજ રચિત-
### દ્રવ્યગુણપર્યાયનો રાસ : વિશિષ્ટ વિવેચન સહિત

દ્રવ્યાનુયોગની વિચારણામાં તરબોળ આત્મા, શ્રી જિનભાષિત તત્ત્વોનો શ્રદ્ધાળુ ન હોય તો તેની તે વિચારણા તાત્ત્વિક દ્રવ્યાનુયોગની વિચારણા નથી પણ કેવળ બુદ્ધિની જડતા છે.

શુદ્ધ શ્રદ્ધાપૂર્વક થતી દ્રવ્યાનુયોગની વિચારણા એટલે પરિણતિ ધર્મ અને ચરણકરણની સાધના એટલે આચાર ધર્મ, પરિણામ ધર્મ કરતાં આચારધર્મનું મહત્ત્વ ઓછું નથી.

વિના દ્રવ્ય અનુયોગ વિચાર,
ચરણકરણનો નહિં કો સાર;
સમ્મતિ ગ્રંથે ભાષિઉં ઈસ્યૂં,
તેતો બુધ જન મનમાં વસ્યું.

**ભાવાર્થ:**—સમ્મતિ ગ્રંથના કર્તા મહાવાદિ આચાર્ય શ્રીમદ્ સિદ્ધસેન દિવાકરજી મહારાજા ફરમાવે છે કે, દ્રવ્યાનુયોગની વિચારણા વગર ચરણ-કરણની સાધના નિઃસાર છે. આ વાત પંડિત પુરુષોનાં હૃદયમાં સ્થાન પામે છે પણ બાહ્ય દૃષ્ટિમાં ભટકનારા આત્માઓનાં હૃદયમાં સ્થાનભૂત થતી નથી.

**વિવેચનાર્થ:**—દ્રવ્યાનુયોગની વિચારણા એટલે પરમ કારુણિક જિનેશ્વર દેવોએ અર્થરૂપે કહેલા સ્યાદ્વાદ, નયવાદ અને સાત ભંગી આદિ પદાર્થોમાં આત્માની મનોલીનતા. દ્રવ્યાનુયોગની વિચારણા એટલે

ગણધર દેવોએ સૂત્રરૂપે ફરમાવેલી દ્વાદશાંગીરૂપ જ્ઞાન–ગંગામાં આત્માનું અપૂર્વ સ્નાન. દ્રવ્યાનુયોગની વિચારણા એટલે ભગવાન જિનેશ્વર દેવોના સિદ્ધાંતો અબાધ્ય રાખી પૂર્વાચાર્યોએ ફરમાવેલા ષટ્દ્રવ્યોના દ્રવ્ય, ગુણ અને પર્યાયોનું આત્મકલ્યાણના ઇરાદે ગંભીર મનોમંથન. જ્યારે, ચરણકરણની સાધના એટલે નિર્દોષ ( ૪૭ દોષ રહિત ) ભિક્ષાચર્યા; પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન વિશિષ્ટ પ્રકારના અભિગ્રહ કરવા તેમજ ઇંદ્રિય-નિગ્રહ વગેરે.

ભગવાન્ શ્રી જિનેશ્વર દેવનું શાસન ફરમાવે છે કે, આ બંને યોગોની અપૂર્વ સાધનાના પ્રતાપે આત્મા ઉપર લાગેલા ઘાતિ કર્મો રૂપી દુશ્મનો નાશ પામે છે અને સત્તાગત અનંતજ્ઞાનાદિ ગુણો પ્રકાશમાં આવે છે. જ્યાં સુધી આ બંને યોગોની સાધના જીવનમાં આવતી નથી ત્યાં સુધી આત્માનો નિસ્તાર કદી પણ થતો નથી, આઠ રૂચક પ્રદેશને છોડી અસંખ્યાત પ્રદેશના માલીક એવા આ આત્માના પ્રત્યેક પ્રદેશમાં અનંતાનંત કર્મનાં દળીઆં ચોંટેલાં છે તે દળીઆમાં રહેલા પ્રત્યેક કર્મ ઉપર અનંતાનંત ગણો રસ ચોંટેલો છે. તે દળીઆંની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશો આત્માના ગુણોને આવરે છે.

પંચસંગ્રહકાર મહાત્મા ફરમાવે છે કે, મોહાંધ એવા આત્માઓ માટે જેમ ઘાતિ કર્મો એ આત્મગુણોના નાશ કરનારા છે તેમ અઘાતિ કર્મો પણ મોહાંધતાના યોગે આત્મગુણોના નાશમાં સહાયક થાય છે. યદ્યપિ અઘાતી કર્મો એ પુદ્દગલ વિપાકી પ્રકૃતિ છે. એનામાં આત્મામાં રહેલા અનંત જ્ઞાનાદિ ગુણોને આવરવાનું સામર્થ્ય નથી, તથાપિ મોહાંધતાના યોગે આત્મા અને પુદ્દગલના ભેદનું આંશિક એવું પણ જ્ઞાન યથાર્થરૂપે થતું નથી અને તેથી ઇષ્ટ પુદ્દગલો જીવ પાસેથી ચાલ્યાં જાય છે અને અનિષ્ટ પુદ્દગલોનો જીવને સંયોગ થાય છે ત્યારે જીવ આકુળવ્યાકુળ થાય છે અને મહામોહનીય કર્મને બાંધે છે. આ બંને યોગોની સાધનાથી શરૂઆતમાં મોહાંધતા ટળે છે અને મોહાંધતા ટળવાથી પુદ્દગલવિપાકી એવી અઘાતિ કર્મોની પ્રકૃતિઓ આત્મગુણનો નાશ કરવામાં સહાયક બની શકતી નથી

અને પરિણામે આ બંને યોગોની ઉત્કૃષ્ટ સાધનાથી ઘાતી કર્મોના નાશ થવાપૂર્વક આત્માને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યરૂપ અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ પણ થાય છે. આ બંને યોગોમાં દ્રવ્યાનુયોગની સાધના એ અપેક્ષાએ પ્રધાનરૂપે છે જ્યારે ચરણકરણની સાધના એ અપેક્ષાએ ગૌણ રૂપે છે.

દ્રવ્યાનુયોગની વિચારણા વગરની ચરણકરણની સાધના એ સારરૂપ નથી પણ અસાર છે. એનું તાત્પર્ય એ છે કે, સમ્યક્જ્ઞાનપૂર્વકની ચારિત્રની આરાધના એ ઇષ્ટ ફળને આપનારી છે, જ્યારે સમ્યક્જ્ઞાનવગરની ચારિત્રની ક્રિયા એ મોક્ષફળની અપેક્ષાએ ફલવતી નથી પણ નિષ્ફળ પ્રાયઃ છે. આથી એ પણ સિદ્ધ થાય છે કે દ્રવ્યાનુયોગની વિચારણામાં તરબોળ બનેલો આત્મા શ્રી જિનભાષિત તત્ત્વોનો શ્રદ્ધાળુ ન હોય તો તેની તે વિચારણા પણ તાત્ત્વિક દ્રવ્યાનુયોગની વિચારણા નથી પણ કેવળ મનોખેદ જ છે. શ્રદ્ધારૂપ રત્નને પ્રાપ્ત કરવા અથવા શ્રદ્ધારૂપ રત્નને વિશેષપણે પ્રકાશિત કરવા માટે થતી એવી દ્રવ્યાનુયોગની વિચારણા એ જ સાચી દ્રવ્યાનુયોગની વિચારણા છે.

વિચારતાં ખ્યાલ આવશે કે, વિશ્વવંદ્ય ભગવાન્ મહાવીર મહારાજાના શાસનમાં અભવ્ય એવા અંગારમર્દક આચાર્ય આરાધક કહેવાય કે ચરણ-કરણની સાધના વગરના શ્રેણિક મહારાજા આરાધક કહેવાય? જવાબ સ્પષ્ટ જ છે કે, ચરણકરણની સાધના વગરના પણ શ્રેણિક મહારાજા શુદ્ધ દ્રવ્યાનુ-યોગની વિચારણાવાળા હોવાથી આરાધક છે. જ્યારે શુદ્ધ દ્રવ્યાનુયોગની વિચારણાથી શૂન્ય એવા અંગારમર્દક આચાર્ય ચરણકરણની સાધનાવાળા હોવા છતાં પણ અનારાધક છે. જો કે અંગારમર્દક આચાર્યના હૈયામાં દ્રવ્યાનુયોગની વિચારણા નથી જ એવું પણ નથી પણ તે વિચારણા શુદ્ધશ્રદ્ધારૂપ સંવેગથી વણાએલી નથી. હાથમાં મુહપત્તિ છે, બગલમાં ઓઘો છે, મુખે ધર્મલાભની આશિષ છે પણ જ્યાં હૈયું જ શ્રદ્ધાના વિષયમાં કોરું ધાકોર હોય ત્યાં પછી શુદ્ધ દ્રવ્યાનુયોગની વિચારણા ક્યાંથી હોય?

આપણે શુદ્ધ દ્રવ્યાનુયોગની વિચારણા તેને કહીએ છીએ કે, જેના

હૈયામાં મુક્તિના ધ્યેયપૂર્વક ધર્માસ્તિકાય આદિ ષટ્દ્રવ્યોનું ભાવવાહી ચિંતવન રમણતા પામેલું હોય. અંગારમર્દક પાંચસો શિષ્યોના ગુરુ છે. પરમેષ્ઠી પદમાં રહેલા ત્રીજા પગથીઆરૂપ આચાર્યપદમાં પોતાની જાતને ઓળખાવે છે પણ હૈયામાં શુદ્ધશ્રદ્ધારૂપ અનંતજ્ઞાનીઓના શાસનની વફાદારી જ નથી; માટે જ તેઓનાં હૈયામાં તાત્ત્વિક દ્રવ્યાનુયોગની વિચારણા નથી, એમ આપણે બેધડકપણે કહી શકીએ છીએ.

આથી એ ફલિત થાય છે કે, ચરણકરણની સાધના વગરની એકલી દ્રવ્યાનુયોગની વિચારણા કિંમતી છે, પણ દ્રવ્યાનુયોગની વિચારણા વગરની અથવા તો દ્રવ્યાનુયોગના વિચારક એવા આત્માની નીશ્રા વગરની ચરણ-કરણની એકલી સાધના કીંમતી નથી. જો કે ઉપલી વસ્તુને ધ્યાનમાં રાખીને ક્રિયારુચિ વગરના પણ કેટલાક આત્માઓ વર્તમાનમાં કહે છે કે 'સમજણ વગરની ક્રિયા કરવાથી શું લાભ? જ્ઞાનીના શાસનમાં સમજણની મહત્તા છે પણ ક્રિયાની મહત્તા નથી; માટે ક્રિયા ન કરીએ તો પણ ચાલે, માત્ર સમજણ જોઇએ.'

આવી વિચારણા કરનારા આત્માઓએ સમજવું જોઇએ કે, સમજણ એ ઉછીની પણ લઇ શકાય છે જ્યારે ક્રિયા તો આપણે જાતે જ કરવી જોઇએ. કોર્ટમાં જ્યારે કેસ ચાલતો હોય છે ત્યારે વકીલ તો ભાડે પણ રખાય છે, પણ કોર્ટમાં હાજરી આપવી, પૂછે તેના જવાબો આપવા, કેસ દાખલ કરાવવો વગેરે ક્રિયાઓ પોતાને જ કરવી પડે છે, મારૂસ અને માતુસ મુનિ શું ભણેલા હતા? કહો કે માત્ર અષ્ટ પ્રવચન માતાના જાણકાર છતાં પણ એમની ચરણકરણની સાધના જેમ લાભપ્રદ કહી છે તેમ ગીતાર્થની નિશ્રાએ આરાધના કરનારા આત્માની પણ ચરણકરણની સાધના લાભદાયી જણાવી છે. મારૂસ અને માતુસ મુનિ સ્વયં ગીતાર્થ નથી પણ ગીતાર્થ એવા આચાર્ય મહારાજની નિશ્રાએ છે માટે તેમની આરાધના પણ સફળ જ ગણાય.

શુદ્ધશ્રદ્ધાપૂર્વક થતી એવી દ્રવ્યાનુયોગની વિચારણા એટલે પરિણામ ધર્મ અને ચરણકરણની સાધના એટલે આચાર ધર્મ. પરિણામ ધર્મ કરતાં

આચાર ધર્મનું મહત્ત્વ ઓછું નથી, પણ એટલી વાત તો જરૂર છે કે, પરિણામ ધર્મ વગરની આચાર ધર્મરૂપ ક્રિયા એ ચૈતન્ય વગરના કલેવર જેવી છે, એટલા જ માટે શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે, શ્રદ્ધાપૂર્વકની દ્રવ્યાનુયોગની વિચારણાવાળો ચરણકરણની સાધનાથી રહિત હોય તો પણ ચતુર્થ ગુણસ્થાનકે છે જ્યારે શ્રદ્ધાવાળી દ્રવ્યાનુયોગની વિચારણા-શૂન્ય ચરણકરણની સાધનાવાળો પ્રથમ ગુણસ્થાનકે છે.

માટે જ જ્ઞાનસારમાં ઉપાધ્યાયજી મહારાજા ફરમાવે છે કે,

**क्रियाहीनं च यद्ज्ञानं ज्ञानहीना च या क्रिया ।**
**अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥**

ચરણકરણની સાધના વગરનું સમ્યક્જ્ઞાન એ સૂર્યના જેવું છે, જ્યારે સમ્યક્જ્ઞાન વગરની ચરણકરણની સાધના ખજવા જેવી છે. મતલબ કે, સમ્યક્જ્ઞાની અને માત્ર ક્રિયાકાંડ કરનારામાં એટલું અંતર છે કે જેટલું અંતર સૂર્ય અને ખજવામાં છે.

આથી કોઈએ એમ પણ ન માની લેવું કે, 'આપણે જ્ઞાન જ ભણ્યા કરશું, ક્રિયાની શી જરૂર છે?' આવી માન્યતા એ મિથ્યાત્વરૂપી દોષમાંથી જન્મે છે અને મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાનને અધિક પુષ્ટ કરે છે. સાચો જ્ઞાની કે શુદ્ધ દ્રવ્યાનુયોગની વિચારણા કરનારો ચરણકરણની સાધના વગરનો હોય તે બને પણ તેને ક્રિયા પ્રત્યે અરુચિ હોતી નથી પણ પૂર્ણરુચિ હોય છે. ક્રિયાશીલ આત્માને એ જુએ એટલે એનું મસ્તક નમી જાય છે, હાથ ભેગા થઈ જાય છે, છાતી અને કમ્મર વાંકી વળે છે અને હૈયું પુલકિત બને છે. ઉત્તમ એવા ક્રિયાશીલ આત્માની એ કદી ઠેકડી કરનારો ન હોય, એને કદિ ઉતારી પાડનારો પણ એ ન હોય, તેમજ એના પ્રત્યે કદિ પણ આદરબહુમાન વગરનો પણ એ ન હોય. આથી સમ્યગ્જ્ઞાની કદિ એમ તો ન જ બોલે કે 'ચરણકરણની સાધનાની શી જરૂર છે?'

# આપણે શું કરવું જોઇએ ?

શ્રી હરજીવનદાસ શાહ : જામનગર.

**અજ્ઞાન**તાથી, ખોટી દોરવણીથી આપણે ભૂલો કરતા રહ્યા છીએ. દેશહિતને નામે પરદેશીઓનું જ હિત કરી રહ્યા છીએ. સમાજ-સુધારણાના નામે આર્યોના પવિત્ર સંસ્કારો ત્યજી અનાર્ય સંસ્કારોનો પ્રચાર કરીએ છીએ. અધ્યાત્મવાદને ભૂલી ભૌતિકવાદમાં જીવનને સંડોવી ખરેખર આપણે આપઘાત કરી રહ્યા છીએ.

**આ**પણે જે કરવાનું છે તે, સામાજિક અને ધાર્મિક દૃષ્ટિએ જે જે વિકૃતિઓ છે, તે તે દૂર કરી, તેના નિયમોનું શક્ય પાલન કરવા-કરાવવાનો આગ્રહ રાખવો, આ દ્વારા આપણી સંસ્કૃતિને ટકાવી રાખવી આ જ આપણું કર્તવ્ય છે.

**આ**જે આપણે શહેરોનાં પરિચયથી તેમજ કેળવણીથી આગળ વધી રહ્યા છીએ. સામાજિક રૂઢિઓ અને અજ્ઞાનતાના ઓથાર તળેથી નીકળીને કેળવણીમાં, સામાજિક જીવનમાં તેમજ વેપાર-ઉદ્યોગમાં ઠીક ઠીક પ્રગતિ સાધીએ છીએ, પરંતુ એ પ્રગતિની સત્યાસત્યતાનો વિચાર નહિ કરીએ, પ્રગતિ છે કે પતન ? તેનો નિર્ણયાત્મક વિચાર નહિ કરીએ, તો દેશ, સમાજ અને ધર્મનું હિત કરવાને બદલે તેનો નાશ કરી પતનની ઊંડી ગર્તામાં સમાઇ જઇશું.

જ્યાંસુધી આપણે આપણી સામાજિક ઉન્નતિ માટે અને આધ્યાત્મિક ઉન્નતિ માટે જીવનમાં ધર્મને મહત્વનું સ્થાન આપી શકયા નથી ત્યાંસુધી તેની પ્રગતિ કરવાની વાતો અપૂર્ણ ગણાશે.

આપણે સાંભળીએ છીએ કે "પ્રથમ દેશની આઝાદી જોઇએ" "પરાધીન દેશ, સમાજ અને ધર્મની ઉન્નતિ નજ કરી શકે" આ વસ્તુ કેટલેક અંશે સાચી પણ છે; કારણ કે પરદેશી રાજકીય બંધનો આપણને લગભગ ઘણીખરી બાબતોમાં વિકાસને બદલે પતન તરફ દોરી જનારા હોય છે, કેમકે તે હિંદની સંસ્કૃતિને અનુલક્ષીને યોજવામાં નથી આવ્યા.

બલ્કે જાણે હિંદી સંસ્કૃતિના વિનાશ માટે જ હોય તેમ યોજાએલા છે, માટેજ આપણે આપણા કૌટુંબિક હિતો, ધાર્મિક હિતો, સ્વરાજકીય હિતો તેમજ બીજા હિતોને સમજવામાં ભૂલો કરતા જઈએ છીએ એટલું જ નહિં પરંતુ પરદેશી સંસ્કૃતિનુ ખોટું અનુકરણ કરવાદ્વારા સમાજ, ધર્મ અને દેશને વધુ પરાધીન બનાવતા જઇએ છીએ.

પ્રાથમિક દૃષ્ટિએ આ વિગત સમજવી મુશ્કેલ છે, પરંતુ આપણી રહેણી, કહેણી અને કરણીની તપાસમાં ઊંડા ઉતરીશું તો ખરેખર આપણે ભાનભૂલા છીએ તે સમજાયા વિના નહિ રહે.

આપણા ભૂતકાલીન સામાજિક, ધાર્મિક અને રાજકીય બંધનો જે અરસપરસ–પૂર્વાપર વિરોધ રહિત–એકબીજાને હિત કર્તા બની રહે તેવી રીતે રચાએલા હતા. લગ્નબંધનો, અણા પરિઆણા, સીમંત વગેરે રિવાજો વૃદ્ધો અને મોટેરાઓનાં સંબંધમાં પતિપત્નીની મર્યાદાઓ, વેશપરિધાન બાળઉછેર, જન્મ અને મરણને લગતા રિવાજો વગેરે સામાજિક બંધનો દેવવંદન, ગુરૂવંદન, પૂજા, પ્રતિક્રમણ વગેરે તેમજ ઉજવણી, ઓચ્છવો, જળજાત્રા–રથયાત્રા વગેરે વરઘોડાઓ વગેરે, સાધુ સાધ્વીના ચાતુર્માસો, સાધર્મિવાત્સલ્યો વગેરે ધાર્મિક અનુષ્ઠાનો તેમજ માત્ર પ્રજાના જ હિત માટે યોજાએલા રાજકીય નિયમોનાં પાલનમાં સમાજ ખરેખર સુખી હતો, ધર્મની ઉન્નતિ હતી, રાજ્યની આબાદી હતી અને પ્રજાની આઝાદી હતી.

પરંપરાગત આવેલા તે નિયમોના ઐચ્છિક સ્વીકારથી સમાજ, ધર્મ અને દેશનું શિસ્ત સચવાઇ રહેતું હતું. તેમજ તે બંધનરૂપ લાગવાને બદલે તેના પાલન કરવા–કરાવવામાં સૌને આનંદ ઉત્પન્ન થતો હતો.

જ્યારે આજે આપણે શિસ્ત જાળવવાનાં તે નિયમોને બંધન તરીકે માનીએ છીએ, પોતાને વાડામાં પૂરાએલા સમજીએ છીએ. કુટુંબમાં ધાર્મિક નિયમોનું પાલન કરવા–કરાવવામાં નિરાદર અને ઉપેક્ષા સેવીએ છીએ એટલુંજ નહિં પરંતુ ધાર્મિકતાને ઢોંગ માનવા સાથે તેવો પ્રચાર કરવામાં આનંદ માનીએ છીએ. તેમજ સમાજ અને ધર્મના તે બંધનોથી

પર રહેવામાં જ સ્વતંત્રતા માની બેઠા છીએ. તેને પરિણામે સામાજિક શિસ્ત ખોઈ બેઠા છીએ, નિરંકુશ થવાને લીધે વિધવા વિવાહ, પુનર્લગ્ન, લગ્નવિચ્છેદ, વ્યભિચાર વગેરે જેને આર્યો દોષ માનતા હતા. તેનુંજ આચરણ કરી રહ્યા છીએ, કૌટુંબિક ભાવનાઓમાં ગાબડાં પડ્યાં છે: પિતાપુત્ર, પતિપત્ની, ભાઈબ્હેનથી માંડીને દૂરના સંબંધિઓમાં રહેલી નિઃસ્વાર્થ પ્રેમભાવનાનું પૂર ઓસરી જતું જણાય છે. માની લીધેલી સ્વતંત્રતાના પરિણામે સ્વચ્છંદતાનું જ પોષણ થાય છે, દેશની લક્ષ્મી, શારીરિક સંપત્તિ, સંસ્કાર ધન વગેરે ખોઇ બેઠા છીએ.

જો કે અત્યારે આપણા સામાજિક અને ધાર્મિક રિતરિવાજોમાં વિકૃતિનો પગપેસારો થયો છે પરંતુ તેથી કરીને આપણે સંસ્કૃતિને તો ન જ છોડી શકીએ. આપણા પ્રયત્નો તો તે વિકૃતિને દૂર કરવાને માટે જ હોવા જોઇએ. શરીરમાં રોગ થયો હોય તો રોગનો જ ઇલાજ થાય પણ રોગનો નાશ કરવા માટે શરીરનો નાશ ન જ કરાય આજે આપણે ખોટી કેળવણીના પ્રતાપે, આંધળા અનુકરણદ્વારા–ધાર્મિક બંધનો જે સામાજિક શિસ્તપાલનમાં અંકુશ જેવા હતા તેને અવગણીને સમાજનું શિસ્ત તોડીએ છીએ, સાથે સાથે ગુલામીની બેડીઓમાં વધુ ને વધુ જકડાતા જઇએ છીએ.

આપણે સમજવું જોઇએ કે, સમાજ સેવામાં, કૌટુંબિક ઉન્નતિમાં, ધાર્મિક સંસ્કારો તથા નિયમોમાં પાલન કરવા–કરાવવામાં જ દેશનું ખરેખરૂં હિત કરીએ છીએ. તેમજ સામાજિક અને ધાર્મિક પ્રગતિદ્વારા દેશની આઝાદીમાં સક્રિય ફાળો આપીએ છીએ. આ સનાતન સત્યનું મહત્ત્વ કોઇપણ કાળમાં જરાપણ ઓછું થવાનું નથી વળી સમાજની ઉન્નતિમાં જ ધર્મ અને દેશની પ્રગતિ સાધી શકાય છે. તે પણ તેટલુંજ મહત્ત્વનું છે. નબળો સમાજ ધર્મ અને દેશને ઉપકારી થવાને બદલે તેના નાશમાં જ વધુ ભાગ ભજવે છે.

શરીરમાં બીજા અવયવોનાં પ્રમાણમાં પેટ વધતું જતું હોય હાથપગ પાતળા પડતા હોય તેમ જ બીજા અવયવો જાડા થતા હોય. આવો

શારીરિક વિકાસ થતો હોય તો ? અરે આખું શરીર ખુબ માંસલ થઇને કોઠી જેવું થયું હોય પરંતુ માનસિક વિકાસમાં પશુઓને પણ ન પહોંચી શકે તેવું ક્ષુદ્ર–કોડીયા જેવડું મગજ હોય તો ? તેને શું આપણે સાચો શરીરવિકાસ કહીશું ? તેવા વિકાસથી આનંદ ઉલ્લાસ થશે ? તેવો વિકાસ સાધવા બીજાને ભલામણ કરી શકાશે ? બલ્કે તેવે સમયે આપણને ભય ઉત્પન્ન થાય છે. વૈદ્યો, ડોકટરો અને જાણકારોની સલાહ લેવાય છે કે 'ભાઇ ! પેટ વધે છે શું હશે ?' મન તો એવું નબળું થતું જાય છે કે થોડું વાંચવા–વિચારવાથી થાકી જવાય છે. સાધારણ બાબતો પણ સમજાતી નથી, વગેરે.

સમાજ, ધર્મ અને દેશની બાબતમાં આપણી સ્થિતિ ખરેખર આવી જ છે. તે સ્થિતિને દૂર કરવાને ત્રણેનો સમન્વય સાધવો પડશે. સાચું દેશહિત, સાચું સમાજહિત શું છે ? તે વિચારવું જોઇશે.

અજ્ઞાનતાને લઇને, ખોટી દોરવણીના પ્રતાપે આપણે ન સમજાય તેવી ભૂલોની પરંપરા વધારતા જઇએ છીએ, દેશહિત કરવાને નામે પરદેશીઓનું જ હિત કરી રહ્યા છીએ, સમાજ સુધારણાને નામે આર્યોના પવિત્ર સંસ્કારને તિલાંજલિ આપીને, અનાર્ય સંસ્કારોનું પોષણ કરીએ છીએ, તેનો પ્રચાર કરીએ છીએ અને સમાજમાં અનાર્યોનાં તામસી તત્ત્વોનું અનુકરણ કરવા–કરાવવા દ્વારા અનાર્યો થતા જઇએ છીએ. ધર્મને જાણ્યા વિના તેના વિતંડાવાદમાં આપણી ફરજોને ભૂલીએ છીએ અધ્યાત્મવાદને ભૂલીને ભૌતિક વાદમાં આપણાં જીવનને સંડોવીને ખરેખર આપઘાત કરી રહ્યા છીએ જગતમાં અનીતિ અને અન્યાયનું સામ્રાજ્ય વધારી રહ્યા છીએ.

આપણી આ વર્તમાન સ્થિતિ પરિવર્તન માંગી રહી છે અનેક ઉપકારી પુરુષો પોતાના જીવનનો ભોગ આપીને એનો અંત લાવવા પ્રયત્નો કરી રહ્યા છે. તે વખતે આપણે શું કરવું ? તે મહાનપુરુષો જેટલી બુદ્ધિ, શક્તિ, લાગવગ કે રાજકીય વર્ચસ્વ વગેરેથી આપણે વંચિત

છીએ એટલે તેમના માર્ગે આપણે પ્રયત્ન કરવો તે આપણે માટે અશક્ય છે.

આપણે જે કરવાનું છે તે કાંઈ નવું નથી તેમ જૂનું નથી. સામાજિક અને ધાર્મિક વિકૃતિઓને સમજપૂર્વક દૂર કરવી, તેના નિયમોનું શક્ય હોય તેટલું બધું પાલન કરવા–કરાવવાનો આગ્રહ રાખવો. સંસ્કૃતિને ટકાવી રાખવી એ જ સાચી આઝાદી છે. તે ન જ ભૂલવું. સમાજ અને ધર્મ એ સંસ્કૃતિરૂપ મહેલના મુખ્ય મહાસ્તંભ છે. તેના વિના સંસ્કૃતિ મહેલનું બધું ચણતર ભાંગીને ભુક્કો થઈ જશે. તે સ્તંભોને કુવિચાર, કુવાણી અને કુકર્મરુપ કુઠારના પ્રહારોથી બચાવવાનું આપણું મુખ્ય કર્તવ્ય છે.

મહાપુરુષો પણ કહે છે કે, વૈભવ અને વિલાસમાં પણ આચારશુદ્ધિ રાખો, વિચારશુદ્ધિ કેળવો, ભૌતિકવાદને ભૂલો, બની શકે તેટલું આધ્યાત્મિક જીવન આચરો. વ્યક્તિગત, સમૂહગત અને દેશગત આ આચરણો જીવનમાં ઉતારી તેના પ્રચારદ્વારા પરદેશી બંધન ઢીલા કરો અને પરિણામે સાચી આઝાદી મેળવીને માત્ર દેશનું જ નહિં પરંતુ પરંપરાએ સર્વ જગતનું કલ્યાણ કરો.

આ માટે સમાજ, ધર્મ અને દેશની મુક્તિ માટે પ્રયત્ન કરતા પૂજ્ય મુનિરાજો અને બીજા મહાન ધર્માત્મા પુરુષોના કાર્યમાં આપણે આ રીતે સક્રિય સહકાર શું ન આપી શકીએ ?

કુટુંબોમાંથી પ્રેમ ઓછો થતો જાય છે એવી બૂમો પાડવાથી પ્રેમ પ્રગટવાનો નથી. પ્રેમ પ્રગટે છે જ્ઞાનપૂર્વકના ત્યાગથી. જેનામાં એવો ત્યાગ આચરવાની શક્તિ ન હોય તેણે પોતાનું કુટુંબ મર્યાદિત બનાવી દેવું જોઇએ. જેના પ્રત્યે પ્રેમ અથવા કર્તવ્યની ભાવના પ્રગટે જ નહિ તેને દૂર કરવાં જોઇએ. પરાણે ખેંચવાથી અંતે સદ્‌ભાવ પણ નાશ પામશે.

# સત્ય

## શ્રી મફતલાલ સંઘવી.

અસત્યોના ઊંડા અંધારેથી પરમ સત્યના સુવર્ણ મંદિરે પહોંચવા માટે મન, વચન અને કાયાને ધીમે ધીમે એ દિશાની દોરવણી આપવી જોઇએ. જીવન જીવ્યાનો આનંદ માણનારે સમજવું ઘટે કે, 'સત્ય વિનાનું જીવન લૂણ વિનાના ભોજન જેવું બની જાય છે.'

સત્યની મહત્તાનું આ મધુરું સંગીત પોતાની વિશિષ્ટ ડોલન શૈલીએ લેખક અહિં ગંભીરભાવે રજૂ કરે છે.

સત્ય કેવું હોય? સો ટચના સોનાના ટૂકડાને સોનાનો કહેવો તે ખરું સત્ય ગણાય તેના કરતાં, પિત્તળને સોનાનો પોલીસ કરી ભરબજારમાં તેને સુવર્ણ તરીકે જાહેર કરી સ્વ–આત્મઘાતી બનનાર સમજી જઇને 'યથા તથા' સ્પષ્ટતયા જાહેર કરી દે તે સત્ય સભર સત્ય ગણાય. તેમાં સત્યને દીપાવનારા નિર્ભેળ તત્ત્વોનું પ્રમાણ મોટું હોય.

સત્ય સંસારનું સત્ય છે. સંસારમાં સુખે જીવન વહવા કાજે સત્યના આછા–પાતળા પ્રકાશની સારા–નરસા પ્રત્યેકને અપેક્ષા રાખવી પડે છે. સત્યસૂનો સંસાર જલહીન સરિતા જેવો બને.

દાનવતા અને માનવતા વચ્ચેનો તારક પુલ તે સત્ય. અસુંદર વિચારોને સુંદરતાનો નવો ઓપ ચઢાવનાર દ્રવ્ય તે સત્ય.

દરેક સમજે છે કે 'સાચું બોલવું જોઇએ' પણ આ સમજે કેટલાને ભીંજવ્યા હશે તે પરમ જ્ઞાની જાણે! સાચું બોલવાથી અસત્યનો પરાભવ થાય છે, એટલું જ નહિ, પરંતુ જગતના બજારમાં સત્યના પ્રકાશની કેટલી જરૂર છે, તેની અસત્યને આશ્રયે પળનું સુખદ જીવન ગાળતા જીવોને ખબર પડે છે.

શરૂઆતમાં કદાચ સત્ય બોલવું આકરું લાગે, પણ એ તો કઠણ

જમીનને ફળદ્રૂપ કરવા માટે લેવામાં આવતી જહેમત જેવી હકીકત થઇ, કારણ કે રસભીની ધરા કઠણ હોય, તેને પોચી કરવામાં કદાચ મહેનત વિશેષ પડે. કિન્તુ ભાવિમાં તેના ફળની મીઠાશ તે મહેનતનો તમામ બદલો આપી ચૂકે છે. ખરો સત્યવાદી બદલાની આશા રાખે પણ નહિ; કારણ કે તે એમ જ માનતો થઈ જાય છે કે, " હું સત્ય બોલું તે મારી ફરજ તરીકે, તેમાં હું અન્યને ઉપકારી નીવડતો નથી."

સત્યના અમર અસ્તિત્વને ગોપવનારી ઢાલ તે અસત્ય. રવિ આડે તરતી ક્ષણજીવી વાદળી જેવી આ ઢાલ ગણાય; છતાં જ્યારે એક વાદળીને અનેક વાદળ આવી મળતાં સંસારમાં ક્ષણભર ગાઢ તિમિર છવાય છે તેમ જીવનમાં સત્યને પણ પ્રસંગોપાત રોધાવું પડે છે. અને આવા રોધામણના પ્રસંગો મહદંશે સંસારીની પ્રગતિમાં તેજરશ્મિઓ પૂરતા અનેક સુસાધકોને કસોટીના કપરા કાળ જેવા થઇ રહે છે; કારણ કે અસ્તિત્વ ધરાવતા પ્રત્યેક સ્થૂળ યા સૂક્ષ્મ, સારા યા નરસા—અણુમાં તેના મૂળભૂત સ્વભાવાનુસાર પરિણામ જગવવાનું બળ રહેલું હોય છે. પછી ભલે તેનું તે બળ ક્ષણભર ટકે કે પળો પર્યંત, છતાં તે એક વારની અસર તો કરી જ જાય છે.

જીવનમાં અસત્ય આચરતો–' હું સત્ય બોલું છું ' એવો ડોળ કરનાર મનુષ્ય આ સંસારમાં સત્ય અને અસત્ય ઉભયનો દ્રોહી બને છે; કારણ કે એક પક્ષે તે અસુંદર વિચારઘેલાઓની પીઠ થાબડે છે, તેમને પોષે છે, અને અમનચમન ઉડાવે છે; જ્યારે બીજી બાજુએ તે સુસુંદર તત્ત્વાભ્યાસીઓની સભામાં જઇ–' પોતે કેવો છે ' અને ' દરેકે કેવા થવું જોઇએ ' તેના ભાષણો આપે છે. આમ સત્યાસત્ય ઉભયથી વંચિત ડોળ-ઘાલુઓ માટે આ સંસાર રૌરવ નરકાગાર કરતાં પણ ભયંકર થઈ પડે છે, કારણકે પ્રત્યેક પ્રાણીને તેનાં કર્મો પ્રતિચ્છાયારૂપે ડરાવી શકે છે.

તમાચો મારીને ગાલ લાલ રાખવાનું સંસારીઓને ભલે ગમતું હોય, બાકી ખરો આત્માનંદ તો જેવા હોઈએ તેવા જગતની કચેરીમાં જાહેર થઇ જવામાં જ છે. કારણ કે પોતાની જાતને છેતરનાર સ્વયં છેતરામણનો

છોડ બની બેસે છે. વાણી–વિચાર ને ક્રિયાના અતૂટ ઐક્યમાંથી ગૂંજતા આત્મ–સંગીતના સત્યપૂરિત પરિમલવડે જ આ સંસારનું સત્ય જળવાઈ રહ્યું છે.

સત્યનું તેજ અતિ સૂક્ષ્મ ગણાય. નિર્મળ સરોવરમાં જેવું પૂર્ણેન્દુનું પ્રતિબિંબ, તેવી જ આત્મ–સરે સત્યની છબિ સત્યમાંથી સ્નેહની પરાગ ખીલે. એકમેકને ચાહવાની વિશાળ ભાવના અંતર–પટે મુદ્રિત થાય. કલેશ–કંકાસ અને મમત્વ અલોપ થાય.

સ્વાર્થ કાજે પરને નુકસાન કરવાની પાશવી બુદ્ધિનો વિલય થાય તો સારા યે સંસારમાં ' સત્ય-સત્ય ' મહેકી રહે.

જેને સત્યનું સારી રીતે ભાન થાય, તે પોતે અસત્યની તરફેણમાં એક અક્ષર પણ ન ઉચ્ચારી શકે. કદાચ કસોટીનો સમય આવે તો, તે પહેલાં તે વિશ્વના પરમ સત્યમાં નિજ આત્મ–સત્યનાં સત્ત્વને સમાવી દે. કિન્તુ સત્ય–દ્રોહનું પાતક સ્વશિરે ન ઓઢે. સાચો સત્યવાદી " नरो वा कुंजरो वा " બોલતાં પણ અચકાય. તેની નજરે અખિલ વિશ્વમાં સત્યની પરમ પૂનીત પ્રતિમા ઝળહળતી જણાય. સત્ય વડે સંસારનું અસ્તિત્વ છે, એમ તે માને, અને જગતને મનાવવાનો પ્રયાસ કરે.

સત્યના રાહે ચાલતાં શરૂઆતમાં અનેક સ્વાર્થ–હિતના વિષમ કંટકો ભોંકાય, અનેકવિધ કસોટીઓ થાય; છતાં એક બાળકની જેમ " પા–પા–પગલી " કરીને પણ આગળ વધી પોતાની પરમ તેજસ્વી જનની–સત્યને પૂજવાની ભાવનાવાળો ભવ્યાત્મા અવશ્ય નિજ લક્ષ્ય સ્થાને પહોંચી શકે. અને માર્ગમાં માતાનો સ્વાંગ ધરીને ઊભેલો [ અસત્યની કે દંભની ] ધાવમાતાના મોહમાં અંજાય તે જીવન–સત્ય હારી જાય. સત્યના પાલન-સ્વીકાર અર્થે આત્માનાં અમી આંખમાં આણવા જોઈએ.

અસત્યોના ઊંડા અંધારેથી પરમ સત્યના સુવર્ણ–મંદિરે પહોંચવા માટે મન, વચન અને કાયાને ધીમે ધીમે એ દિશાની દોરવણી આપવી જોઈએ કે જે તરફ સત્યના ભાનુનું સુવર્ણ–મંદિર ઊભું હસતું હોય.

જીવન જીવ્યાનો આનંદ માણનારે સમજવું ઘટે છે કે–" સત્ય વિનાનું જીવન, લૂણ વિનાના ભોજન જેવું બની જાય છે."

સત્ય, માનવ જીવનનું સૌભાગ્ય કંકણ છે, સોહાગ ટીલડી છે. નિજનું અખંડ સૌભાગ્ય વાંચ્છનાર પ્રત્યેક સંસારીએ નિજ ઉપરનું સત્યનું સ્વામિત્વ સ્વીકારી લઇ એક અદના સેવકની રૂએ સત્યશા સ્વામીના રાહે સંચરવું જોઇએ.

દરેકે સમજવું ઘટે છે કે, સત્ય શાશ્વત છે, અખંડ છે, અનંત છે. જેના આશ્રયે જીવનની મધુરી સુખદ પળો અમર બની જાય છે. દુઃખની પળો દરમ્યાન જે સાચા જીવનનું મહાત્મ્ય પઢવે છે. અસત્યોના ઊંડા અંધારામાં સપડાયલા કાજે સત્ય પ્રકાશદાયિની શક્તિ બનજે.

કવિ શ્રી નાનાલાલે પણ ગાયું છે કે, '**અસત્યોમાંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા.**' આવા સમર્થ લેખક અને વિચારકને પણ અસત્યોથી ઉગરવા માટે પ્રભુની તેજભીની કૃપાની યાચના કરવી પડે છે, તો પછી આપણે ગુરુદ્વારા સત્યનો માર્ગ સમજવો પડે, તેમાં અતિશયોક્તિ જેવું શું ?

**सत्यम् शिवम् सुंदरम् ।**

**રા**જકારણનાં ધુમધડાકાની વચ્ચે સમાજના પાયામાં જે સડો વધતો જાય છે તે તરફ આપણું લક્ષ જતું નથી. સામાજિક કાર્યકરનું સ્થાન કાજકારણના 'વીર'ની પાસે બહુ ઝાંખું લાગે છે, પરંતુ એટલું સમજી લેવાનું છે કે મનુષ્ય માત્ર સામાજિક પ્રાણી છે. સમાજના પાયા સડેલા હશે તો શું રાજકારણ કે શું અર્થકારણ, એકે ય 'કારણ'માં આપણને સિદ્ધિ સાંપડવાની નથી.

# કર્મજનિત વિશ્વની વિચિત્રતા.

## પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

[ પૂ. ઉ. શ્રી ભુવનવિ. મ. ના શિષ્ય ]

**એ**ક બાજૂ ઊર્ધ્વલોકમાં દેવો નિરવધિ સુખોને ભોગવી રહ્યા છે, બીજી બાજૂ અધો લોકમાં નારક આત્માઓ રૌદ્ર વેદનાઓ વેઠી રહ્યા છે; જ્યારે તિર્ચ્છાલોકમાં માનવો અને તિર્યંચો સુખદુઃખની વિમિશ્ર વેદનાઓથી સંતપ્ત રહે છે.

**આ** બધી વિશ્વવિચિત્રતામાં કર્મ અસાધારણ કારણ છે. જે અદૃષ્ટ, ભાગ્ય કે પ્રારબ્ધના નામે જગતમાં ઓળખાય છે. કાલ, સ્વભાવ, ભવિતવ્યતા ઈત્યાદિ નિમિત્તો હોવા છતાં વિશ્વની વિચિત્રતા આપેક્ષિક દૃષ્ટિયે કર્મજનિત છે.

**મા**નસિક સંકલ્પ–વિકલ્પરૂપ ચારે કોર દોડતા તરંગ તુરંગોથી ચપલ, ભયંકર રોગશોકરૂપ મહામત્સ્યાદિ જલજન્તુઓથી જટિલ, મદનરૂપ વડવાનલથી કરાલ, ચરાચર સંસારસાગરમાંએક બાજુ ઊર્ધ્વલોકમાં દેવો અને દેવેન્દ્રો અતિશય મહર્દ્ધિ–સિદ્ધિ વૈભવ પ્રભુતાના મદથી મત્ત બનેલાઓ, સંગીત રસરસિક થઈ, સ્ફાર શૃંગારરસભર નિર્ભર કોકિલકંઠી દેવાંગનાઓના સલય, મૂર્ચ્છનામય, કર્ણસુધાયમાન દિવ્યગીતશ્રવણ, વિવિધ નૃત્ય નાટ્યાદિ પ્રેક્ષણ કે દિવ્યજાતીય વાજિંત્રની મૃદુ મધુર ધ્વનિનાં શ્રવણમાં અને દેવીઓની સાથે યથેચ્છ નન્દનવનવિહાર, ક્રીડન, સંગમ સુખાદિમાં અસંખ્યાત વર્ષ પર્યન્ત નિરવધિ આનંદ પ્રાપ્ત કરતાં સ્વકીય જીવનને ધન્યરૂપ માનતા પૂરું કરે છે.

**બી**જી બાજુ અધોલોકમાં નારકગતિમાં પરમાધાર્મિક લોક, નારકજીવોના શરીરને કાતરથી કાતરે છે, કરવતથી ટૂકડે ટૂકડા કરે છે, તેઓને વજ્રકુંભીમાં પકાવે છે, તૃષાતુર તેઓનાં મોં ફાડીને શીતલજલને બદલે તપાવેલ તાંબા શીશા કે કલાઈનો રસ પીવડાવે છે, અસહ્ય, અણીદાર તલવાર જેવા તરુપત્રોથી હાથપગનું છેદન કરે છે, વૈતરણી

નદીમાં ફેંકે છે, પરોણાની તીક્ષ્ણ આરવડે પીડા પમાડી મોટા બોજથી લદાએલું ગાડું વહન કરાવે છે, પથ્થર પર અફાળે છે, ભાલાની અણીઓ પર ચઢાવી ઊછાળે છે ઇત્યાદિક પરમાધાર્મિક કૃત વેદના, ક્ષેત્રકૃતવેદના, પરસ્પરકૃતવેદના, શીતોષ્ણાદિક અસહ્યયાતનાના ભોગી બની નારકલોક, સ્વકીય જીવનને અધન્ય માની દુઃખમાં વ્યતીત કરે છે.

**જ્યારે** આ તિર્ચ્છાલોકમાં કેટલાક આધિ—વ્યાધિ—ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી પીડિત દેખાય છે. કેટલાક પ્રાજ્યરાજ્ય વૈભવ, લલનાવિલાસાદિ નાનાવિધ સ્વલ્પકાલીન સુખાભાસમાં સમુત્સાહિત ચિત્તવાળા અવલોકાય છે. કેટલાક ધન્યજીવીન પુરુષપુંગવો યમ નિયમરૂપ જહાજમાં આરૂઢ બની અપાર સંસારસાગરના પારને પામે છે. કેટલાક વિષયાન્ધ બની વિષય-રસરૂપ સુરાપાન કરી પાગલ ભ્રાંતિ મોહની પરાકાષ્ઠાએ પહોંચી અનંત સંસાર વધારે છે. કેટલાક અનહદ મહેનત કરવા છતાંય પેટ ભરવા જેટલાં પણ અનાજને નથી મેળવતા અને સદા દારિદ્રય પ્રતિમાસમા રહે છે. કેટલાક અનાયાસે તવંગર બની કરોડાધિપતિ કહેવાય છે. કેટલાક હમ્મેશાના રોગાક્રાન્ત દેહવાળા હોય છે. કેટલાકને તો જિંદગીભર માથું સરખુંય પણ નથી દુઃખતું. કેટલાક સ્વલ્પ પ્રયત્ન માત્રથી બુદ્ધિમાન, ચાલાક, હોંશિયાર થાય છે. કેટલાક પ્રાણની પરવા કર્યા વિના મહેનત કરવા છતાંય જ્ઞાનનો લેશ પણ પ્રાપ્ત નથી કરી શકતા. તિર્યંચો પણ કેટલાક પશુઓ પૂજાપાત્ર બને છે. કેટલાક ભારને, મારને સહન કરે છે. કેટલાક મનુષ્ય દુર્જન, સજ્જન, નીતિમાન્, અનીતિમાન્, ચોર, શાહુકાર, મિથ્યાત્વી અને સમ્યગ્દૃષ્ટિ ઇત્યાદિ નજરે જોવાય છે.

આ બધી વિચિત્રતા અવલોકતાં વિચારકના માનસમાં સ્હેજે પ્રશ્ન ઉપસ્થિત થાય કે; આ બધીય વિચિત્રતાનો નિયન્તા કોણ ? કારણ કે વિના કારણે કાર્યનો અસંભવ છે આના ઉત્તરમાં શ્રી જૈન દર્શન સ્પષ્ટ ફરમાવે છે કે, આ પ્રત્યક્ષથી અનુભવાતી વિશ્વવિચિત્રતામાં વિચિત્ર શકિતમાન્ એક **કર્મ** જ કારણ છે.

અહિં **કાલને** માનનારનું કહેવું છે કે, ' વિશ્વ વિચિત્રતામાં કાલ જ

કારણ છે, કારણ કે, આંબો, લીંબડો વગેરે સમસ્ત વનસ્પતિ કાલમાં ફલવતી બને છે. નહીં કે કાલને છોડીને; અન્યથા જે વનસ્પતિ વસન્ત ઋતુમાં ફલ આપે છે. તે ભાદરવા મહિનામાં કેમ નથી આપતી ? માટે તેમાં કાલ જ કારણ છે. '

આની સામે **સ્વભાવને** સ્વીકારનારનો જવાબ આ પ્રમાણે છે કે, વિશ્વવિચિત્રતા કાલકૃત બતલાવી-એ ઠીક નથી. કારણ કે, આંબો લીંબડો આદિ સમસ્ત વનસ્પતિ સ્વભાવથી જ વસન્તાદિ ઋતુમાં ફલદાયક બને છે. નહીં કે કાલથી. જે કહ્યું કે આમ્રાદિ વનસ્પતિ ચૈત્રાદિ માસમાં ફલીભૂત થાય છે, ભાદરવા માસમાં કેમ નહીં ? પણ ભાદરવા માસમાં સ્વભાવ નહીં હોવાથી ફલપ્રદ નથી બનતી. અન્યથા રાયણ વૃક્ષમાં આમ્રફલ, આમ્રવૃક્ષમાં રાયણફલ, હિંસાદિ અશુભ ક્રિયાથી સ્વર્ગાદિફલ, સુપાત્રદાનાદિ શુભ ક્રિયાથી નરકાદિફલ, માટીથી વસ્ત્ર, તન્તુથી ઘડો, રેતીથી તેલ, જલથી માખણ, હસ્તતલમાં રોમરાજિ, સ્ત્રીઓને દાઢી, વન્ધ્યા સ્ત્રીથી પુત્રોત્પત્તિ, પુરુષને ગર્ભાધાન, શર્કરા આદિ મીઠા પદાર્થમાં કડવાશ, કડવા પદાર્થમાં મીઠાશ, ધોળા પદાર્થમાં કાળાશ, કાળા પદાર્થમાં સફેદાઈ, વાયુમાં સ્થિરતા, રવિતાપમાં શીતલતા અને ચંદ્રમાં ઉષ્ણતા—એ પ્રમાણે સર્વ કાર્ય સમુદાય, વિપરીત ધર્મવાળો બની જાય માટે તેમાં જે વિપરીતતા નથી અર્થાત્ માટીથી ઘટ, તન્તુથી પટ, સાકરમાં મધુરતા આ વગેરે જગતમાં દેખાતી સ્થિતિનો નિયામક સ્વભાવ જ છે.

આના ઉત્તરમાં ભવિતવ્યતામાં માનનાર જણાવે છે કે, 'તમે જે યુક્તિ આપી તે ઠીક નથી, કારણ કે, ચૈત્ર માસમાં સ્વભાવ હોવા છતાંય કેટલાક આમ્રવૃક્ષ ખૂબ ફલભારથી નમ્રીભૂત થાય છે, કેટલાક ફલ વગરના થાય છે, કેટલાક અલ્પ ફલવાળા થાય છે, માટે સ્વભાવને છોડીને તેમાં નિયતિ-ભવિતવ્યતા સિવાય અન્ય કોઈ કારણ નથી.'

પુરુષાર્થમાં માનનાર કહે છે કે, આ રીતે નિયતિવાદ એકાન્તથી યુક્ત નથી. કારણકે, શ્રેણિકાદિને ક્ષાયિક સમ્યક્ત્વાદિ સામગ્રીથી મુક્તિ નિયત હોવા છતાંય તાદૃશ યથાખ્યાત ચારિત્રનું ફલ પ્રયત્ન નહીં હોવાથી મુક્તિ

નહીં થઇ માટે પ્રયત્ન અવશ્ય બલવત્તર છે. આ બધાનો પ્રતિકાર કરતાં કર્મવાદી જણાવે છે કે એકાંત પુરુષાર્થવાદ પણ ઠીક નથી. કારણ કે; સેવક, શાહૂકાર, ખેડૂત વગેરે પુરુષોનો સમાન પ્રયત્ન હોવા છતાંય, સમાન ફલ પ્રાપ્ત થતું નથી અને સર્વથી ફલપ્રાપ્તિનો અભાવ પણ દેખાય છે, માટે વિશ્વ વૈચિત્ર્યમાં અસાધારણ કારણ પ્રયત્ન નથી પણ વિશ્વ વિચિત્રતામાં કર્મ જ અસાધારણ કારણ છે. દૃષ્ટ કારણભૂત કાલ, સ્વભાવ–નિયતિ આદિ કર્મવિપાકના કાલમાં નિમિત્તમાત્ર છે. જીવોની વિચિત્રતામાં કર્મ કારણ છે. કર્મની વિચિત્રતા મિથ્યાત્વાદિ હેતુજન્ય છે. નારકાદિરૂપથી સંસારીઓની વિચિત્રતા વિચિત્રકર્મથી જન્ય છે. જેમ લોકમાં વિચિત્ર ખેતી, વાણિજ્યાદિ ક્રિયાઓનું ફલ વિચિત્ર છે. તેમ કર્મની વિચિત્રતાથી સૃષ્ટિની વિચિત્રતા એ રીતે જગતની વિચિત્રતા કર્મજન્ય સિદ્ધ થઇ; તથાપિ નિયતિ, કાલ, સ્વભાવ વગેરેની અપેક્ષા રહી છે. આજ જૈનશાસનનો અપેક્ષાવાદ એટલે સ્યાદ્વાદનો સિદ્ધાન્ત છે.

વેદાન્ત દર્શન સિવાય સર્વ આસ્તિક દર્શનો વિશ્વવૈચિત્ર્યમાં મુખ્ય કારણ તરીકે કર્મને સ્વીકારે છે. નૈયાયિકો આ કર્મને અદૃષ્ટ તરીકે ઓળખે છે. બૌદ્ધો સંસ્કાર તરીકે સંબોધે છે. વેદવાદીઓ પુણ્ય પાપ તરીકે વદે છે. શુભાશુભ તરીકે જ્યોતીષિઓ માને છે. સાંખ્યો ધર્માધર્મ તરીકે સ્વીકારે છે. શૈવાનુયાયિઓ પણ સાંખ્યની માફક માને છે.

એટલે કે, સમગ્ર વિશ્વની વ્યવસ્થા કર્મના તાંડવને આધીન છે એમ સર્વ આસ્તિક દર્શનકારોને સમ્મત છે. આ કર્મોના નાશને માટે આત્મા પોતાના પુરુષાર્થને ફોરવી કર્મબંધનોથી મુક્ત બને તો સ્વાધીન સ્થિતિ પ્રાપ્ત કરે છે. 'આથી કર્મોને જીતવાં' એ જ સાચો પુરુષાર્થ છે.

---

બીજાઓ લહેર કરે છે માટે તમારે લહેર કરવી જોઈએ એ લાગણી એક વાત છે. પણ બીજાઓ લહેર કરે છે માટે તમને એટલી લહેર ઓછી મળે છે એવી વલણ રાખનારા માણસો જીવનની લહેરને સમજતા નથી.

# અમીનાં વહેણ.

## પૂ. મુનિ શ્રી મહિમાવિજયજી મહારાજ.

### [ પં. શ્રી. પ્રવીણવિજયજી ગણિ-શિષ્ય ]

૧ ત્યાગી ન બનાય તો ખેર પરન્તુ ત્યાગીના અને ત્યાગના પક્ષપાતી બનવાનું કદી ભૂલવું નહિ.

૨ 'નહિ કરવા કરતાં અવિધિએ કરવું એ શ્રેષ્ઠ છે' એમ સમજી અવિધિને વળગી રહેવું નહિ, પરન્તુ વિધિના ખપી બનવા પ્રયત્ન કરવો.

૩ જે વસ્તુ પોતાને કઠીન માલૂમ પડે છે તે વસ્તુ સર્વને માટે કઠીન જ છે એમ માનવા–મનાવવાની મૂર્ખાઈ કદી કરવી નહિ.

૪ જે કોઇ આત્મા દોષ બતાવે તો તે પ્રસંગે જો તે દોષ આપણામાં હોય તો તેને સુધારી લેવા પ્રયત્ન કરવો, અને ન હોય તો બોલનારની પ્રત્યે કરુણાદૃષ્ટિ યા ઉપેક્ષાભાવ કેળવવો.

૫ જો લખતાં આવડતું હોય તો લખાણદ્વારા સ્વ–પરનું હિત થશે કે કેમ ? તેનો પૂરતો વિચાર કર્યા પછી જ કલમ ઉઠાવવી.

૬ હાથ મળ્યા એટલે લખવું જ જોઇએ અને મુખ પ્રાપ્ત થયું માટે બોલવું જ જોઇએ આ તદ્દન ભૂલભરેલી માન્યતાને ત્યજી દેવાય તો આજનું ઘણુંખરું અશાંત વાતાવરણ દબાયા વિના રહે નહિ.

૭ મોટા બનવાના મનોરથો કરવા કરતાં જેનાથી મોટા બની શકાય છે તેવી કાર્યવાહી કરવાની પ્રથમ આવશ્યકતા છે.

૮ હું મોટો છું એમ દુનિયાને મનાવવાનો પ્રયત્ન એ તો કસ્તૂરીની સુગંધને સોગન ખાઈને મનાવવા જેવી હકીકત છે.

૯ અભ્યંતર તપમાં જ રક્ત રહી બાહ્ય તપની અવગણના કરનારાઓએ સમજવાની જરૂર છે કે, અમારો અભ્યંતર તપ એ વાસ્તવિક તપ નથી પરન્તુ એક જાતનું વળગેલું લપ છે.

૧૦ ધર્મી દેખાવા માટે ડોળ કરવાનો પ્રયત્ન કરવા કરતાં ધર્મી બનવાનો પ્રયત્ન કરવો એ વધુ ઇષ્ટ છે.

૧૧ ખોટા આડંબરથી કદાચ આજની મૂર્ખી દુનિયામાં પૂજાઈ જશો પરન્તુ પરલોકમાં બૂરા હાલ થશે તેની પણ ખૂબ કાળજી રાખવી.

૧૨ પોતાના દોષોને છુપાવવા ખાતર બીજાના ઉપર અછતાં દોષોનો ટોપલો ઓઢાડવાનો અધમ પ્રયત્ન પ્રાણાંતે પણ કરવો નહિ.

૧૩ પેટ માટે પાંચ પચ્ચીશ રૂપીયાનો પગાર આપનારા શેઠની આજ્ઞાના પાલન માટે ખડે પગે તૈયાર રહેનારાઓએ શિવસુખને આપનારી વીતરાગ પરમાત્માની અને ધર્મગુરુઓની શક્ય આજ્ઞાઓના પાલન માટે જરૂર વફાદારી કેળવવી ઘટે.

૧૪ ગુણીઓના ગુણ ગાવા માત્ર જેટલી શકિત જે હૃદય ધરાવતું નથી તે હૃદયથી બીજી ઉચ્ચ આશાઓ રાખવી વ્યર્થ છે.

૧૫ ગોળ અને ખોળ બન્નેને સરખાં માનવા એનું નામ સમભાવ નહિ પણ બન્નેના સ્વાદમાં રાગ અને દ્વેષનો અભાવ એનું નામ સમભાવ છે.

૧૬ શાલિભદ્રજીની નવ્વાણું પેટી અને બાહુબલજીના બલની દરવર્ષે નિયમિત માંગણી કરનારાઓએ એને મેળવવા માટે અને પચાવવા માટે પુણ્યાનુબંધીપુણ્ય મેળવવું જોઇએ; તો જ એ મળેલું સફલ છે.

૧૭ ઝેર અને અમૃત, પત્થર અને હીરો, ગોળ અને ખોળ, ઘોડું અને ગધેડું આદિ અનેક વસ્તુઓમાં ભેદભાવ સમજનારા 'બધા ધર્મો સરખા છે' એમ શું જોઇને બોલતાં હશે એ પણ એક વિચારણીય વસ્તુ છે.

૧૮ પોતાની સ્ત્રીને સીતાજી બનાવવાની ભાવનાવાળાએ પોતે રામચંદ્રજીના જીવનને જીવતાં શીખવાની જરૂર છે.

૧૯ પહેલાના જેવા મુનિવરો આજકાલ કયાં નજરે પડે છે? એવું બોલનારાઓએ, આજે વસ્તુપાલ, તેજપાલ, જગડુશાહ, વિમળશાહ અને ઉદાયન મંત્રી જેવા પરમ શ્રદ્ધાળુ શ્રાવકો પણ કયાં છે? એમ બોલતાં પણ સાથે જ શીખી લેવું જોઇએ.

# ગૃહસ્થનો ધર્મ.

## શ્રી. પીયૂષ.

જૈનશાસ્ત્રોમાં ગૃહસ્થોને અહિંસા–સત્યાદિ ધર્મોના પાલન માટે તેમની ભૂમિકાનુસાર જે માર્ગ યોજવામાં આવ્યો છે તે સુઘટિત, નિષ્કલંક અને સુશક્ય છે.

ધર્મ એક જ હોવા છતાં સાધુ ધર્મ અને ગૃહસ્થધર્મના પાલનની ભિન્ન ભિન્ન રીતો અને પ્રકારો જૈનશાસ્ત્રોમાં જે રીતે બતાવ્યા છે તેને સ્વીકારવામાં ન આવે તો ધર્મ શબ્દ માત્ર વચનમાં કે મનમાં જ રહી જાય; પણ વર્તનમાં આવી શકે નહિ.

જગતમાં ધર્મ એક જ હોય છે. ધર્મ કદી બે નથી હોઇ શકતા—અહિંસા જો ધર્મ છે તો હિંસા એ અધર્મ જ છે, સત્ય એ ધર્મ છે, તો અસત્ય એ અધર્મ જ છે. બે વિરુદ્ધ ધર્મો એકકાળે એક જ વસ્તુમાં કદી પણ હોઈ શકતા નથી. એને અંગ્રેજીમાં 'Law of contradiction' અથવા 'Law of non contradiction' પણ કહે છે. એક જ વસ્તુ ધોળી અને નહિ ધોળી એક જ કાળે હોઈ શકતી નથી, તેમજ એક જ વસ્તુ એક જ કાળે ધોળી અને નહિ ધોળી એ બે પ્રકારમાંથી કોઈ એક પ્રકારની અવશ્ય હોય છે. એ બીજા નિયમને અંગ્રેજીમાં 'Law of excluded middle' કહે છે. એ બંને નિયમો ઉપરથી હિંસા અને અહિંસા બંને જેમ ધર્મરૂપ બની શકતા નથી તેમ બંને અધર્મરૂપ પણ બની શકતા નથી. બેમાંથી એક ધર્મ છે, તો બીજો અધર્મ છે; પણ બંને ધર્મ કે બંને અધર્મરૂપ બની શકતા નથી. અહિંસા, સત્ય અને અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચે વસ્તુ ધર્મસ્વરૂપ છે, એ સર્વ સિદ્ધાન્તવાદીઓ અને ધર્મચારીઓથી નિશ્ચિત થયેલી વાત છે. તેથી હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહ એ અધર્મ અને પાપસ્વરૂપ છે એ વાત પણ નિશ્ચિત જ થઈ જાય છે.

ધર્મ જો એક જ છે તો પછી ગૃહસ્થોનો ધર્મ અને સાધુઓનો ધર્મ એવા બે ભેદ શાસ્ત્રોમાં શા માટે પાડેલા છે? એનો ઉત્તર એ છે કે, ધર્મ એક જ હોવા છતાં તેને પાળનારા એક નથી પણ જૂદા છે. તેથી પાળનારાઓની શક્યતા ખાતર તેના બે ભેદ પાડી બતાવવામાં આવ્યા છે. જેઓ પાળનારાઓની ભૂમિકા સરખી નહિ હોવા છતાં ભૂમિકાનુસાર ધર્મનો ભેદ સ્વીકારવાની આનાકાની કરે છે, તેઓ કાં તો ધર્મનું પાલન ઇચ્છતા નથી, અથવા ધર્મપાલનનો માર્ગ જાણતા નથી. અહિંસા, સત્યાદિ જ ધર્મ છે અને હિંસા, અસત્યાદિ અધર્મ જ છે. એમ નક્કી થયા પછી ગૃહસ્થ પણ સાધુની જેમ સર્વથા અહિંસા સત્યાદિના પાલનનો જ જો આગ્રહ રાખે છે, તો તે પાલન તો કરી શકતો નથી જ કિન્તુ અધિક હિંસા અને મોટા અસત્યોના માર્ગે અનિચ્છાએ કે બળાત્કારે પણ તેને ઢસડાઈ જવાનું થાય છે.

જૈન શાસ્ત્રોમાં ગૃહસ્થોને અહિંસા, સત્યાદિ ધર્મોના પાલન માટે તેમની ભૂમિકાનુસાર જે માર્ગ યોજવામાં આવ્યો છે તે કેટલો સુઘટિત, નિષ્કલંક અને સુશક્ય છે, તેને અહિં વિચારવો છે. અહિંસાદિના ગુણો અને હિંસાદિના દોષો જાણ્યા બાદ પણ આ જાતનો વિભાગ જેઓ પાડી શક્યા નથી, તેઓ અહિંસાદિના પ્રચારના નામે જ હિંસાદિના પ્રચારકો બની જાય છે. બની જતાં વાર લાગતી નથી. સર્વ જીવોના પ્રાણનો વધ એ હિંસા સ્વરૂપ છે, અને તેથી સંપૂર્ણ અહિંસાના પાલન માટે સર્વ જીવોના પ્રાણોનો વધ વર્જ્ય છે, એ સિદ્ધાન્તનો સ્વીકાર કરવા છતાં–ગૃહસ્થોને માટે જૈન શાસ્ત્રકારો નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પપૂર્વક હિંસાનો જ માત્ર ત્યાગ માર્ગ ફરમાવે છે. ગૃહસ્થોએ સાધુની જેમ ઘર છોડ્યું નથી અને ઘર છોડ્યું નથી ત્યાંસુધી તેને માથે પોતાનું ઘર, કુટુંબ અને આશ્રિતોની રક્ષાની જવાબદારી રહેલી છે, એ સ્થિતિમાં જો એ સાપરાધીની શિક્ષાને પણ વર્જ્ય માને તો અવસરે નિરપરાધી એવા પોતાના આશ્રિતોની હિંસાને જ સ્વીકારનારો થાય છે. એટલે તે હિંસાથી તો બચી શકતો નથી. સાપરાધીની

હિંસાને છોડીને ( પોતાના આશ્રયે જ રહેલા ) નિરપરાધીઓની હિંસાનો પણ અવસરે ભાગીદાર બની જાય છે. એજ રીતે ત્રસ જીવોની સાથે સ્થાવર જીવોની હિંસાને પણ જો ગૃહસ્થ સર્વથા ત્યજનારો થાય છે, તો અન્નાદિના અભાવે પોતાનો તથા પોતાના કુટુંબનો જ નાશ કરનારો થાય છે. આરંભાદિ માટે અનિવાર્યપણે થતી હિંસાને પણ તે છોડી દેનારો થાય છે, તો તેથી પણ કુટુંબાદિના નાશને જ નોતરનારો થાય છે. એ કારણે ગૃહસ્થાશ્રમને નહિ છોડી શકનાર ગૃહસ્થ પણ સાધુની જેમ સર્વ જીવોની હિંસાના ત્યાગની પ્રતિજ્ઞાને પાળવાને તૈયાર થાય છે, તો તેનું પાલન તો કરી શકતો નથી, કિન્તુ સાપરાધી આદિની હિંસાને બદલે નિરપરાધી આદિની હિંસાને સીધી કે આડકતરી રીતે આચરનારો થઈ જાય છે.

જેમ અહિંસા તેમ સત્ય માટે પણ ગૃહસ્થોને સ્થૂલ અસત્ય વર્જવાનું જ વ્રત ફરમાવેલું છે. સાધુની જેમ ગૃહસ્થ પણ જો સર્વ પ્રસંગે સ્થૂલની સાથે સૂક્ષ્મ અસત્યનું વર્જન કરવાને સજ્જ થાય છે, તો તે વર્જન તો કરી શકતો જ નથી કિન્તુ સૂક્ષ્મ અસત્યના સ્થાને સ્થૂલતર અસત્યોને પણ બોલવાની સ્થિતિમાં મૂકાઈ જાય છે. ગૃહસ્થાશ્રમ એટલે જર, જોરુ અને જમીન એ ત્રણ વસ્તુઓનો સંગ, એ ત્રણ કે ત્રણમાંથી કોઈ પણ એક વિના જ્યારે ગૃહસ્થાશ્રમ નભી શકતો જ નથી તો આપત્–કાળે એ ત્રણ વસ્તુના સંરક્ષણ માટે પણ તે અસત્ય ન જ બોલે, એ સ્થિતિ તેના માટે શકય જ નથી. એ કારણે શાસ્ત્રકારો ગૃહસ્થોને માટે સ્થૂલ અસત્ય નહિ બોલવાનો જ નિયમ બતાવે છે જેમ કે, લક્ષ્મીના લોભથી થાપણને ઓળવવી, જમીનના મોહથી ખોટા લખત કરવા, કે પુત્ર–પુત્રીના મોહથી કબૂલેલા વિવાહાદિનો ઈન્કાર કરવો, ઈત્યાદિ મોટાં અસત્યો કદી પણ ન બોલવા. જગત્‌માં જેનાથી બેવચનીપણું કે વિશ્વાસઘાતીપણું જાહેર થાય એ જાતનો અસત્યવાદ કદી પણ ન સેવવો. પરંતુ ધન, સ્ત્રી અને પરિવારના મમત્વમાં રહેલો ગૃહસ્થ ભય, લોભ કે મોહના આવેશમાં સૂક્ષ્મ પણ અસત્યો ગૃહસ્થાશ્રમમાં ન જ સેવે

એ શું શક્ય છે? એ સ્થિતિ તેટલે અંશે જ શક્ય છે કે જેના સહવાસમાં રહીને તેને સ્વધન, સ્ત્રી, કુટુંબાદિનું પાલન તથા સંરક્ષણ કરવું છે, તે જેટલે અંશે સત્યને આચરનારાં હોય! પણ એવી સ્થિતિ મોટે ભાગે હોતી નથી કે તેને જેઓની વચમાં રહીને ગૃહસ્થાશ્રમ ચલાવવાનો હોય છે, તે બધા સત્યવાદી અને નીતિમાન જ હોય. એ કારણે અસત્યવાદના આશ્રયે જીવનારી દુષ્ટ વ્યક્તિઓના પંજામાંથી સ્વ વસ્તુઓને ઉગારી લેવા માટે જે અસત્યનું તેને સેવન કરવું પડે છે, તે તે અનિવાર્ય બની જાય છે. અને તેનું સેવન પણ નથી કરતો તો ધન, માલ મીલ્કતને ગુમાવનારો–નાશ કરનારો થાય છે. અને પછી પોતાનું ઘર ચલાવવા માટે અને પેટ ભરવા માટે મોટા પણ અસત્યોનો આશ્રય લેનારો બની જાય છે.

અચૌર્યવ્રતના પાલન માટે ગૃહસ્થોને સ્થૂલ ચોરીનો નિષેધ છે, વસ્તુના માલીકની રજા સિવાય વસ્તુને લેવી તે સ્થૂલ ચોરી છે. પરસ્પરની રાજી-ખુશી, કલા, કૌશલ્ય કે સાહસ હિંમતાદિથી ધન મેળવવું, એને પણ જો ચોરી કે અનીતિ તરીકે લેખી લેવામાં આવે તો ગૃહસ્થનો ગૃહસ્થાશ્રમ ચાલવો જ અશક્ય છે અને પરિણામે ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે મોટી ચોરીના ભોગ થયે જ છૂટકો થાય છે. એ જ નિયમ બ્રહ્મચર્ય અને પરિગ્રહ વ્રત માટે છે. જે ગૃહસ્થોથી સર્વથા બ્રહ્મચર્ય શક્ય નથી, તેઓએ સ્વદારસંતોષ અને પરદારવર્જન વ્રત અંગીકાર કરવું એ જ શ્રેષ્ઠ છે. પરિગ્રહ માટે પણ પોતાનું કુળ, ઈજ્જત અને પરિસ્થિતિનો વિચાર કરી નિયમન અંગીકાર કરવાથી તે ટકી શકે છે, અન્યથા તેનો ભંગ થાય છે. અને મોટા દોષનું સેવન કરવાનો પ્રસંગ ઊભો થાય છે. સાધુ માર્ગમાં જ પાલન થવો શક્ય ધર્મ ગૃહસ્થપણામાં રહેલા એવા ગૃહસ્થોની આગળ ધરવામાં આવે તો તે ધર્મનું પાલન તો શક્ય જ નથી કિન્તુ તેવો આગ્રહ પરિણામે અધર્મસેવનની જ વૃદ્ધિ કરાવનારો થાય છે. એ કારણે જૈન શાસ્ત્રોમાં ધર્મના અધિકારી ભેદે બે વિભાગ પાડવામાં આવ્યા છે, તે સર્વથા સુસંગત છે. સાધુ ધર્મને લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો આગ્રહ જેમ ગૃહસ્થોને ધર્મથી ચ્યુત કરનારો છે, તેમ ગૃહસ્થ ધર્મને

લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો માર્ગ સાધુઓની આગળ ધરવાથી સાધુ પણ સાધુધર્મથી ભ્રષ્ટ થાય છે એ પણ ભૂલવું જોઇએ નહિ.

## ઉપસંહાર.

હિંસાનું ફળ આ લોકમાં વૈર–વિરોધ અને પરલોકમાં પંગુત્વ, કુણિત્વ, કુષ્ઠિત્વાદિશરીરરોગ, અસત્યનું ફળ આ લોકમાં પ્રતિષ્ઠાનાશ અને પરલોકમાં મન્મનત્વ, કાહલત્વ, મૂકત્વાદિમુખરોગ, ચોરીનું ફળ આ લોકમાં આજીવિકાનાશ તથા પરલોકમાં દાસ્ય, દૌર્ભાગ્ય, દારિદ્રયાદિ ઉપદ્રવ, જારી( વ્યભિચાર )નું ફળ આ લોકમાં કીર્તિનાશ તથા પરલોકમાં ઇન્દ્રિયરોગ, નપુંસકપણું, નરકગતિ આદિનાં કષ્ટ તથા તીવ્ર અસંતોષનું ફળ આ લોકમાં અશાંતિ તથા પરલોકમાં મનોરોગ, અવિવેક, તિર્યંચગતિ આદિ દોષ, સમગ્ર લોકમાં તથા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. પરલોકની વાત છોડીને કેવળ આ લોકની દૃષ્ટિએ વિચારવામાં આવે તો પણ મનુષ્ય જીવનની સાર્થકતાના મૂળ કારણભૂત ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થોનો હિંસાદિ પાપોનાં સેવનથી નાશ થાય છે.

જ્યાં હિંસા ત્યાં ધર્મ ટકતો નથી, તેથી હિંસા, ધર્મ પુરુષાર્થની નાશક છે; ચોરી, અર્થ પુરુષાર્થની નાશક છે; જારી, કામ પુરુષાર્થની નાશક છે; તીવ્ર અસંતોષિતા, મોક્ષ પુરુષાર્થની નાશક છે અને અસત્યવાદિતા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની નાશક છે.

એટલુંજ નહિ પણ હિંસક આ જ જીવનમાં સર્વ લોકોને ઉદ્વેગનીય–ઉદ્વેગનું કારણ બને છે; અસત્યવાદી અવિશ્વસનીય બને છે; ચોર સર્વને અરક્ષણીય અને કુટુંબને પણ ઉપેક્ષણીય બને છે; જાર વ્યભિચારી–વેશ્યાગામી અનભિગમનીય–શિષ્ટ પુરુષોને સંગ નહિ કરવા લાયક બને છે; તથા અસંતોષી અશમનીય–કોઇપણ રીતે શાંત કે સ્થિર ન કરી શકાય તેવો બને છે. તેથી હિંસાદિ પાપોનું વર્જન જેમ સાધુ-ધર્મ માટે જરૂરી છે તેમ ગૃહસ્થ ધર્મને પણ ઉજ્વલ, સુંદર અને સુખી બનાવવા માટે અત્યંત જરૂરી છે. હિંસાદિ પાપોના વર્જનવાળો ગૃહસ્થા-

શ્રમ હિંસાદિ પાપોના સેવનવાળા ગૃહસ્થાશ્રમ કરતાં ઘણો ઉચ્ચ કોટિનો બને છે, તો પણ બંને જીવનોમાં એ પાપોના વર્જન માટે જે મર્યાદાઓ જૈન શાસ્ત્રે બાંધી આપી છે, તેના પાલન અને રક્ષણની ઘણી જ જરૂર છે; તેની ઉપેક્ષા ધર્મના નામે જ ધર્મનો નાશ તથા અધર્મના હ્રાસના નામે અધર્મની જ વૃદ્ધિ કરાવનાર થાય છે. ધર્મ એક જ હોવા છતાં સાધુધર્મ અને ગૃહસ્થધર્મના પાલનની ભિન્ન ભિન્ન રીતો અને પ્રકારો જૈન શાસ્ત્રમાં જે રીતે બતાવવામાં આવ્યા છે, તેને સ્વીકારવામાં ન આવે તો ધર્મ શબ્દ માત્ર વચનમાં કે મનમાં જ રહી જાય પણ વર્તનમાં આવી શકે નહિ.

---

## ધર્મ અને ઇતિહાસની સાથે અડપલાં !

હમણાં હમણાં ફીલ્મજગતમાં ધાર્મિક અને ઐતિહાસિક ચિત્રો ઉતરવા શરૂ થયાં પછી, ધર્મ અને ઈતિહાસ સાથે ચેડાં–અડપલાં કાઢવાના પ્રસંગો વધવા લાગ્યા છે. હિન્દુઓએ પોતાના પવિત્ર આદેશ સમા મહાન્ પુરુષોનાં જીવનને વિકૃત કરનારાં આવાં પ્રત્યેક ચિત્ર સામે પોતાનો મક્કમ વિરોધ ઉઠાંવવો જોઈએ અને સામાન્ય રીતે એવા ધર્મની કે ઈતિહાસની હાંસી કરનારાં ચિત્રો સરકાર પાસે બંધ કરાવવા પોકાર ઉઠાવવો જોઈએ. યા તો એવાં ચિત્રોનો સદંતર બહિષ્કાર જ થાય એવી સ્થિતિ જન્માવવી જોઈએ.

હિંદુઓએ હવે ધર્મ સામેના આ ચેડાં લાંબો સમય નભાવ્યે નહી પાલવે.

[ 'હિંદુ'ના સૌજન્યથી. ]

## प्रातःकालीना मङ्गलप्रार्थना.

### पू. पाठकप्रवर श्रीभुवनविजयजी महाराजः

પ્રાર્થના એ, દેવાધિદેવ પ્રત્યેની ભક્તહૃદયની બહુમાન વૃત્તિને શબ્દોદ્વારા વ્યક્ત કરનારો અંતરનો નિર્મલ નાદ છે, એ નાદમાંથી ઉઠતો ધ્વનિ પરમાત્માની સેવામાં મન, વાણી કે કાયાને અર્પી દેવાની નિરંતર પ્રેરણા પાનારો હોય છે.

આત્માનું સાચું બલ આ પ્રાર્થનામાં પેદા થાય છે. નિજની અશરણ સ્થિતિના એકરારપૂર્વક પરમાત્માના એકના એક શરણભાવનો નિર્દોષ હૃદય પૂર્વકનો સ્વીકાર એ જ પ્રાર્થનાની સાચી શક્તિ છે.

[ शिखरिणी वृत्तम् ]

पिता माता भ्राता सुहृदिति जिनेशासि भविनाम्,
शरण्यः संसारे विकृतमनसां कल्मषजुषाम् ।
शुभाज्ञारामेऽस्मात् सुगुणकुसुमासक्तमधुपो,
भवामि स्वामिंस्ते चरणशरणस्थः शिवमनाः ॥ १ ॥
न शुद्धो बुद्धो नो न जिन! वचसा ते शुचिमनाः,
न नाना तत्त्वेषु प्रखरमतितर्काभिमुखरः ।
न विद्याविज्ञोऽहं न च परजनात्यन्तहितदः,
तथापि श्रद्धावान् शिवजिगमिषुस्त्वन्महिमतः ॥ २ ॥
निशेशोऽसि स्वामिन्! जनकुजवनोद्बोधकरणे,
नवीनः पर्जन्यस्त्वमसि जनतापार्त्तिहरणे ।
मया प्राप्तः पुण्यात्परभवकृतोद्दामतपसो,
न मोक्ष्येऽतः सेवां तव शिवकरीं संसृतिहरीम् ॥ ३ ॥

न याचे तद्वित्तं यदनयकुतर्कैः कलुषितं,
न हर्म्यं न स्वर्णं न च परिजनं मोहमलिनम् ।
न चैश्वर्यं नेदं मनुजकृतसत्कारनमनम्,
अवश्यं याचेऽहं तव चरणपद्मभ्रमरताम् ॥ ४ ॥
न दत्तं दानं यन्मुनिजनसुपात्राय विमलम्,
विशुद्धान्तर्भावैर्विमलमतिसन्तोषसदनम् ।
न चारित्रं चीर्णं कथमपि न तप्तं शुभतपो,
न भावोऽन्तःस्थायी जिन ! मम कुतो भावि सुसुखम् ॥ ५ ॥
नरेशैर्देवेशैरसुरनरवर्गैरभिनुतः,
प्रदीप्तो भानुर्यो भविजनतमोरात्रिहरणः ।
प्रसर्पन्दिव्याभिर्निजगुणविभाभिस्त्रिभुवनम्,
स देवानां देवो जयति जिननाथोऽतुलबली ॥ ६ ॥
सदा सत्त्वं शौर्यं रतिमतिसदाचारविधयः,
सुनैपुण्यं पुण्यं विशदहृदयं ज्ञानमतुलम् ।
क्षमौदार्यं धैर्यं जयविजयमाङ्गल्यविनयाः,
प्रभोः सेवायोगादिति गुणगणोऽयं फलतु मे ॥ ७ ॥
क्वचिद्धर्मैर्हीनाः क्वचिदपि सुधर्मैकमनसः,
क्वचिद्भाग्यैर्हीनाः क्वचिदपि सुभाग्यैः सुखमदाः ।
जना दृश्यन्तेऽस्मिन् विषमसमये दुष्षमकलौ,
ततो मे श्रद्धानं भवति जिनवाण्यां दृढतरम् ॥ ८ ॥
लब्धिपादाब्जभृङ्गेण, भुवनाभिधसाधुना ।
अष्टकं हेलया दृब्धं, प्रातस्तु प्रार्थनाकृते ॥

# આપણી ધાર્મિક ક્રિયાઓ અને શરીરનું આરોગ્ય.

## વૈદ્યરાજ કાન્તિલાલ દેવચંદ શાહ.

**દેશ**નેતાઓના હાથે સંખ્યાબંધ હોસ્પીટલો હિંદભરમાં ઠામ ઠામ ખૂલવા માંડી છે. અને પ્રજાના મનમાં એવું ઠસાવી દેવામાં આવ્યું છે કે, દવા લીધા વિના છૂટકો થતો જ નથી, દવાઓનો પ્રચાર કરનારાઓ આર્થિક લાભની વ્યાપારી દૃષ્ટિયે ગમે તેવો પ્રચાર કરે પણ આ આપણા દેશનાયકો આવી ભૂલો કેમ કરતા હશે?

**જૈન**ધર્મની શાસ્ત્રીય દૃષ્ટિ એટલી બધી વ્યવસ્થિત છે કે તેનાં અનુષ્ઠાનોની આરાધના દ્વારા દરેક પ્રકારે શારીરિક આરોગ્ય જળવાઈ રહે છે. સ્હવારના પ્રતિક્રમણથી રાત્રે સૂતાં સુધી બધી દિનચર્યા શાસ્ત્રીય રીતે જીવનમાં જીવાય તો પ્રાયઃ શરીરનું આરોગ્ય આત્માનાં આરોગ્યની સાથે જળવાઈ રહે.

**આ**જે આર્ય પ્રજાએ આહાર અને વિહારમાં **ધર્મને** એક કોર મૂકી મરજી મુજબ વર્તવા માંડયું છે. અને તેથી જ આજનું જીવન રોગોથી ભરપૂર બન્યું છે. દરેક ધર્મ કરતાં જૈન ધર્મમાં આહારશુદ્ધિ ઉપર ખાસ લક્ષ આપવામાં આવ્યું છે. અને ભક્ષ્ય અભક્ષ્ય એમ બે પ્રકાર પાડવામાં આવ્યા છે. ભક્ષ્ય એટલે ખાવા લાયક પદાર્થ; અભક્ષ્ય એટલે નહિં ખાવા લાયક પદાર્થ પણ; સાચે આજે એનું ભાન ઇન્દ્રિયોની આધીનતાના કારણે રહ્યું નહિ જેથી દિન–પ્રતિદિન રોગો વધતા જ રહ્યા.

**આજ**થી લગભગ પચ્ચીસ વર્ષ પહેલાં આ ભારતદેશમાં દરેક માણસો શરીરે સંપૂર્ણ નિરોગી હતાં. કારણ, કુદરતે ઉત્પન્ન થએલો નિર્દોષ આહાર ખાતાં અને વ્યવહારનાં દરેક કામો જાતે ઉપયોગપૂર્વક કરતાં. પાંચ–દસ માઇલ ચાલવું, ખાંડવું, દળવું, પ્રભાતમાં વહેલાં ઉઠવું, રાત્રે વહેલાં સુવું. આ પ્રમાણે દરેક કાર્યવાહી જાતેજ કરતાં એટલે શરીરમાંથી પરસેવો ( મેલ )–ઝેર નીકળી જાતું, જેથી રોગ શરીરમાં પેસતો જ નહિં.

આજે આ બધું આપણે ભૂલ્યાં. બે ચાર માઇલ ચાલવું પણ ભારે પડયું. આહારમાં ચાહ, કોફી જેવા પદાર્થો વધ્યા કે જેણે શરીર નિર્વીર્ય બનાવી દીધું. અને રોજની માંદગીને આમંત્રણ આપ્યું. રોગ આવ્યો

એટલે તો જેવી ને તેવી અભક્ષ્ય દવાઓ ( જેનું નામ પણ કમકમાટી ઉપજાવે ) ઢીંચવા માંડી.

દેશનેતાઓનાં હાથે આજે સંખ્યાબંધ હોસ્પીટલો હિંદભરમાં ઠામ ઠામ ખૂલવા માંડી છે. અને પ્રજાનાં મનમાં એવું ઠસાવી દેવામાં આવ્યું છે કે, વિલાયતી દવા લીધા વગર છૂટકો થતો જ નથી. તાવ આવે તોયે દવા, માથું દુઃખે તોયે દવા, કબજીયાત થાય તોયે દવા, દવા ને દવા. વિલાયતી ઔષધોનો પ્રચાર કરનારાઓ તો પૈસાની અઢળક આવક થાય તે દૃષ્ટિએ ગમે તેવો પ્રચાર કરે, પણ સ્વરાજ્યની હિમાયત કરનારા પણ તેઓની પાછળ ઢસડાય તે ખાસ વિચારવા જેવી બાબત છે. આ દવાના કારણે દર વર્ષે કરોડો રૂપીયા પરદેશમાં જાય છે.

રોગની સારવાર માટે હોસ્પીટલોમાં દર્દીઓને મોકલવાં એ સારું કે, નિરોગી રહી શકે એવા જ્ઞાનનો પ્રચાર કરવો એ સારું આ વાતનો ખ્યાલ કોઇ કરતું નથી. હોસ્પીટલો વધતી જ જાય અને માંદાઓ ભરેલા જ રહે એ શું આરોગ્ય અને તંદુરસ્તીની નીશાની છે ? નહિં જ. કદાચ જો હિંદમાં આટલી બધી હોસ્પીટલો થવાથી હિંદી પ્રજા નીરોગી થઇ હોત તો વાત બરાબર હતી પણ આ તો ભોળી હિંદી પ્રજાએ જેમ જેમ વિલાયતી દવાઓ પીધી તેમ તેમ શારિરીક આરોગ્ય અધોગતિને પંથે પડતું જ રહ્યું.

પણ ભૂલ્યાં ત્યાંથી ફેર: દરેક ધર્મોની જેમ પોતાનાં અનુષ્ઠાનોની આરાધનાદ્વારા જૈન ધર્મમાં બે ઘડી રાત્રિ રહે એટલે ઉઠવાનું કહ્યું છે. શારીરિક આરોગ્ય જળવાઇ રહે તે મુદ્દો લક્ષમાં રાખી દિનચર્યા યોજી છે. કારણ કે સવારમાં પ્રભાતની હવામાં સ્ફૂર્તિદાયક તત્વ રહેલું છે, કેમકે અડધી રાત સુધી માણસો વ્યવહારમાં ગૂંથાએલા જ રહે છે. તેઓનાં શ્વાસો–શ્વાસની હવા, જે રજકણોમાં પેસી વાતાવરણ ફરતી રહે છે, તે સ્હવારે હોતી નથી. સૂક્ષ્મ જંતુઓ વગેરે પણ સ્હવારે હોતાં નથી. આથી પ્રભાતમાં જે હવા શ્વાસદ્વારા લેવાય છે તે હવા એકદમ શુદ્ધ હોય છે. અને શુદ્ધ હવા ફેફસામાં જવાથી લોહી પૂરતાં પ્રમાણમાં શુદ્ધ થઈ આખા શરીરમાં ફરી વળે છે. આથી ચાર ઘડી રાત્રી પહેલા જાગવાનો શાસ્ત્રીય નિયમ છે.

ત્યારબાદ રાઈ પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે, જેમાં રાત્રિના પાપોની ગંભીર ભાવે આલોચના કરવાની છે. આ પ્રતિક્રમણમાં શરીરને પણ દરેક રીતે વ્યાયામ મળે છે. જેમકે, રાઇ પ્રતિક્રમણમાં કાઉસગ્ગ કરતી વેળાએ શરીરનું હલનચલન બંધ કરી ધ્યાનમગ્ન ઊભા રહેવાનું છે અને લોગસ્સનાં પદોની સાથે શ્વાસ લેવો અને મૂકવો એ પ્રમાણે વિધિ છે. હવે, દીર્ઘ શ્વાસ લેતાં શુદ્ધ પ્રભાતની હવા લેવાઈ જાય છે. મનની સ્થિતિ પણ ઘણી જ શાંત હોય છે. આંખો પણ એક જ દ્રષ્ટિએ નાસિકા સન્મુખ રાખવાની હોય છે. એટલે મનોબળ, ( સહનશક્તિ ) આંખની આરોગ્યતા વધે છે સાથે મગજ પણ પ્રફુલ્લિત બને છે. આગળ ચૈત્યવંદન અને વંદિત્તામાં ડાબું જમણું ઢીંચણ ઊભું કરવાની વિધિ છે. જેથી જઠર, ( હોજરી ) યકૃત ( લીવર ) અને આંતરડાનું પણ આપોઆપ હલનચલનદ્વારા દબાણ થાય છે એટલે તે પેટનાં અવયવોને પણ વ્યાયામ મળે છે. ખમાસમણનાં વિધિમાં બે હાથ જોડી ઠેઠ જમીનને મસ્તક અડે તે પ્રમાણે ખમાસમણ દેવાનાં છે, એટલે મસ્તક, છાતી, કમ્મર, પેટ, હાથ, પગ ઇત્યાદિ. દરેક અવયવોને કસરત મળે છે. આ પ્રમાણે પ્રભાતમાં ઉઠતાંની સાથે જ પહેલી ક્રિયા રાઇ પ્રતિક્રમણની મહાન્ પૂર્વાચાર્યોએ ગોઠવી તે આપણને કેટલી હિતકર છે તેનો સ્હેજે ખ્યાલ આવે છે.

આ પ્રમાણે પ્રભાતમાં જ જોઇતા પ્રમાણમાં શરીરનાં દરેક અવયવોને વ્યાયામ મળી ગયો. શુદ્ધ હવા, દીર્ઘ શ્વાસોશ્વાસમાં લેવાથી લોહી શુદ્ધ થઇ આખા શરીરમાં ફરી વળ્યું. અને પેટનાં અવયવોનું હલન-ચલન થવાથી જમા થએલો મળ આપોઆપ દબાણ થઈ નીચે ઉતરવા માંડશે એટલે નિયમિત ટાઇમે હાજત થઈ દસ્ત ( ઝાડો ) સાફ આવશે. ગટર ( આંતરડાં ) જ્યાં ( **મળરહિત** ) સાફ થઇ ગઈ. એટલે રોગને શરીરમાં દાખલ થવાનું ખાસ કારણ નિર્મૂળ થયું.

આ પ્રમાણે ટૂંકામાં બીજી પણ ધાર્મિક મર્યાદાપૂર્વકની દિનચર્યા વિચારતાં સમજી શકાય છે કે, આપણા આરોગ્યમાં આ બધાં અનુષ્ઠાનો કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે? જો આપણે શ્રદ્ધાપૂર્વક આદરભાવે તે તે અનુષ્ઠાનોને આચરતા થઇએ તો !

# જૈન દર્શનનો લોકોત્તર
# આસ્તિકવાદ

પૂ૦ મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ

**વે**દાન્ત, મીમાંસક, સાંખ્ય, ન્યાય, [યોગ] અને બૌદ્ધ આ બધાં ધર્મદર્શનો કરતાં જૈન દર્શન લોકોત્તર કોટિની આસ્તિકતાને ઉપદેશે છે. આત્મવાદ, કર્મવાદ અને સ્યાદ્વાદ—આ વિષેનું જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન કોઈ અપૂર્વ જ્ઞાનવારસો સમસ્ત સંસારને આપી રહ્યું છે.

જગતમાં જેટલાં ધર્મદર્શનો, વાદો કે મંતવ્યો હતા; છે. અને હજુ પ્રચાર પામતા જાય છે, તે સઘળાયે પરસ્પરની અપેક્ષાને સ્વીકારનારા હોય તો તેને સુનયની કોટિમાં મૂકી શકાય છે. આને જૈન દર્શનનો અનેકાન્તવાદ—સ્યાદ્વાદ કહેવાય છે.

**સ્યાદ્**વાદની દૃષ્ટિને ત્રાજવાની ધરીની જેમ સામે રાખી આત્મવાદ કે કર્મવાદ વિષેનાં દાર્શનિક તત્ત્વજ્ઞાનને ગંભીરતાપૂર્વક સમજનારો ધીર અને સહૃદય જિજ્ઞાસુ; આત્મા, કર્મ, બંધ, સંવર, નિર્જરા કે મોક્ષ ઈત્યાદિ પદાર્થવ્યવસ્થાને ન્યાય આપી શકે છે.

**પ્ર૦** જૈનસંસ્કૃતિ કે જૈનદર્શનની વિશિષ્ટતા કઈ?

**ઉ૦** જૈનસંસ્કૃતિની વિશિષ્ટતા તેનાં વ્યવસ્થિત, અવિસંવાદી સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનના યોગે છે. જૈનદર્શન આમ જો કે, આસ્તિકદર્શન ગણાયું છે. છતાં પણ ઈતર સર્વ આસ્તિકદર્શનો જેવાં કે, વેદાન્ત, મીમાંસક, સાંખ્ય, ન્યાય—યોગ અને બૌદ્ધ—આ બધાં કરતાં જૈનદર્શન લોકોત્તર કોટિની આસ્તિકતાને ઉપદેશે છે. આત્મવાદ, કર્મવાદ અને સ્યાદ્વાદ—આ વિષેનું જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન જગતનાં સઘળાંય ધર્મદર્શનો કરતાં કોઇ અપૂર્વ જ્ઞાનવારસો સમસ્ત સંસારને આપી રહ્યું છે. આથી જ સમગ્ર સંસારના આસ્તિકદર્શનોની વચ્ચે સર્વશ્રેષ્ઠ લોકોત્તર આસ્તિકદર્શન તરીકે જૈનસંસ્કૃતિનો યશસ્વી વિજયધ્વજ ફરકી રહ્યો છે.

**પ્ર૦** જૈનદર્શનનો લોકોત્તર આસ્તિકવાદ કયો?

ઉ૦ જૈનદર્શન—જૈનસંસ્કૃતિનો લોકોત્તર આસ્તિકવાદ સમજવા માટે સહુ પ્રથમ એનો આત્મવાદ—એટલે કે, આત્મા વિષેનું તત્ત્વજ્ઞાન સમજવું જરૂરી છે. 'આત્મા છે'—આ રીતે આત્માની કેવળ અસ્તિતાને જ, સ્વીકારી જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન પૂર્ણવિરામ નથી પામતું, પણ આત્માને સ્વીકાર્યા કે માન્યા પછી આત્માનું સ્વરૂપ, એનો સ્વભાવ, એની સ્થિતિ ઇત્યાદિ દરેક વિગતોને યથાર્થસ્વરૂપે જૈનદર્શને સ્વીકારી છે, જે કોઇપણ આસ્તિક ધર્મદર્શનકારોએ હજુ સુધી સ્વીકારી નથી. જૈનતત્ત્વજ્ઞાને ઉપદેશ્યું કે, 'आत्माऽस्ति, स नित्यः, कर्ता, स भोक्ता मोक्षोऽस्ति, तस्योपायोऽस्ति––આત્મા છે, તે નિત્ય છે, તે ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે.—આ છ પ્રકારની વિચારણામાં જૈનદર્શનનો આત્મવાદ આવી જાય છે. અને આવા પ્રકારે ગંભીરતાથી આત્માનાં અસ્તિત્વને સ્વીકારવું—કબૂલવું એ જ જૈનદર્શનની લોકોત્તર આસ્તિકતાને શોભા આપનારૂં ગણી શકાય. જૈનસંસ્કૃતિ આવા પ્રકારના આત્મવાદને સ્વીકારે છે માટે જ એનું આત્મા વિષેનું તત્ત્વજ્ઞાન યથાર્થ તેમજ આત્માનાં સત્ય સ્વરૂપને સંપૂર્ણ રીતે ન્યાય આપનારૂં બની શકયું છે. અને આ માટે કર્મવાદ અને સ્યાદ્વાદનાં તત્ત્વજ્ઞાનને જૈનદર્શને ફરમાવ્યું છે.

**પ્ર૦** આત્મા વિષેનાં તત્ત્વજ્ઞાનને સમજવા માટે કર્મવાદ અને સ્યાદ્વાદ—આ બે વાદોની કે તેને અંગેનાં કોઈપણ જ્ઞાનની શી જરૂર છે? કઈ દૃષ્ટિયે એની મહત્તા છે?

ઉ૦ પ્રશ્નકારનો આ પ્રશ્ન પ્રાસંગિક અને સ્હમજણપૂર્વકનો છે. જવાબમાં જણાવવું જોઇએ કે, આત્માની યથાર્થ સ્થિતિને સમજવા માટે જૈનસંસ્કૃતિના કર્મવાદ અને સ્યાદ્વાદ આ બન્ને સિદ્ધાન્તોને સમજવા જોઇશે. આ માટે આપણે પૂર્વે ઉપરના પ્રશ્નોત્તરમાં આત્માના સ્વરૂપને યથાર્થ સમજવા જે છ સ્થાનો દર્શાવ્યા તેને અંગે આત્માનાં કર્તાપણાને અને ભોક્તાપણાને કાંઇક વિસ્તારથી અહિં વિચારી લઈએ. યાકિનીધર્મસૂનુ આચાર્ય ભ૦ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ આને અંગે ઉપદેશે છે કે,

**' अत्थि जिओ तह निच्चो कत्ता भुत्ता य पुण्णपावाणं ।**
**अत्थि ध्रुवं निव्वाणं तस्सोवाओ अ छट्ठाणा ॥**

આમાં ઉપરોક્ત ૭ વિગતોની રજૂઆત ઉપરાંત એમ પણ કહેવામાં આવ્યું કે, ' નિત્ય એવો આત્મા પોતાનાં પુણ્યપાપોનો કર્તા છે '–આ હકીકતને સમજવામાં કર્મવાદ અને સ્યાદ્‌વાદનું તત્ત્વજ્ઞાન આપણને મદદગાર બની રહે છે. કહેવું જોઇએ કે, જૈનદર્શનનાં આત્મા વિષેનાં તત્ત્વજ્ઞાનને ત્યારે જ સમજી શકાય કે, જ્યારે કર્મવાદ અને સ્યાદ્‌વાદ આ બન્ને વાદોનું યથાર્થ જ્ઞાન જૈનશૈલીયે સમજાય અને તો જ પુણ્ય–પાપ કે શુભાશુભ કર્મોના કર્તા તેમજ ભોક્તા તરીકે આત્માને જાણી શકાય.

**પ્ર૦** આ રીતે જો આત્માને શુભાશુભનો કર્તા કે ભોક્તા માનવામાં આવે તો, આત્માનું અકર્તાપણું કે અભોકતાપણું જે કહેવાય છે તે કઇ રીતે સંગત થઇ શકે ? તેમજ જડ એવા કર્મોનો કર્તા અને ભોકતા ચૈતન્યગુણનો આધાર ચેતનસ્વરૂપ આત્મા બને એ કેમ માની શકાય ?

ઉ૦ પ્રશ્નકારનો આ પ્રશ્ન, આપણી સમક્ષ બે મૂંઝવણો રજૂ કરે છે: પ્રશ્નકારની સહુ પહેલી એ મૂંઝવણ છે કે ' આત્માને કર્મોનો કર્તા જો સ્વીકારાય તો આત્માનું અકર્તાપણું જે કેટલાકો બોલે છે, માને છે અને પ્રતિપાદે છે તે કઇ રીતે ઘટી શકે ? ' આ મૂંઝવણને ટાળવા માટે સ્યાદ્‌વાદ દૃષ્ટિનો અભ્યાસ કે તે વિષેનું જાણપણું હોવું આવશ્યક છે. જૈનદર્શનનાં સ્યાદ્‌વાદ–અપેક્ષાવાદની મહત્તા આ જ કારણે સ્વીકારાઈ છે. આ કે આના જેવી અનેક મૂંઝવણો, સ્યાદ્‌વાદનાં તત્ત્વજ્ઞાનથી અપોઆપ ટળી જાય છે. આ સ્યાદ્‌વાદના અભ્યાસથી સાચો પ્રકાશ આત્માને લાધે છે. કોઇ પણ એક વસ્તુનાં સ્વરૂપનું યથાર્થ ભાન આ અનેકાન્તવાદના રહસ્ય–મર્મના અભ્યાસીને સહેજે થઇ જાય છે. આ દૃષ્ટિને લક્ષ્યગત કરીને આત્મવાદ સમજવામાં સ્યાદ્‌વાદ કઇ રીતે ઉપયોગી થઇ પડે છે તે અહિં સ્પષ્ટ થઈ જશે.

સ્યાદ્‌વાદની દૃષ્ટિ, વ્યવહાર અને નિશ્ચય આ બન્ને નયોથી વસ્તુ-સ્વરૂપને દર્શાવે છે. દ્રવ્યપ્રધાન અને પર્યાયપ્રધાન વિચારણા કરનારા બે

નયો એ, એક રીતે સાદી ભાષામાં વ્યવહાર અને નિશ્ચયનય તરીકે ઓળખાય છે. આ બન્ને નયો પરસ્પરની અપેક્ષા રાખીને લેતી–દેતીના વ્યવહાર મુજબ પોતપોતાનાં મંતવ્યોને રજૂ કરવાપૂર્વક વસ્તુમાત્રમાં અનન્ત ધર્મોને સ્વીકારે છે. આથી તે સુનયો તરીકે ઓળખાય છે. જગતમાં જેટલાં ધર્મદર્શનો, વાદો કે મન્તવ્યો હતા છે અને હજુ પ્રચાર પામતા જાય છે, તે સઘળા યે પરસ્પરની અપેક્ષાને સ્વીકારનારા હોય તો તેને સુનયની કોટિમાં મૂકી શકાય છે. આને જૈનશાસનનો અનેકાન્તવાદ–સ્યાદ્‌વાદ કહેવાય છે. જ્યારે એક–બીજાની મર્યાદા ભૂલી, નિરપેક્ષ રીતે વસ્તુધર્મનું પ્રતિપાદન કરનારા વાદો, વચનમાર્ગો કે દર્શનો એ કુનયનાં–મિથ્યાદર્શનનાં નામથી ઓળખવામાં આવે છે.

આટલી પ્રાસંગિક વિચારણા સ્યાદ્‌વાદને સમજવામાં કાંઈક અંશે માર્ગદર્શક માની અહિં મૂકી છે. આ વિષય ગંભીર અને વિશદ વિચારણા માંગી લે છે, જે આ ટૂંકી પ્રશ્નોત્તરીમાં દરેક બાજુની છણાવટપૂર્વક રજૂ કરવાની શકયતા નથી.

આપણી મૂલ હકીકત એ છે કે, આત્મા કર્તા કઈ રીતે ?' 'આનો સીધો સાદો જવાબ એક જ છે. તે એ કે, સંસારી–સકર્મા આત્મા, મિથ્યાત્વાદિ સહકારી કારણોને પામી પોતે શુભાશુભ કર્મોનો કર્તા બને છે; કર્મોનો કર્તા આત્મા છતાં કાર્યમાં કારણના ઉપચારથી 'પુણ્ય–પાપનો કર્તા ' આ પ્રકારની ભાષામાં આપણે આત્માને અંગે એની ઓળખાણ આપીએ છીએ, જે ઔપચારિક છે. વાસ્તવિક રીતે 'કર્મોનો કર્તા આત્મા છે' આ સનાતન સત્ય છે, જે જૈનદર્શનને માનનાર સહુ કોઇએ ઋજુભાવે સ્વીકારેલું છે.

પ્રશ્નકારની બીજી મૂંઝવણ એ છે કે, 'જડ એવા કર્મોનો કર્તા આત્મા કઈ રીતે હોઇ શકે ?' આની સામે એના પૂછનારને એ પ્રશ્ન થઈ શકે 'વારુ ! જડ એવા શરીરરૂપ ઔદારિક પુદ્‌ગલોનાં બન્ધનોથી ચૈતન્યસ્વરૂપ અનન્તશકિતનો સ્વયંભૂ આત્મા કેમ બદ્ધ, પરાધીન અને પરવશ બનીને રહ્યો છે ?' આ સ્થિતિ પ્રત્યેક સહૃદયને કબૂલવી પડે છે.

એ–દુ ચાર જેવી આ હકીકતનો ઈનકાર એ પ્રકાશને અંધકાર કહેવા જેવી ધૃષ્ટતા જ કહી શકાય. જયારે આત્માને બદ્ધ તરીકે આજે વર્તમાનમાં આપણે અનુભવીએ છીએ માટે જ મુક્ત બનવાના પ્રયત્નો આચરવાને આપણે જાગરૂકભાવે સુજજ્જ થવા ઈચ્છી રહ્યા છીએ. 'એ બન્ધ આત્માને શાથી?' આત્માએ પોતે શુભાશુભ આશ્રવ–કર્મમાર્ગોદ્વારા આ બન્ધને પ્રાપ્ત કર્યો છે. આ સમજવા માટે જૈનદર્શનના કર્મવાદનાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ખૂબ સૂક્ષ્મદૃષ્ટિએ કરવાની જરૂર રહે છે, જેથી સમજી શકાશે કે, 'જડ એવા કર્મો કઈ કઈ રીતે આત્માનાં ચેતનસ્વભાવને આવરી રહ્યા છે!'

આજે પણ આપણે જોઈ શકીએ છીએ કે, આંખ, કાન કે જીભ વગેરે ઈન્દ્રિયોને અનુકૂળ મનોહર, રમણીય અને મોહક રૂપ, શબ્દ કે માદકરસો આપણા આત્માને કેટ–કેટલી રીતે પરવશ બનાવી નચવે છે, એની પ્રાપ્તિ માટે આત્મા કેટલો માથાતૂટ મચ્યો રહે છે, આ વિષયો અને તેનાં માનેલાં સાધનોની સાચવણી માટે કેટકેટલા પ્રવૃત્તિનાં ચક્રો યન્ત્રની જેમ નિરંતર આ આત્મા ચલાવ્યા કરે છે! અને આ બધાને ભોગવવાની પાછળ અહર્નિશ મતિમૂંઝયાની જેમ બાલીશ પ્રયત્નો આ ચૈતન્યસ્વરૂપ આત્મા કેટકેટલી રીતે આચરે છે!–આ બધાં જડ કર્મોનાં જ તાંડવો છે એની ના કોણ પાડી શકે!

આ બધા દૃશ્યમાન વ્યવહારને અનુભવવા છતાં 'આત્મા કર્મોનો કર્તા ન હોઇ શકે? આત્માને બન્ધ કેમ હોય? હું અબદ્ધ છું, મુક્ત છું, મને બન્ધ શાનાં?' ઈત્યાદિ વાતો જે કેવળ ભોળા, સરળ કે અજ્ઞાન આત્માઓને મૂંઝવવા માટે પ્રચારાતી હોય તો તે એક પ્રકારનો મતિવિપર્યાસ છે. જૈનદર્શનના સ્યાદ્વાદની દૃષ્ટિને ત્રાજવાની ધરીની જેમ સામે રાખી આત્મવાદ કે કર્મવાદને ગંભીરતાપૂર્વક સમજનારો, ધીર અને સહૃદય જિજ્ઞાસુ આ બધી વિચારણાને યોગ્ય ન્યાય આપી શકે. અન્યથા આ બધી વાતો;–આત્મા, કર્મ, બન્ધ કે આશ્રવ, નિર્જરા કે મોક્ષ વિષેની દાર્શનિક પદાર્થવ્યવસ્થા–એને ન સમજાય અને જે સમજાય તેમાં

કેવળ એકાન્તઆગ્રહ. જેનાં પરિણામે પોતે જૈનદર્શનના સાચા આરાધક-ભાવથી પતિત બની અન્યોને પણ તેના આરાધકભાવથી વંચિત રાખ-વામાં જ પોતાની શક્તિઓનો દુર્વ્યય કરે છે.

**પ્ર૦** ત્યારે આત્મા કર્મોનો કર્તા જ છે, ભોક્તા જ છે, '–એમ 'જ' કારપૂર્વક પ્રતિપાદન ન થઈ શકે શું ? વળી કર્મોના યોગે પોતાની સ્વતન્ત્રતા, શક્તિ, જ્ઞાન કે વિકાસ રૂંધાઈ રહ્યો છે–આમ સમજનારો આત્મા શા માટે કર્મોને કરે છે વારુ ? '—**ક્રમશઃ**

## સરવાળાનો ખોટો શોખ !

સરવાળાના નર્યા શોખ ખાતર કેટલાક અસંતોષી માનવો એમની ઋદ્ધિ-સિદ્ધિથી સુખી રહેવાને બદલે હંમેશાં અન્યની ઋદ્ધિ-સિદ્ધિની સાથે એનો સર-વાળો ગણ્યા કરે છે ને બળ્યા કરે છે. આથી એ પોતાનાં વ્યક્તિત્ત્વને, પોતાની શક્તિસામગ્રીને ખોટે માર્ગે દોરી જાય છે, અને ચિંતા કરીને નવી નવી ઉપા-ધિઓ વહોરી તે પોતાનાં જીવનને સંતોષ, શોક અને મૂંઝવણોથી કથલાવી નાખે છે.

મોતી હાથ કરનાર તરવૈયાની એક વાત સમજવા જેવી છે. એણે સારામાં સારા આઠ મોતી એકઠાં કર્યા. દરિયાના તળિયે જઇ એણે આ સાહસ કર્યું. એનું આ સાહસ સફળ થયું. પણ એણે સાહસની સફળતાને ઉજવવાને બદલે રોદણાં રોવા માંડ્યા; 'હાય જો હું થોડી વાર વધુ થોભ્યો હોત તો થોડાંક મોતી મને વધુ મળત ! આના કરતાં તે વધુ કિંમતી હોત ! ઓહ ! મેં મોટી ભૂલ કરી !' આ રીતે ફીકર કરવાથી માનવજાત ખોટો સરવાળો કરી નવું કાંઈ જ મેળવી શકતો નથી અને મળેલાને સાચી રીતે ઉજ્વી શકતો નથી.

જીવનનો તાલ બગાડનાર એ આ પ્રકારની ખોટી ફીકર છે. ફીકર કરવી એ કોઈ ક્ષણે ભલે જરૂરી હશે ? પણ અસંતોષ, ઈર્ષ્યા કે અસૂયાભાવથી ઉપજાવી કાઢેલી ફીકર એ જીવનને તારાજ કરનારું ઝેર છે.' મારી પાસે આટલી સગવડ હોત તો હું આમ કરી નાંખત !' આવું બોલનાર પોતાની આત્મશ્રદ્ધાને ગુંગ-ળાવી નાખે સગવડ કે સંયોગો કરતાં આપણી આત્મશ્રદ્ધા એ જ સાચી શક્તિ છે, એને હંમેશા જીવતી રાખવી એમાં જ સાચું ડહાપણ છે. સુખ કે સંતોષનો આ જ સાચો ઉપાય છે.

## વિ. સં. ૧૬૮૭ ના દુષ્કાળનું
# એક ઐતિહાસિક શબ્દચિત્ર
### શ્રી અભ્યાસી

**વિ.** નો ૧૭ મો શતક લગભગ આથમવાની તૈયારીમાં હતો. સૌરાષ્ટ્ર–ગૂજરાત–મહાગૂજરાત વગેરે દેશો જે વેળા ઋદ્ધિ–સમૃદ્ધિથી ભરપૂર અને સમૃદ્ધ હતા, તે કાળે દૈવી ઉપદ્રવના કારણે જે દુષ્કાળ પડ્યો હતો તે ભયંકર દુષ્કાળની હૃદયદ્રાવક હકીકત; તેને નજરે જોનારના શબ્દોમાં અહિં ટૂંકમાં રજૂ કરી છે.

'૧૬૮૭ ના દુષ્કાળે હાહાકાર વર્તાવ્યો હતો, દાતારનું નામ-નિશાન રહ્યું ન હતું. કેવળ પેટનો ખાડો પૂરવાની ખાતર બાપ બેટાને, પતિ પત્નીને વેચી દેવાની સ્થિતિમાં હતા. જેઓ મુનિરાજોની હંમેશા વાટ જોતા, અને પોતાને ઘેર વહોરવાને લઈ આવવા જેઓ માર્ગમાં આડા ઊભા રહેતા, તેઓ આ દુષ્કાળમાં મુનિમહારાજના ગોચરીના સમયે પોતાના ઘરના બારણાં બંધ કરી દેતા.'

**બં**ગાળ, બિહાર કે આસામના દુષ્કાળ કે ભૂખમરાના જે કરુણ વૃત્તાન્તો આપણે આજે સાંભળી રહ્યા છીએ, તેનું તાદૃશ રોમાંચક શબ્દ-ચિત્ર, એટલે આજથી લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે ગૂજરાતના પ્રદેશ પર ફરી વળેલા દુષ્કાળનાં રૌદ્ર તાંડવની અસરને ઉ. શ્રી **સમય**સુંદરજીએ પોતે નજરે જોઈને જે નોંધ રજૂ કરી છે તે: જે–તે કાલની ગૂર્જર ભાષાના કવિતદ્વારા સંકલિત છે, તેને શ્રી **અભ્યાસી** આ લેખમાં આપણી સમક્ષ અહિં મૂકે છે.

**આ**જથી લગભગ ચાર સૈકા પહેલાની આ વાત છે. વિક્રમના જે ૧૭ મા શતકને ઈતિહાસકારોએ ખૂબ જ મહત્ત્વનો અને યશસ્વી તરીકે ઉલ્લેખ્યો છે, તે સૈકાની છેલ્લી વીશીએ જ્યારે ૭ વર્ષ માંડ પૂરા કર્યાં હતા, ત્યાં ગૂજરાત–મહાગૂજરાતત પર કોઈક અગમ્ય કારણે અર્થાત્ સામુ-દાયિક અશુભોદયે દુષ્કાળનું રૌદ્ર તાંડવ નાચી ઊઠયું હતું, અને જેની કલ્પના ન થઈ શકે તેવી ઘટનાઓ આ દુષ્કાળમાં બની ચૂકી હતી. આ દુષ્કાળ વિ. સં. ૧૬૮૭ માં પડ્યો હતો.

કવિ ઉ. શ્રી **સ**મયસુંદરગણિ, આ વેળાયે ગૂજરાતના પાટનગર અણહીલ્લપુર **પાટ**ણખાતે ચાતુર્માસ રહ્યા હતા. પોતાના ચાતુર્માસમાં પાટણ તેમજ તેની આજુબાજુના પ્રદેશો પર આ દુષ્કાળને અંગે જે પરિસ્થિતિ બનવા પામેલી, અને તેની અસર તેઓનાં કવિહૃદય પર જે પડી હતી–તેનું કરુણ વર્ણન તેઓશ્રીએ પોતાનાં '**ચ**મ્પકશ્રેષ્ઠીની ચોપાઇ' નામના ગૂર્જર કાવ્યગ્રન્થમાં રજૂ કર્યું છે.

આ સૈકામાં થઈ ગયેલા લોકભાષાના જૈન કવિઓમાં ખરતરગચ્છીય ઉપાધ્યાયજી શ્રી **સ**મયસુંદરજી ગણિનું નામ ખૂબ જ આદરપૂર્વક યાદ કરી શકાય તેવું છે. સંસ્કૃત અને ગૂર્જરી–આ બન્ને ભાષાઓ પરનું તેઓશ્રીનું પ્રભુત્વ કોઈ અજબ કોટિનું હતું. ગૂર્જરભાષા જેવી ગૂજરાત, સૌરાષ્ટ્ર આદિ દેશોમાં સવિશેષ વ્યાપક બનેલી ભાષાદ્વારા આ મહાન કવિએ તે કાળના લોકમાનસને; ધર્મ, નીતિ, સંસ્કાર આદિ ગુણસમૃદ્ધિથી સમૃદ્ધ બનાવવા માટે અથાગ પરિશ્રમ સેવ્યો હતો, એમ આજે એઓશ્રીની ગૂર્જરભાષાની કૃતિઓ; રાસા, છન્દો, સ્તવનો, સજ્ઝાયો, ચોપાઇ, પદો વગેરેની લાંબી નોંધ જોતાં જણાઈ આવે છે.

જો કે, એઓશ્રીની દરેકે દરેક કૃતિઓ જોવાનો અવસર–સુયોગ મને મલ્યો નથી. પણ એઓશ્રીની કૃતિઓ વિષે મેં જે વાંચ્યું છે, તેને અનુલક્ષીને અહિં પ્રાસંગિક ઉલ્લેખ કરવા પૂરતું જ આટલું હું કહી શકયો છું. મને યાદ છે; કે, કેટલાક વર્ષ અગાઉ ગૂજરાતી સાહિત્ય પરિષદમાં, 'જૈન કવિ શ્રી **સ**મયસુંદરગણિ'–આ વિષયને અંગે મહાગૂજરાતના જાણીતા જૈન સાક્ષર શ્રી **મો**હનલાલ દેશાઇએ એક વિસ્તૃત નિબંધ તૈયાર કરી વાંચ્યો હતો, જેમાં તેઓએ આ મહાપુરુષની ગૂર્જર તેમજ સંસ્કૃત સાહિત્યકૃતિઓની નોંધ પ્રસિદ્ધ કરી હતી; તે પરથી જાણી શકાય છે કે, **સ**માચારીશતક, **ગા**થાસહસ્રી, **જ**યતિહુઅણવૃત્તિ, **દ**શવૈકાલિકવૃત્તિ, **ક**લ્પસૂત્રવૃત્તિ આદિ લગભગ ૧૭–૧૮ પ્રસિદ્ધ–અપ્રસિદ્ધ સંસ્કૃતભાષાના સાહિત્ય–ગ્રન્થોની રચના તેઓશ્રીએ કરી, પોતાના ગંભીર જ્ઞાનનો મહાન લાભ તે કાળની તેમજ ભાવિકાળની પ્રજાને વારસારૂપે આપ્યો છે.

જ્યારે ગૂર્જરભાષાની પદ્યકૃતિઓ; **સ્તવ**નોની ચોવીશી, **શાં**બપ્રદ્યુમ્ન પ્રબન્ધ, **પ્ર**ત્યેકબુદ્ધચોપાઈ, **ચં**પકશ્રેષ્ઠિ ચોપાઈ, **મૃ**ગાવતીરાસ, **નલ**-દમયંતીરાસ, **વ**સ્તુપાલ તેજપાલરાસ ઇત્યાદિ લગભગ ૨૯ મોટી કૃતિઓ છે, જે બધું મળી હજારો ગાથાઓમાં ગણી શકાય તેમ છે. આમાં રાસાઓ, સ્તવનો, સજ્ઝાયો, પદો વગેરેનો સમાવેશ થાય છે. કેટલીક કૃતિઓ ઐતિહાસિક, કેટલીક ઔપદેશિક, કેટલીક કથા–લોકવાર્તા અને ધર્મોપદેશની ફૂલગૂંથણીની દૃષ્ટિયે મહત્ત્વની ગણી શકાય તેવી છે. આ બધું પ્રાસંગિક વર્ણન આટલા પૂરતું અહિં મેં મૂક્યું છે કે, જેથી ઉ. શ્રી **સ**મયસુંદરજીની વિદ્વત્તા, એઓની અસાધારણ કવિત્વપ્રતિભા, લોકમાનસની પારખશક્તિ અને લોકહૃદયને સ્પર્શીને પોતાની શક્તિદ્વારા આમપ્રજા પર ઉપકારો કરવાની અત્યન્ત રૂચિ–આ બધાનું સાચું માપ નીકળી શકે.

આ બધી કવિશ્રીની કૃતિઓમાં 'શ્રી **ચં**પકશ્રેષ્ઠીની ચોપાઇ' કવિશ્રીએ ૧૬૯૫ ની સાલમાં મારવાડખાતે જાવાલના ચાતુર્માસમાં રચી છે. તેમાં અનુકંપાદાન પર ૫૦૦ લગભગ કવિતો દ્વારા ચંપકશ્રેષ્ઠીના જીવનપ્રસંગોને ગૂંથવાનો તેઓશ્રીએ પ્રયાસ કર્યો છે. આમાં દુષ્કાળથી તે કાળની પ્રજાના વાતાવરણમાં જે અસર પડે છે, તેનું આનુષંગિક વર્ણન કરતાં કવિશ્રીએ પોતે નજરે જોયેલ ૧૬૮૭ના દુષ્કાળનું આબેહૂબ શબ્દચિત્ર ત્યાં મૂક્યું છે, જે કવિશ્રીના શબ્દોમાં આ પ્રમાણે છે–

વલિ મત પડજ્યો એહવઉ, કાલ મહા વિકરાલ;
જિણિ વિછોડ્યા મા–બાપ–સુત, ભાગા સબલ ભૂપાલ. ૧
ખાતાં અન્ન ખૂટી ગયા, કીજઈ કુંણ પ્રકાર;
ભુખ સગી નહી કેહની, પેટ કરઈ પોકાર. ૨
સગપણ કોઈ ગિણઈ નહી, મિત્રાઈ ગઈ ભૂલ;
કોક દાવિ માંગઈ, તઉ[1] મા થઈ ચઢઇ શૂલ. ૩
જાણ મૂકિ વડ માણસે, માંગવા માંડી ભીખ;
તે પણિ કો આપઇ નહી, દુઃખીએ લીધી દીખ. ૪

૧ ત્યારે,

કે બઈયર મૂંકી ગયા, કે મુંકી ગયા બાલ;
કે મા–બાપ મૂંકી ગયા, કુંણુ પડઇ જંજાલ. ૫
બાપે બેટા વેચીયા, માંટી[2] વેચી બયર;
બયરે માંટી મુકીયા, અન્ન ન ઘઇએ બયર. ૬
પરદેશે ગયા પાધરા, સાંભલ્યઉ જેથી [3]સુગાલ;
માણુસ શંબલ[4] વિણુ મૂઆ, મારગમાંહિ વિચાલ. ૭
ગઉખે બઇઠે [5]ગોરડી, વીંઝણે ડોલતી [6]વાય;;
પેટનઇ[7] કાજિ પદમિની, યાચઈ પરઘરિ જાય. ૮
ભોજન અમૃત જીમતા, ખાતા દ્રાખ અખોડ;
કાંટી ખાટડી કોરડી, કે એજડનાં છોડ. ૯
જતીયાં[8] દેખી જીમતા, ઊભા રહતા આડી;
તે તઉ ભાવ તિહાં, જિમતા [9]જડઈ કમાડ. ૧૦
દેવ ન પૂજઈ દહેરઈ, પડિકમઈ નહિ [10]પોશાલ;
શિથિલ થયા શ્રાવક સહુ, જતી પડ્યા જંજાલ. ૧૨
રડવડતા ગલિએ મૂઆ, મડા[11] પડ્યા ઠામિ ઠામ;
ગલીમાંહિ થઇ ગંદગી, ઘઈ કુણ નાંખણુ દામ? ૧૨
સંવત સોલ સત્યાસિયઈ, તે દીઠઇ એ દીઠ;
હિવ પરમેશ્વર એહ તઇ, અલઉ[12] કરે અદીઠ. ૧૩

ઉપરોક્ત ચોપાઇનાં પદ્યોનો ભાવાર્થ ટૂંકમાં આ પ્રમાણે છે. કવિશ્રી **સમયસુંદરગણિ** કહે છે કે, ' આવો વિકરાલ દુષ્કાલ ફરી મા પડજો! જે દુષ્કાલે મા, બાપ, પુત્ર, વગેરેને છૂટા પાડ્યા. બલવાન એવા રાજાઓ નાસી છૂટ્યા. ખાતાં ખાતાં અન્ન પણ ખૂટી ગયું, ગમે તે રીતે કરવા છતાં ભૂખના યોગે પેટ પોકાર કરવા લાગ્યું; આ અવસરે સગપણ

૨ ધણી, ૩ સુકાળ, ૪ ભાથું, ૫ ગોરી–સ્ત્રી, ૬ પંખાથી પવન નાંખતી, ૭ પેટને કારણે, ૮ સાધુ–મુનિરાજને, ૯ બંધ કરે છે, ૧૦ પૌષધશાલા–ઉપાશ્રય, ૧૧ મુડદાંઓ. ૧૨ નહિ જોવા લાયકને અળગો કરે.

ભૂલાઇ ગયું, મિત્રતા પણ વિસરાઈ ગઇ, સગી માની પાસે પણ માંગવા જવાય તેવી સ્થિતિ ન રહી. ડાહ્યો માણસ પણ મોટાઇ મૂકી ભીખ માંગવા માંડે છે પણ કોઇ આપતું નથી, દુઃખી માણસો સંસાર છોડી દીખ લે છે. કોઈક ધણી સ્ત્રીઓ મૂકી દે છે, કોઇક બાળકોને, કોઇક પુત્રો-મા-બાપને પણ મૂકી દઇ, જંજાલમાં કોણ પડે એમ માની નાસી છૂટે છે.' ૧ થી ૫.

'બાપે દીકરાઓને વેચ્યા, પતિ પણ પોતાની સ્ત્રીને વેચી દે છે. જ્યારે સ્ત્રી પણ પતિને ત્યજી દે છે. પરદેશમાં સુકાળ છે, એમ માની પરદેશમાં જનારા પાસે ભાથુ નહિ હોવાના કારણે કેટલાયે લોકો રસ્તામાં મરી ખૂટ્યા. જે સ્ત્રીઓ ઘરની અગાસીઓ પર બેઠી પંખાઓને વીંજવતી તે પદ્મિનીઓ પણ પેટનો ખાડો પૂરવા પરઘરે ભીખ માંગતી, જેઓ અમૃતનાં ભોજન જમતાં, દ્રાક્ષ અને અખોડ ખાતાં તે લોકો કેરડા અને ખીજડાની છાલ ખાઇ માંડ માંડ ઉદરનિર્વાહ કરતા. મુનિરાજને દેખીને જે લોકો પોતાને ઘેર વહોરવા લઇ જવા માટે માર્ગમાં આડા ઊભા રહેતા તે લોકો ભાવ પડવાના કારણે જમતા કમાડ દઇ દેવા લાગ્યા.' ૬ થી ૧૦

'દેરાસરમાં દેવને પૂજનારા અને પૌષધશાળામાં પ્રતિક્રમણ કરનારા શ્રાવકો શિથિલ થવા લાગ્યા. આ અવસરે સાધુ-મુનિઓને પણ આથી અનેક ઉપાધિઓમાં મૂકાવું પડતું. ભૂખને લીધે ગલીયે ગલીયે, ઠામ-ઠામ માણસો મરવા લાગ્યા, તેઓના મડદાઓથી ગંદકી થવા લાગી, ઠેર ઠેર પડેલા મડદાંઓને ઉપાડવા માટે દ્રવ્ય ખરચવાને પણ કોઇ તૈયાર ન હતું. આ રીતે ૧૬૮૭ની સાલમાં જે કાંઈ જોયું છે, તેને હે ભગવન્ ! ફરી જોવાનો અવસર ન આવો !' ૧૧ થી ૧૩.

વિશ્વયુદ્ધના ચાલુ વાતાવરણમાં, સત્તા અને સમૃદ્ધિની ભૂખે; બંગાળ, બિહાર અને આસામ કે ઓરિસાની ધરતી પર કૃત્રિમ દુષ્કાળ, ભૂખમરો અને અનાજ, કપડા વગેરેની ઉભી થએલી મોંઘવારીથી છેલ્લાં ત્રણ વર્ષોથી જે પરિસ્થિતિ બની રહી છે, તે જોનારા અને સાંભળનારાઓને ૧૬૮૭ના

દુષ્કાળનું, તે જ કાળના જૈનકવિએ દોરેલું આ શબ્દચિત્ર સાચે અક્ષરશઃ યથાર્થ જણાઇ આવ્યા વિના નહિ રહે.

દુષ્કાળની સાલ ૧૬૮૭ માં **પાટણ**ખાતે ચાતુર્માસ દરમ્યાન તેમ જ શેષકાલમાં ગૂજરાતની આજુબાજુના પ્રદેશોની–ગામડાઓની સ્થિતિ પોતે જે નજરે જોયેલી, તેની અસર એટલી બધી ગંભીર રીતે કવિશ્રીના હૃદયપટ પર અંકાઇ ગયેલી કે જેથી તેઓ ત્યારબાદ ૯૫ ની સાલમાં જાવાલના ચાતુર્માસમાં '**ચં**પકશ્રેષ્ઠીની કથા'માં પ્રસંગતઃ દુષ્કાળની અસરથી નીંપજતાં પરિણામોને જે નજરે જોયું તે રીતે હુબહુ અહિં આલેખે છે.

એકંદરે કવિશ્રીએ પોતાના શબ્દોદ્વારા આલેખેલી આ નોંધ; કવિશ્રીનાં માનસ પર દુષ્કાળના કારણે તે દેશનાં પલટાઇ ગયેલાં વાતાવરણની ગંભીર અને કરૂણ અસર સૂચવી જાય છે. આ નોંધ દ્વારા કવિશ્રી જાણે દુષ્કાળને સામે તરવરતો નજરે જોતા હોય તે રીતે આઠ વર્ષની અગાઉના આ બનાવને પોતાની કલમદ્વારા આ પ્રકારે શબ્દદેહ આપે છે.

વર્ણનની શરૂઆતની અને પછીની આ પંક્તિઓ—

'વલિ મત પડજ્યો એહવઉ કાલ મહા વિકરાલ
હિવ પરમેશ્વર એહ તઇ અલગઉ કરે અદીઠ'

સાચે કવિશ્રીની દયાર્દ્ર લાગણીનું પ્રતીક કહી શકાય તેમ છે. કવિશ્રી પોતે દુષ્કાળપીડિત પ્રજાના આર્ત્તનાદને વશ બની સ્વયં ઉચ્ચારે છે કે, 'ભગવન્ ! ૧૬૮૭ ની સાલમાં અમે જે જોયું છે.–જે ન જોવાનું અમને જોવા મલ્યું છે તે ફરી ફરી જોવાનો અવસર અમને ન આપ !'

દુષ્કાળના અનુભવો પરથી કવિશ્રીનાં માનસ પર ખૂબ જ કરુણ અસર પ્રતિબિમ્બિત થઈ છે, આથી લોકસમાજની નાડીના ધબકારાને કુશલ વૈદ્યની જેમ પારખનારા કવિ **સમયસુંદરજી**, દુષ્કાળપીડિત આબાલ–ગોપાલ પ્રજાના શબ્દોને ઉપરની બે કડીઓમાં આપણી આગળ રજૂ કરે છે. લોકકવિ તરીકે કે સામાન્ય--આમ પ્રજાના પ્રતિનિધિ તરીકે તે

પ્રજાના હૈયામાં દુષ્કાળના અંગે જે લાગણી ઉઠેલી તેને કવિશ્રી સ્વયં આ પંક્તિઓમાં ઉચ્ચારી ગયા છે.

સાહિત્યસર્જકો અને તેમાં પણ લોકોપકારક સરળ અને બોધક સાહિત્યના સરજનારા કુશલ ધર્મગુરુઓ જ્યારે સાહિત્યદ્વારા બાલપ્રજાને માર્ગ દર્શાવવાને મથતા હોય તે વેળાયે એઓની પ્રકૃતિ કે સ્વભાવ સામાન્ય રીતે એ પ્રકારે રહે છે-રહેવો જોઇએ. જેથી બાલ-અજ્ઞાન જનસમુદાયનાં હૃદયો આવા મહાપુરુષો પ્રત્યે હંમેશાં આદરભાવ અને પૂજ્યબુદ્ધિ ધરાવનારા બને! આ માટે આ મહાન પુરુષોને લોકસંસર્ગ, પરિચય અને લોકની ભાષા, વ્યવહાર તેમજ રૂઢિને પણ પોતાની ભાષામાં વ્યક્ત કરવાપૂર્વક કેટલીક વેળાયે તેઓની નજીકમાં આવવું પડે છે. આમ કરવાથી આત્મીયતા કેળવાતાં આબાળગોપાલ પ્રજાને ધર્મના સંસ્કારોદ્વારા ભાવના, ભક્તિ કે શ્રદ્ધાનો મહામૂલ્ય ગુણવારસો નિઃશંક રીતે આપી શકાય છે.

આથી સમજી શકાશે કે, 'પૂર્વકાલીન શાસનપ્રભાવક સમર્થ આચાર્યદેવો તેમજ વિદ્વાન સુવિહિત મુનિવરો આદિ જૈન સાધુ-મહાત્માઓએ; તે તે કાળના વાતાવરણને, પ્રસંગોને અને ઐતિહાસિક બનાવોને પોતાની સાહિત્યકૃતિઓમાં સંકલિત કરવાની જે હિતકર પ્રવૃત્તિઓ આચરી છે'-તે કેવળ લોકપ્રજામાં આત્મીયતા કેળવી, તેઓને પોતાની સન્મુખ આણી, લોકોત્તર ધર્મ, નીતિ, દાન, શીલ, તપ અને ભાવનાના સુંદર સંસ્કારો તેઓમાં પ્રગટાવવા માટે જ. આ સિવાય અન્ય કયો હેતુ કે સ્વાર્થ જૈનસંસ્કૃતિના પ્રચારક લોકોત્તર મહાત્મા પુરુષોને હોઇ શકે?

કવિ શ્રી **સમયસુંદર** ગણિવરે પણ આ જ એક શુભ આશયથી, અનુકંપાદાન-કે જે જૈનશાસનમાં સર્વ પ્રકારના ધર્માચારોનું મૂળ ગણાયો છે,-તેનું મહત્ત્વ દર્શાવતાં પ્રાસંગિક રીતે તે કાળના ઐતિહાસિક દુષ્કાળનો ઉલ્લેખ પોતાની કલમદ્વારા કરી, એમ ઉપદેશ્યું કે, 'જો પૂર્વના પુણ્યોદયથી પ્રાપ્ત સુંદર કોટિની ધનધાન્યાદિ બાહ્ય સાંસારિક સામગ્રીઓનો સદુપયોગ દીન, અનાથ કે દરિદ્ર આત્માઓનાં દુ;ખોને દૂર કરવામાં નહિ

કરો તો આવા પ્રકારનાં દુષ્કાળ જેવી સ્થિતિ લાભાન્તરાયના પાપે ભોગવવી પડશે તે વેળા પરમાત્માને આપણે પ્રાર્થીશું કે, 'ઓ ભગવન્! અમારાં આ દુઃખોને લઉટાળો! ઓ દીનદયાળ! તું હવે અમને આવા દુઃખો જોવાનો અવસર ન આપ!' પણ એ દીનદયાળ પરમાત્મા પણ કરે શું? આપણે આપણાં દુષ્કૃતોનું ફલ ભોગવવાનું છે.

જ્યારે પરમાત્મા તો કેવળ દાન, શીલ, તપ કે ભાવરૂપ ધર્મનો કલ્યાણકર માર્ગ દર્શાવી આપણી જાત પર અનન્ય ઉપકાર કરી ગયા કે જેનો પ્રત્યુપકાર વાળવાને આપણે અસમર્થ છીએ. તેઓએ ઉપદેશેલ માર્ગને આપણો હિતકર માર્ગ માની આરાધવો એ જ આપણો કર્તવ્ય ધર્મ છે.

આ જ એક ધર્મોપદેશ સંભળાવવાના હેતુથી પૂર્વકાલીન મહાપુરુષોની જેમ ઉ૦ શ્રી **સમયસુંદરગણિવરે** ૧૬૮૭ના આ દુષ્કાલનું ઐતિહાસિક શબ્દચિત્ર તે કાળની ગૂર્જરભાષામાં **ચંપકશ્રેષ્ઠીની ચોપાઇની** ધર્મકથામાંથી સીધી અને સાદી રીતે રજૂ કર્યું છે.

**માણસો** પોતાનાં તત્ત્વજ્ઞાન અને સંસાર સંબન્ધી સમજણ શક્તિ મુજબ જીવન જીવે છે. તદ્દન વિચારહીન માણસો માટે પણ આ વાત સત્ય છે. કોઈ પણ પ્રકારનાં તત્ત્વજ્ઞાન વિના જીવવું માનવજાતને માટે અશક્ય છે. તેણે પસંદગી કરવાની રહે છે, તે તત્ત્વજ્ઞાન કે અતત્ત્વજ્ઞાન વચ્ચે નહિ પણ સારાં અને નરસાં તત્ત્વજ્ઞાન વચ્ચે.

# યુગાદિનાથ શ્રી ઋષભદેવ અને ગીતાકાર શ્રી કૃષ્ણ

પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ

કૌરવો અને પાંડવોની વચ્ચે જે તુમુલ યુદ્ધ મચ્યું, અને મહાભારતના પાનાઓ પર એ હકીકતો જે રીતે અશ્રુભીની આંખે આલેખાઈ તેના મૂળકારણ તરીકે શ્રી કૃષ્ણ છે એમ તેઓએ અર્જુનને યુદ્ધને માટે આપેલી પ્રેરણા પરથી કહી શકાય. અર્જુનને એ વેળાયે આ ભયંકર યુદ્ધ–દાવાનલની ચીનગારી સળગાવવાને ઉત્તેજવા સિવાય શ્રી કૃષ્ણ માટે આ મહાભારત યુદ્ધ અટકાવવાનો શું અન્ય કોઈ ઉપાય ન હતો ?

આ યુગના આદ્ય ધર્મનાયક શ્રી ઋષભદેવ પરમાત્માએ ' વડીલ ભાઈશ્રી ભરતચક્રવર્તીની સ્હામે લડવા તૈયાર થયેલા પોતાના ૯૮ પુત્રોને કઈ ઉત્તમ કોટિની ધર્મ–પ્રેરણા આપી; યુદ્ધના રૌદ્રમુખા સંહારથી જગતને બચાવી લીધું ! ' તે હકીકતને આની સ્હામે મૂકી લેખક મુનિશ્રી અહિં ઉપરોક્ત પ્રશ્નનો ટૂંકાણમાં જવાબ આપે છે.

---

જગતના અનંત કાળરૂપ ઇતિહાસના પાને ઉપકાર કરવાના નામે અનંત પ્રસંગો પ્રવૃત્તિ લેખે ચઢી ગયા એમાંથી એ શોધવું જરૂરી છે કે 'સાચો ઉપકાર કોણ કરી શકે ?' સંસારના પદાર્થોને સ્હમજી તેનાથી વિરક્ત રહેનારા કે આસક્ત રહેનાર ? જો કે ઉપકાર લેવો જગતને એટલો પ્રિય છે કે જો એમાં અસહ્ય માનહાનિ ન દેખાતી હોય તો એ ઉપકાર લેવા હરેકપળે તૈયાર હોય છે.

આ વૃત્તિવાળા આત્માઓએ એટલું સાવધ રહેવું ઘટે છે કે ઉપકાર લેવા જતાં એ ઉપકારકના ઓઠા નીચે વસ્તુગત્યા અપકાર કરનાર કોઈ અજ્ઞાની કે દંભીના પાશમાં પડી ન જવાય ! નહિતર તો લીધેલો ઉપકાર સોંસરો નીકળી જાય.

આપણે એ જોવું છે કે શ્રી કૃષ્ણે અર્જુન ઉપર અને શ્રી ઋષભદેવ પ્રભુએ અઠ્ઠાણુ પુત્રો ઉપર કેવો ઉપકાર કર્યો ?

સૌ પહેલાં કુરુક્ષેત્રની યુદ્ધ ભૂમિ પર આવતાંજ સગાસંબંધીઓ ભીષ્મ પિતામહ, દુર્યોધન વગેરે કૌરવો, વિદ્યાગુરુ દ્રોણાચાર્ય કૃપાચાર્ય વગેરે અનેકની સામે લડવાનું જોઇ અત્યંત દયાથી ગળગળો થઇ ~~[illegible]~~ અર્જુન શ્રી કૃષ્ણને કહે છે—

( ગીતા અ. ૧ )

**सीदन्ति मम गात्राणि, मुखं च परिशुष्यति ।**
**न च श्रेयोऽनुपश्यामि, हत्वा स्वजनमाहवे ॥**
**न कांक्षे विजयं कृष्ण !, न च राज्यं सुखानि च ।**
**एतान्न हन्तुमिच्छामि, घ्नतोऽपि मधुसूदन ! ।**
**अपि त्रैलोक्यराज्यस्य, हेतोः किं नु महीकृते ॥**

અર્થાત્ 'હે કૃષ્ણ ! મારા અવયવો શિથિલ થઇ જાય છે, મુખ સુકાય છે, શરીરે ધ્રૂજ છૂટે છે. કેમકે હું અશુભ નિમિત્તો જોઈ રહ્યો છું. યુદ્ધમાં સ્વજનોનો ઘાત કરીને કોઇ કલ્યાણ થઈ શકે એમ હું જોતો નથી. એ રીતે મને જિતની, રાજ્યની કે સુખોની કોઇ અપેક્ષા નથી. કદાચ એ સ્વજનો મને મારતા હોય તોય હું માર ખાઇશ પણ મારે એમને મારવા નથી, ભલે ત્રૈલોકયનું રાજ્ય પણ મળતું હોય તો ન મળે. મારા પિતરાઈ ભાઇઓને હણી મને શો આનંદ થાય ? કેમકે આતતાયિ, આગ લગાડનાર, ઝેર દેનાર, સ્ત્રી હરનાર વગેરે એવા પણ એમને હણવાથી અમને તો પાપ જ લાગે. **मा हिंस्यात्** એ નિષેધ વાકયનું ઉલ્લઘન કરવાને લીધે.'

ઇત્યાદિ કહીને કુળનાશ, કુળધર્મનો નાશ, અધર્મનું વર્ણસંકટ, નરકવાસ વગેરે ઘણા દોષો બતાવી આગળ કહે છે કે, 'અમે રાજ્ય અને સુખના લોભમાં કુટુંબીઓના નાશરૂપ આ એક ભયંકર પાપ કરવા તૈયાર થયા છીએ. પણ હું ઇચ્છું છું કે સામે કાંઈ બચાવ ન કરતા એવા મને આ કૌરવો, જો હણે તો મારા માટે કલ્યાણકર થાય.'

આના જવાબમાં જ્યારે શ્રી કૃષ્ણે અર્જુનને આ પ્રમાણે કહ્યું.

"कुतस्त्वा कश्मलमिदं, विषमे समुपस्थितम्।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ! ॥
क्लैब्यं मास्म गमः पार्थ ! नैतत्त्वय्युपपद्यते"।

હે અર્જુન ! અનાચાર્યોએ સેવેલું, સ્વર્ગને રોકનારું, અને અપકીર્તિ પમાડનારું આ મલિનપણું અયોગ્ય વખતે તને ક્યાંથી ઉપજ્યું ? હે પાર્થ ! તું નપુંસકપણાને ન પામ, તારા જેવાને આ શોભતું નથી...' વગેરે કહે છે.

ત્યારે અર્જુન કહે છે કે, 'પૂજાને યોગ્ય એવા ભીષ્મ અને દ્રોણાચાર્ય પર બાણ કેવી રીતે ફેંકું ?' પૂજાને પાત્ર એવા અને વેદાદિના અધ્યયન તથા તપ, આચાર વગેરેથી મહાપ્રભાવશાલી વડીલો( ગુરુઓ )ને હણ્યા સિવાય કદાચ ભિક્ષા માંગી ખાવું પડે તોય એ હું કલ્યાણકર માનું છું તો પછી ગુરુઓને હણી લોહી ખરડ્યા ભોગ હું કેમ જ ભોગવી શકું ?...'

આ ઉપરથી અર્જુનનું માનસ સ્પષ્ટ સમજાય કે, શ્રી કૃષ્ણનો સહકાર પામી યુદ્ધમાં વિજય અને રાજ્ય તથા સુખો પ્રાપ્ત થાય તો પણ એ એનો લોભ મૂકી જરૂર પડે ભિક્ષાથી જીવન ચલાવવાનું પસંદ કરે છે, પણ યુદ્ધ કરવા તરફ એની જરા ય ઇચ્છા નથી; કેમકે એમાં એ ઘણા અનર્થો જુએ છે જેનું ઉપર વર્ણન થઈ ગયું છે.

જો કે સંસારના કર્મયોગને પ્રધાન સમજનારાઓ અર્જુનમાં આ પ્રસંગે વીકસેલ આર્યત્વનો આદર્શ, પૂજ્યો પ્રત્યેનો પૂજ્યભાવ, વિદ્યાદાતા પ્રત્યે બહુમાન, કપટી કુટુંબીઓ ઉપર પણ ઉદાર સ્નેહ, હિંસારૂપ મહાપાપનો ભય, કુળનાશાદિ આપત્તિઓનો ભય, રાજ્યસુખના લોભનો ત્યાગ, અનેક પાપોના આસેવનને બદલે ભૈક્ષ્યવૃત્તિમાં કલ્યાણબુદ્ધિ અને તેમ કરવાની તૈયારી–ઈત્યાદિનું મહત્ત્વ નહિ સમજતાં અર્જુનમાં નિર્માલ્યતા, પુરુષાર્થહીનતાનો આવિર્ભાવ સમજે છે, પણ જો પાપ પ્રવૃત્તિમાં થતા ભયને નિર્માલ્યતા લેખાતી હોય તોય એ ઇષ્ટાપત્તિરૂપ છે.

આ બાજુઃ શ્રી કૃષ્ણ એને યુદ્ધ માટે સજ્જ કરવા કહે છે કે,

'જેનો શોક કરવા જેવો નથી એનો તું નકામો શોક કરે છે અને વચનો પાછા પંડિતાઈભર્યા બોલે છે, પણ પંડિતો મરેલા કે જીવતા જીવોનો શોક નથી કરતા. આત્મા તો અવિનાશી છે, નાશ દેહનો થાય છે બ્રહ્મનો નહિ, જે એમ સમજે છે કે હું આનો નાશ કરું છું એ અજ્ઞાન છે; છતાં જો તું આત્માને જન્મ મરણ પામતો, માનતો હોય તોય તારે એમના ( ભીષ્મ, દ્રોણાચાર્ય આદિના ) મૃત્યુનો શોક કરવો વ્યાજબી નથી, કેમકે **जातस्य ध्रुवो मृत्युः** જન્મેલા મરેજ છે, તો મરણ એ અપરિહાર્ય છે, અવશ્યંભાવી છે માટે અપરિહાર્ય બનાવનો શોક ન હોય.'

આ ઉપરથી વિચારણીય છે કે, જો હકીકત આ હોય તો 'અહિંસાનું મૂલ્ય શું'? પણ પ્રસ્તુતમાં એ પ્રાસંગિક નહિ હોવાથી જતું કરવામાં આવે છે. એટલું તો ખરૂં કે જે રાજ્યસુખની મૂર્ચ્છા રહિત બની યુદ્ધની ઇચ્છાથી વિમુખ બનેલાને શ્રી કૃષ્ણ ફરી લડવાની ઇચ્છાવાળા બનાવે છે. એમાં અર્જુનનું કયું આત્મહિત સધાય છે? એ સૂક્ષ્મમતિએ વિચારણીય છે. કુરુક્ષેત્રના એ યુદ્ધમાં પરસ્પરની સ્પર્ધા, ચડસાચડસી અને ઈર્ષ્યાથી થતી જીવલેણ મારામારી કોને માટે આત્મનિસ્તારક બની એ આસ્તિકને મન અગમ્ય છે.

અહિં એક બચાવ કરવામાં આવે છે કે, 'ધર્મનો વિધ્વંસ અટકાવવા માટે શ્રી કૃષ્ણને આમ કરવું પડયું;' પણ દુર્યોધનના રાજ્યમાં પ્રજા કેટલી સુખી અને નિશ્ચિન્ત હતી. એનું વર્ણન કિરાતાર્જુનીય કાવ્યમાં મળે છે. જે આ પ્રમાણે—

'**दुरोदरच्छद्मजितां समीहते नयेन जेतुं जगतीं सुयोधनः** દ્યૂતના બહાને પણ જિતેલી પૃથ્વીને **નયથી** વશ કરવા દુર્યોધન ઇચ્છે છે. **कृतारिषड्वर्गजयेन वितन्यते तेन नयेन पौरुषम्**–કામક્રોધાદિ છ આંતર શત્રુઓને કાબૂમાં લઈ યોગ્ય નીતિપૂર્વક પુરુષાર્થ કરે છે. **सखीनिव प्रीतियुजोऽनुजीविनः** કપટ રહિત એવો દુર્યોધન સેવકોને પ્રીતિવાળા મિત્રો જેવા રાખે છે, મિત્રોને ભાઈની જેમ રાખે છે.

સામાદિ ઉપાયો બહુ યોગ્ય રીતે યોજે છે. દંડ ધર્મ પણ ધનના લોભથી કે ગુસ્સાને વશ થઇને નહિ કિંતુ રાજધર્મના યોગ્ય પાલન માટે સેવે છે' ઇત્યાદિ.

આ ઉપરથી દુર્યોધનની નીતિસંપન્નતા, પ્રજાપર વાત્સલ્યભાવ અને રાજાઓ ઉપર ગુણછાયા સમજી શકાય એવી છે. એટલે આ દૃષ્ટિએ દુર્યોધનને અધર્મમૂર્તિ કહેવા તૈયાર થવું એ અજ્ઞાનભર્યું કહેવાય. હા, પાંડવો સાથે એણે દંભ ખેલ્યો, પણ એ એક વૈયક્તિક વાત થઈ, એથી કાંઈ આખા જગત પર અધર્મની ચઢાઈ આવી ગઇ એવું સિદ્ધ નથી થતું તો પછી કેમ આવા ખૂનખાર યુદ્ધ, એમાં **अश्वत्थामा मृतः** વગેરેનો દંભ આ બધું કેમ બન્યું ?

૨

જૈન શાસનમાં આવી જ કોટિનું ઉદાહરણ આપણને મળી રહે છે, પણ આવા અવસરે શ્રી જૈન દૃષ્ટિનો ઉપકાર કઈ રીતે આ બધા અનર્થો થતાં નિવારે છે તે અહિં સમજી શકાય છે. આ યુગના આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુના વડિલ પુત્ર ભરત ચક્રવર્ત્તી, છ ખંડ જીતીને જ્યારે આવે છે, પણ ચક્ર રત્ન આયુધશાળામાં પ્રવેશ નથી કરતું. જાણ્યું કે હજી ૯૯ ભાઇઓએ મારી આજ્ઞા સ્વીકારી નથી, તેથી તે માટે દૂત મોકલે છે. પણ એમાં ૯૮ ભાઇઓ ભેગા થઇ વિચાર કરે છે કે, રાજ્ય આપણને પિતાજીએ વહેંચી આપ્યા છે તો પછી ભરતની આજ્ઞા શા માટે માનીએ ? એની આજ્ઞા માનવાથી રાજ્ય ઉપરાંત શું અમને જરા કે મરણ અટકી જવાનો વધુ લાભ થવાનો છે ? ના, છતાં એ જો અસંતોષથી અમારું રાજ્ય બલથી લેવા ઇચ્છે છે તો અમે પણ એક જ બાપના પુત્રો છીએ એ અને એનું પડાવી લેવા અમે પણ સમર્થ છીએ એ એણે સમજી લેવું જોઇએ.

જુઓ ત્રિષષ્ઠીમાં એમના શબ્દો—

**प्राज्यराज्योऽप्यसन्तोषाद्स्मद्राज्यं जिघृक्षति ।**
**स्थाम्ना चेत्, तद् वयमपि तस्य तातस्य सूनवः ॥**

તદુપરાંત દૂતને કહે છે કે, 'પણ પિતાજીને જણાવ્યા વિના મોટાભાઈ સાથે લડવાની અમને હોંશ નથી થતી' અને એમ કહી ત્યાંથી એ બધા વીતરાગ સર્વજ્ઞ બનેલા શ્રી ઋષભદેવ પ્રભુ પાસે આવે છે.

અહિં દૂતને કહેલા શબ્દોમાં જોઇએ તો પોતાના માન અને મમત્વ, તેઓમાં દેખાઈ આવે છે. જોકે રાજ્યનું મમત્વ તો તેવું નથી એમ એ લોકો પ્રભુ પાસે કહે છે—

**वचोमात्रेण मुञ्चामस्तस्यात्मबहुमानिनः ।**
**तातदत्तानि राज्यानि, क्लीबा इव कथं वयम् ? ॥**
**सेवामपि कथं कुर्मो निरीहा अधिकर्द्धिषु ।**

'ભરત ઉપર બહુમાનવાળા એવા અમે એના સ્નેહ વચનથી હમણાં રાજ્ય મૂકી દઇએ, પણ અમને એ નિર્બળ ગણી સત્તાના બલે અમારા રાજ્ય પર અધિકાર માગે તે શાનો આપીએ ? અને અમે એની સેવા પણ શા માટે કરીએ, કેમકે અમને એની જેમ અધિક ઋદ્ધિની ઇચ્છા નથી. પણ આપને પૂછ્યા વિના અમે યુદ્ધ કરી શકતા નથી' એ વગેરે પ્રભુ પાસે કહી, જાણે ભગવાન લડવાની સંમતિ આપશે એમ રાહ જોતાં ઊભા છે. પણ ત્યાં તો આ વીતરાગ પરમાત્મા ભાવ દયાવાળા હોઇને કહે છે કે,

**"वत्साः पुरुषवीरैर्हि पुरुषव्रतधारिभिः ।**
**योद्धव्यं वैरिवर्गेणानर्गलं द्रोहकारिणा ॥**
**रागो द्वेषश्च मोहश्च कषायाश्चेति वैरिणः ।**
**अनर्थदायिनः पुंसां जन्मान्तरशतेष्वपि ॥**

હે નરવીરો ! દ્રોહ કરનારા અરિ વર્ગ સાથે તમારે સતત લડવું જોઇએ, પણ એ અરિ કયા ? રાગ, દ્વેષ, મોહ, કષાયો; કેમકે ખરેખર રીતે જીવોને સેંકડો જીવનો સુધી એ જ દુઃખ દેનારા છે. એને જીતો. પછી જગતમાં તમારો કોઈ શત્રુ નહિ રહે અને દુઃખનો આત્યન્તિક ધ્વંસ થશે. સેવા કરવી હોય તો એક ધર્મની કરો કેમ કે એ જ રક્ષક છે.

બાકી રાજ્યશ્રીનાં સુખ માનસિક ભ્રાન્ત કલ્પના જ છે કેમકે અંતે એ વિનશ્વર છે, અને અનંતકાળ આવા સુખ મળ્યા છતાં ન તો જીવને તૃપ્તિ થઈ કે ન સંસાર દુઃખ ટળ્યું ઇત્યાદિ.'

આ પ્રકારે પ્રભુનો વાસ્તવિક તત્ત્વોપદેશ સાંભળી એ ૯૮ પુત્રો ત્યાં જ વિરાગી બની સાધુ થાય છે. સંસારનો ત્યાગ કરી દે છે. ભરતના આવેલા દૂતો જઇને ભરતને આ સમાચાર કહે છે ત્યાં ભરતને આઘાત થાય છે કે આ મેં શું કર્યું ? ભાઇઓ રિસાઇને પિતા પાસે ચાલ્યા ગયા. હવે હું મોં શું બતાવીશ ? એ દુઃખમાં ક્ષમાપના કરવા માટે આવે છે ત્યાં ક્ષમા યાચતાં ભરત ઘણું ઘણું કહે છે, પણ જ્યારે તે સાધુ બનેલા ભાઇઓ બોલતા નથી ત્યારે ખિન્ન થાય છે. ત્યાં પ્રભુ કહે છે 'રાજન્! આમના માટે તું બીજી કલ્પના ન કર! આ કેવલજ્ઞાની વીતરાગ બન્યા છે એટલે તારા પર પણ રાગ દ્વેષ વિનાના છે.' ( જુઓ 'યુગાદિદેશના' નામનો ગ્રંથ )

આથી રાગદ્વેષથી ધમધમતા આવેલા ૯૮ પુત્રોને વીતરાગ પરમાત્માએ કઈ સ્થિતિમાં મૂકયા. ખૂનખાર યુદ્ધ કેવા અટકયા, નિર્દોષનો ઘાત કેટલો નિવારાયો અને ભરતને પણ કેવી સુંદર અસર થઇ.

જ્યારે રાજ્યસુખના રાગ પર અને શત્રુ પ્રત્યેના દ્વેષ પર વિજય મેળવેલા અર્જુને ભક્તરાગી શ્રી કૃષ્ણના વચનથી શું આરંભ્યું ? યુદ્ધમાં ભયંકર રૌદ્ર પરિણામમાં આવી જીવલેણ લડતાઓ એ કેવા અરિષ્ટ (કર્મ) ઉપાર્જ્યાં હશે ? અને આ ઉપરાંત પરમાત્મા ગણાતા તરફથી ભકતને મળેલી જે સલાહ એ ભાવી પ્રજા માટે કેટલી આદરણીય બને છે ? એ બધી વસ્તુનો વિચાર આ બંને પ્રસંગોની તુલનાથી થઈ શકે છે. બધી પ્રવૃત્તિઓમાં અધ્યાત્મની પ્રવૃત્તિને શ્રેષ્ઠ અને એક જ કર્તવ્ય લેખનારને ખોટા પ્રશ્નો કે ખોટી સંભાવનાઓ મૂંઝવતી નથી. અધ્યાત્મની આચરણા પાપીઓને પણ ધર્મી બનાવી દે છે. વાત એ છે કે, આલંબન વીતરાગ પરમાત્માનું હોવું જોઇએ. જો શ્રી કૃષ્ણને ભક્ત પર રાગ, અધર્મી પ્રત્યે દ્વેષ વગેરે ન હોત તો આ પ્રસંગ ઉપરથી કદાચ જુદી ગીતા સાંભળવા મળત !'

## મૂઢો, નથી પામતા !

[ શાર્દૂલવિક્રીડિત ]

આશા દોર મહીં રહી વિવિધતા, રંગો વિરંગો ઘણા,
દેખે તો ય ન ચિત્ત ધર્મ વસતો, માર્ગો કુપાપી તણા;
ખોળે નિત્ય નવા નવા ખલ જનો, તત્ત્વો નથી જાણતા,
અવ્યાબાધ અનન્ત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૧

મોંઘી ખેલત ખોઇ શસ્ય શિશુતા, દૌર્લભ્ય રત્નો સમી,
સંસ્કારો ન જડે સમુજ્જવલ કદી, દીઠી ન શિક્ષા અમી;
જ્ઞાનધ્યાન ન દાન ધર્મકરણી, કોરી રહી મૂર્ખતા,
અવ્યાબાધ અનંત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૨

રામા મોહમયી, યુવા વયી રહી, ચાલી વહી જિંદગી,
મસ્તાની પ્રિય મોજ શોખ અફરી, ભૂલી પ્રભો બંદગી;
કામા તાપ બળી જલી ઝગડતો, ઝાઝી જ નાદાનતા,
અવ્યાબાધ અનન્ત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૩

કાયા કંપ મની સદા અટકતી, આંખ્યો નથી ભાલતી,
હાથો પાદ કશું ન કાંઇ કરતા, દાંતો ગયા ગાલથી;
બુઠ્ઠી બુદ્ધિ થઇ યુવા–વય ગઈ, વીતી સમાધાનતા,
અવ્યાબાધ અનન્ત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૪

સંતોની સુખડી ગમી નહિ કદી, ધર્મો ન રુચ્યા કદી,
શાસ્ત્રોની અવહીલના પણ કરી, ખોલીજ જુલ્મી બદી;
નિર્ગ્રંથો પણ દૃષ્ટિપંથ મળતાં, ધારી ન સન્માનતા,
અવ્યાબાધ અનન્ત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૫

પાપી દુષ્ટ જનો કરે મનસુબા, પૂરા કદી થાયના,
ચિંતા ગ્લાન સદા રહે બહુ સહે, દુઃખો કદી જાયના;
પાપો નિત્ય કરે સુખો મન ચહે, ક્યાંથી કહો આનતા,
અવ્યાબાધ અનન્ત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૬

ભૂલ્યો ભક્તિ પડી વિકલ્પદવમાં, કાઠિન્યતાઓ સહી,
ઈર્ષ્યા દ્વેષ ભરી, તથા નહિ છતી, વાતો મુખેથી કહી;
ક્યાંથી એ સુખ શાંતિધામ મળશે, સાધી ન કલ્યાણતા,
અવ્યાબાધ અનન્ત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૭

દેવોને પણ દુર્લભા સુદિવસો, ચાલ્યા હવામાં ગયા,
દુ:ખી ગ્લાન અપંગ અંધજનની, હૈયે ન ધારી દયા;
દેવેન્દ્રો નરનાયકો પણ ગયા, એ શું નથી જાનતા,
અવ્યાબાધ અનન્ત મુક્તિપથને, મૂઢો નથી પામતા. ૮

શ્રી અતિથિ.

## ચીનગારી

### પૂ. મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજ

[ રાગ—વીર વીર તું ભજતા રે તેરી પીર હરેગા સોય. ગફલતમેં મત સોય ! ]

માન માન તું મત સબ મેરા તેરા નહીં હૈ કોય,
તન ધન જોબન ક્ષણમેં વિનાશી,
મત બન અબ તું વિષય વિલાસી;
સમજ સમજ તું સોતા ક્યોં હૈ, આતમ ધન દીયા ખોય. માન. ૧
સ્વારથ કી હૈ દુનિયાદારી,
જિંદગી ફોગટ ખોતા સારી;
જ્ઞાન ગંગામેં ઝીલકર, કરમન મેલ કો તું દે ધોય. માન. ૨
નર્ક નિગોદે તું ખૂબ ભટકા,
કર્મોને તુઝકો હૈ પટકા;
લટકા નો નો મહીના ગર્ભે, ખૂબ ચીલ્લા કે રોય. માન ૩.
અનંત શક્તિ હૈ આતમકેરી,
જન્મ મરણ કી મિટાદે ફેરી;
જિનશાસન મહાપુણ્યે પાયા; ગફલતમેં મત સોય. માન. ૪

## ભદ્રિક શ્રી સુધન :: ઐતિહાસિક કથા :: શ્રી સુવાસ

ભદ્રિકતા એ ઉંચી કોટિનો આત્મસંસ્કાર છે, આ સંસ્કારથી સંસ્કારિત જીવન અતિશય પવિત્ર, નિર્દોષ અને ઉદાર હોય છે. આવા આત્માઓ આપત્તિ કે સંપત્તિ, સુખ કે દુઃખ, ઈત્યાદિ સમ કે વિષમ પ્રસંગોમાં પોતાની સંસ્કારિતાને જાળવી પ્રતિકૂળતાઓને વટાવી ઉદારચિત્ત બની રહે છે.

આવા જ એક ભદ્રિક આત્માના જીવનની ઐતિહાસિક ઘટના આ ટૂંકી કથામાં અહિં રજૂ થઈ છે.

એક રળીયામણું ગામ હતું. સોહામણા મંદિરો જેની શોભા હતી. મ્હોટી મ્હોટી મ્હેલાતો જ્યાં મુસાફરોને આકર્ષી રહી હતી. રમણીય આરામ–વનો જ્યાં શ્રમિત પથિકોને વિશ્રાન્તિ અર્પી રહ્યા હતા. વિહંગોના હૃદયંગમ કૂજિતો જ્યાં તરુણ અને યુવતીઓને નિમન્ત્રણ કરી રહ્યા હતા.

એક સુધન નામનો ત્યાં શેઠીયો હતો.

જે ખૂબ જ નિખાલસ દિલનો હતો, માયાળુ પ્રકૃતિનો હતો. એના હૃદયમાં ધર્મ–પ્રેમની અખંડ જ્યોત હલાહલ ઝળહળતી હતી. દયાની લાગણી એનામાં છલોછલ તરવરી આવતી હતી. સાથે જ એનું હૃદય ઉદાર હતું.

ધનશ્રી એની સુશીલ ધર્મપત્ની હતી.

એની ચમકતી ચક્ષુના ચમકારાને કારણે જ હોય નહિ, તેમ કમળે જળમાં વાસ કર્યો હતો. દીપતા એના મુખથી પરાભવ પામીને જ ન હોય, તેમ ચંદ્રે અનન્ત ગગનપટ પર આશ્રય લીધો હતો. એણીનું રૂપ રતિના રૂપનુંય જિત્વર હતું. સૌભાગ્ય અનુપમ હતું. લાવણ્ય અનેરું હતું અને સૌંદર્ય અનોખું હતું, છતાં તેણીના શિયળની ખુશબો સર્વત્ર મધમઘી રહી હતી.

એક દિવસે કોઇ મુનિવર ત્યાં પધાર્યા. એ યુગલ ત્યાં ગયું. સદુપદેશામૃતનું પાન કરાવતાં તે મુનિવરે જણાવ્યું. ' લક્ષ્મીની શોભા દાનમાં છે. વિદ્યાની ભૂષા વિરતિમાં છે અને વાણીનું ભૂષણ સત્ય છે. '

ભદ્રક સુધને ' પ્રભુપૂજા, એકાન્તર ઉપવાસ, અને અતિથિને દાન આપ્યા બાદ જ પારણું કરવું '–ઇત્યાદિ વિધવિધ અભિગ્રહો ગ્રહ્યા. બન્નેય ઘેર પાછા વળ્યા. રોજ પુણ્યકર્મો કર્યે જતા હતા. એવામાં એક અકાળે હૃદયદ્રાવક પ્રસંગ બની ગયો. શેઠની ચઢતી કળામાં પાપોદયે સ્હેજ મન્દતા આવી, શેઠ નિર્ધન બન્યા, પણ મુખની પ્રસન્નતા, હૃદયની પ્રફુલ્લતા એનાં ધર્મવાસિત હૃદયને ધીર બનાવી શકયા હતા.

સુધનની આવી દશા નિહાળી ધનશ્રીએ એક વેળા શેઠને વિનવ્યું; 'આપ મારા પિતાજીને ઘેર પધારો ! એમની પાસે પૈસાની માંગણી કરો. એ જરૂર આપને સ્હાય કરશે. બાદ આપ વ્યવસાય કરજો ! '

" નિર્ધન અને મડદાનું કશું જ અંતર નથી. ગરીબી હાલતમાં સાસરે ન જવામાં જ લાભ છે. ' આ વાત સુધનને લક્ષ બહાર ન હતી; એથી જ એ દરિદ્રદશામાં એક ડગ પણ ભરવા રાજી ન હતો. એટલે એણે ધનશ્રીનું વેણ સુણ્યું નહિ એમ ઉવેખી નાંખ્યું. પણ એટલા માત્રથી દાળદર ફીટી જાય તેમ ન હતું. કારણ કે ખાવા પૂરતું કે પહેરવા પૂરતું જે જોઇએ તે પણ તેમની પાસે પૂરતું ન હતું, એટલે જ; એણીએ વારંવાર પોતાના પ્રાણપ્રિયને પ્રેરણા કરી કે, ' આપ જરૂર પધારો. નિઃશંક લાગણીવાળા મારા પિતાજી આપને આવકારશે અને સન્માનશે. '

મહાદેવ જેવાને ય પાર્વતી ખાતર નમતું મૂકવું પડયું તો સુધન શી વશાતમાં ? બીલકુલ નાખુશ પણ શેઠને ધનશ્રીના વચન પર લક્ષ્ય દોરવું પડયું અને આખરે એણીની વિનંતિને આવકારવી પડી. એણે સાસરે જવા માટે પ્રસ્થાન કરી દીધું.

" સ્વામિનાથ ? માર્ગમાં આટલું ભાથું લઇ જાઓ. " કુમાશ અને મીઠાશ ઝરતા વેણે ધનશ્રીએ ઉચ્ચાર્યા.

શેઠને ઉપવાસનો એકાંતર નિયમ હતો. એટલે પંથ કાપતાં એક ઉપવાસ થયો. બીજે દિવસે પારણાનો સમય હતો. 'કોઇ અતિથિ મહાભાગનો યોગ સાંપડી જાય, તો એમને પડિલાભું. બાદ પારણું કરું !' શેઠે આવો નિર્ણય કર્યો અને બે પહોર સુધી રાહ જોઇ. ચોતરફ શેઠ અવલોકન કરી રહ્યો હતો. દૂર નજર ફેંકતા એક મહાત્મા નિહાળ્યા. દર્શન સાથે જ એનાં હૈયાનો આનંદ સાગર ઉમટ્યો. જેમ ચંદ્ર દર્શનથી સાગર ઉભરાય-હરખાય તેમ તૂર્ત જ તે સ્હામો દોડી ગયો. પંચાગ પ્રણામ કર્યા. સાદરભાવે વિનવણી કરી 'ભગવન્ ! પધારો. કૃપા કરો અને આ કંગાળનો ઉદ્ધાર કરો !'

મહાત્માએ પોતાના જ્ઞાનબળથી શેઠના નિખાલસભાવ પારખ્યા. વસ્તુને પણ નિર્દોષ ભાળી. એટલે લાભ આપ્યો. શેઠીયાને મુનિવરથી અપૂર્વ પુણ્ય લાધ્યું.

પોતે પારણું કર્યું. અને પ્રયાણ આરંભી દીધું. કેટલીક મંઝિલ કાપતાં સૂર્યદેવ અદૃશ્ય થઇ ગયા. જાણે શેઠની આપદા નહિ જોઈ શકવાના જ કારણે ન હોય ! આવશ્યક ક્રિયા કરી, નમસ્કાર મહામન્ત્રનો જાપ કર્યો અને નિર્જીવસ્થળે શેઠે બિછાનું પાથરી નિંદર લીધી.

ત્રીજા દિવસે તો ઉપવાસ હતો. એટલે ફિકર-ચિંતા જેવું કશુંય હતું જ નહિ. ચોથે દિવસે સાસરાના ઘેર પહોંચી ગયો.

૨

**ત્યાં** જઇને સુધને જોયું અને વિચાર કર્યો, 'અહિં મળવાની આશાનું કોઇ પણ કિરણ દેખાતું નથી. એથી હવે વધારે રહેવામાં માલ નથી.' માનભેર પાછા વળી જવાનું શેઠે નક્કી કર્યું અને વગર પૂછે જ પ્રયાણ આરંભી દીધું.

પાછા વળતાં પોતાના ગામની નજદિક એક નદી હતી. ત્યાં સુધન સ્હેજ થંભી ગયો. કારણ કે; એના દિલમાં એ વસવસો હતો કે ધનશ્રીએ

જે ઉલટભેર મને મોકલ્યો છે, તે એણીની હોંશ પર કુઠારાઘાત પડશે. તેણી સાવ હતાશ બની જશે. એણીને ન વર્ણવી શકાય તેવું ભારે દુઃખ થશે.

એટલે જ મારે કાંઇક તો લઇને જવું. થવાનું હોય તે થાય. નિર્ણય કર્યા બાદ શેઠીયાએ ચકચકતા અને ગોળમટોળ બની ગયેલા મોટા મોટા કાંકરાઓ ખોજી કાઢ્યા અને પોટલું બાંધી દીધું; માથે ઉપાડી લીધું અને ધીમે ધીમે ઘેર પહોંચી ગયો. સ્હામે જ ઘર દેખાયું. એટલે શેઠના હોશકોશ ઊડી ગયા. હૈયાની ઊંડી વેદના આંખદ્વારા નીસરી ગઇ, પણ છેવટે ધીરજ પકડી. ખામોશ ખમી.

ધનશ્રીનાં તો આનંદનો પાર જ નહતો. તેણી તો વાટ જોઇ બેઠી હતી. સ્વામીના દર્શનમાત્રથી જ તેણી ખડી થઇ ગઇ. સ્હામે ગઈ અને વિનયવાળી તેણીએ તૂર્ત જ પોટલું લઇ લીધું. તથા પોતાના સ્વામીનાથની અધીરતાને અંગે એણીને હસવું આવી ગયું, પણ સમયની જાણ હતી એટલે એણીએ હાસ્ય હૈયામાં જ શમાવી દીધું. ફક્ત ઓઠ પર સ્હેજ સ્મિત આણ્યું.

ચકચકાટ રત્નોને ભાળી ધનશ્રીએ નમ્ર વદને વિનવ્યું કે, 'દેવ! આપે અગાઉથી જ આ દાસીની વિનવણી પર લક્ષ્ય દોર્યું હોત, તો જે અલ્પ સમય દુઃખમાં ગાળવો પડ્યો, તે હરગિજ ન બનવા પામત. આપ જુઓ, મારા પિતાજીની કેટલી સરસ ઉદારતા છે? એમણે કેટલાં રત્નો આપને સમર્પ્યાં છે? પણ આપને કોઈ મજૂર પણ ઉંચકનાર ન મળ્યો. જેથી આપે જ પોટલું ઉંચકી લીધું.'

શેઠીયાએ તો 'બાંધી મુઠી સવા લાખની' એ લોકની કહેણી પર જ લક્ષ્ય દોર્યું હતું, એટલે એણે તો ચુપકીદી જ પકડી. "આપ કેમ હજુ ઉદાસીન છો?" સુધનના મૌનથી અધીરી બનેલી ધનશ્રીએ પૃચ્છા કરી.

"ભોળી! તારી બેવકુફી ઉપર." શેઠીયાએ ધીમે સાદે જવાબ વાળ્યો અને બનેલું યથાર્થ વૃત્તાન્ત નિવેદ્યું.

"પણ સ્વામિનાથ! આપ બરાબર તપાસો?" ધનશ્રીએ પુનઃ વિનવ્યું.

જ્યાં બારિકાઇથી સુધને તપાસ કરી તો, એ જાણી શકયો કે, એ બધાય રત્નો જ હતા. આવા દુઃખના સમયમાં પણ શેઠની અખંડ પ્રતિજ્ઞા, તેનો નિર્વાહ, ગુરુની ભક્તિ અને ઉદાર ભાવના વગેરેથી શાસનદેવી તુષ્ટ થઇ ગઇ હતી. એ દેવતાએ પત્થરોને રત્નરૂપમાં પલટાવી દીધા હતા. પત્થરો જ રત્નરૂપે પલટાઇ જાય ત્યારે કોને આનંદ ન થાય. પણ જ્યારે માનવ એ સાચો માનવ બને છે ત્યારે!

સુધનના હર્ષ અને ઉલ્લાસનો પાર ન રહ્યો. ખૂબ જ ખુશાલીઓ ઉજવી. શેઠ પાછા મૂળ સ્થિતિ પર આવી ગયા. લોકો આવી આવી વધામણું કરી ગયા. નમસ્કાર કરી ગયા. સર્વત્ર વિખ્યાત થઇ ગયા. આ બધોય દાનનો જ પ્રભાવ છે, એમ શેઠીયાએ નિર્ધાર્યું અને વિશેષતઃ સાધુ મહાત્માઓની સેવા–ભક્તિમાં એ તત્પર બન્યો. અન્તે પરલોકનું હિતકારી ધર્મારાધન સાધી એ ઉદારચરિત સુધન સ્વર્ગમાં ગયા.

## ગુલાબનાં ફૂલ

● આ બે વસ્તુઓ મગજ કે હૃદયની નિર્બળતા સૂચવે છે, તે એ કે, જ્યાં બોલવા જેવું જણાય ત્યાં મૌન રહેવું, અને મૂંગું રહેવું યોગ્ય હોય ત્યાં બોલવા માંડવું.

● પૈસા વગરનો માણસ ગરીબ છે એ કદાચ સાંસારિક દૃષ્ટિયે બરાબર હશે! પણ જેની પાસે પૈસા સિવાય કશું જ નથી એ સાંસારિક અને ધાર્મિક–આ બન્ને દૃષ્ટિયે ગરીબ છે.

● જે બુદ્ધિ ચલાવતો જ નથી તે આંધળો છે, જે ચલાવી શકતો નથી તે મૂર્ખો છે, પણ જે ચલાવવાની હિંમત કરતો નથી તે ગુલામ છે.

● જેણે પૈસો ગુમાવ્યો તેણે કદાચ કાંઇક ગુમાવ્યું, જેણે દોસ્ત ગુમાવ્યો તેણે ઘણું ગુમાવ્યું, પણ જેણે હિંમત ગુમાવી તેણે બધું ગુમાવ્યું.

# આજનું વિશ્વયુદ્ધ

## શ્રી સોમચંદ શાહ.

છેલ્લા લગભગ પાંચ વર્ષથી યૂરોપીય ધરતી પર ખેલાઈ રહેલાં વિશ્વયુદ્ધે સમસ્ત સંસાર પર કેટ–કેટલી ભયંકરતાઓ ઊભી કરી છે–આ કોણ નથી જાણતું ?. વિજ્ઞાનવાદે જે ઊંધો રાહ સ્વીકારી આજની જે કમનસીબ યાતનાઓ આપણી સ્હામે ઊભી કરી છે, તેને અંગે કેટલીક ઉપયોગી વિચારણા અહિં ટૂંકાણમાં રજૂ થઈ છે.

સંસાર એ સમરાંગણ ભૂમિ છે. એ સમરાંગણ ભૂમિ પર આજ સુધીમાં અનેક નાનાં–મોટાં યુદ્ધો ખેલાઈ ચૂક્યાં છે, તેનો ઇતિહાસ પુસ્તકોના પાના પર ચડી ગયો છે. છેલ્લાં ૨૪૦ વર્ષમાં ૭ મહાયુદ્ધો કારમી યાતનાઓ રૂપે ખેલાઈ ચૂક્યાં છે. છેલ્લું સાતમું યુદ્ધ ૭–૭ વર્ષથી ચાલી રહ્યું છે. ૨૪૦ વર્ષમાં ૧૭૦ વર્ષો શાંતિથી પસાર થયાં છે, ત્યારે ૭૦ વર્ષો સતત મહાયુદ્ધ ખેલવામાં પસાર થયાં છે. સને ૧૯૧૪ની લડાઇ, સને ૧૯૧૮ નવેમ્બરની ૧૧ મી તારીખે મિત્રરાજ્યોની સાથે સંધીપત્ર દ્વારા ખતમ થઇ. ત્યારે શાન્તિના ફીરસ્તાઓના મગજમાં પણ ભાવિ યુદ્ધની આગાહીનું કશું ચિન્હ ખ્યાલમાં હોય એમ માનવા કંઈ કારણ તે વખતે ન હતું. જ્યાં ૨૦–૨૧ વર્ષો પસાર થયાં ત્યાં તો જર્મનીએ આકસ્મિક રીતે પોલાંડ પર સને ૧૯૩૯ ના સપ્ટેમ્બરની ૧ લી તારીખના કાળ ચોઘડીએ થાપો માર્યો. યુધ્ધે રૌદ્રરૂપ ધારણ કરવા સાથે આપત્તિઓની ઘનઘોર વાદળીઓ જગત પર ચડી આવી. જગત તેનું ભોગ બન્યું.

ગત મહાયુદ્ધની ખૂવારીના આંકડા સહૃદયી માનવોને દુઃખ ઉત્પન્ન કરે તેવા છે. સને ૧૯૧૪ની લડાઇમાં ૭૫૦ અબજ પૌંડ ખર્ચાયા. એકાશી લાખ માણસોનો નાશ થયો. બે કરોડ લગભગ ઘાયલ થયા. તે

સિવાય પ્રજાએ હાલાકી ભોગવી તે અલગ. ગત મહાયુદ્ધ કરતાં પણ વર્તમાનમાં ચાલી રહેલાં ખૂનખાર યુદ્ધની ખૂવારીના આંકડાઓ મોઢામાં આંગળા નંખાવે તેવા છે. એકલા બ્રિટનને જ દરરોજનો એક અબજનો ખર્ચ છે. સેંકડો અને હજારો માનવીઓનો ભોગ આપવો પડે છે, વિમાન, સબમરીન અને શસ્ત્ર સરંજામનો તેમજ અન્ય દરેક ઉપયોગી મહામૂલ્ય વસ્તુઓનો કેટલોય નાશ થાય છે અને પ્રજા કારમા દુઃખો ભોગવી રહી છે. એની આપણને ખબર પડી શકતી નથી. બ્રિટનનાં પ્રતિસ્પર્ધી રાષ્ટ્રોની ખૂવારીના આંકડાઓનો સરવાળો કરીએ તો જણાયા વિના ન રહે કે, જગત આખાની લક્ષ્મી વેડફાઈ રહી છે. આવા મહા-યુદ્ધોના પરિણામમાં ધર્મ, નીતિ, માનવતા, સંપત્તિ, સંસ્કાર અને સજ્જનતાનો ધ્વંસ થાય છે અને અધર્મ, આપત્તિ,, અનાચાર, અન્યાય અને અનીતિ, સ્વાર્થાન્ધતા, વૈર–વૈમનસ્ય આદિનો બહોળો પ્રચાર થતો જાય છે. જેમ જેમ દેશ વૈજ્ઞાનિકયુગમાં પ્રગતિ કરતો ગયો તેમ તેમ દિવસે–દિવસે આ રીતે દુઃખોની પરંપરા વધતી જ ચાલી છે. આજે જે અંધાધુંધી, અશાંતિ, વસ્તુઓની અછત, મોંઘવારી અને ભૂખમરા ઇત્યાદિ રૌદ્ર યાતનાઓ જગત પર જે રીતે વરસી રહી છે, તે જો કે, એક રીતે પાપનું પરિણામ છે. જગત પર પાપ વધે છે ત્યારે યુદ્ધ, રોગચાળો, ધરતીકંપ, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવા ભયંકર પ્રકોપો પૃથ્વી ઉપર ઉતરી પડે છે.

મહાસંગ્રામનાં મંડાણ મંડાયા પછી જગતના હૃદયમાં અનેક પ્રકારની મુશ્કેલીઓએ અને ઉપાધિઓએ સ્થાન લીધું છે. વેપારીઓને વ્યાપારની, નોકરીયાતને નોકરીની, ઉદ્યોગપતિઓને ઉદ્યોગોની, મજૂરોને મજૂરીની ચિંતા આજે મૂંઝવી રહી છે. યુધ્ધે જગતના એકે એક માનવી પર અસર કરી છે. કોઈ તેનાથી પર રહી શક્યો નથી–રહી શકે નહિ. હા, જે મહાપુરુષોએ જગતની જંજાળ ત્યાગી છે અને કેવળ આત્મધર્મ-પરાયણ બની જીવન જીવે છે તે મહાપુરુષોને યુદ્ધ કે યુદ્ધ જેવી અન્ય પરિસ્થિતિ મૂંઝવી શકતી નથી.

સંસારમાં રહી ગૃહસ્થ જીવન જીવનાર સ્ત્રી–પુરુષો પણ પ્રાપ્તનો સંતોષ અને અપ્રાપ્તની ભૂખ પર કાબૂ રાખે છે; તેમજ આવી પરિસ્થિતિને પાપનું પરિણામ સમજી સહિષ્ણુતા, નિર્લોભતા અને વિવેકશીલતા દાખવી રહ્યા છે, તેઓને આ પરિસ્થિતિની અસર લાંબી થતી નથી.

રાજનીતિજ્ઞોનું એવું મંતવ્ય છે કે, અમુક વર્ષો પસાર થયા પછી જગત પર યુદ્ધ અનિવાર્ય બને છે. તેની સાબિતી યુક્તિઓદ્વારા કરાઈ છે, મનુષ્યમાં સહિષ્ણુતા, કસોટીમાંથી પસાર થવાની આવડત, વૈજ્ઞાનિક શક્તિનો વિકાસ, પ્રજાની સંખ્યાવૃદ્ધિ, ભૂમિની શુદ્ધિ અને વૃદ્ધિ યુદ્ધના પરિણામમાં થઈ છે. જેમ ધાતુ કે પ્રવાહી પદાર્થની શુદ્ધિ કરવા ખાતર તપાવવામાં આવે છે તેમ જગત પર અશુદ્ધિઓનો સમૂહ એકઠો થાય છે ત્યારે તેને દૂર કરવા યુદ્ધ જેવી આફતો અનિવાર્ય મનાય છે. પણ આર્યો તેની આવશ્યકતા સ્વીકારી શકે નહિ. પણ એટલું તો ખરૂં છે કે, જ્યારે જગતમાં સામુદાયિક પાપો પ્રચાર પામતા જાય ત્યારે તેનો ઉદય સામુદાયિક રીતે અવશ્ય ભોગવવો પડે !

જગત જેમ કેવળ વર્તમાન તરફ જોતું રહે છે તેમ તેમ તેને વિજ્ઞાનવાદ અને યંત્રવાદ વધુ જોવા મળે છે. જો કે યંત્રના બળે અને આઘાત પ્રત્યાઘાતો વચ્ચે જગત સ્થૂલ પ્રગતિ સાધી રહેલ છે પણ તે માત્ર ભૌતિક પ્રગતિ છે. એ ભૌતિક પ્રગતિનો અતિરેક અમર્યાદિત ઘેલછામાં પરિણમે છે અને આથી તે પ્રગતિ અધોગામી બને છે. ભૌતિક રીતે માનવજાતે અવિરતપણે વૈજ્ઞાનિક વિકાસની સાધના કરી પણ તેનું પરિણામ વાસ્તવિક જીવનનો નાશ, માનવજાતનો સંહાર, આર્થિક સંકડામણ, સંસ્કૃતિ અને સંસ્કારોનો ધ્વંસ તથા વૈર, વિરોધ તેમજ વૈમનસ્ય ઊભા થાય છે. અન્તે શક્તિઓનો સદુપયોગ થવા કરતાં ભયંકર દુરુપયોગ થતાં એ શ્રાપરૂપ બને છે. એ સ્થિતિથી ઉગરવા માટે ટ્રેશનાલીસ્ટ એન્યુઅલમાં સી. ઈ. એમ. જણાવે છે તે સાચું છે કે, 'જ્યાં સુધી માનવી પોતાની શક્તિઓનો સદુપયોગ કરતાં ન શીખે ત્યાં સુધી તેની શક્તિઓ ઓછામાં ઓછી હોય એ વધારે સુંદર છે.'

**જ્યારથી** માનવજાત સ્વાભાવિકતાને ભૂલી, અસંતોષી બની, યંત્રની જાળમાં ફસાઈ ત્યારથી માનવજાતે નિરાંતે શાંતિનો દમ ખેંચ્યો નથી. આજે પણ વિજ્ઞાનને વધારવાની વાતો કરે છે પણ તેના પરિણામની વિચારણા કોઈ કરતું હોય એમ લાગતું નથી, વિજ્ઞાન વધે કે ન વધે એ પ્રશ્નને એક બાજુએ રાખીએ પણ વિજ્ઞાન પોતાનું સ્થાન જમાવી માનવજાતને ચૂંથી ન નાંખે, આચારશુદ્ધિ, વિચારશુદ્ધિ અને આહાર-શુદ્ધિને ગૂંગળાવી ન નાંખે એ પહેલી તકે વિચારવાનું છે. વિજ્ઞાનના પરિબળે જીવનારા માનવીઓથી વાસ્તવિક વિકાસ ઘણો દૂર રહે છે. એટલે કહેવું જોઈએ કે, યંત્રવાદે માનવીને પરતંત્ર બનાવી જીવનના સાચા વિકાસમાં અનેક અંતરાયો ઊભા કર્યા છે. યુદ્ધના અંત પછી, યૂરોપની પ્રજા તેમજ હિન્દની પ્રજા જો આટલું સ્હમજી, કર્માદાનનાં આ પાપોથી દૂર રહેવામાં માનનારી બને એ ઇચ્છિનીય છે.

**આ**રોગ્યનાં સાધનો વધ્યાં તેમ આરોગ્ય જોખમાયું અને રોગો વધ્યા, જેમ રક્ષણનાં કૃત્રિમ સાધનો વધ્યાં તેમ રક્ષણ ભયમાં મૂકાયું, અને એ જ રક્ષણનાં સાધનોએ ભક્ષણનું રૂપ ધારણ કર્યું. ન્યાયનાં નામે ન્યાય ચૂકવનારા સિંહાસનો વધ્યાં તેમ અન્યાયે મર્યાદા ઓળંગી. યાંત્રિક પ્રગતિ વધી તેમ જીવનની સાચી પ્રગતિ રૂંધાઈ. પ્રવૃત્તિઓ વધી તેમ શાંતિનો નાશ થયો અને જેમ વિજ્ઞાન વધ્યું તેમ વિનાશનો વા'વં-ટોળ વધ્યો. યુદ્ધ લંબાયું તેમ સંવેદનાઓ વધી. હવે જગત ક્યારે સાચી પ્રગતિના માર્ગે વળશે અને સુખનું ભાગી બનશે ? એ હાલ પ્રશ્નાર્થમાં જ મૂકવાનું રહે છે.

**યુદ્ધ**ને લઇ આજે ચોમેર મોંઘવારી, વસ્તુઓની અછત, પરમીટ અને કંટ્રોલ જેવાં લફરાંઓ જનતાને મૂંઝવી રહેલ છે. હિંદુસ્તાનના ઘણા ભાગમાં આવક ઘટી છે અને ખર્ચા વધ્યા છે. અમુક દેશોમાં તો ખાવા અન્ન મળતું નથી, પહેરવા વસ્ત્ર મળતું નથી. આવી પરિસ્થિતિમાં ઘણા માણસો જીવનનો અંત આણે છે ત્યારે કેટલાક અન્યાય અને અનાચારના માર્ગે વળે છે. આ રીતની ભયંકર પરિસ્થિતિનો ખ્યાલ કરી

માનવીએ સ્વાર્થ, અસંયમ, નાણાંની ભૂખ, પરિગ્રહની જંજાળ વગેરેનો ત્યાગ કરવાનો રહે છે.

પુણ્ય અને પાપ એ અનાદિ કાળથી જીવની સાથે સંબંધ ધરાવનારાં તત્ત્વો છે. એનું સાચું દર્શન કરાવનાર જો કોઈ હોય તો જૈન તત્ત્વજ્ઞાન છે. પુણ્ય એ છાયો છે અને પાપ એ તડકો છે. છાયા પછી તડકો અને તડકા પછી છાયો એમ જીવનની પરિસ્થિતિમાં બન્યા કરે છે અને એથી જ ઉપકારી મહાત્મા પુરુષો કહે છે કે, પુણ્ય ભોગવવામાં હર્ષ કે આછકલાઈ કરવી નહિ અને પાપ ભોગવવામાં દીનતા કે શોક કરીને મૂંઝાવવું નહિ. પૂણ્ય અને પાપ આવેથી જીવનમાં ભોગવી લેવાં એટલો જ મનુષ્યને અધિકાર છે. પુણ્ય કે પાપ ભોગવવામાં મનુષ્ય વિવેકશીલતા ગુમાવે તો ભાવિકાળ વધુ ભયંકર અને દુઃખદ બને છે.

લેખની પૂર્ણાહુતિ કરતાં એટલું જણાવવું જરૂરી છે કે, આજે માનવ સમૂહ જે દુઃખદ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તેનો વિચાર કરી મનુષ્યે થોડે ઘણે અંશે તકસાધુતાને ત્યજી, પરના હિતમાં વધુ લક્ષ્ય રાખી પ્રાપ્ત સામગ્રીઓનો સદ્‌વ્યય તેમ જ અપ્રાપ્તની ભૂખને મારવાનું સામર્થ્ય આ બન્ને સદ્‌ગુણો આ કાળે જીવનમાં જીવી લેવાની જરૂર છે. તો જ વિશ્વયુદ્ધનાં રૌદ્રમુખા તાંડવોની વચ્ચે સ્થિતિપ્રજ્ઞની જેમ સમાધિપૂર્વક જીવનની આ કારમી ઘડીઓ પસાર થતાં ભાવિકાલના ઇતિહાસમાં આવા વર્તમાનને જોવાનું દુર્ભાગ્ય આ ભારતવર્ષને કે સમસ્ત સંસારને ફરી નહિ આવે !

**शिवमस्तु सर्वजगतः—સર્વ જગતનું કલ્યાણ હો !**

---

**થાક** લાગવાની ફરિયાદ આજે એટલી બધી વધી પડી છે કે, એના પર હવે કોઈના કાન ઠરતા જ નથી. આજના દિવસો જ એવા છે કે, મગજ પર એના હથોડા પડ્યા જ કરે છે. આજે પરિસ્થિતિ એ બની છે કે, મસ્તકની અંદર આંચકાઓ ઝીલવાની જે શક્તિ સંઘરાએલી છે એ શક્તિઓનો વધુ પડતો વ્યય કરવામાં આવ્યો છે.

# ઇતિહાસ !
## ત્હારાં વહેતાં વહેણો.
રજૂ કરનાર : **શ્રી સોમચંદ શાહ.**

દેશ પરદેશનાં ઈતિહાસની છૂટી છવાઈ કડીઓ રજૂ કરવા પૂર્વક ભારતીય સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનની ખૂબીઓ, મહત્તા કે સુંદરતાને રજૂ કરનારો આ વિભાગ कल्याण ની લોકપ્રિયતામાં વધારો કરનારો બન્યો છે.

શુભેચ્છકોને અમારો આગ્રહ છે કે, એઓ પણ આવી શૈલીનું અમને કાંઈ ઉપયોગી વાંચન મોકલી આપે ! ઝાઝા હાથ રળીયામણામાં માનનારા અમે સહુ કોઈની ઉપયોગી સહાયને સહૃદયતાપૂર્વક અવશ્ય અપનાવી લેશું !

એવી એક બાઇ બંગાળમાં છે કે જેનું નામ ગિરિબાળા છે. બાંકુરા શહેરમાં રહે છે. છેલ્લા ૫૬ વર્ષથી પાણી અને મીઠાની કાંકરી પર જીવે છે. બીજો પણ એવો જ એક દાખલો છે કે ઉલટીના દર્દથી એક દાણો પણ નહિ લઇ શકવાથી કેવળ ચ્હા ઉપર ૨૫ વર્ષથી જીવનાર એક નાગર કોમની બાઇ કચ્છ-કાઠિયાવાડમાં હયાત છે. પૂર્વે કરેલા ભોગાન્તરાયનું આ કરુણ પરિણામ સહમજી વિવેકશીલ આત્માએ મળેલી ભોગ સામગ્રીઓનો સદુપયોગ કરતાં શીખવું જોઇએ.

આજના વૈજ્ઞાનિક ઇતિહાસકારો કહે છે, કે મનુષ્યની ઉત્પત્તિ વાંદરામાંથી થયેલી છે. ત્યારે જૈન શાસનનો ઇતિહાસ કહે છે કે મનુષ્યની જાત તો સ્વતંત્ર છે, અનાદિ કાળની છે; પણ વાંદરની સુધરેલી જાત નથી. વિજ્ઞાનને પણ હજુ વાંદરાની જાત માનવાનો પૂરો પૂરાવો મળ્યો નથી. સર જે. ડબલ્યુ ડોસન તે સંબંધીમાં કહે છે કે **No remains intermediate forms are yet known to science.**

વાંદરા અને મનુષ્યની વચ્ચેની આકૃતિનો વિજ્ઞાનને હજુ સુધી કાંઇપણુ પત્તો લાગ્યો નથી, તો પછી શા માટે ઇતિહાસકારો વિજ્ઞાનને લાંછન લગાડતા હશે ? વિજ્ઞાન કેવળ અખતરાઓ પર રચાયેલું છે અને અપૂર્ણ આદમીઓના ભેજાથી આગળ વધી રહ્યું છે તે આનું નામ.

દેશોદેશના વિચિત્ર રીતરિવાજોમાં સૌથી મહત્ત્વનો રિવાજ મીસર-વાસીઓનો નોંધાએલો છે. મીસરવાસી કુટુંબમાં જો કોઇ કુટુંબનો વૃદ્ધ માણુસ કે દાદો કે દાદી ગુજરી જાય તો તેના જ દફનમાં એકાદ નાનકડા કુમળા જીવતા બાળકને સાથે દફનાવવામાં આવતું. મીસરવાસી-ઓની માન્યતા એવી હતી કે, બીજી દુનિયામાં એ બાળક વૃદ્ધની સેવા કરશે. આ છે-એક અજ્ઞાનતાનો સૂચક રીતરિવાજ ? હિન્દમાં પણુ આવા જ પ્રકારના મિથ્યાત્વનાં અજ્ઞાનો હજુ પણુ છે. જેમ પિતૃપિંડદાન ગંગા ગયાજીમાં જઇ બ્રહ્મ ભોજન આપવું ઇત્યાદિ.

કનોજનો રાજા **આમ** એક સ્વરૂપવતી નટી પર મોહાંધ બન્યો અને તેને રાજમંદિરમાં ન્હોતરી. રાજાને આ કુમાર્ગેથી વાળવા ઉપકારી બપ્પભટ્ટ સૂરીશ્વરજીએ રાજધર્મની પવિત્રતા સૂચવતા કેટલાક અસરકારક શ્લોકો રચી તે રાજમંદિરની ભીંતો ઉપર લખાવ્યા. રાજાની આંખો તરત જ વિવેકથી ખૂલી ગઇ. તેણે મનથી ચિંતવેલ પાપથી બચવા માટે અથવા તો તેના પ્રાયશ્ચિત માટે બળી મરવાનો પ્રયાસ કર્યો. આ અવસરે શ્રી બપ્પભટ્ટીસૂરિજીએ સમયસૂચકતા વાપરી કહ્યું કે, જો તું શરીરથી પાપ કરી ચૂકયો હોત તો તેના પ્રાયશ્ચિત પેટે શરીર હોમવાનો વિચાર બરાબર હતો પણુ તારું પાપ મનમાં જ મર્યાદિત છે માટે મનને પવિત્ર બનાવી પાપને ધોઈ નાંખ' આ રીતે ગુરુવર્યે **આમ** રાજાને શરીરથી અને પાપથી બચાવી ધર્મને માર્ગે વાળ્યો.-' ગુરુદીવો ગુરુદેવતા ' તે આવા જૈન શ્રમણુ નિર્ગ્રન્થો જેઓ વ્રતમાં ધીર, સત્ત્વમાં ગંભીર અને ચિત્તથી સ્થિર હોય !

ગુરુદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી અઢાર દેશના મહારાજા કુમારપાળે શ્રી શત્રુંજયનો સંઘ કાઢ્યો તેનો ઇતિહાસ આજે

પણ સુવર્ણાક્ષરે લખાએલો છે. જે સંઘમાં ૧૧૦૦૦ હાથીઓ, ૧૧૦૦૦૦૦ પંચવર્ણી, ઘોડાઓ ૧૮૦૦૦૦૦ પાયદળ, ૫૦૦૦૦ રથ અને લાખોની સંખ્યામાં યાત્રાળુઓ હતા. આવા સંઘો શાસનની ખૂબ ખૂબ પ્રભાવના કરી ગયા છે. બલિહારી છે વર્તમાન કાળની અને વર્તમાનમાં જીવી રહેલાઓની; કે કોઈ પોતાની શક્તિ અનુસાર તેવા શુભ કાર્યનો આરંભ કરે તો તેમાં વિરોધ નોંધાવવો ! આનું જ પરિણામ ભૂખમરો, અંધાધુંધી અને ચોમેર છતે ધને બેકારી.

ઔરંગઝેબે કવિભૂષણને એક લાખ દીનાર આપતાં કહ્યું કે, ‘ આવી ભેટ આપનાર બીજો રાજા નહિ મળે.’ ઔરંગઝેબના ગર્વથી ખીજાએલા કવિએ ભેટનો અસ્વીકાર કરતાં વળતો જવાબ આપ્યો કે, ‘ લાખ દીનાર આપનાર રાજા તો અનેક હશે પણ તે નહિ સ્વીકારનાર કવિ બીજા નહિ મળે. ‘ પૈસાને ઠોકરે મારી કવિત્વનું બહુમાન સાચવી રાખનારા કવિઓની આજે ભારતની પ્રજાને ઘણી જરૂર છે.

પ્રો. સર શાંતિ સ્વરૂપે એરોપ્લેનમાંથી નીચે પટકવામાં આવે તો પણ ન ભાંગે તેવા વાસણની શોધ કરી છે. એ વાસણનો ઉપયોગ વિકટ અને દુષ્કર સ્થળે રહેલા કે શત્રુના દળમાં ઘૂસી ગયેલા આપણા સૈનિકોને ખાદ્ય–ખોરાક મોકલવામાં આવે છે. પ્રવાહી પદાર્થ ભરી અંતરીક્ષમાં ઉડતા એરોપ્લેનમાંથી નીચે ફેંકી પહોંચતું કરવામાં આ સાધને ભારે ફાળો આપ્યો છે.—વૈજ્ઞાનિક જમાનામાં નવી નવી શોધો થયા કરે છે પણ એ જ પરિણામે નાશ કરવાની વૃત્તિઓ મરવાનેબદલે વધુ ઉત્તેજિત બને છે. આનું નામ વિનાશ !

દુનિયાના ઘણા માણસો ઘરવખરી તેમજ દુકાનના માલ વગેરેની હરાજી લીલામ બોલાવે છે પણ બ્રિટનમાં તો એક વખતે એટલે ૧૮૩૨ ની આસપાસ બાઇઓનું પણ ભર બજારે લીલામ થતું હતું તેના ઘણા દાખલાઓ મળી રહે છે. કાર્લાઈલ ખાતે જેમ્સ થોમ્સ નામના ખેડૂતે પોતાની પત્ની મેરીનું બજારમાં લિલામ બોલાવતાં વીશ શીલીંગે વેચી હતી તેનો લેનાર હેનરીમેઅર્સ હતો.—આવી જંગલી પ્રજા કયા મોઢે

આપણા ભૂતકાળની કાળી બાજુઓ બતાવી આપણી વગોવણી કરવાને પ્રજાઓની વચ્ચે ઊભી રહેતી હશે? અને આપણાં જ હૈયાફૂટ્યાં પોતાની સંસ્કૃતિના ભૂતકાલીન ઇતિહાસની ગૌરવ ગાથાઓ ઉકેલવાને બદલે તેની નિંદા કેમ કરતા હશે?

**ઓમર** ખલીફની આજ્ઞાથી ઇજિપ્તના સૂબા અમરૂએ અલેકઝાંડ્રીયાની બે લાઇબ્રેરીઓમાંના સાત લાખ પુસ્તકોનો બળતણ તરીકે ઉપયોગ કરી નાંખવાને તેને જાહેર સ્નાનાલયોમાં મોકલાવી આપેલાં અને ત્યાં તે પુસ્તકો છ મહીના સુધી બળતણ તરીકે વપરાયાં તેવી ઐતિહાસિક નોંધ છે.—**આજે** પણ **થોકબંધ** પુસ્તકો જે તે છપાય છે અને તેમાં પણ સમાજનાં માનસને ફોલી ખાય તેવું સાહિત્ય પણ જગતના ચોકમાં આવી પડ્યું છે. હવે તેવા સાહિત્યનો ઓટ આવે તો સમાજ તેમાંથી તણાતો બચે!

**હેરોલ્ડ** પાર્કહર્સ્ટ નામના વિમાનીએ ૨૦,૦૦૦ ફૂટ પરથી વિમાનમાંથી ઉંધે માથે પડતું મૂકયા બાદ પોતાને હાથે હજામત કરીને સિગારેટ પણ સળગાવી લીધાં પછી પોતાનું પેરેશુટ;–વિમાની છત્રી ઉઘાડી હતી. ત્યાંસુધીમાં એ ૧૫૦૦૦ દૂર નીચે ઉતરી ગયો હતો. સાહસ અને હિંમતનો વિકાસ આત્માની પ્રગતિ તરફ નથી વળ્યો ત્યાંસુધી એ સાહસ અને હિંમત નીચે લઈ જનાર છે. આવા સાહસને કેવળ હસી કાઢવા સિવાય આને માટે આપણે કાંઇ કહી શકીએ તેમ નથી.

**લા**ખો માણસોના ગણગણાટથી ગૂંજી રહેલું આજનું મુંબઇ ઇ. સ. ૧૬૬૫માં અંગ્રેજોના હાથમાં ગયું ત્યારે મુંબઇમાં ફક્ત દસ હજારની વસતી હતી.—**ભ**રતી અને ઓટ એ સંસારનો સનાતન નિયમ છે, કાળનું ચક્ર હંમેશા ફર્યા જ કરે છે.

**૬**૫૦૦૦ અશ્વ બળનું એક એવા છ પંપો કોલંબીયા નદીની નહેરોમાંથી દર સેંકડે ૧૨૦૦૦ ગેલન પાણી ખેંચે છે. આ પાણી જ્યાં એકઠું થાય છે ત્યાં એ જળશકિતનું વિજળી શક્તિમાં રૂપાંતર કરવાને આખું પોલાદનું એવું એક જંગી જળચક્ર ફર્યા કરે છે. મિનીટે પોતાના ૧૨૦ આંટામાં એ લગભગ ૧૩૦ માઇલના અંતર જેટલું પરિભ્રમણ

કરે છે. તો તેનું તોતીંગ કેવડું હશે?—જગતના વિજ્ઞાનને માનનારા; જો શાસ્ત્રીય તત્ત્વજ્ઞાને સમજણપૂર્વક રજૂ કરેલી હકીકતોને સ્વીકારનારા બનશે તો તેઓ સાચો માર્ગ પામી શકશે.

**પા**શ્ચિમાત્ય વૈજ્ઞાનિકોના મત મુજબ પીળી ધાતુ કે જે સોનું તેની શોધ ૧૦૦૦૦ વર્ષ પહેલાં થઇ હતી. તે સોનું અમેરિકાના ચલણ ખાતાના અંદાજ મુજબ ૧૪૦ કરોડ પાઉંડનું યુદ્ધોમાં વેડફાઇ ગયું, ૫૦ કરોડ પાઉંડનું ઘસારામાં ચાલ્યું ગયું, ૪૦ કરોડ પાઉંડનું સમુદ્રના તળીયે જઈ બેઠું, ૯૦ કરોડ પાઉંડનું સોનું જમીનમાં સંતાડી દેવાયું છે, ૨૩૦ કરોડ પાઉંડનું સોનું અલંકારો અને શણગારમાં રોકાઇ રહ્યું છે, અને ૨૫૦ કરોડ પાઉંડનું સોનું ચલણને ટેકો આપવા રોકાએલું છે.—અર્થની ભૂખ કામને–ભોગને અતિશય અમર્યાદિત બનાવે છે, જેના પરિણામે સંઘરાખોર વૃત્તિ અને અનાચાર વધ્યાં કરે છે; પણ દાન, શીલ, તપ કે ભાવ હજુ વધી શકયા નથી તે સાચું છે.

**ત**મારી પાછળ આપત્તિ–આફત શિકારીની જેમ દોડી આવે તો એ લગોલગ થાય ત્યાં સુધી તમે જરૂર એમાંથી ઉગરવાનો માર્ગ સસલાની પેઠે શોધી કાઢજો !

**આ**ફત પાછળ પડી છે એનો ખ્યાલ રાખી તમે પહેલેથી પડી ભાંગશો તો તમારો શિકાર કરવાનું એને સસ્તું થઈ પડશે. આફતને પણ એની છેલ્લામાં છેલ્લી તાકાત અજમાવવા દેજો ! તો જ તમારી શક્તિઓનો અંદાજ તમે બરાબર કાઢી શકશો.

# જ્ઞાન ગોચરી.

## શ્રી ગવેષક.

---

દૈનિક, અઠવાડિક, કે માસિક ઈત્યાદિ સામયિક પત્રોમાં તેમજ પુસ્તકો કે ગ્રન્થોમાં કે અન્ય કોઈ સાહિત્યક્ષેત્રના ગોચરમાં પ્રસિદ્ધ થતાં ઉપયોગી લખાણોના સારભાગને ચૂંટી, ખૂબ ટૂંકાણમાં શ્રી ગવેષક; અહિં રજૂ કરે છે. જે જે પ્રકાશનોમાંથી આવું સાહિત્ય વીણી વીણીને અહિં એકઠું કરવામાં આવે છે. તે નિર્દોષ, સરળ અને ધર્મ, સાહિત્ય કે સંસ્કારની દૃષ્ટિયે ન્યાય આપનારૂં રહેશે.

**પ્રાસંગિક** જણાવી દઈએ કે, આવું સાહિત્ય રજૂ કરવામાં તે તે પ્રકાશનોના પ્રકાશકોનો સહૃદયતાપૂર્વક આભાર માની તેઓના સ્વામિત્વના હક્કને સ્વીકારી, કેવળ નિઃસ્વાર્થભાવે અમે આ વિભાગનું મંગળાચરણ કર્યું છે. **સં.**

---

શું જોશો તનની છબી એમાં નથી નવાઇ;
નિરખો મુજ મનની છબી! ભલા પરીક્ષક ભાઇ.

[ પોતાની છબીના ઉદ્ઘાટન પ્રસંગે—કવિ ન્હાનાલાલ ]

---

### આપણું પ્રાચીન સાહિત્ય અને ચિત્રકળા

**[ પૂર્ણાનન્દ ભટ્ટ : સાહિત્ય અને રસાસ્વાદ ]**

**આપણાં** પ્રાચીન પુસ્તકો અને ચિત્રકળા આજ પર્યંત જળવાયાં તેનો યશ જૈન કોમને જાય છે. વિક્રમની અગ્યારમી સદીથી સંખ્યાબંધ તાડપત્રો ને કાગળો પર સાદા અને સચિત્ર ગ્રંથો લખાવવાવવાને અને તેના ભંડારોને યેનકેન પ્રકારેણ સુરક્ષિત રાખવાની તાજુબીભરી જહેમત ઉઠાવી જૈન મુનિમહારાજોએ અને સંઘે ગૂજરાતને પાછું ન ચૂકવી શકાય તેવા ઋણમાં મૂકયું છે. પાટણ, ખંભાત, અમદાવાદ વગેરે સ્થળોનાં

વિશાળ જૈનાશ્રિત પુસ્તકાલયો વિદ્યાની જાળવણી માટેનો જગતભરને બોધપાઠ આપી શકે તેમ છે.

ચિત્રકલાનો વિષય ચર્ચાતો ત્યારે ઈ. સ. ૧૯૨૦ લગી ઘણુંખરૂં એમજ લેખાતું કે હિંદમાં મોગલ અને રજપુત કલાઘાટી (કે પીંછી) માત્ર છે. ગુજરાતને તેની લાક્ષણિક વ્યક્તિગત ચિત્રકલા નથી, પણ વિદ્વાનોએ કલાજગતમાં પ્રવર્તેલા તે ભ્રમને ટાળ્યો છે. ગૂજરાતના પ્રસ્તુત કલાસંપ્રદાયનો આરંભ ઈ. સ, ૧૧૦૦ ની આસપાસ થયો હોવાના પુરાવા મળે છે. જૂનામાં જૂની તાડપત્રની સચિત્ર પ્રત પાટણના સંઘવીના પાડાના ભંડારમાં છે; તે સંવત ૧૧૫૭ (ઇ. સ. ૧૧૦૦) માં ભરૂચમાં લખાયેલી છે. તે ગ્રંથનું નામ "નિશીથચૂર્ણી" છે. પ્રો. બ્રાઉનને જૂનામાં જૂની તાડપત્રની પ્રત સંવત ૧૧૮૪ ની છે. તે ખંભાતના શાંતિનાથના ભંડારની જ્ઞાતાસૂત્રાદિ આગમગ્રંથોની હાથપ્રત છે. આ પ્રતો સચિત્ર છે. ડો. હીરાનન્દ પાસેની કલ્પસૂત્રના ૧૧૮ પાનાની કાગળની સચિત્ર હાથપ્રત પણ ઉપરના કથનને સમર્થન આપે છે. આ પ્રત સંવત ૧૧૨૫ માં નેમિચંદ્રસૂરિએ લખી હોવાનું કહેવામાં આવે છે. ગૂજરાતની આ તળપદી લેખન અને ચિત્રકલા ૧૬૫૦ લગી શુદ્ધ સ્વરૂપે રહેલી. ત્યાર પછી આપણા ચિત્રકારોએ રજપુત અને મોગલ પીંછીના કલાસંપ્રદાયને અપનાવ્યાના પુરાવા હસ્તલેખિત ગ્રંથો પરથી મળે છે. તાડપત્ર અને કાગળની હાથપ્રતોને સુરક્ષિત રાખવા ઉપર અને નીચે લાકડાંની પાટીઓ પર પણ સુંદર ચિત્રકામ થતું અને લુગડાંના પટો પર પણ ગ્રંથો અને ચિત્રો આલેખાતાં—આ સૂક્ષ્મ અભ્યાસબદ્ધ નજરે તપાસી જવા જેવાં છે.

આપણા હસ્તલેખિત ગ્રંથો જોતાં માલમ પડે છે કે લેખન અને હસ્તપત્રો બનાવવાનું દરેક પ્રકારનું નાનું મોટું કામ કલાત્મક બની ગયાં હતાં અને ચિત્રકળા સાથે અત્યંત નિકટનો સંબંધ સ્થાપ્યો હતો, તેથી ગ્રંથસર્જનમાં લેખક, લહીઓ અને ચિત્રો તથા સુશોભન કરતો ચિત્રકાર એક બીજાને સમજવામાં તદાકાર બની જતા. ઇ. સ. ૫૧૩ પહેલાં

જૈનોના ધર્મોપદેશો ગ્રંથારૂઢ નહોતાં થતાં પણ એ સાલમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપણા નીચે વલ્લભિપુર( વળા )માં ધ્રુવસેન પહેલાના રાજ્યમાં સંઘસમવાય મેળવવામાં આવ્યો અને આગમોને ગ્રંથારૂઢ કરવામાં આવ્યાં ત્યારથી પુસ્તક લખાવાં તે ધર્મવૃદ્ધિનું કાર્ય થઇ પડ્યું. એ રીતે જ્ઞાનવિસ્તાર કરવાની ધગશ સિદ્ધરાજ કુમારપાળના વખતમાં વિપુલ પ્રમાણમાં હતી.

---

## શ્રી જિનાગમોનાં પ્રકાશનને અંગે સૂચનાઓ :

### [ શાસન : તંત્રીનોંધ ]

શ્રી જિનાગમોનું અધ્યયન પણ જેને–તેને કરાવવાની મનાઇ છે. શ્રી જિનાગમોને વાંચવાની ગૃહસ્થોને માટે તો મનાઇ છે, પણ સાધુઓમાં ય જેઓ આવશ્યક યોગ્યતાને પામ્યા હોય છે તેઓને શ્રી જિનાગમોને વાંચવાની છૂટ છે. શ્રી જિનાગમો, અયોગ્યોના હાથમાં જવાથી તેઓ શ્રી જિનવાણીના પરમાર્થને તો પામી શકતા નથી, પણ ગાઢ મિથ્યાત્વના યોગે તેઓને શ્રી જિનવાણી પ્રત્યે દુર્ભાવ પણ પ્રગટે છે. શ્રી જિનાગમોને વાંચીને તેઓ શ્રી જિનાગમોએ કરેલા પ્રતિપાદન સામે યથેચ્છ વિચારણાઓ અને યથેચ્છ પ્રચારણાઓ કરીને આશાતનાનું ઘોર પાપકર્મ ઉપાર્જે છે. તેવા આત્માઓ, બીજા પણ અનેક ભદ્રિક જીવોને ભ્રમણામાં નાખી દે છે અને શ્રી જિનાગમો પ્રત્યે દુર્ભાવવાળા બનાવે છે. આ એક જ વાત જેઓને કબૂલ હોય તેઓ શ્રી જિનાગમોના પ્રકાશનની હિમાયત કરી શકે જ નહિ; કારણ કે, શ્રી જિનાગમો છપાયાં એટલે તો તેની નકલો ગમે તેવાના હાથમાં પણ જવાની અને આજના યુગમાં તો ગમે તેવો માણસ પણ ધર્મગ્રન્થાદિના પ્રતિપાદનો પર યથેચ્છ ટીકાઓ પ્રગટ કરી–કરાવી શકે છે એ આપણે જાણીએ છીએ. શ્રી જિનાગમોને માટે તેવી ટીકા પ્રગટ થતાં જૈન સમાજનાં ભક્ત હૈયાંઓને સખ્ત આઘાત લાગ્યા વિના નહિ. આથી પણ શ્રી જિનાગમોના પ્રકાશનનો વિચાર માંડી વાળવો જોઇએ.

આ બાબતમાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે 'અત્યાર સુધીમાં બે વાર શ્રી જિનાગમોનું પ્રકાશન થઇ ગયું છે. બન્નેય વારનાં એ પ્રકાશનો અશુદ્ધિઓથી ભરપૂર છે. કેટલેક સ્થલે તો મૂળ પાઠોની પંક્તિઓની પંક્તિઓ રહી જવા પામી છે. કેટલાક મહિનાઓ અગાઉ અમે આ વિષયમાં કેટલુંક લખ્યું હતું અને છપાયેલી પ્રતોનાં શુદ્ધિકરણની અતિશય આવશ્યકતા છે એ વાત ભારપૂર્વક જણાવી હતી. હવે, જો શ્રી જિનાગમોનું પ્રકાશન કરવામાં ન આવે, તો જ્યાં–ત્યાં અશુદ્ધ ત્રુટક એવી છપાએલી પ્રતો રહી જવા પામે અને નવી શુદ્ધ પ્રતો મળી શકે નહિ; જ્યારે શ્રી જિનાગમોનું પ્રકાશન થાય તો શુદ્ધ પ્રતો મળી શકે એટલે અત્યાર અગાઉ પ્રગટ થયેલી અશુદ્ધ અને ત્રુટક પ્રતોના અનર્થને દૂર કરી શકાય.' આવી આપત્તિ આપનારને કહેવું જોઇએ કે–તમારી એ વાત બહુ વિચારવા જેવી છે, પણ એ માટે એમ થઇ શકે કે છપાએલી પ્રતોને તપાસીને તેનું ગ્રન્થ દીઠ વિસ્તૃત શુદ્ધિપત્રક કરવામાં આવે. તે શુદ્ધિપત્રકને છપાવીને સ્થલે સ્થલે ગ્રન્થભંડારોમાં મૂકી દેવામાં આવે અને મંગાવે તેને મોકલી આપવામાં આવે તેમજ એ શુદ્ધિપત્રકને આપણા સમાજનાં માસિકો આદિમાં પણ પ્રકાશિત કરાવાય, આમ કરવાથી, શ્રી જિનાગમોનું જે પ્રકાશન થઇ ગયું છે. તેમાંની અશુદ્ધિઓના તથા ત્રુટકપણાના અનર્થોનું નિવારણ કરી શકાય.

ઉક્ત શુદ્ધિપત્રકની તૈયારી શ્રી જિનાગમોને લખાવવાની યોજનાના જ એક કાર્યાંગ તરીકે કરી શકાય. અમે એવી યોજના સૂચવીએ છીએ કે–પહેલાં તો એકે એક ગ્રન્થની તદ્દન શુદ્ધ અને ત્રુટી વિનાની એકે એક હસ્તલિખિત પ્રત તૈયાર કરવી. આ પછી, તે એક પ્રત ઉપરથી સો કે તેથી વધુ નકલો કરાવવાને માટે પંડિત લહીયાઓને રોકવા; તેમજ તેવી રીતે લખાએલી પ્રતોને બરાબર તપાસી જનારા પંડિતોને પણ રોકવા. એ પ્રમાણે જે નકલો તૈયાર થાય, તે નકલોની નીચે અને ઉપરના ભાગમાં એવી સૂચક મુદ્રા લગાવવી, કે જેથી તે પ્રત શુદ્ધ છે

એવું કોઇથી પણ સ્હેજમાં જાણી શકાય. આ પ્રમાણે નકલો કરવામાં ખર્ચ ઘણો આવે, પણ તેને માટે એવી વ્યવસ્થા કરી શકાય કે–હિન્દમાં ભિન્ન ભિન્ન ગ્રન્થભંડારો છે. તે ગ્રન્થભંડારો આવી શુદ્ધ પ્રતો મળતી હોય તો તે ખરીદવાને ઉત્સુક હોય જ. તેવા ગ્રાહકોનાં નામો નોંધી લેવાં અને ખર્ચનો અડસટ્ટો કાઢીને તેનાથી સવાઇ રકમ પ્રત દીઠ વસુલ લેવી. કેટલાકો એમ પણ કહેશે કે–છપાવવામાં તો એક પ્રતને શુદ્ધ કરીને શુદ્ધ રીતિએ છપાવાય તો એકસામટી સંખ્યાબંધ શુદ્ધ પ્રતો છપાઈ શકે, પરન્તુ તેની સામે એ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે–છાપતાં કેટલીક વાર અનુસ્વાર, હ્રસ્વાઇ, રેફ વગેરે તૂટી જાય છે તેમજ કોઈ કોઈ વાર અક્ષરો પણ ઉડી જાય છે અને તેવી અશુદ્ધિઓ તરફ છપાવનાર ભાગ્યેજ લક્ષ્ય આપે છે. ઘણી વાર બને છે એવું કે–છપાવનારની પાસે આવેલી નકલમાં અશુદ્ધિ ન હોય, પણ પાછળથી ટાઇપો કે રેફ વિગેરે તૂટી જતાં ફરમો અશુદ્ધ છપાયો હોય, ત્યારે શું છપાવનાર એકે એક નકલ તપાસે છે ? નહિ જ. વળી છપાએલી નકલ જેટલો કાળ ટકી શકે છે, તેના કરતાં લખાએલી નકલ ઘણો લાંબો કાળ ટકી શકે છે. ઉપરાન્ત, આ રીતિએ લખાવવાની પદ્ધતિ સ્વીકારવાથી આજે સારા લહીયાઓની ખોટ પડતી જાય છે, તે દૂર થશે અને સ્થલે સ્થલે સુંદર ગ્રંથભંડારો તૈયાર થઇ શકશે. આ રીતિએ જો માત્ર સો ગ્રન્થભંડારો પણ તૈયાર થશે, તો પણ આ તારક સાહિત્ય સેંકડો વર્ષ પર્યન્ત કલ્યાણકામી યોગ્ય આત્માઓને મળી શકશે. આમ કરવાથી શ્રી જિના॰ ગમોના હાનિકર પ્રચાર ઉપર પણ અંકુશ આવી જશે, ગમે તેના હાથમાં આ પ્રતો જશે નહિ અને આજે હસ્તલિખિતનું વાંચન કરવાની રીતિ પણ ભૂલાતી જાય છે તે પુનર્જીવન પામશે.

# સાચી ઐતિહાસિક નવલકથા.

## [ રામનારાયણ પાઠક : પ્રજાબંધુ ]

ઐતિહાસિક નવલકથાની ચર્ચા એ ઇતિહાસનો વિષય નથી, નવલ-કથાનો વિષય નથી, પરંતુ વિવેચનનો વિષય છે અને વિવેચનની દૃષ્ટિયે એ ચર્ચા થવી જોઇએ.

ધારો કે એક માણસ વાર્તા લખવા બેઠો. કોઈ જુવાન વિદ્યાર્થી માંડવીની પોળમાંથી ખાનગી પત્રિકા કાઢે છે, પોલીસ તેની તપાસમાં આવે છે એટલે એ નાસે છે અને એક પોળમાંથી બીજી પોળમાં, બીજી-માંથી ત્રીજીમાં એમ નાસતા જઈ એ પોલીસના હાથમાં નથી આવતો. હવે એજ વાર્તા એલિસબ્રિજને માટે એવી જ રીતે ન લખી શકાય કારણકે એલિસબ્રિજમાં પોળો નથી, તેમ સ્થળ, વાતાવરણ, સાધનોની શક્યતા, ક્રિયા વગેરેની જે ભૂમિકા ન હોય તે ભૂમિકા ઉપર સર્જન ન થઇ શકે. ઐતિહાસિક નવલકથાકાર સ્થળકાળના વાતાવરણથી બંધાએલો જ છે. એ વાતાવરણને વફાદાર ન રહેવું હોય તો ભલે એ ન રહે, હું પોતે પણ કદાચ ઐતિહાસિક નવવકથા લખું તો ન રહું, પરંતુ હું તેને ‘ ઐતિહાસિક ’ ન કહું.

ધારો કે ૨૫ વર્ષ પછી મનેજ નવલકથાનું પાત્ર બનાવવાનું કોઇને મન થયું. એણે કહ્યું, એ અધ્યાપક થયો અને કંઈક લખતો થયો એટલે જાણીતો થયો. વકીલાત છોડી એ અહીં આવ્યો. વકીલાત શા માટે છોડી ? તો કહે કે, અસીલ સાથે કંઈક ગરબડ કરેલી એટલે એનાથી ત્યાં રહી શકાય તેમ નહોતું એવામાં આવી અસહકારની ચળવળ અને પાઠક તો રહ્યો જબરો ‘ opportunist ’ એટલે એણે એ તક ઝડપી લીધી. આવું આવું એ લખી કાઢે અને મારે વિષે જે નથી તેવી કલ્પના ઘડી કાઢે. મારા તો કંઇ છોકરાં યે નથી જે તેની પાસે જવાબ માગી શકે, પરંતુ મારે વિષે કોઈ મમત્વ ધરાવનાર વ્યક્તિ તેનો જવાબ માગે. એજ રીતે સમગ્ર સમાજ તરફથી જે વ્યક્તિને મમત્વ પ્રાપ્ત થયું હોય

તેમાં ખરાબ તત્ત્વનું આરોપણ ન કરવું જોઇએ. હું માનવા તૈયાર છું કે રામાયણ કલ્પિત છે. પરંતુ સીતા એ ખરેખરી ચૌલા કરતાં પણ પ્રજાના ચિત્તમાં વધુ જીવતી છે. ચૌલા કરતાં એનો મોટામાં મોટો ગુણ સતીત્વનો. હવે સતીત્વની ભાવનાથી સિદ્ધ એવી સીતાને સાચીજૂઠી ઠરાવવા કોઈ એવું લખી કાઢે કે સીતા નાની હતી ત્યારે રાવણ સાથે રમતી હતી. એને રાવણ પ્રત્યે કંઈક કુંળી લાગણી તો ખરી જ, વગેરે; તો એને શું કહી શકાય ? પોતાના આવા કલ્પનાવિહાર વડે પ્રજાકીય સિદ્ધિને વગોવનાર અને પ્રજાની લાગણી દૂભવનાર એક પ્રકારનો ક્રૂરતાનો આનંદ માણે છે. ક્રુરતાની સામાન્યવૃત્તિ તો દરેક માણસમાં રહેલી હોય છે પરંતુ આવો કલ્પનાવિહાર કરનારને તેમાં ખાસ મઝા પડે છે. એ ભૂલી જાય છે કે એવી પ્રજાકીય સિદ્ધિ પ્રજાના મહાન પ્રયત્નના પરિણામરૂપ હોય છે. જે સામે સ્વચ્છંદનો હક્ક ન હોઈ શકે. એવી મૂર્તિ મારા ઘરમાં વંશપરંપરાથી ચાલતી આવતી હોય તો હું તેનો નાશ ન કરી નાખું. ધર્મનું બંધન, લોકોનું બંધન ન ગણકારવું, સતીત્વની ભાવનાને ડંખવી, છીનવવી, છેદવી એમાં પ્રજાકીય મમત્વની, તેના sentiments ની અવગણના છે—અને sentiments એ કંઇ નાખી દેવા જેવી વસ્તુ નથી. ઇતિહાસનું વાતાવરણ પોતાને ગમે તે રીતે ફેરવી નાખવાનો હક્ક કોઇનો ન હોઇ શકે. આથી હું કોઇ સર્જકનો હક્ક છીનવી નથી લેતો. વાતાવરણને વફાદાર એવી સાચી ઐતિહાસિક નવલકથા તો કસોટીરૂપ હોય છે, ઇતિહાસને એ મદદ પણ કરે છે. પરંતુ એ રીતે વફાદાર રહેવામાં ન આવે એ સાચી ઐતિહાસિક નવલકથા ન હોઈ શકે.

---

## પ્રાચીન હિંદની પૂરાણી સ્થિતિ.

**[ દિલખુશ દિવાનજી : ઉર્મિ ]**

( ૧ ) પ્રાચીન સમયમાં આપણે આંતરરાષ્ટ્રીય વેપાર બહુ મોટા પ્રમાણમાં અને બહુ મોટા વિસ્તારમાં ખેડતા. આપણાં વેપારીઓની

સમૃદ્ધિ કરોડોમાં લેખાતી. એક બ્રાહ્મણ વેપારી રોજ ૬૦૦૦૦૦ નાણું દાનમાં દેતો. બીજા એક બ્રાહ્મણ વેપારીએ મરણ સમયે પોતાની સ્ત્રીને ૮૦ કરોડ નાણું આપેલા ( આજના રૂા. ૪૧૨૧૦૦૦૦ થાય )

(૨) મહમદ ગિઝની જ્યારે ગુજરાતમાં આવ્યો ત્યારે આપણાં દેશમાંથી અપાર સંપત્તિ એ લૂંટી ગયો. નીચેની યાદીમાં એકલા ગુજરાતમાંથી લૂંટેલી સંપત્તિનો ખ્યાલ આવે છે.

(૧) ૭૦૦૮૦૦ મણ સોનું મળેલું.

(૨) પ્રવાસી–ઘર. એક રૂપાનું ઘડી વાળી શકાય ( તંબુની માફક ) એવું પ્રવાસી–ઘર મળેલું. તે ઘર ૬૦ હાથ લાંબુ, ૫૦ હાથ પહોળું હતું. એમાં ભારે કળાકારીગરી હતા. ભીંતો તરત સંકેલી લેવાતી હતી.

(૩) પરદેશોમાં આપણે ત્યાંથી રેશમી અને સુતરાઉ કાપડ એટલું બધું ચઢતું કે એના કિંમતના બદલામાં કરોડો રૂપિયાનું સોનું આપણા દેશમાં આવતું. રોમ, અરબસ્તાન વગેરે પ્રદેશોમાંથી પુષ્કળ સોનું આવતું.

(૪) આજે પણ એ અઢળક સમૃદ્ધિના અવશેષો આપણાં દેશમાં જોઈ શકીએ છીએ.

( अ ) આગ્રાનો ભવ્ય તાજમહેલ.

( आ ) આબુ પર્વત પરના વસ્તુપાલ–તેજપાલના રત્નજડિત દેવળો.

( इ ) ઠેર ઠેર આવેલા મસ્જિદો મિનારાઓ.

(૫) અંગ્રેજી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના વ્યાપાર પરથી ૧૫૦–૨૦૦ વર્ષ પર્યન્ત આપણી સમૃદ્ધિનો સારો ખ્યાલ આવે છે. એ વ્યાપારી લૂંટારુઓ અહીં વેપાર કરી એટલો બધો નફો મેળવતા કે એમના ભાગીદારોને અઢળક દ્રવ્ય મળતું–એ છતાં કંપનીને એમાંથી બેસુમાર નફો થતો. આ વ્યાપારી લૂંટદ્વારા આપણું અઢળક દ્રવ્ય દેશમાંથી પરદેશ ઘસડાવા માંડ્યું. આજે માંચેસ્ટર, લેંકેશાયર વગેરે વ્યાપારી મથકોની આર્થિક સમૃદ્ધિના ચણતરો આપણી પ્રજાની લૂંટ પર જ રચાયા છે

એવી ખાત્રી એમના જ દેશના મોટા પ્રમાણભૂત ઇતિહાસકારો આપે છે. માંચેસ્ટર–લેંકેશાયરમાં જે યંત્રો શરૂ થયા તેમને મૂડી પુરતા પ્રમાણમાં શરૂઆતમાં મળતી ન હતી. પછી તો ઈસ્ટ ઇન્ડીઆ કંપનીની લૂંટને પ્રમાણે આ દેશમાંથી અઢળક નાણું તે યંત્રોના મૂડીરોકાણ માટે પહોંચી ગયું.

( ૬ ) કલાઇવ વૉરન હેસ્ટીંગ જેવા એમના પ્રથમ વર્ષોના અમલદારો આપણા નવાબો પાસેથી લાંચ ધમકીથી એટલું નાણું લૂંટી ગયા કે આવેલા કારકુન તરીકે અને સિધાવ્યા ત્યારે લક્ષાધિપતી થઈ ચૂકેલા.

**અકબર સમયની આર્થિક સ્થિતિ.**

એ વખતે આજના કરતા પ્રજા અનેક રીતે સુખી હતી. વસ્તુઓની સોંઘવારી તો આટલી બધી હતી કે આજે તો એ પૈકીની કલ્પના કથા જેવી લાગે :

| **વસ્તુ** | **સાદા મણનો ભાવ** |
|---|---|
| ઘઉં | ૦–૪–૯ |
| બાજરો | ૦–૩–૩ |
| ચોખા | ૦–૮–૦ |
| મગની દાળ | ૦–૭–૨ |
| ઘી | ૨-૧૦-૦ |
| તેલ | ૨–૦–૦ |
| સાકર | ૧–૬–૦ |
| મીઠું | ૦–૬–૪ |
| દૂધ | ૦-૧૦-૦ |
| કાંદા | ૦–૨–૪ |
| ખાદી ( વારના ) | ૦–૧–૩ |
| કામળા ( નંગના ) | ૦–૪–૦ |

આ સમયે સામાન્ય માણસને મહિને ફક્ત ૦–૫–૯ નિર્વાહ ખર્ચ થતો.

આપણા દેશની પ્રાચીન સમૃદ્ધિના સમયમાં આજની સુધરેલી ગણાતી પ્રજાઓ હજી જંગલી અવસ્થામાં હતી.

# ઇંગ્લંડનો વડો પ્રધાન

## [ માધુકરી : કુમાર ]

રાજકારણ એ બુદ્ધિનો વિલાસ નથી એ જોવું હોય તો ઇંગ્લંડનો વડો પ્રધાન તેનું જીવતુંજાગતું ઉદાહરણ છે. ફક્ત પાંચ કલાકની ઊંઘ લઈ સવારના સાડાસાત વાગ્યે તો પોતાની કામગીરી માટે તે તૈયાર થઇ જાય છે. પથારીમાં જ નાસ્તો કરવાના દિવસો વડા પ્રધાનો માટે વહેલા જ આથમી ગયા છે ને એમની ફરજને લીધે કુટુંબથી યે એમને એવા અલિપ્ત જેવા રહેવું પડે છે કે મિસીસ બાલ્ડવિન, મિસીસ લોઈડ જ્યોર્જ, લેડી એરિકવથ કે ઇસાબેલા મેકડોનાલ્ડે ખાનગીમાં એ વસ્તુ-સ્થિતિ પર અનેક બળાપા કાઢેલા છે.

સાડા સાતે તૈયાર થઈ એ ચાને ઇન્સાફ આપી રહ્યાં હોય છે ત્યાં તો એક પછી એક એના સેક્રેટરીઓ આવે છે. એ દિવસની કામગીરી, મુલાકાતો બધી ગોઠવાય છે ને અગત્યના કાગળપત્રોનો નિકાલ થાય છે એટલે એક સેક્રેટરી અગત્યની રોકાણોથી તેને વાકેફ કરે છે. સાડા નવ વાગ્યે એક ડેપ્યુટેશન તેને મળવા આવવાનું છે. વડો પ્રધાન ઘડીઆળ સામે જુએ છે. સાડા આઠ વાગ્યા છે. એક કલાકમાં તો સઘળા મુખ્ય પ્રશ્નો જાણી લેવાનું ને એ દિવસનું ભાષણ તૈયાર કરવાનું એને રહે છે.

બીજો સેક્રેટરી અગત્યના દસ્તાવેજો સાથે આવે છે. વડા પ્રધાનને એ વાંચી સંભળાવે છે ને વડો પ્રધાન તે પર પોતાને યોગ્ય લાગે તેવી નોંધ એ સેક્રેટરી પાસે ઉતરાવે છે.

એટલામાં ડેપ્યુટેશનને મળવાનો સમય થાય છે. પરસ્પર મિલાપ ને ઓળખાણો થઇ જતાં શાંતિથી એક ખુરસીમાં તે ગોઠવાય છે ને ડેપ્યુટેશનનો એક પછી એક સભ્ય પોતાના મુદ્દા રજૂ કરતો જાય છે. વડા પ્રધાનની નજર ઘડીઆળ પર જાય છે. સાડા દસે પરદેશમંત્રીને મુલાકાત આપવાની છે.

બધાની આતુર નજર આકર્ષતો વડો પ્રધાન ઊભો થાય છે ને ડેપ્યુટેશનની માગણીઓનો ટૂંકો ઉત્તર આપે છે. એ ઉત્તર સમજૂતીભર્યો, માગણીઓને આવકારતો હોવો જોઇએ ને સરકાર તેમને મૂંઝવતા પ્રશ્ન તરફ સહાનુભૂતિ ધરાવે છે એવી ખાતરી અપાવી જોઇએ.

ડેપ્યુટેશન રજા લે છે ને સેક્રેટરી આવી કહી જાય છે કે પરદેશમંત્રી રાહ જુએ છે. અગત્યની ફાઇલો સાથે એ તેને મળે છે. પરદેશમંત્રીએ પણ અગત્યનાં કાગળિયાં મેજ પર પાથરી દીધાં હોય છે. ખંડસત્તાઓ (Continental Powers) સાથેની નિષ્ફળ નીવડતી સમજૂતી તે વડા પ્રધાનને કહી સંભળાવે છે, કે જર્મની મચક નથી આપતું, રશિયા દૂર નાસે છે ને ઇટલી કંઇ સ્પષ્ટતા નથી કરતું, જ્યારે ફ્રાન્સ વધુ ને વધુ સહકાર માગે છે.

'વારૂ, તમારી શી દરખાસ્ત છે?' વડો પ્રધાન પૂછે છે. પોતાના અનુભવના પીઠબળે દોરેલી કાર્યદિશાથી પરદેશમંત્રી તેને વાકેફ કરે છે. નવી નીતિ નક્કી થાય છે ત્યાં વળી જાસૂસીખાતાના ભયપ્રેરક રિપોર્ટો આવી પડે છે. 'વારૂ, બધાં કાગળિયાં કૅબિનેટની બેઠકમાં લાવજો,' કહી, વડો પ્રધાન તેને વિદાય કરે છે.

પણ ત્યાં તો, નવાં દસ હજાર વિમાનોની માગણી મૂકતો હવાઈ-ખાતાનો પ્રધાન આવી પહોંચે છે. એનો અંદાજ અને એને મંજૂરી મળવાની શક્યાશક્યતા ચર્ચી એ જેમ તેમ પોતાના ભોજનથી પરવારે છે. દરમિયાનમાં લાલપટી બાંધેલાં અગત્યનાં કાગળિયાંના થોકડાને થોકડા તેના પર આવતા જ રહે છે જે બધા એને વાંચી કાઢવાના હોય છે.

ભોજનથી પરવારી એ ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાં આવેલા ઐતિહાસિક 'કૅબિનેટ રૂમ' માં પ્રવેશે છે ને લાંબા ટેબલને છેડે પોતાનું પ્રમુખસ્થાન લે છે. તરત જ કૅબિનેટનો સેક્રેટરી એક પછી એક ટાઇપ કરેલા 'ઍજેન્ડા' તેની સામે ધરતો આવે છે. એ વખતની ચર્ચાચર્ચીમાં ચાને ઇન્સાફ મળે છે, જે પ્રથા લૉઇડ જ્યૉર્જે પોતાના વડા પ્રધાનપદેથી શરૂ કરેલી છે.

કૅબિનેટની બેઠક પૂરી થાય છે કે હાઉસ ઑાવ કૉમન્સ તરફ ધસારો થાય છે. વડા પ્રધાને એની બેઠકમાં હાજર રહેવું જ જોઈએ. જો પ્રશ્નોની ઝાઝી ધમાલ ન હોય તો તેણે વર્તમાન પરિસ્થિતિ પર ભાષણ કરવું જોઈએ, અને તે યે ટૂંકું નહિ પણ એક કરતાં વધુ કલાક ચાલે તેવડું. અને એ ભાષણ પરની ટીકાઓ, સૂચનાઓ ને નિંદા સાંભળવા પણ તેણે ત્યાં હાજર રહેવું જોઈએ.

પછી એ ઘેર પહોંચે છે, પણ ત્યાંયે જુદાં જુદાં ખાતાંઓની 'રેડ ડીસ્પૅચ બૉાક્સીસ' પોતાના નિકાલની રાહ જોઇ જ રહી હોય છે. થાકેલો કંટાળેલો વડો પ્રધાન એકાદ બે નિસાસા નાખી એ કામ હાથ ધરે છે. એના ખંડના બળતા દીવા સામે જોતો સંત્રી ઉપરાઉપર બગાસાં ખાયે જાય છે.

રાતે ત્રણ વાગ્યે વડા પ્રધાનના ખંડના દીવા ઓલવાય છે. થોડીક ઊંઘ એ ખેંચી લે છે ને થોડાક કલાક પછી તો પાછી બીજા દિવસની તેની એની એ જ કામગીરી શરૂ થાય છે.

---

## આટલું નોંધી રાખો :

કે, ગુલાબની સુવાસનો ખપ હોય તો કાંટાથી ડરવું નહિ.

કે, પ્રશંસા માટે પછાડા મારવા કરતાં પ્રશંસા પામવાની લાયકાત મેળવવા મથવું.

કે, અન્યોને તમે જે રીતે જુઓ છો તે રીતે તમને જોવાનો તેનો અધિકાર છે. એમાં અકળામણ ન થવી જોઈએ.

# 'કલ્યાણ'ને વધુ આવકાર :

'છેલ્લો ખંડ ઘણા જ સુંદર લેખોથી અલંકૃત બન્યો છે.'

**પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજયજી મહારાજ.**

'આર્યસંસ્કૃતિને પોષણ આપનાર **સુવાસ**નું પ્રકાશન બંધ થયા પછી તેનું સ્થાન **કલ્યાણ** લેશે એવું મારૂં દઢ મંતવ્ય છે.

૨૯-૧૧-૪૪ **જામનગર** } **શ્રી હરજીવનદાસ મોહનલાલ બેલાણી**

**કલ્યાણ**નો ખંડ વાંચ્યા પછી મારે એમ કહેવું જ જોઇએ કે, આપ શાસન અને સમાજની મહાન સેવા કરી રહ્યા છો.

૨૪-૧૧-૪૪ **મુંબઇ** } **શ્રી ચીમનલાલ જી. પાટણવાલા**

**કલ્યાણ**નો ખંડ મળ્યો. આ વખતનો આકાર સારો છે, લેખો સારા છે.

૨૮-૧૧-૪૪ **મહેસાણા** } **શ્રી શીવલાલ નેમચંદ**

તમારો પત્ર તથા કલ્યાણ ગઇકાલે બરાબર મળેલ છે. બોધદાયક લેખો વાંચી અત્યાનંદ થયો છે.

પોષ શુદ ૧૧ સં. ૨૦૦૧ **અમદાવાદ** } **સાધ્વીશ્રી સુરપ્રભાશ્રી મહારાજ**

જૈન ધર્મ, સાહિત્ય અને સંસ્કૃતિની પતાકા ઉત્તરોત્તર ઉન્નત રાખે એજ અભિલાષા.

૨૬-૧૨-૪૪ **પુનાસીટી** } **શ્રી મોહનલાલ સખારામ**

જૈન સમાજમાં જે કોઈ અઠવાડિક, પાક્ષિક, માસિક અને ત્રિમાસિક પત્રો નીકળે છે, તેમાં આ **કલ્યાણ**નું સ્થાન તો આજથીજ અજોડ છે.

૨૮-૧૨-૪૪ **રાજકોટ** } **શ્રી ગોકુળદાસ નાનજીભાઈ ગાંધી**

૫૯/૫૭/૬૩/૮૪/૧૦૬/૧૪૭/૧૫૭

૧૫૭

# કલ્યાણ ગ્રન્થમાળા

એ ૮ લે

* જે શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારના ત્રિવેણી સંગમને ધર્મદષ્ટિ આપી, વર્તમાન યુગમાં જૈન સંસ્કૃતિનો પ્રચાર કરવા કાજે પ્રકટતી જૈન સમાજની શિષ્ટ લોકભોગ્ય નૂતન ગ્રંથમાળા.

* જેને પૂજ્ય સુવિહીત આચાર્યદેવ આદિ મુનિવરોએ, જૈન-જૈનેતર પત્રકારોએ, અને મહાગૂજરાતના વિદ્વાનોએ સત્કારી છે. અનેક લેખકોના વિવિધ લેખો આ ગ્રન્થમાળામાં ૪ ખંડો દ્વારા પ્રકાશિત થાય છે. સુંદર ગેટઅપ : સુઘડ છાપકામ : આકર્ષક સ્વચ્છતા : ક્રાઉન ૧૬ પેજી : લગભગ ૪૦ ફરમાનું વિવિધ રસભર્યું વાંચન : છતાં વાર્ષિક લવાજમ રૂા. ૪-૦-૦.

છૂટક ખંડ મૂલ્ય ૧-૮-૦

પત્ર વ્યવહારઃ—

**સોમચંદ ડી. શાહ**
ઠે૦ બાબુ બિલ્ડીંગ
પાલીતાણા-[કાઠિયાવાડ]

## કલ્યાણ પ્રકાશન મંદિર

મુદ્રકઃ—
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રેસ-ભાવનગર